શું તમે કોઈ આવી તકલીફ થી પીડાવ છો ?
હરસ-મસા,
ભગંદર, ફિશર
ની સારવાર
ડો. પ્રતિક ખાંડલ
MS General and Laparoscopy surgeon
વેદાંત મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ
રોગની ગંભીરતા અનુસાર ઓપરેશન દ્વારા
સચોટ નિદાન અને સારવાર
મોટી ટાંકી ચોક, રાજકોટ. માઁ આયુષ્યમાન કાર્ડમાં ઉપલબ્ધ
૦૨૮૧-૨૪૪૨૭૨૨ +૯૧ ૯૪૨૭૭ ૩૫૦૧૦ - ૭૨૦૨૦ ૭૪૬૪૬

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...
સાંજ સમાચાર
ભાદરવા વદ-૫ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧-૧૦-૨૦૨૬ - ગુરૂવાર | રાજકોટ (સીટી)
વર્ષ : ૪૧ અંક : ૩૭ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

ચુરમાના
લાડવા
MGC™
મધુભાઈ ગોરધનભાઈ
ચેવડાવાળા
લીમડા ચોક • અમીન માર્ગ • યુનીવર્સીટી રોડ
જામનગર રોડ • આનંદ બંગલા ચોક • કુવાડવા રોડ

એશિયન ગેમ્સ ક્રિકેટમાં ભારત-પાકિસ્તાન ટકરાશે: શનિવારે મુકાબલો ૭

૧૯૭૭માં બનેલી અને વર્ષે ૧.૧૩ કરોડનો ખર્ચ કરાવતી મ્યુનિ. કોર્ટ બંધ કરવા તૈયારી ૯

ધર્મેન્દ્ર રોડની લાખાજીરાજ શાકમાર્કેટ નવરાત્રી પહેલા ખોલી દેવાશે : શાસકોની જાહેરાત ૧૬

૨૦૦૧ પછી ચોથા નંબરનો સૌથી ઓછો વરસાદ

ચોમાસુ સિઝન પૂર્ણ: ૧૩ ટકા ખાધ-દુષ્કાળની સ્થિતિ

પૂર્વ તથા ઉત્તરપૂર્વમાં સૌથી વધુ ૨૫ ટકાની વરસાદી ખાધ-મધ્ય ભારતમાં ૩ ટકા; હવે શિયાળુ ચોમાસા પર નજર

નવી દિલ્હી, તા.૧

ભારતમાં જુનથી સપ્ટેમ્બર સુધીની ચોમાસાની સિઝન પૂર્ણ થઇ ગઇ છે. જો કે, સમગ્ર દેશમાંથી ચોમાસાએ સતાવાર વિદાય લીધી નથી. દેશમાં વરસાદની ૧૩ ટકાની ખાધ રહી છે. જેને દુષ્કાળનું વર્ષ જ ગણી શકાય છે. છેલ્લા ૨૫ વર્ષમાં ચોથા નંબરનો સૌથી ઓછો વરસાદ પડયો છે.

ભારતમાં ચોમાસાની સતાવાર સીઝન જુનથી સપ્ટેમ્બર હોય છે તે સતાવાર રીતે પૂર્ણ થઇ છે. ચાર મહિના દરમિયાન સરેરાશ કરતાં ૧૩ ટકા ઓછો વરસાદ થયો છે તે દુષ્કાળ ગણાય છે. ભારતમાં ૨૦૦૧ પછીનો ચોથા નંબરનો અને ૧૯૦૧ પછી ૧૩મા ક્રમનો સૌથી ઓછો વરસાદ થયો છે.

હવે ૧૫ ઓક્ટોબરથી ઉત્તરપૂર્વિય ચોમાસુ શરૂ થશે. આ દક્ષિણી ચોમાસામાં દક્ષિણના તામીલનાડુ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, પુડુંચેરી જેવા રાજ્યોમાં નોર્મલ વરસાદ થવાની આગાહી હવામાન વિભાગે કરી છે, એટલે વરસાદનું રાષ્ટ્રીય ચિત્ર થોડું સારૂ રહી શકે છે. નૈઋત્ય ચોમાસાની સીઝનમાં મોટાભાગના રાજ્યોમાં સરેરાશ કરતાં ઓછો વરસાદ છે. વરસાદની ખાધ ૧૩ ટકા છે જે દુષ્કાળ સુચવે છે. મહારાષ્ટ્ર સરકારે તો ૭૪ ટકા જીલ્લાઓમાં દુષ્કાળ જાહેર કરી જ દીધો છે.

હવામાન વિભાગે ઓક્ટોબરથી ડીસેમ્બરના શિયાળુ ચોમાસામાં પણ પંજાબ, હરિયાણા, ઉતરાખંડ, કાશ્મીર જેવા ઉતરના રાજ્યોમાં વરસાદ સરેરાશ કરતાં ઓછો વરસાદ થશે. આ રાજ્યોમાં ચોમાસુ

(અનુસંધાન ૧૨ મા પાને)

તહેવારો સમયે જ મોંઘવારીનો નવો ડોઝ

રેસ્ટોરા-હોટેલના મેનુ બદલાશે: ૧૯ KG કોમર્શિયલ LPG સિલીન્ડર રૂા.૭૦ મોંઘુ થયુ

વિમાની ઈંધણના ભાવ પણ વધ્યા: વ્યાપારી ઉપયોગના એલપીજીમાં ભાવવધારાનો સતત બીજા મહિને ટ્રેન્ડ યથાવત

LPG
LPG
LPG
LP
19kg

નવી દિલ્હી: આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રુડતેલ-ગેસની બજારોમાં ઈરાન-અમેરિકી યુદ્ધથી જે અનિશ્ચિતતાનો માહોલ છે તેની અસર ઘરેલુ પેટ્રોલિયમ પેદાશો પર પણ પડી રહી છે અને ભારતમાં ઓઈલ માર્કેટીંગ કંપનીઓ ભારે દબાણમાં છે તે સમયે સરકારની નીતિ મુજબ દર મહિને રાંધણગેસ (એલપીજી)ના ભાવની જે સમીક્ષા થાય છે તેમાં ૧૯ કિલોના કોમર્શિયલ વપરાશના ગેસ સિલિન્ડર ફરી એક વખત મોંઘા થયા છે તથા પ્રતિ સિલીન્ડર આ ગેસના ભાવમાં રૂા.૭૦નો વધારો

(અનુસંધાન ૧૨ મા પાને)

સીઈસી સામે નવો રાજકીય જંગ; યુપીઆઈ ચાર્જ સ્વીકાર્ય નહી

કાલે સરકાર સામે ડબલ એટેક: વ્યાપારી-રાજકીય આંદોલન

મુખ્ય ચુંટણી કમિશ્નર જ્ઞાનેશકુમારને દુર કરવા SIR પાછી ખેચવા મુદે 'ઈન્ડીયા' ગઠબંધનનો પુરા એક સપ્તાહનો આક્રમક કાર્યક્રમ: કોકરોચ જનતા પાર્ટી મુંબઈમાં જેલ-ભરો આંદોલન શરૂ કરશે

નવી દિલ્હી: આવતીકાલે દેશ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મ જયંતિ મનાવી રહી હશે તે સમયે દેશમાં કેન્દ્રની મોદી સરકાર સામે રાજકીયથી વ્યાપારી આંદોલનની હારમાળા છેડાઈ રહી છે તથા એક તરફ જઈછ મુદે મુખ્ય ચુંટણી કમિશ્નર જ્ઞાનેશકુમારની 'મનમાની'ના અહેવાલ બાદ કાલથી વિપક્ષોનું એક સપ્તાહ લાંબુ 'જ્ઞાનેશકુમાર હટાવો' આંદોલન શરૂ થશે અને જંતર મંતર પર સફળતા બાદ હવે કોકરોચ જનતા પાર્ટીએ પણ કાલથી દુબઈમાં મુખ્ય ચુંટણી કમિશ્નર સામે આંદોલનના

UPI
NO UPI
-DAY-

યુપીઆઈને ચાર્જેબલ બનાવવાના વિરોધમાં દેશભરમાં કાલે નો-યુપીઆઈ ડે: ૬૦૦થી વધુ વ્યાપારી સંગઠનો-પેટ્રોલપંપ ડીલર એસો. જોડાશે

શ્રીગણેશ કરવા જાહેરાત કરી છે તો બીજી તરફ કેન્દ્ર સરકારે તા.૧૫ ઓકટો.થી યુપીઆઈમાં જે ૦.૪૦% મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટના અમલની જાહેરાત કરી છે તેની સામે કાલે એક દિવસ દેશભરના વ્યાપારી સંગઠનોએ 'નો-યુપીએ-ડે' મનાવવા જાહેરાત કરી છે અને આગામી દિવસોમાં

(અનુસંધાન ૧૨ મા પાને)

'નો યુપીએ ડે': વ્યાપારીઓમાં તડા! બે સંગઠનોએ એલાન પાછુ ખેંચ્યુ

નાણાંમંત્રીને મળ્યા બાદ બદલાવ: યુપીએ ચાર્જ તહેવારો સુધી મુલત્વી રાખવા સહિતની ત્રણ માંગણીઓ પર હકારાત્મક પ્રતિભાવનો દાવો

નવી દિલ્હી તા.૧

આવતીકાલે દેશભરમાં વ્યાપારી સંગઠનો દ્વારા 'નો યુપીએ ડે'ની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ ગઈકાલે જ બે મોટા સંગઠન ઓલ ઈન્ડીયા કન્ઝયુમર પ્રોડકટસ ડીસ્ટ્રીબ્યુશન ફેડરેશન તથા ઓલ ઈન્ડીયા મોબાઈલ રિટેલ એસો. એ નાણાંમંત્રી નિર્મલા સીતારામન સાથે બેઠક યોજી હતી અને બાદમાં બંને સંગઠનોએ તેઓ આવતીકાલના નો યુપીએ ડેમાં જોડાશે નહી તેવી જાહેરાત કરતા જ હવે વ્યાપારી સંગઠનોમાં આ મુદે તડા હોવાનું બહાર આવ્યુ છે અને આવતીકાલે આ 'નો યુપીએ ડે'ના અમલ પહેલા વધુ સંગઠનો પણ તેમાં જોડાઈ તો આશ્ચર્ય થશે નહી. ગઈકાલે નાણામંત્રીને મળેલા બંને સંગઠનોના પ્રતિનિધિએ મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટનો અમલ તા.૧૫ થી થઈ રહ્યો છે તે મુલત્વી રાખવા વિનંતી કરી છે. તેઓનો દાવો છે કે તહેવારોના દિવસો આવી રહ્યા છે અને તેને કારણે આ પ્રકારે યુપીએ ચાર્જથી વ્યાપાર-ધંધાને અસર થશે અને બીજી માંગણી જે મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ ૦.૪૦ ટકા નિશ્ચિત થયો છે તેના બદલે ૦.૨૦ ટકા કરવા અને પછી એક વખત આ ચાર્જ સ્થિર થઈ જાય અને વ્યાપારી સંગઠનો પણ તેમાં પોતાની વ્યાપારી વ્યવસ્થા બરાબર ગોઠવી લે ત્યારબાદ તબકકાવાર ચાર્જ વધારવાની સિસ્ટમ ગોઠવવા માંગણી કરી છે. આ ઉપરાંત હાલ જે રૂા.૧ લાખના ટર્નઓવરની મર્યાદા છે તે વધારીને રૂા.૫ લાખ સુધી કરવાની માંગણી કરી છે. હવે નાણામંત્રાલયે તેમાં હકારાત્મક જણાવ્યુ હોવાનો દાવો આ બંને સંગઠનોએ કરીને પોતાનું આવતીકાલનું નો યુપીએ ડે એલાન પાછુ ખેંચ્યુ છે.

ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ ન મુકી શકાય

દિવાળી પર ક્યારે અને કેવા ફટાકડા ફોડી શકાશે? સુપ્રિમ કોર્ટ ફેંસલો કરશે

કેન્દ્ર સરકારના પરીક્ષણ રીપોર્ટ બાદ નિર્ણય લેવાશે

નવી દિલ્હી, તા.૧

દિવાળીના પવિત્ર તહેવારોમાં ફટાકડાના ધૂમ ધડાકાનો આનંદ તથા પ્રદૂષણની ચિંતા વચ્ચે સુપ્રિમ કોર્ટ વચગાળાનો માર્ગ અપનાવી શકે છે. અદાલતે સ્પષ્ટ કર્યું કે ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ તથા ચોવિસ કલાકની છૂટ એમ બંનેમાંથી એકપણ માર્ગ અપનાવી ન શકાય.

સુપ્રિમ કોર્ટના જસ્ટીસ એમ.એમ. સુંદરેશ તથા જસ્ટીસ પી.બી. વરાલેની બેંચે કહ્યું કે આસ્થા અને પર્યાવરણ વચ્ચે સંતૂલન જરૂરી છે. ફટાકડા ફોડવા માટે નિશ્ચિત સમય તથા કેવા પ્રકારના ફટાકડા ફોડવા તે નિયત કરવામાં આવશે.

કેન્દ્ર સરકારે સમિતિની ભલામણોના આધારે નેક્સ્ટ જનરેશન જોઇન્ટ ગ્રીન ક્રેકર્સને સીમિત તથા શરતી અનુમતી આપવાની દરખાસ્ત રજુ કરી હતી. આ ફટાકડામાં બેરિયમ સોલ્ટની માત્રા ઘટાડાતા પ્રદૂષણ ઓછુ થવાનું દાવો છે. આ ફટાકડાની ઉત્પાદનની મંજુરી માત્ર લાયસન્સ ધરાવતા ઉત્પાદકોને હશે અને અવાજ મર્યાદા તથા સુરક્ષા માપદંડોનું પાલન કરવાનું રહેશે. ૨૦૧૮માં જોઇન્ટ ફટાકડા પર પ્રદૂષણ, મોટા અવાજ અને કચરાની

(અનુસંધાન ૧૨ મા પાને)

આયાતી માલ પર જીએસટી રૂા.૬૫૦૦૦ કરોડથી વધુ

GST કલેકશન ૧૪.૭૫% વધી રૂા.૨.૦૩ લાખ કરોડ

આડકતરા વેરામાં રૂા.૨૭૦૦૧ કરોડનું રીફંડ: નેટ કલેકશન રૂા.૧.૭૩ લાખ કરોડ

નવી દિલ્હી: સપ્ટેમ્બર માસમાં જીએસટી કલેકશન ૧૪.૭% વધીને રૂા.૨.૦૩ લાખ કરોડ થયું છે. જેમાં ઘરઆંગણાનું ટેક્ષ કલેકશન ૧૦.૧% અને આયાતી માલ પરનું કલેકશન ૨૬% વધ્યુ છે. રીફંડ અપાયા બાદ જીએસટીનું નેટ કલેકશન ૧.૭૬ લાખ કરોડ થઈ ગયું છે.

ઘરઆંગણે આ આડકતરા વેરાની આવક ૧.૩૮ લાખ કરોડ નોંધાઈ છે. જયાં આયાતી માલ પરનું કુલ કલેકશન રૂા.૬૫૫૨૫ કરોડ થયું છે. કુલ રીફંડ રૂા.૨૭૦૦૧ કરોડ નોંધાયું છે.

આમ ચાલુ નાણાકીય વર્ષમાં જીએસટીનું છ માસનું કલેકશન રૂા.૧૨.૪૬ લાખ કરોડ અને નેટ કલેકશન રૂા.૧૦.૬૬ લાખ આપણી જીએસટી કલેકશન વધ્યુ તે દેશ માટે ચિંતા પણ છે. જેમાં કુલ આયાત વધી હોવાનું નિશ્ચિત થયું છે.

યુવા પ્રોફેશનલથી સંસદ સુધીની સફર: અખિલેશ યાદવે ધનરાજ નથવાણીને રાજ્યસભા માટે આપ્યું સમર્થન

સપ્ટેમ્બર ૩૦,૨૦૨૬:

નવી પેઢીના એક પ્રોફેશનલ રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ કરી રહ્યા છે. ધનરાજ પરિમલ નથવાણી ઉત્તર પ્રદેશથી સમાજવાદી પાર્ટીના રાજ્યસભાના ઉમેદવાર બન્યા છે. તેમણે બુધવારે લખનૌ ખાતે પક્ષ પ્રમુખ અખિલેશ યાદવ અને વરિષ્ઠ નેતા પ્રોફેસર રામગોપાલ યાદવની ઉપસ્થિતિમાં ઉમેદવારી પત્ર ભર્યું હતું. પ્રો. રામગોપાલ યાદવ પણ ઉપલા ગૃહ (રાજ્યસભા) માટે પક્ષના ઉમેદવાર છે.

નથવાણીએ રિલાયન્સ ગ્રુપના ઘણા મહત્વપૂર્ણ વ્યવસાયો સાથે સંસ્થાકીય પહેલોમાં વરિષ્ઠ જવાબદારીઓ સંભાળી છે. તેઓ રિલાયન્સ કોર્પોરેટ આઈટી પાર્કના બોર્ડના સભ્ય તરીકે સેવા આપે છે, જે ઉદ્યોગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉભરતી ટેક્નોલોજીના ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે. તેમની સક્રિયતા કોર્પોરેટ ક્ષેત્ર પૂરતી મર્યાદિત નથી. નથવાણી ગુજરાત ક્રિકેટ એસોસિએશન (GCA)ના પ્રમુખ છે, જ્યાં તેઓ રાજ્યમાં ક્રિકેટના વહીવટ અને વિકાસ સાથે સંકળાયેલા રહ્યા છે. આ એસોસિએશન અમદાવાદ સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું સંચાલન કરે છે.

ઉત્તર પ્રદેશ વિધાનસભામાં સમાજવાદી પાર્ટી પાસે પોતાના રાજ્યસભાના બંને ઉમેદવારોની જીત સુનિશ્ચિત કરવા માટે પૂરતું સંખ્યાબળ છે. આ ચુંટણી ૧૬ ઓકટોબરના રોજ યોજાનાર છે.

નથવાણીની સંસ્થાકીય ભૂમિકાઓ ધર્મ, વન્યજીવ, શિક્ષણ અને ઉર્જા સંશોધન જેવા ક્ષેત્રોમાં પણ વિસ્તરેલી છે. તેઓ દ્વારકામાં દ્વારકાધીશ મંદિર વ્યવસ્થાપન સમિતિના ઉપાધ્યક્ષ છે અને ગુજરાત સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ તેમજ નાથદ્વારા ટેમ્પલ બોર્ડ સાથે સંકળાયેલા છે. આ ઉપરાંત તેઓ પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીના બોર્ડ ઓફ ગવર્નર્સના સભ્ય છે અને ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (GERMI) સાથે જોડાયેલા છે.

તેમની કોર્પોરેટ જવાબદારીઓ અને વિવિધ સંસ્થાકીય ભૂમિકાઓએ તેમને વ્યવસાય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રમતગમત અને જાહેર સંસ્થાઓમાં વ્યાપક અનુભવ આપ્યો છે. સમાજવાદી પાર્ટી દ્વારા તેમના નામાંકનથી હવે આ અનુભવ રાજકીય ક્ષેત્રે પ્રવેશી રહ્યો છે, જેમાં ઉત્તર પ્રદેશ તેમની પ્રસ્તાવિત સંસદીય ભૂમિકાનું કેન્દ્રબિંદુ બનશે.

નામાંકન પત્ર રજૂ કર્યા બાદ નથવાણીએ જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશથી રાજ્યસભા માટે સમાજવાદી પાર્ટીના ઉમેદવાર તરીકે પસંદ કરવા બદલ હું આદરણીય રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અખિલેશ યાદવજીનો હૃદયપૂર્વક આભાર માનું છું અને કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. મારા જાહેર જીવનના આ નવા તબક્કાની શરૂઆત કરતાં, મેં આજે લખનૌમાં આદરણીય શ્રી અખિલેશ યાદવજીની ઉપસ્થિતિમાં રાજ્યસભા માટે ઉમેદવારી પત્ર ભર્યું છે. આપ સૌના સ્નેહ, વિશ્વાસ અને શુભેચ્છાઓ બદલ હું ખૂબ ખૂબ આભારી છું.

જોઈએ છે
ફિમેલ વોર્ડન ગર્લ્સ હોસ્ટેલ માટે
રૂબરૂ મળો : Kamdar Girls Hostel
Haripar Pal, Kalawad Road, Rajkot -5.
97237 65454
82006 86173
93750 07440
Admedia

જુના બેરો મીટર મશીન
સામે નવું મેળવો
સ્પે. ડિસ્કાઉન્ટેડ ભાવે
ફકત 31 ઓક્ટોબર સુધીજ*
ૐ કાર સ્પીચ & હિયરીંગ સેન્ટર : 102-એવરેસ્ટ કોમ્પલેક્ષ, શાસ્ત્રી મેદાન સામે, લીમડા ચોક, રાજકોટ.
Mo. 97096 89084

હેલ્પર જોઈએ છે
રાજકોટ માટે ઓટો પાર્ટસના ગોડાઉનમાં પેકીંગ તથા પાર્સલને લગતું કામ કરી શકે તેવા ભાઈઓ
ઉ.વ. ૧૯ થી ૪૦ સુધીના
Mo. 97270 30390

ગુજરાતનો સ્પેસટેકમાં ડંકોઃ સ્પેસએક્સના 'ફાલ્કન ૯' રોકેટ દ્વારા અવકાશમાં લોન્ચ થશે 'તપસ-૧' કેમેરો

અમદાવાદના સ્ટાર્ટઅપ દ્વારા તૈયાર કરાયેલ દેશનો પ્રથમ સ્વદેશી થર્મલ કેમેરા પૃથ્વીના તાપમાનનું કરશે સચોટ મોનિટરિંગ

અમદાવાદ:

ભારતની ઝડપથી વિકસિત થઈ રહેલી સ્પેસટેક ઈકોસિસ્ટમમાં ગુજરાતે એક મહત્વપૂર્ણ સિદ્ધિ મેળવી છે. અમદાવાદ સ્થિત સ્પેસટેક સ્ટાર્ટઅપ 'સતલિયો લેબ્સ' (Satleo Labs) દ્વારા સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલો થર્મલ ઈન્ફ્રારેડ અર્થ ઑબ્ઝર્વેશન પેલોડ (કેમેરા) 'તપસ-૧' (TAPAS-1) ૧ ઓક્ટોબરે અમેરિકાથી સ્પેસએક્સના 'ફાલ્કન ૯' રોકેટ દ્વારા અવકાશમાં પ્રસ્થાપિત કરવામાં આવશે.

પૃથ્વીની સપાટીથી લગભગ ૫૦૦ કિલોમીટરની ભ્રમણકક્ષામાં સેટેલાઈટ સાથે પ્રસ્થાપિત થનારો આ કેમેરા પૃથ્વીના વિવિધ વિસ્તારોમાંથી ગરમી અને તાપમાનની વધઘટની હાઈ-રેઝોલ્યુશન ઈમેજ મેળવશે. આ થર્મલ ડેટાનો ઉપયોગ અર્બન હીટ મેનેજમેન્ટ, કૃષિ ક્ષેત્રે પાક અને પાણીનું મોનિટરિંગ, ઔદ્યોગિક સુરક્ષા તથા જંગલોમાં લાગતી આગ (વાંસડો) જેવી આપત્તિઓની તાત્કાલિક ઓળખ માટે કરવામાં આવશે.

માત્ર ૩ કિલોગ્રામ વજન ધરાવતો આ પેલોડ પૃથ્વીની સપાટી પરથી ઉત્સર્જિત થતા થર્મલ ઈન્ફ્રારેડ રેડિયેશનને કેપ્ચર કરશે. આ ડેટાનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા વિશ્લેષણ કરીને રિયલ-ટાઈમ થર્મલ ઈન્ટેલિજન્સ મેળવાશે.

કંપનીના ઈઊઘ શ્રવણસિંઘ ભાટીના જણાવ્યા અનુસાર, ''આ ડેટાથી જંગલની આગનું મોનિટરિંગ તેમજ શહેરોના અલગ-અલગ વિસ્તારોમાં તાપમાનની રિયલ-ટાઈમ વધઘટ ટ્રેક કરી શકાશે, જેથી મહાનગરપાલિકાઓને હીટ સ્પેસ મોનિટરિંગ અને અર્બન પ્લાનિંગમાં મદદ મળશે.'' જ્યારે કંપનીના ઈજ્ઞ્ય ઊર્મિલ બખાઈએ ઉમેર્યું હતું કે, ''આ ટેક્નોલોજી પૃથ્વીના 'થર્મોમીટર' તરીકે કામ કરશે, જેનાથી કૃષિ ક્ષેત્રે પાક આયોજન વધુ આધુનિક બનશે.''

આ સ્ટાર્ટઅપની સ્થાપના વર્ષ ૨૦૨૩માં શ્રવણસિંઘ ભાટી, ISROના પૂર્વ વિજ્ઞાની ડો. રાનેન્દુ ઘોષ અને ઊર્મિલ બખાઈ દ્વારા કરવામાં આવી હતી. હાલમાં ૪૦થી વધુ નિષ્ણાતોની ટીમ ધરાવતી આ કંપનીએ રૂ. ૬૦ કરોડનું ફંડિંગ મેળવ્યું છે અને તેની પાસે ૫૨ મિલિયન ડોલરના 'લેટર ઓફ ઈન્ટેન્ટ' ઉપલબ્ધ છે. કંપનીની યોજના વર્ષ ૨૦૨૯ સુધીમાં આવા વધુ ૮ સેટેલાઈટ લોન્ચ કરવાની છે.

ગુજરાત સરકારે સ્પેસ ટેક્નોલોજી ક્ષેત્રે ગ્લોબલ હબ બનવાના ઉદ્દેશથી 'ગુજરાત સ્પેસટેક પોલિસી (૨૦૨૫-૩૦)' જાહેર કરી છે, જે અંતર્ગત લોન્ચિંગ ખર્ચ અને ઈંડ રાઈટ્સ માટે વિશેષ પ્રોત્સાહનો આપવામાં આવે છે. સંપૂર્ણપણે ગુજરાતની લેબમાં તૈયાર થયેલો આ 'તપસ-૧' પેલોડ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઇન ઇન્ડિયા'ના વિઝનને નવી ઊંચાઈ આપશે.

ગુજરાત ATS દ્વારા કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયા બાદ

સરહદી સુરક્ષામાં ચતુષ્કોણીય ગ્રીડ, ગુજરાતમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કડક નજર

વન બોર્ડર-વન પિક્ચર-વન ચેઈન ઓફ એક્શન હેઠળ સરહદી જિલ્લાઓમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સંકલિત બનાવાશે

ઘૂસણખોરી, નશીલા પદાર્થો, વસ્તી સંતુલન અને આર્થિક ગુના સહિત ૬ ક્ષેત્રો પર ૩૬૦ ડિગ્રી દેખરેખ

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ગુજરાતની ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડ અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. સરહદી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને સંકલિત બનાવવા વન બોર્ડર-વન પિક્ચર-વન ચેઈન ઓફ એક્શન અંતર્ગત બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તાજેતરમાં ભુજ ખાતે યોજાયેલી બેઠકમાં સરહદ રક્ષક દળો, કેન્દ્રીય એજન્સીઓ, રાજ્ય-જિલ્લા તંત્ર અને નાગરિકો એમ ચાર સ્તંભ આધારિત ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડનો વિચાર રજૂ કર્યો હતો. તેના અનુસંધાને સરહદી જિલ્લાઓમાં સુરક્ષા વ્યવસ્થાનું ફ્રેમવર્ક વધુ મજબૂત કરવા સામૂહિક મંથન કરાયું હતું.

બેઠકમાં ઘૂસણખોરી, નશીલા પદાર્થોની હેરાફેરી, વસ્તી સંતુલન, આર્થિક ગુના સહિત ૬ મુખ્ય ક્ષેત્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને સતત દેખરેખ અને જરૂરી પગલાં અંગે ચર્ચા થઈ હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય એજન્સીઓ અને રાજ્ય પોલીસના સંકલિત પ્રયાસોની સરાહના કરી હતી. તેમણે ૩૬૦ ડિગ્રી દેખરેખ વધુ સઘન બનાવી સરહદી વિસ્તારોમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ, ઘૂસણખોરી, નશીલા પદાર્થોની હેરાફેરી અને ગેરકાયદે દબાણો સામે કડક કાર્યવાહી સાથે સ્પષ્ટ સંદેશ આપવાની વાત કરી હતી.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સરહદી વિસ્તારોની સુરક્ષાને લગતાં કામોને સામાન્ય રોજિંદા કામોથી અલગ ગણાવી ઉત્સાહી અને ખંતીલા અધિકારીઓ-કર્મચારીઓને જોડીને વિના વિલંબે પરિણામલક્ષી કામગીરી સુનિશ્ચિત કરવા ભાર મૂક્યો હતો. તેમણે કેન્દ્રીય અને રાજ્ય એજન્સીઓને ઈન્ટિગ્રેટેડ એપ્રોચ સાથે સંકલનમાં કામ કરવા તેમજ દબાણો દૂર કરવાની કામગીરી અટકવા ન દેવા તાકીદ કરી હતી.

બેઠકમાં કેન્દ્રીય એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ, મુખ્ય સચિવ એમ.કે. દાસ, સંબંધિત વિભાગોના અધિક મુખ્ય સચિવો, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર, વિવિધ વિભાગોના અગ્ર સચિવો, રાજ્ય પોલીસના , અને રેન્જ કક્ષાના અધિકારીઓ તેમજ સરહદી જિલ્લાના કલેક્ટરો અને પોલીસ અધિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રાયલ કોર્ટના ચુકાદામાં કર્યો સુધારો

દુષ્કર્મ પીડિતાનું વળતર વધારીને રૂા.૫ લાખ કરવા ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો આદેશ

અમદાવાદ:

હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ નિર્ણયમાં દુષ્કર્મ અને સતત શારીરિક-માનસિક ત્રાસનો ભોગ બનેલી પીડિતા માટેના વળતરની રકમ રૂ. ૩ લાખથી વધારીને રૂ. ૫ લાખ કરી આપી છે. નીચલી અદાલતે ફાળવેલી રૂ. ૩ લાખની વળતરની રકમ અપૂરતી હોવાનું દર્શાવી પીડિતાએ ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ હેઠળ હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. જસ્ટિસ વિમલ કે. વ્યાસની સિંગલ બેંચે પીડિતાની અપીલ ગ્રાહ્ય રાખતા ટ્રાયલ કોર્ટના વળતર અંગેના આદેશમાં સુધારો કર્યો છે.

કેસની વિગતો અનુસાર, ધોળકા તાલુકાના ઝાણંદ ગામની પીડિત મહિલાને આરોપી જયરાજસિંહ ચંદુભા વાઘેલા દ્વારા સતત હેરાન કરવામાં આવતી હતી અને તેના ભાઈને મારી નાખવાની ધમકી આપી બળજબરીથી દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ સતત શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને જુલાઈ ૨૦૧૬માં પીડિતાએ ઝેરી દવા પીને આત્મહત્યા કરવાનો પણ પ્રયાસ કર્યો હતો. આ મામલે ધોળકા ગ્રામ્ય પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ અમદાવાદ (ગ્રામ્ય) નીચલી અદાલતે ડિસેમ્બર ૨૦૨૫માં આરોપીને ૧૦ વર્ષની સખત કેદ અને રૂ. ૯,૦૦૦ દંડની સજા સંભળાવી હતી તથા રૂ. ૩ લાખનું વળતર મંજૂર કર્યું હતું.

હાઈકોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે નીચલી અદાલતે વળતર નક્કી કરવા માટે કોઈ સ્પષ્ટ કારણો આપ્યા ન હતા. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓનો ઉલ્લેખ કરતા હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમનો મુખ્ય હેતુ સજા આપવાનો નથી પરંતુ ગુનાનો ભોગ બનેલી વ્યક્તિનું પુનર્વસન કરવાનો અને તેને ન્યાય પ્રણાલીમાં આશ્વાસન આપવાનો છે.

પીડિતાએ સહન કરેલી ગંભીર પરિસ્થિતિઓ અને આત્મહત્યાના પ્રયાસ સુધી પહોંચેલા માનસિક આઘાતને ધ્યાને રાખી હાઈકોર્ટે ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ની વિવિધ જોગવાઈઓ હેઠળ વળતર નક્કી કર્યું છે. અદાલતે દુષ્કર્મની શ્રેણી હેઠળ રૂ. ૪ લાખ અને ગંભીર શારીરિક કે માનસિક ઈજા તેમજ પુનર્વસનની શ્રેણી હેઠળ રૂ. ૧ લાખ એમ કુલ મળીને રૂ. ૫ લાખનું વળતર મંજૂર કર્યું છે. હાઈકોર્ટે સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી અને ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટી, અમદાવાદને આ વધારાની રકમ સત્વરે પીડિતાને ચૂકવી આપવા નિર્દેશ આપ્યો છે.

HIGH COURT OF GUJARAT

સિંહ શિકાર કેસઃ આરોપીને મુક્ત રાખતો નીચલી અદાલતનો ચુકાદો ગુજરાત હાઈકોર્ટે રાખ્યો બહાલ

અમદાવાદઃ ગુજરાતમાં સિંહના શિકાર સંબંધિત વર્ષો જૂના એક કેસમાં ગુજરાત હાઈકોર્ટે નિર્દોષ છુટકારાનો મહત્વનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે સેશન્સ કોર્ટના વર્ષ ૨૦૦૯ના એ નિર્ણયને યોગ્ય ઠેરવ્યો છે જેમાં એક આરોપીને તમામ આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. અદાલતે સખત શબ્દોમાં નોંધ્યું હતું કે સરકારી પક્ષ આરોપી સામેના ગુના સાબિત કરવામાં 'તદ્દન નિષ્ફળ' રહ્યો છે અને ટ્રાયલ કોર્ટ દ્વારા તેને આપવામાં આવેલી સજા કોઈ પણ મજબૂત કે આધારભૂત પુરાવા વગરની હતી.

મળતી વિગતો મુજબ, સિંહના શિકાર માટે ધારદાર હથિયારો અને લાકડીઓ વડે જાળ બિછાવવાનો તેમજ પ્રાણીની છાલ કે ખાલનો ઉપયોગ કરવાનો આરોપીઓ પર આરોપ હતો. આ કેસમાં કર્ણાટકના હુબલીથી ટ્રાન્સફર વોરંટ આધારે ધરપકડ કરાયેલા મૂળ આરોપીઓ સાથે સંબંધ હોવાના આધારે આ વ્યક્તિની બાદમાં સંડોવણી દર્શાવવામાં આવી હતી. શરૂઆતમાં મેજિસ્ટ્રેટ કોર્ટે આ આરોપીને આઈપીસીની કલમો અને વન્યજીવ સંરક્ષણ કાયદા (વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ)ની વિવિધ કલમો હેઠળ દોષિત ઠેરવીને પાંચ વર્ષ સુધીની કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

જોકે, આ સજા સામે આરોપીએ ભાવનગર સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. ઓગસ્ટ ૨૦૦૯માં સેશન્સ કોર્ટે મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશને રદબાતલ ઠેરવીને આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો, જેની સામે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં અપીલ કરી હતી.

હાઈકોર્ટના જસ્ટિસ હેમંત એમ. પ્રચ્છકે આ અપીલ પર સુનાવણી કરતા નોંધ્યું કે મૂળ એફ.આઈ.આર.માં આરોપીનું નામ પણ નહોતું. તપાસ દરમિયાન જપ્ત કરાયેલી એક ચિઠ્ઠી પર તેનો ફોન નંબર મળી આવવાના આધારે જ માત્ર તેને કેસમાં જોડવામાં આવ્યો હતો. આ ઉપરાંત, પંચનામાની કામગીરી અને ચિઠ્ઠીની જપ્તી અંગે પંચસાક્ષીનું નિવેદન પણ સંતોષકારક નહોતું. રાજ્ય પક્ષે લાઈ-ડીટેક્ટર ટેસ્ટના રિપોર્ટ પર ભાર મૂક્યો હતો, પરંતુ તે ટેસ્ટ કરનાર સાયન્ટિફિક ઓફિસરની કોર્ટમાં તપાસ જ કરવામાં આવી નહોતી, જેના કારણે તે અહેવાલ સાબિત થયેલો ગણી શકાય નહીં.

હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે સેશન્સ કોર્ટે તમામ પુરાવાઓનું યોગ્ય મૂલ્યાંકન કરીને આરોપીને મુક્ત કરવાનો જે નિર્ણય લીધો હતો તે તાર્કિક અને કાયદાકીય રીતે યોગ્ય હતો. માત્ર આશંકાઓ કે બિન-મજબૂત સંજોગોના આધારે દોષિત ઠેરવી શકાય નહીં. આથી હાઈકોર્ટે રાજ્ય સરકારની અપીલ ફગાવી દઈ સેશન્સ કોર્ટના નિર્દોષ છુટકારાના આદેશને બહાલ રાખ્યો છે.

આજનું ચિંતન

ધ્યાન કરવાથી શરીરની અંદર શું બદલાવ આવે છે ?



આપણે અવારનવાર એવું માનીએ છીએ કે મેડિટેશન એટલે કે ધ્યાન કરવાથી માત્ર મન શાંત થાય છે. પરંતુ ધ્યાનની અસર માત્ર મન સુધી મર્યાદિત નથી. આધુનિક વિજ્ઞાન ધીમે-ધીમે એ વાતોને સમજી રહ્યું છે, જેને યોગીઓએ હજારો વર્ષો પહેલાં પોતાનાં અનુભવથી જાણી લીધી હતી. આપણાં શરીરમાં મુખ્યત્વે બે પ્રકારની ચેતાકીય પ્રતિક્રિયાઓ (નર્વસ રિસ્પોન્સ) કામ કરે છે. એક છે સિમ્પેથેટિક નર્વસ સિસ્ટમ, જે તણાવ, ભય અને સંઘર્ષની સ્થિતિમાં શરીરને સક્રિય કરે છે. બીજી છે પેરાસિમ્પેથેટિક નર્વસ સિસ્ટમ, જે શરીરને વિશ્રામ, સંતુલન અને રિપેર તરફ લઈ જાય છે.

જ્યારે આપણે શાંત થઈને ધ્યાન કરીએ છીએ, શ્વાસને સહજ અને ધીમો કરીએ છીએ, ત્યારે શરીરની તણાવ-પ્રતિક્રિયા ઓછી થવા લાગે છે. હૃદયના ધબકારા અને શ્વાસ સામાન્ય થવા લાગે છે તથા શરીરમાં વિશ્રામની સ્થિતિ વધે છે. આને આધુનિક વિજ્ઞાન 'રિલેક્સેસન રિસ્પોન્સ' કહે છે.

ધ્યાનનું સૌથી સુંદર પાસું એ છે કે તેની અસર મગજ પર પણ પડે છે. નિયમિત ધ્યાન અને માઈન્ડફુલનેસના અભ્યાસ પર થયેલાં અભ્યાસોમાં મગજનાં એ ભાગોમાં ફેરફાર જોવા મળ્યાં છે, જે યાદશક્તિ, ધ્યાન અને ભાવનાઓના નિયંત્રણ સાથે જોડાયેલા છે. ઉદાહરણ તરીકે, હિપ્પોકેમ્પસ શીખવા અને સ્મૃતિ સાથે જોડાયેલું છે, જ્યારે એમિગ્ડાલા ભય અને તણાવની પ્રતિક્રિયાઓમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. એનો અર્થ એ નથી કે ધ્યાન કરવાથી આ ભાગો રાતોરાત બદલાઈ જાય છે, પરંતુ નિયમિત અભ્યાસ મગજની કાર્યપ્રણાલી અને તેની રચનાને પ્રભાવિત કરી શકે છે.

ધ્યાન શરીરની અંદર તણાવ સાથે જોડાયેલા હોર્મોન અને ઈન્ફ્લામેશન જેવી પ્રક્રિયાઓને પણ પ્રભાવિત કરી શકે છે. કેટલાક સંશોધનોમાં ધ્યાન અને જનીન (જીન)ની અભિવ્યક્તિ વચ્ચે પણ સંબંધ જોવા મળ્યો છે. પરંતુ એ કહેવું કે ધ્યાન સીધું આપણું ઉગઅ બદલી નાખે છે, વૈજ્ઞાનિક રીતે સાચું નહીં ગણાય. ધ્યાન આપણાં શરીરની જૈવિક પ્રક્રિયાઓને પ્રભાવિત કરી શકે છે, અને આ વાત પોતે જ ખૂબ જ અદ્દભુત છે. યોગમાં શ્વાસને એટલે જ આટલું મહત્વ આપવામાં આવ્યું છે. શ્વાસ એ માત્ર હવાની આવન-જાવન નથી; તે આપણા મન અને શરીર વચ્ચેનો એક સેતુ છે. જ્યારે શ્વાસ શાંત થાય છે, ત્યારે મનને પણ શાંત થવાની તક મળે છે.

યોગી શરીરને દબાવીને કે જબરદસ્તીથી નિયંત્રિત નથી કરતો. તે શરીરની ભાષાને સમજતાં શીખે છે. ધીમે-ધીમે તેને અનુભવ થાય છે કે શરીર એક યંત્ર છે, મન તેનું સૂક્ષ્મ સંચાલન તંત્ર છે અને આ બંનેની પાછળ એક એવી ચેતના છે, જે આ બંનેને જોઈ શકે છે.

કદાચ આ જ અનુભવમાંથી યોગનું એ મહાન વાક્ય જન્મ્યું છે- ''તમે માત્ર શરીર નથી, તમે એ ચેતના છો, જેની ઉપસ્થિતિથી આ શરીર જીવંત છે.'' ધ્યાન માત્ર આંખો બંધ કરીને બેસવું નથી. આ પોતાનાં અંદર પાછા ફરવાની કળા છે, જ્યાં વિજ્ઞાન શરીરને સમજે છે અને યોગ એ ચેતનાને, જે શરીરથી અલગ પણ મોજૂદ છે.

ધ્યાન માત્ર આંખો બંધ કરીને બેસવું નથી, આ પોતાનાં અંદર પાછા ફરવાની કળા છે

સુવિચાર

દુનિયા પણ વિચિત્ર છે
જયારે ચાલતા નહીં આવડતું હતું
ત્યારે કોઈ પડવા નહિ દેતું
જયારે ચાલતા શીખી ગયા
ત્યારે લોકો પાડવા મથામણ કરી રહ્યા છે

કેન્દ્રીય કેબીનેટે ૧.૮૬ લાખ કરોડ રૂપિયાની 'પીએમ ધારા' યોજનાને મંજુરી આપી

વીજળી મળશે સસ્તી, ટ્રાન્સમિશન બનશે સરળ

યોજનાથી અનિશ્ચિત વીજળી સપ્લાય, વીજકાપ, નેટવર્કમાં રૂકાવટ જેવી સમસ્યા હળવી બનશેઃ વીજક્ષેત્રમાં મેન્યુફેકચરીંગ અને કન્સ્ટ્રકશન ઉદ્યોગથી મોટા પ્રમાણમાં રોજગારની તકો પેદા થશે

નવી દિલ્હી તા.૧

વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય કેબીનેટે બુધવારે ૧.૮૬ લાખ કરોડ રૂપિયાની પી.એમ. ધારા યોજનાને મંજુરી આપી દીધી છે. જે અંતર્ગત ૧૩૫ ગીગાવોટ (જીડબલ્યુ) રિન્યુએબલ એનર્જીને એક જગ્યાથી બીજી જગ્યા મોકલવા માટે રાજયોમાં ટ્રાન્સમિશન સીસ્ટમ તૈયાર કરવામાં આવશે, તેમાં ૫૦ ગીગાવોટ, ઓવર (જીડબલ્યુએચ)નો બેટરી સ્ટોરેજ પણ સામેલ થશે.

પીએમ-ધારાનું પુરું નામ પીએમ-ડેવલપીંગ હોર્મોનાઈઝડ એન્ડ એકસીલેરરેડ રિન્યુએબલ- એનર્જી એકસેસ છે. વર્ષ ૨૦૩૦ સુધી ૫૦૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જીની ક્ષમતા હાંસલ કરવા માટે ભારતના મોટા લક્ષ્યોને જોતા આ નિર્ણય ઘણો મહત્વનો છે. આ યોજના ભારતના રાજયો અને કેન્દ્ર શાસીત પ્રદેશોમાં ગ્રિડને પરસ્પર જોડવા અને વીજળીને એક જગ્યાથી બીજી જગ્યાએ પહોંચાડવામાં મદદ કરશે. આથી અલગ-અલગ રાજયો અને કેન્દ્રશાસીત પ્રદેશોમાં ૧૩૫ ગીગાવોટ સુધી રિન્યુએબલ એનર્જીને પહોંચાડવી સરળ થઈ શકશે.

શું ફાયદો થશે?ઃ આ યોજના અંતર્ગત રિન્યુએબલ એનર્જી બનાવનારા ડેવલપર્સ/જનરેટરના ઠેકાણા પર કે ગ્રિડને લચીલું બનાવવા માટે કોઈપણ અન્ય જરૂરી જગ્યા પર ૫૦ જીડબલ્યુએચ ક્ષમતાવાળા બેટરી એનર્જી સીસ્ટમ (બીઈએસએસ) લગાવાશે. આથી વીજળીની અનિશ્ચિત સપ્લાય, નેટવર્કમાં રૂકાવટ, પીક-અવર્સમાં વીજળીમાં કાપ જેવી સમસ્યાનું નિવારણ કરી શકાશે અને રાતના સમયે પણ વીજળીની માંગ પુરી કરી શકાશે.

કેન્દ્ર સરકારથી મળનારી આર્થિક મદદથી રાજયોમાં લગાનારા ટ્રાન્સમીશન ચાર્જના બોજને ઘટાડવામાં મદદ મળશે, જેથી વીજળીની કિંમતો નિયંત્રીત રહેશે. આ રીતે, સરકારની આ મદદનો સીધો ફાયદો દેશના સામાન્ય લોકોને મળશે.

શું રોજગાર મળશે?ઃ આથી વીજળી ક્ષેત્ર, મેન્યુફેકચરીંગ અને કન્સ્ટ્રકશન (નિર્માણ) ઉદ્યોગોમાં મોટા પ્રમાણમાં સીધા અને પરોક્ષ રોજગારની તકો પેદા થશે. બેટરી એનર્જી સ્ટોરેજ સીસ્ટમ (બીઈએસએસ)ના બનવા અને લાગવાથી ઘરેલુ એનર્જી સ્ટોરેજ ઈન્ડસ્ટ્રીમાં પણ નોકરીઓ પેદા થશે. આ ઉપરાંત ભાગ લેનારા રાજયોમાં ઓપરેશન, મેન્ટેનન્સ અને ગ્રીડ મેનેજમેન્ટના ક્ષેત્રમાં લાંબા સમય માટે કુશળ રોજગારની તકો બનશે.

સ્મૃતિ-વિસ્મૃતિનો આ ખેલ બનેલો છે!

મૂલ્યોની મહેક

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

પરમાત્મા અને આત્માનો યથાર્થ પરિચય આપણને સ્વયં પરમાત્મા દ્વારા પ્રાપ્ત થાય છે. આત્માને મન-બુધ્ધિ સહિત ક્હેવાય છે. આત્મા જે જન્મ-મરણમાં આવે છે. અનેક શરીરમાં જે પાર્ટ ચાલે છે તેની સમગ્ર સ્મૃતિ રહી શક્તી નથી. મન-બુધ્ધિ સહિત હોવા છ્તાં આત્માના અનેક જન્મોમાં જે કાંઈ બન્યુ હોય છે તેની સ્મૃતિ તો રહી શક્તી નથી; જે બધું યાદ પડે! એક જીવનમાં પણ આત્મા સાથે જે કાંઈ બને છે તે બધાની ડિટેલ માહિતી યાદ રહેતી નથી. બુધ્ધિમાં સ્મૃતિ-વિસ્મૃતિ હોય છે. પરંતુ બુધ્ધિ તો રહે છે ને! એવું નથી કે બુધ્ધિ જ ચાલી જાય છે. પરંતુ કોઈ કાર્ય ઠીક નથી થતુ તો ક્હીએ છીએ કે આની બુધ્ધિ ચાલી ગઈ છે. પરંતુ તેવું તો નથી કે તે બુધ્ધિહીન છે. આત્મા સદા મન-બુધ્ધિ સાથે હોય છે. આનો અર્થ એ પણ નથી કે સતયુગ(દેવતાઓના જીવનમાં) તેઓને ૮૪ ના જન્મોની સ્મૃતિ રહે છે.

પરમાત્મા કે જે જ્ઞાનના સાગર છે તેમાં સર્વની નોલેજ(જ્ઞાન) છે. જ્યારે આ સમયે તેમનો પાર્ટ ચાલે છે ત્યારે તેઓ સર્વ આત્માઓની ઉન્નતિ માટે જરૂરી છે, તે પુરતુ જ્ઞાન આપે છે. આમ પરમાત્મા જાની-જાનનહાર હોવા છ્તાં તેમના પાર્ટમાં જરૂરી છે તે જ્ઞાન સર્વને સમજાવે છે. આમ આત્માને બધી જ એકી સાપેની સ્મૃતિમાં રહેતું નથી. મન-બુધ્ધિ સહિત હોવા છ્તાં આત્માની સ્મૃતિ ચાલી જાય છે. દેહભાન, આત્મિક ભાન આવે છે છ્તાં આત્મા તો આત્મા જ છે. જ્યારે વિસ્મૃતિ આવી જાય છે ત્યારે પરમાત્મા દ્વારા ફરી સ્મૃતિ મળે છે. જન્મ-મરણમાં આવતાં આત્માની કળા ઘટી જાય છે. જે પરમાત્મા બતાવે છે. પરંતુ પરમાત્મા પણ દરેક્ની અનેક જન્મોની એક-એક ડિટેલ નથી બતાવતા નહી તો તે દુઃખની દુનિયા ફરી સામે આવી જાય. આથી તેને ભૂલવી જ પડે. આમ આત્માનો આ ડ્રામા(સૃષ્ટિચક્ર)માં પુરા પાર્ટનુ જ્ઞાન પરમાત્મા સ્વયં આપે છે. જેનાથી આત્માના જીવનમાં જોવા મળતી નાની-નાની સમસ્યાઓનું સમાધાન વિચારોથી પણ પ્રાપ્ત થાય છે. આમ આપણે ભૂત અને ભવિષ્યનું જે કાંઈ પણ અનુભવી છીએ તેને બુધ્ધિ દ્વારા સમજાય છે. જ્ઞાન અર્થાત સાક્ષાત્કાર નથી. એવું માનવુ પરમાત્મા ક્હે છે કે ભૂલ ભરેલું છે કે સાક્ષાત્કારથી જ સિધ્ધિ પ્રાપ્ત થાય છે અથવા સાક્ષાત્કાર વગર આત્માને ગતિ નથી મળતી. જ્યારે કે બોલાય પણ છે કે જ્ઞાન વગર ગતિ નથી. આમ સ્મૃતિ અને વિસ્મૃતિ પર આખો ખેલ બનેલો છે. ક્હેવાય છે ને 'જૈસા સોચેંગે હમ, વૈસા બન જાયેંગે'.

સંકલ્પ એ શક્તિ છે. સંકલ્પ એ બીજ છે. કોઈપણ ઘટના બહાર બને છે તે પહેલા મનુષ્યના મનમાં કે જે વિચારોનુ સર્જન કરે છે તેમાં બનતી હોય છે. આજે મનુષ્યોનું સ્વયંનુ સ્વયં પર નિયંત્રણ નથી. મનુષ્ય વિચારે છે કંઈક, અને કરે છે બીજું જ. શક્તિહીન આત્મા હવે તેમના અંતિમ જન્મમાં આવી છે અને તે આગલા અનેક જન્મોના પાપકર્મોના બોજા નીચે છે. કર્મોના સિધ્ધાંત અનુસાર, હવે સર્વ આત્માઓ પોતાનો હિસાબ આ જન્મમાં એકબીજા સાથે ચુક્તુ કરી મુક્તિને પ્રાપ્ત કરશે. આપણે વર્તમાન જે કાંઈ સમય છે તેમાં સંકલ્પોરૂપી ધન બચાવવાનું છે અર્થાત સકારાત્મક, શુભ અને શ્રેષ્ઠ સંકલ્પો દ્વારા ભવિષ્યને પણ શ્રેષ્ઠ બનાવવાનું છે. સર્વનું એક સમાન સકારાત્મક મનોવલણ, દ્રષ્ટીકોણ જ ફરી આપણને સ્વર્ગનું સુખ અપાવશે. સુખભરી દુનિયાનો અર્થ છે કે જ્યાં સર્વ સુખી હોય. રિંચક માત્ર પણ કોઈને દુઃખ ન હોય. તે માટે સ્વ પરિવર્તનનું લક્ષ્ય નિર્ધારીત કરીએ અને રાજયોગના અભ્યાસ દ્વારા લક્ષ્યને પ્રાપ્ત કરીએ.

આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨ : વીર સંવત- ૨૫૫૨, શાલિવાહન સંવત-૧૯૪૭
ભાદરવા સુદ-૬, તા.૨/૧૦/૨૬, શુક્રવાર

સૂર્યોદય : ૬-૩૯, સૂર્યાસ્ત : ૬-૩૪, જૈન નવકારશી : ૭.૨૭
રાશિ : વૃષભ (બ.વ.ઉ.), ૧૫.૪૧થી મિથુન (ક.છ.ઘ.)

ગૌચરના ગ્રહો

સૂર્ય-કન્યા, મંગળ-કર્ક, રાહુ-કુંભ, કેતુ-સિંહ, બુધ-તુલા, ગુરૂ-કર્ક, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-તુલા, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃષભ

શુભ ચોઘડીયા : ચલ, શુભ, લાભ, અમૃત
અશુભ ચોઘડીયા : રોગ, કાળ, ઉદ્વેગ

રાશીફળ

મેષ : ભૌતિક સુખ સગવડતાઓ વધવાની છે, નવી ઓળખાણ થાય, સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થવાનો.

વૃષભ : નોકરીમાં થોડી અગવડતાનો સામનો રહેવાનો, સાંજ પછીનો સમય અનુકુળતાવાળો જોવા મળશે, રાજકીય લાભ મળે.

મિથુન : સંબંધો ગાઢ બનાવવાની ઈચ્છા ફળવાની, મિલ્કતના પ્રશ્નોમાં ધીરજ રાખજો, કર્જ ન કરવું, પ્રવાસ થાય.

કર્ક : તમોને લોકો સમજી શકતા નથી તેવો અહેસાસ થવાનો હરીફો ઉપર વર્ચસ્વ વધવાનુ લગ્નની ઈચ્છા ફળવાની.

સિંહ : ભાગીદારો સાથે ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખજો, ધાર્મિક કાર્યનું આયોજન સફળ થાય, વિદેશથી લાભ.

કન્યા : થોડા હળવાશમાં રહેવાની સલાહ છે, નોકરીમાં સ્થિરતા રાખજો, મિલકતના પ્રશ્નોમાં ઉતવળ ન કરવી.

તુલા : આજે બૌધ્ધિક ચર્ચામાં જોડાવાનું મન થશે, કોઈ પણ પ્રકારના વાદવિવાદથી આપના માનભંગનો પ્રસંગ ન બને તેની કાળજી લેવી.

વૃશ્ચિક : આજ ધનખર્ચ થવાનો તથા અપકિર્તી મળવાના યોગ છે, સમયસર ભોજન પણ ન મળે, અનિંદ્રાનો ભોગ બનો.

ધન : આજે પરિવાર સાથે પીકનીક પાટીનુ આયોજન થવાની શકયતા છે, પરિવારના સાથ સહકારથી દિવસ આનંદમય રહે.

મકર : આજે બહુવિધ લાભ મળવાની શકયા છે, વેપારીઓને નફાકારક સોદા થાય, તેમજ નવા ઓર્ડર મળી શકે.

કુંભ : યુવા વર્ગ તથા વિવાહીતોને ઉતમ દાંમ્પત્ય સુખ મળે તેમજ જીવનસાથીને ખુશ કરવા કોઈ ઉતમ ભેટ આપવી.

મીન : તમોએ કરેલી ભુલો સુધારવાની તક મળવાની, નોકરીમાં બદલીના ચાન્સ રહે, પ્રવાસ થાય.

મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત

■ માધવી નરેશ શાહ

૧	૨		▨	▨	▨	૩		૪	
▨		▨	૫	૬		▨	▨		▨
૭		૮			▨	૯	▨	૧૦	
	▨	૧૧			૧૨		▨	▨	
૧૩				▨		▨	૧૪	▨	
	▨		▨	૧૫		▨	૧૬		
▨	૧૭	▨	૧૮			૧૯		▨	▨
૨૦		▨		▨	▨		▨	▨	૨૧
▨	૨૨				▨	૨૩	૨૪	૨૫	
૨૬		▨	૨૭		▨	▨	૨૮		

આડી ચાવી

૧. ફયુચર (૩)
૩. માતૃભૂમિ (૪)
૫. ડ્રિમ (૩)
૭. સબમરીન (૫)
૧૦. તેના ટોળા ખેતરનો પાક ઉજાડી નાખે (૨)
૧૧. કાનમાં પહેરવાનું મશીન (૫)
૧૩. મોરબીનો એક વિસ્તાર (૪)
૧૫. નારી, સ્ત્રી (૨)
૧૬. સાઈઠ મીનીટ (૩)
૧૮. સિંગલ સ્ક્રીન થિયેટરની એક બેઠક વ્યવસ્થા (૫)
૨૦. એક વત્તા ત્રણ (૨)
૨૨. પટેલોની એક અટક (૪)
૨૩. કોમી તોફાન (૪)
૨૬. સંક્ષિપ્ત (૨)
૨૭. ...લવિંગ (૨)
૨૮. એક જ અક્ષર આવશે (૩)

ઉભી ચાવી

૨. અજય દેવગણનું સાચુ નામ (૩)
૪. પ્રાથમિક શિક્ષણનો એક વિષય (૩)
૫. સખી (૪)
૬. દૂધમાંથી બને (૩)
૭. આવશ્યકતા (૪)
૮. કારના કાચ પરથી પાણી દુર કરતું યંત્ર (૪)
૯. ઉડતો કેમેરો (૨)
૧૨. પોલીસ ખાતાનો એક હોદ્દો (૪)
૧૪. ચહેરો-ઉર્દુ (૩)
૧૫. સાઈઝ (૨)
૧૭. વરસાદની એક શૈલી (૪)
૧૮. વેરઝેર, દુશ્મની (૪)
૧૯. દરવાજો બંધ કરતી સિસ્ટમ (૩)
૨૧. ઈન્સાન (૩)
૨૪. વાસણને બાઝતી કાળાશ (૨)
૨૫. સ્પેશ્યલ (૨)

બ	લ	રા	જ	સા	હ	ની	▨	મા	મા
▨	ક્ષ	▨	ગ	▨	વ	લ	વ	લા	ટ
મા	▨	મા	મા	▨	સ	ગા	ઈ	▨	લું
સા	સુ	▨	લ	વ	▨	ચ	▨	આ	▨
▨	ગ્રી	ન	ચો	ક	▨	▨	મો	ગ	રો
ભા	વ	▨	ક	રો	ડ	પ	તિ	▨	▨
વ	▨	મ	▨	▨	ગ	▨	હા	જ	ર
ન	ચ	ન	▨	સ	▨	પ	રી	▨	▨
ગ	▨	હુ	▨	ત	બ	લા	▨	તા	રે
ર	કા	સ	▨	ત	▨	શ	બ	રી	▨

શત્રુંજય ગિરિરાજમાં ઉપર સુધી વાહનો જઈ શકે તેવા સોશ્યલ મીડિયામાં થતા પ્રચારનો ખુલાસો કરતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી

ગિરિરાજ પર રસ્તા નહિ પણ ડુંગરની સુરક્ષા હેતુ ચાલી રહી છે વૃક્ષારોપણની કામગીરી

ગિરિરાજ ઉપર વર્ષો વર્ષ વરસાદના કારણે ઉપરના ભાગમાં પૂરતા વૃક્ષો ન હોવાથી ઉપરની માટી ધોવાઈને નીચેની બાજુ ખસી જતા ગિરિરાજ તથા દેરાસરો માટે જોખમ ઉભું થવાની સંભાવનાને લક્ષ્યમાં લઈને વૃક્ષારોપણની કામગીરી શરૂ કરાઈ છે

રાજકોટ તા.૧

'સિધ્ધાચલના વાસી, જિનજી પ્યારા, આદિનાથને વંદન અમારા' પાલીતાણામાં આવેલું સમસ્ત જૈનો માટેનું પવિત્ર તીર્થ શ્રી શેત્રુંજી મહાતીર્થનો મહિમા અપરંપાર છે. શત્રુંજય તીર્થમાં વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર ભગવંત શ્રી આદિનાથ પરમાત્મા બીરાજમાન છે. શત્રુંજય પર્વત પર આશરે ૮૬૩થી ૯૦૦ સુંદર અને ઝીણવટભરી કોતરણીવાળા આરસપહાણના જૈન દેરાસરો આવેલા છે. તળેટીથી શિખર સુધી પહોંચવા માટે ૩-૫થી ૩-૭ કિલોમીટર ચાલવું પડે છે અને આશરે ૩૭૫૦ પગથીયા ચઢવા પડે છે.

જૈન શાસ્ત્રોના કથન અનુસાર આ શાશ્વત તીર્થ પર અનેક મુનિવરો અને આત્માઓએ મોક્ષ પ્રાપ્ત કર્યો છે. અહીં સૂર્યાસ્ત પછી કોઈપણ વ્યકિત પર્વત પર રોકાઈ શકતું નથી.

શાસ્ત્રકારોએ શત્રુંજય તીર્થનો મહિમા ગાયો છે.

જૈનોના પવિત્ર અને શાશ્વત સિધ્ધગિરિ તીર્થ પર વૃક્ષારોપણ સંબંધિત શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ મહત્વનું નિવેદન જાહેર કર્યુ છે.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા જણાવાયું છે કે તાજેતરમાં શ્રી શત્રુંજય ગીરીરાજ ઉપર વૃક્ષારોપણ માટેના બનાવવામાં આવેલા રસ્તાની તસ્વીરો સોશ્યલ મીડીયામાં ફરી રહ્યા છે. તેના વિષે ફોડ પાડતા પેઢી દ્વારા જણાવાયું છે કે આ રસ્તાઓ કાયમી નથી. આ રસ્તાઓ માત્ર વૃક્ષારોપણના કાર્ય માટે થોડા સમય પૂરતા જ બનાવવામાં આવ્યા છે. અને વૃક્ષારોપણનું મુખ્ય કામગીરી પૂર્ણ થયા પછી આ રસ્તાઓ પર વૃક્ષારોપણ થશે અને બધા રસ્તાઓ કાયમ માટે બંધ થઈ જશે.

વધુમાં જણાવાયું છે કે ગીરીરાજ ઉપર વર્ષોવર્ષ વરસાદના કારણે ઉપરના ભાગોમાં પૂરતા વૃક્ષો ન હોવાથી ઉપરની માટી ધોવાઈ અને નીચેની બાજુ ખસી જાય છે. જે લાંબા ગાળે સમગ્ર ગીરીરાજ અને તે ઉપરના દેરાસરો માટે તથા આજુબાજુના વિસ્તાર માટે અનેક રીતે જોખમ ઉત્પન કરનાર છે. જે આ વૃક્ષારોપણ થવાના કારણે આ ધોવાણ અટકશે અને સુરક્ષાની દૃષ્ટિએ લાંબા ગાળે ગીરીરાજને એનો લાભ મળશે. આ હેતુથી આ કાર્ય ચાલુ કરવામાં આવેલ છે. પેઢી દ્વારા વિશેષમાં જણાવાયું છે કે, આ અંગેની માહિતી વડીલ આચાર્ય ભગવંતોને રૂબરૂમાં આપેલ છે તેઓને વિશ્વાસમાં લઈને આગળની કાર્યવાહી કરાશે. ત્યાં સુધી હાલ મશીનરીનું કામ અટકાવી દેવામાં આવેલ છે.



શેઠ આણંદજી કલ્યાણજી

તા.: ૩૦-૦૯-૨૦૨૬

શ્રી સકલ સંઘ જોગ શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર વૃક્ષારોપણ સંબંધિત નિવેદન

પ્રમુખ

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીની સ્પષ્ટતા

રાજકોટ, તા.૧

જૈનોનું પરમ પવિત્ર શાશ્વત તીર્થ શ્રી શત્રુંજય ગિરિ પર ઠેઠ સુધી જવા માટે રસ્તાની કામગીરી થઇ રહી છે તેવો પ્રચાર સોશ્યલ મીડિયામાં થઇ રહ્યો છે ત્યારે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ સ્પષ્ટતા કરતા જણાવેલ છે કે આ ભ્રામક પ્રચાર થઇ રહ્યો છે. હાલ ગિરિરાજની સુરક્ષા માટે વૃક્ષારોપણની કામગીરી ચાલી રહી છે. શત્રુંજય તીર્થની યાત્રા તો પગપાળા જ કરવાની રહેશે તેવી સ્પષ્ટતા શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોશ્યલ મીડીયા એક્સ પર જાહેરાત કરી

કેપ્ટન સ્મિત મચ્છરને ગુજરાત ગૌરવ એવોર્ડથી સન્માનીત કરાશેઃ મુખ્યમંત્રી

રાજય સરકારની જાહેરાતઃ રૂા.૨૫ લાખનું ઈનામ અપાશે

ફ્લાઈટના પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરના સાહસને આજે આખી દુનિયા સલામ કરી રહી છે.હુમલાના કારણે લોહીલુહાણ હોવા છતા તેમણે અદમ્ય સાહસ દાખવીને ૧૭૪ મુસાફરોના જીવ બચાવ્યા એ વાત અત્યંત પ્રેરણાદાયી અને સરાહનીય છે.

ફ્લાયદુબઈ વિમાનની ગંભીર ઘટનામાં પોતાની અદ્ભુત સૂઝબૂઝ અને અદમ્ય બહાદુરી દાખવીને અનેક મુસાફરોના પ્રાણ બચાવનાર પાઈલટ કેપ્ટન સ્મિત મચ્છરની પ્રશંસનીય હિંમતને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બિરદાવી છે.રાજ્ય સરકાર દ્વારા તેમને વિશિષ્ટ ગુજરાત ગરિમા એવોર્ડથી સન્માનિત કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આજે વડાપ્રધાન મોદીએ પણ કેપ્ટનના પરિવાર સાથે વાતચીત કરી છે. કેપ્ટન સ્મીથનું ગુજરાત કનેક્શન પણ સામે આવ્યું છે.

ગુજરાત સરકાર ૨૫ લાખ રૂપિયાનું ઈનામ આપશે

મુખ્યમંત્રીએ એક્સ પર પોસ્ટ કરીને જાહેરાત કરી હતી કે, ઈઝરાયલ જઈ રહેલ ફ્લાઈટના પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરના સાહસને આજે આખી દુનિયા સલામ કરી રહી છે.હુમલાના કારણે લોહીલુહાણ હોવા છતા તેમણે અદમ્ય સાહસ દાખવીને ૧૭૪ મુસાફરોના જીવ બચાવ્યા એ વાત અત્યંત પ્રેરણાદાયી અને સરાહનીય છે.મૂળ ગુજરાતના આ વીર સપૂતે પોતાના શૌર્યથી સમગ્ર વિશ્વમાં ગુજરાત અને દેશનું નામ રોશન કર્યું છે.તેમની રગોમાં વહેતી ગુજરાતી ખુમારી પર આપણને સૌને અત્યંત ગર્વ છે.તેમના આ અસાધારણ શૌર્ય અને માનવતાના કાર્યને સન્માનવા માટે, ગુજરાત સરકાર કેપ્ટન સ્મિત મચ્છરને વિશિષ્ટ ગુજરાત ગરિમા એવોર્ડ થી સન્માનિત કરશે.સમગ્ર ગુજરાત તેમના ઝડપથી સાજા થવા માટે પ્રાર્થના કરી રહ્યું છે. દેશવાસીઓની સંવેદના અને પ્રાર્થના કેપ્ટન સ્મિત મચ્છરની સાથે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કેપ્ટન સ્મીતે ગઈકાલે દુબઈથી તેલઅવીવ જતી ફ્લાઈટમાં તેમના સહ પાઈલોટે જે રીતે પ્લેન ક્રેસ કરાવવા કોશીષ કરી તેનો મુકાબલો કરીને બહાદુરી પૂર્વક ૧૮૦ યાત્રીકોના જીવન બચાવ્યા હતા અને દુનિયાભરમાં તેમની પ્રસંશા થઈ રહી છે. હાલ તેઓ સાઉદી અરેબીયાના સારવાર હેઠળ છે અને આગામી સમયમાં તેઓ ગુજરાત ખાસ આવશે અને રાજય સરકારના સન્માનનો સ્વીકાર કરશે તેવું માનવામાં આવે છે. મુળ સૌરાષ્ટ્રના જ કેપ્ટન સ્મીતને આ પ્રકારે એવોર્ડ જાહેર કરીને રાજય સરકારે ગુજરાતનું ગૌરવ વધશે તેવું જણાવ્યું હતું.

જૂના વાહનો સ્ક્રેપ કરો અને નવા વાહનના ટેક્સમાં મેળવો ૫૦ ટકા સુધીની રાહત : ગુજરાત સરકારની જાહેરાત

પ્રદૂષણ ઘટાડવા અને નવા વાહનોને પ્રોત્સાહન આપવા ગાંધીનગરથી પોર્ટ્સ એન્ડ ટ્રાન્સપોર્ટ વિભાગે જાહેર કર્યું નવું નોટિફિકેશન

ગાંધીનગર તા. ૧

રાજ્યનાં માર્ગો પરથી ધુમાડો ઓકતા અને પર્યાવરણને નુકસાન પહોંચાડતા જૂના વાહનોને દૂર કરવા માટે ગુજરાત સરકારે એક મોટો અને મહત્વનો નિર્ણય લીધો છે. હવે જૂનું વાહન સ્ક્રેપમાં આપીને નવું વાહન ખરીદનાર વાહનચાલકોને મોટર વહીકલ ટેક્સમાં ૫૦ ટકા સુધીની સીધી છૂટ મળશે. ગાંધીનગર ખાતેથી બહાર પડાયેલા આ આદેશથી જૂના વાહનમાલિકોને નવું વાહન ખરીદવામાં મોટો આર્થિક ટેકો મળી રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શન હેઠળ તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને ટ્રાન્સપોર્ટ મંત્રી પ્રવીણ માલીની દેખરેખમાં આ નિર્ણય અમલી બનાવવામાં આવ્યો છે. ટ્રાન્સપોર્ટ વિભાગની યાદી મુજબ, 'ભારત સ્ટેજ-૧' (BS-I) કે તેનાથી પણ જૂના મોડેલના તમામ નાના-મોટા અને ખાનગી કે કોમર્શિયલ વાહનોને આ નીતિમાં સાંકળી લેવાયાં છે. આ ઉપરાંત 'BS-II' કેટેગરીના મધ્યમ અને ભારે માલવાહક કે મુસાફર વાહનોને પણ આ રાહતનો સીધો લાભ મળશે.

નવા નિયમ મુજબ, વાહનમાલિકે પોતાનું જૂનું વાહન સરકાર માન્ય સ્ક્રેપિંગ સેન્ટરમાં જમા કરાવીને 'સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ' (COD) મેળવવાનું રહેશે. ત્યારબાદ જ્યારે પણ નવું વાહન ખરીદીને તેનું આરટીઓ રજિસ્ટ્રેશન કરાવવામાં આવશે, ત્યારે આ સર્ટિફિકેટ રજૂ કરતાની સાથે જ નિયમ મુજબ ટેક્સમાં ૫૦ ટકા સુધીની રાહત મળી જશે. ખાસ કરીને ટ્રાન્સપોર્ટ અને કોમર્શિયલ વાહન ધારકો માટે આ નિર્ણય ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. સરકારે આ કરરાહતનો લાભ લેવા માટે આખરી તારીખ પણ નક્કી કરી દીધી છે. જે મુજબ ૩૧ માર્ચ ૨૦૨૭ સુધીમાં મેળવેલાં સર્ટિફિકેટ (COD) પર જ આ ટેક્સ રાહત મળવાપાત્ર રહેશે. સાથોસાથ સરકારે એ પણ સ્પષ્ટ કર્યું છે કે એક વાહનના સ્ક્રેપિંગ સર્ટિફિકેટ પર એક જ વાર ટેક્સમાં છૂટ મળશે, એટલે કે કોઈ એક સર્ટિફિકેટનો બીજી વાર દુરુપયોગ કરી શકશે નહીં.

ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમ, ઈન્ડસ્ટ્રીયલ એરિયા ડેવલપ થતાં જામનગર રોડને ધ્યાને લઈ

પોલીસ વહીવટમાં મોટો ફેરફારઃ પડધરી હવે રાજકોટ શહેરમાં, સરધાર ગ્રામ્ય પોલીસ હસ્તક રહેશે

રાજકોટ પોલીસ કમિશ્નર અને રેન્જ આઈજીએ ગૃહ વિભાગમાં પ્રપોઝલ મોકલી, ટૂંક સમયમાં નવા ફેરફાર થશે : ૨૫ કિ.મી દુર પડધરીનો શહેરમાં સમાવેશ થતાં હોટલો, ઈન્ડસ્ટ્રીઝને ફાયદો થશે

પડધરી પોલીસ સ્ટેશનનો રાજકોટ શહેર પોલીસના હદ વિસ્તારમાં સમાવેશ થતા સ્ટાફ મહેકમ પણ વધશે : રાજકોટ પોલીસ કમિશ્નરેટ ૪૦ કિમી દૂરના ગ્રામ્ય વિસ્તારોનું સંચાલન બદલાશે

રાજકોટ. તા.૧

રાજકોટ શહેર અને ગ્રામ્ય પોલીસની સરહદોમાં ટૂંક સમયમાં જ એક મોટો અને ઐતિહાસિક ફેરફાર થવા જઈ રહ્યો છે. જામનગર રોડ પર આવેલા ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમની આસપાસ થયેલા વ્યાપક વિકાસ અને ટ્રાફિક તેમજ કાયદો-વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને પડધરી પોલીસ સ્ટેશનને રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ હેઠળ લાવવાની કવાયત તેજ કરવામાં આવી છે. આ સાથે જ, તાજેતરમાં મંજૂર થયેલા નવા સરધાર પોલીસ સ્ટેશનનો સમાવેશ રાજકોટ ગ્રામ્ય પોલીસ અંતર્ગત કરવામાં આવશે.

આ ભૌગોલિક અને વહીવટી ફેરફાર માટે રાજકોટ શહેર પોલીસ કમિશનર અને રાજકોટ રેન્જ આઈજી દ્વારા સંયુક્ત રીતે એક વિસ્તૃત પ્રપોઝલ તૈયાર કરીને રાજ્યના ગૃહ વિભાગને મોકલી આપવામાં આવી છે. આ દરખાસ્તને ટૂંક સમયમાં જ મંજૂરી મળે તેવી પૂરી સંભાવના છે. ગૃહ વિભાગની લીલી ઝંડી મળતાની સાથે જ આ નવો બદલાવ સત્તાવાર રીતે અમલી બની જશે, જેનાથી બંને પોલીસ મથકોનું કાર્યક્ષેત્ર અને પોલીસિંગની પદ્ધતિ બદલાશે.

રાજકોટ શહેરની સરહદથી આશરે ૩૦ કિલોમીટર દૂર આવેલું પડધરી અત્યાર સુધી ગ્રામ્ય વિસ્તારમાં ગણાતું હતું. પરંતુ, જામનગર હાઈવે પર થઈ રહેલા સતત વિકાસ અને ખંઢેરી સ્ટેડિયમના કારણે આ રૂટ પર પ્રવૃત્તિઓ ખૂબ વધી ગઈ છે. પડધરી પોલીસ સ્ટેશનનો શહેરમાં સમાવેશ થવાથી સ્થાનિક કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનશે. પીઆઈ કક્ષાના અધિકારીઓ અને આધુનિક પીસીઆર (PCR) વાન સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થતાં ગુનાખોરી પર અંકુશ મેળવવામાં સરળતા રહેશે. આ નિર્ણયથી જામનગર રોડ અને પડધરીની આસપાસના આર્થિક ક્ષેત્રોને બહુ મોટો ફાયદો થવાની આશા છે

તહેવારો ટાણે રડાવતી 'ગરીબોની કસ્તુરી': ડુંગળીના ભાવ રૂ.૭૦ પ્રતિ કિલો પહોંચ્યા

સમયસર વરસાદ ન પડતાં પાક નિષ્ફળ ગયો ; વાંકાનેર અને નાસિકથી આવી રહ્યો છે જથ્થો; દિવાળી પછી નવી આવક આવશે

ડુંગળીના તોતિંગ ભાવ
મોંઘવારીનો માર
૭૦/- પ્રતિ કિલો
૧૪૦/-

રાજકોટ તા.૩૦

લીંબુ બાદ હવે મોંઘવારીનો વધુ એક માર સામાન્ય જનતા પર પડ્યો છે. છેલ્લા એક મહિનામાં ડુંગળીના ભાવ બમણા થઈને રિટેલ બજારમાં રૂ. ૭૦ પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે. જથ્થાબંધ (હોલસેલ) બજારમાં ૨૦ કિલો ડુંગળીના ભાવ રૂ. ૩૪૫ થી રૂ. ૮૫૨ બોલાઈ રહ્યા છે, એટલે કે હોલસેલ ભાવ રૂ. ૧૭ થી રૂ. ૪૫ પ્રતિ કિલો છે. ઓગસ્ટ મહિનાની સરખામણીએ હાલ છૂટક બજારમાં ડુંગળી રૂ. ૬૫ થી રૂ. ૭૦ પ્રતિ કિલો વેચાઈ રહી છે. તહેવારોની મોસમમાં જ ડુંગળીના તોતિંગ ભાવવધારાને કારણે ગરીબો અને મધ્યમ વર્ગનું ઘરનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.

યાર્ડના વેપારીઓના જણાવ્યા મુજબ, વાવેતર સમયે જરૂરી વરસાદ ન પડવાથી પ્રથમ તબક્કાનો પાક નિષ્ફળ ગયો હતો અને હવે નવો પાક આવતા એક મહિના નો સમય લાગશે. વેપારીઓના જણાવ્યા મુજબ નવી આવક દિવાળી સમયે થશે.

હાલ માર્કેટિંગ યાર્ડમાં જે માલ આવી રહ્યો છે તે જુના સ્ટોકની આવક છે અને તે મુખ્યત્વે ગુજરાતના વાંકાનેર તેમજ મહારાષ્ટ્રના નાસિકથી આવી રહ્યો છે. વેપારીઓના મતે દિવાળી સુધી દૈનિક આવકના આધારે ભાવમાં રૂ. ૫ સુધીની વધઘટ ચાલુ રહેશે.

મોંઘવારીના લીધે ગૃહિણીઓને રસોઈ બનાવવામાં અને ઘર ચલાવવામાં મુશ્કેલી પડી રહી છે. સ્થાનિક ગૃહિણીઓના જણાવ્યા મુજબ, છેલ્લા ૧૦ દિવસથી તેમણે ડુંગળીની ખરીદી અડધી કરી દીધી છે. જ્યાં પહેલા ૧ કિલો ડુંગળી ખરીદતા હતા તેના સ્થાને હવે માત્ર ૫૦૦ ગ્રામથી કામ ચલાવવામાં આવી રહ્યું છે અને રસોઈમાં પણ બિનજરૂરી ઉપયોગ ટાળવામાં આવી રહ્યો છે.

વેપારી આલમનું માનવું છે કે નવી આવક શરૂ ન થાય ત્યાં સુધી ભાવમાં મોટા ઘટાડાની શક્યતા નહિવત છે. દિવાળી સમયે અને તહેવારો પછી નવો પાક બજારમાં પુષ્કળ પ્રમાણમાં આવવાનું શરૂ થશે, ત્યારબાદ જ ડુંગળીના ભાવમાં કાયમી ધોરણે ઘટાડો જોવા મળશે. ત્યાં સુધી ગ્રાહકોએ મોંઘી ડુંગળી ખરીદવા મજબૂર બનવું પડશે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
વન વિભાગ
ગુજરાત રાજ્ય
વન્યજીવ
સપ્તાહ ૨૦૨૬

- વન્યજીવોનું રક્ષણ એટલે, પ્રકૃતિનું રક્ષણ.
- દરેક પ્રજાતિની પોતાની આગવી ભૂમિકા છે; દરેક જીવનું મહત્ત્વ છે.
- વન્યજીવોને વનમાં મુક્તપણે જીવવા દઈએ; માનવજાતને સહઅસ્તિત્વ સાથે જીવતાં શીખવીએ.
- એક પૃથ્વી, સહિયારું આશ્રયસ્થાન, અસંખ્ય જીવ- ચાલો, સૌનું રક્ષણ કરીએ.
- પ્રગતિનો સાચો માપદંડ આપણે પ્રકૃતિ પાસેથી કેટલું મેળવ્યું તે નહીં, પરંતુ આપણે પ્રકૃતિનું કેટલું જતન કર્યું.
- આ વન્યજીવ સપ્તાહ, માત્ર ઉજવણી જ નહીં, પરંતુ સહઅસ્તિત્વની પ્રતિબદ્ધતા પણ છે.
- વન્યજીવો સમૃદ્ધ તો પ્રકૃતિ સમૃદ્ધ, પ્રકૃતિ સમૃદ્ધ તો માનવજાત સમૃદ્ધ.
- વન્યજીવ બચાવો, પ્રકૃતિ બચાવો, આપણું ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

"વન્યજીવો અને તેમના આશ્રયસ્થાનના સંરક્ષણ માટે જન-ભાગીદારી સાથે સંકલ્પબદ્ધ બનીએ."
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર

1926 | 8320002000

વધુ માહિતી માટે QR કોડ સ્કેન કરો

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી – ધોરાજી

સ્વ. વિજયભાઈ બાબુભાઈ બાબરીયા

સ્વ. તા. ૦૧/૧૦/૨૦૨૦, ગુરૂવાર

નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે, હરપળ હાજરીનો આભાસ લાગ્યા કરે છે,
ક્યારેક કહેવાયેલ વાતો ના ભણકારા વાગ્યા કરે છે, યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે,
અને એવો કોઈ દિવસ બાકી નથી જેમાં તમે સાથે ના હોઇ, ક્યારેય કલ્પી ન શકાય તેવી તમારી અણધારી વિદાય અમારૂ કાળવુ કંપાવી ગઈ,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

લી.

ગં. સ્વ. નયનાબેન વિજયભાઈ બાબરીયા
ગં. સ્વ. કંચનબેન પ્રવીણભાઈ બાબરીયા
વિકાસ પ્રવીણભાઈ બાબરીયા - હિતેક્ષા વિકાસ બાબરીયા
સાગર વિજયભાઈ બાબરીયા - દિપાલી સાગર બાબરીયા
ક્રિયાના વિકાસભાઈ બાબરીયા
વિકાસ એગ્રો એજન્સી - જેતપુર રોડ, ધોરાજી • એગ્રીટી ક્રોપ સાયન્સ પ્રા. લી. - અમદાવાદ
તથા બાબરીયા પરિવારના જય શ્રીકૃષ્ણ

સાગર સોલંકી – ધોરાજી – મો. નં. ૯૦૩૩૪ ૫૩૩૦૪

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલી

સમય જીંદગીનો ઓછો હશે
કયાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે
કયાં ખબર હતી, સમય વિતતો જશે પણ
યાદ તમારી સદાય રહેશે. ઈશ્વર તમારા
આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

સ્વ.વિજયભાઈ
બાબુભાઈ બાબરીયા
સ્વ.તા.૦૧–૧૦–૨૦૨૦,
ગુરૂવાર

લી. સાગર સોલંકી

સાગર સોલંકી – ધોરાજી – મો. નં. ૯૦૩૩૪ ૫૩૩૦૪

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલી

સમય જીંદગીનો ઓછો હશે
કયાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે
કયાં ખબર હતી, સમય વિતતો જશે પણ
યાદ તમારી સદાય રહેશે. ઈશ્વર તમારા
આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

સ્વ.વિજયભાઈ
બાબુભાઈ બાબરીયા
સ્વ.તા.૦૧–૧૦–૨૦૨૦,
ગુરૂવાર

લી. કલ્પેશ માવાણી (અજય)

સાગર સોલંકી – ધોરાજી – મો. નં. ૯૦૩૩૪ ૫૩૩૦૪

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલી

સમય જીંદગીનો ઓછો હશે
કયાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે
કયાં ખબર હતી, સમય વિતતો જશે પણ
યાદ તમારી સદાય રહેશે. ઈશ્વર તમારા
આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

સ્વ.વિજયભાઈ
બાબુભાઈ બાબરીયા
સ્વ.તા.૦૧–૧૦–૨૦૨૦,
ગુરૂવાર

લી. અજય વઘાસીયા

સાગર સોલંકી – ધોરાજી – મો. નં. ૯૦૩૩૪ ૫૩૩૦૪

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલી

આપના સ્નેહ સ્મરણનાં પુષ્પો
મુરઝાવાના નથી
વસ્યા છો અમ દિલમાં
કદી દુર જવાના નથી.
સ્નેહ આશિષની અમીવર્ષા
સદા અમ પર વરસતી રહે
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ
અર્પે એજ પ્રાર્થના

સ્વ.વિજયભાઈ
બાબુભાઈ બાબરીયા
સ્વ.તા.૦૧–૧૦–૨૦૨૦,
ગુરૂવાર

લી.

કુલદીપ ધોળકીયા

સાગર સોલંકી – ધોરાજી – મો. નં. ૯૦૩૩૪ ૫૩૩૦૪

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલી

હૃદયનો ઘાવ કયારેય રૂઝાશે નહિ,
આંખોમાં આંસુ કયારેય
સુકાશે નહી, સદાય હસતો
આપનો ચહેરો સ્મૃતિ પરથી
કયારેય ભુલાશે નહી,
પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ.વિજયભાઈ
બાબુભાઈ બાબરીયા
સ્વ.તા.૦૧–૧૦–૨૦૨૦,
ગુરૂવાર

લી.

રોમીન બામરોલીયા

સાગર સોલંકી – ધોરાજી – મો. નં. ૯૦૩૩૪ ૫૩૩૦૪

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી

સ્વ.વિજયભાઈ બાબુભાઈ બાબરીયા
સ્વ.તા.૦૧–૧૦–૨૦૨૦, ગુરૂવાર

ચંદન જેવુ જીવન જીવીને, સુખ સહુને દઈ ગયા ખુદ ઘસાઈને સુગંધ બની પ્રસરી ગયા
જીવન એવુ જીવ્યા કે કદી વિસરાઈ નહિં પ્રભુ આપના આત્માને શાંતિ આપે
એજ અમારી સહુની પ્રાર્થના

◆

• ભોલા સોલંકી • ધર્મેન્દ્ર બાબરીયા
સાંજ સમાચાર બ્યુરો ઓફિસ –ધોરાજી

સાગર સોલંકી – ધોરાજી – મો. નં. ૯૦૩૩૪ ૫૩૩૦૪

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી – ધોરાજી

સ્વ. વિજયભાઈ બાબુભાઈ બાબરીયા

સ્વ. તા. ૦૧/૧૦/૨૦૨૦, ગુરૂવાર

હૃદય અમારૂ રડી પડે છે જોઈને તસ્વીર તમારી, હૈયુ હજી માનવાને તૈયાર નથી કે
તમે નથી રહ્યા અમારી વચ્ચે રહેવાને સદા, આ દુનિયામાં તો કોઈ જતુ નથી છતા
જેમ તમે ગયા તેમ કોઈ જતુ નથી. પ્રભુ તમારા આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લી.

ચેતન વઘાસીયા • વરૂણ વઘાસીયા • હાર્દિક વઘાસીયા

રાજહંસ પી.વી.સી. પાઈપ, જુનાગઢ રોડ, ધોરાજી
એકશન પ્લાસ્ટીક, જુનાગઢ રોડ, ધોરાજી
વૈભવ વે-બ્રીજ, જુનાગઢ રોડ, ધોરાજી
રાજલક્ષ્મી પેટ્રોલીયમ, જુનાગઢ રોડ, ધોરાજી
તથા વઘાસીયા પરિવારના જય શ્રીકૃષ્ણ..

સાગર સોલંકી – ધોરાજી – મો. નં. ૯૦૩૩૪ ૫૩૩૦૪

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : rcc.bank.in
Ph. : 0281-2238946

ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧

૨૫ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર (તા.૦૧.૦૭.૨૦૨૬ થી અમલમાં)

6.50% જનરલ ડિપોઝીટર માટે
7.00% વરીષ્ઠ નાગરીકો માટે

૨૫ લાખ સુધીના સિકયોર્ડ ધિરાણ
9.00% વ્યાજના રાહતદરે

વધુ માહિતી માટે સંપર્ક: ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052

'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

માર્ગ અને મકાન વિભાગ (ગુજરાત રાજય)

જાહેર નિવિદા નં.૦૭/૨૦૨૬-૨૭

ગુજરાત રાજયના રાજયપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય), પબ્લિક લાયબ્રેરી સામે, વેરાવળ-ગીર સોમનાથ ફોન નં.(૦૨૮૭૬)૨૨૦૨૩૭ દ્વારા રૂ.૩૩.૯૬ લાખ થી રૂ.૩૮.૬૪ લાખના કુલ ત્રણ(૩) કામ માટે યોગ્ય અને રસ ધરાવતા ઇજારદારો પાસેથી ઓનલાઇન ટેન્ડર માંગવામાં આવે છે. આ કામોની વિસ્તુત માહિતી તા.૦૫/૧૦/૨૦૨૬ થી વેબસાઇટ www.tender .nprocure.com ઉપર જોવા મળી શકશે. વધારાની માહિતી માટે આ કચેરીના ઉપરોકત સરનામે કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા અને ઓન-લાઇન ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઇટ જોવા વિનંતી.

આ કામના ટેન્ડર મંજુર / નામંજુર કરવાનો અધિકાર અબાધિત રહેશે.

માહિતી/જુના/જા.ખ./૭૨૬/૨૬

જાહેર નોટીસ કમ ચેતવણી



મારા અસીલ બાલુભાઇ તરશીભાઇ પાંચોટીયા, કલાવતીબેન વા/ઓ. બાલુભાઇ પાંચોટીયા, રોહિતભાઇ બાલુભાઇ પાંચોટીયા, પુનમબેન વા/ઓ. રોહિતભાઇ પાંચોટીયા. રહે. અમરનગર દાદાશ્રી નગર, રવાપર નદી રાજકોટ મોરબી-૩૬૩૬૪૨ વાળાઓ આથી જાહેર જનતા તેમજ લાગતા-વળગતા તમામને આ જાહેર ચેતવણી તથા નોટીસથી જાણ કરે છે કે,

ઉપરોકત ફોટાવાળી વ્યકિત હિમ્મત બાલુભાઇ પાંચોટીયા, ઉ.વ.૩૩ રહે. અમરનગર દાદાશ્રી નગર, રવાપર નદી રાજકોટ મોરબી-૩૬૩૬૪૨. અમારા કહ્યામાં નથી અને પોતાની મનસુફી તથા પોતાનું ધાર્યુ વર્તન કરનાર વ્યકિત છે અને ઘણા વર્ષોથી સામાજીક રીતે. પોતાના વ્યવહાર અલગથી કરે છે અને પોતાની રીતે પોતાનું જીવન જીવે છે. અમારે હિમ્મતને અમારા પુત્ર/ભાઇ/દીયર તરીકેના તમામ હકક, હિસ્સાથી બેદખલ કરેલ છે તેમજ જાહેર જનતા તથા લાગતા-વળગતાઓને આથી જણાવીએ છીએ કે હિમ્મત તથા તેના પત્ની સાથે અમારે કે અમારા કુટુંબને કોઇપણ પ્રકારનો વ્યવહાર, વહીવટ નથી તેમજ કોઇએ પણ કોઇપણ પ્રકારનો વ્યવહાર, વહીવટ કરવો નહીં તેમ છતાં જો કોઇ હિમ્મત કે તેના પત્ની સાથે કોઇપણ પ્રકારનો વ્યવહાર, વહીવટ કરશે અથવા કરેલ હોય તો અમારી કે અમારા કુટુંબના કોઇપણ સભ્યની કોઇપણ પ્રકારની કોઇ જવાબદારી છે નહીં કે રહેશે નહીં જે આજરોજ આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ. આમ છતાં જો કોઇ અમારા પુત્ર/ભાઇ/દીયર હિમ્મતભાઇ બાલુભાઇ પાંચોટીયા કે તેના પત્ની સાથે કોઇપણ પ્રકારનો આર્થિક, સામાજીક, રોકડ, કાનુની કે લે-વેચનો કે વ્યવહારિક કે અન્ય કોઇપણ પ્રકારનો વ્યવહાર, વહીવટ કરશે તો તેની કોઇપણ પ્રકારની જવાબદારી અમે બાલુભાઇ તરશીભાઇ પાંચોટીયા, કલાવંતીબેન વા/ઓ. બાલુભાઇ પાંચોટીયા, રોહિતભાઇ બાલુભાઇ પાંચોટીયા, પુનમબેન વા/ઓ. રોહિતભાઇ પાંચોટીયા વાળાઓને કે અમારા કુટુંબના શિરે રહેશે નહીં તથા અમારા પરિવારની કોઇપણ મિલ્કત ઉપર બોજો, હકક-હિસ્સો રહેશે નહી. જે આથી સ્પષ્ટ લેખિત જાહેર નોટીસ તથા ચેતવણીથી જાહેર કરવામાં આવે છે જેની સર્વે જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ ખાસ નોંધ લેવી. સ્થળ : રાજકોટ તા. ૩૦/૦૯/૨૦૨૬

અમારી સુચના, સંમતી અને માહિતી અનુસાર
બાલુભાઇ તરશીભાઇ પાંચોટીયા-કલાવતીબેન વા/ઓ. બાલુભાઇ પાંચોટીયા-રોહિતભાઇ બાલુભાઇ પાંચોટીયા-પુનમબેન વા/ઓ. રોહિતભાઇ પાંચોટીયા

વૈભવ બી. કુંડલીયા (એડવોકેટ)
(ઓફિસ : ૩૧૮, નક્ષત્ર-૯, ફુલછાબ ચોક પાસે, રેસકોર્ષ રીંગ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧)

-: જાહેર નિવિદા :-

યોગ ઇન્સ્ટ્રકટર ભરતી

ગીર સોમનાથ જિલ્લાના ૦૬ આયુષ્યમાન આરોગ્ય મંદિર(આયુષ) ખાતે ૦૬ પુરુષ અને ૦૬ મહિલા એમ કુલ ૧૨ યોગા ઇન્સ્ટ્રકટરની પાર્ટ ટાઇમ કોંન્ટ્રાક્ટથી ૧૧ માસના કરાર આધારિત તંદ્દન હંગામી ધોરણે નિમણૂંક કરવાની હોય પ્રત્યેક પુરુષ યોગ ઇન્સ્ટ્રકટરને માસિક મહત્તમ રૂ.૮૦૦૦/- (૧ કલાકના યોગ સેશનના રૂ. ૨૫૦/- લેખે, કુલ ૩૨ સેશન માટે) તથા મહિલા યોગ ઇન્સ્ટ્રક્ટરને કુલ ૨૦ સેશન માટે માસીક રૂ ૫૦૦૦ ના મહેનતાણાથી નિમણૂંક કરવાની હોય નીચે મુજબ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચે દર્શાવેલ સરનામે આ જાહેરાત વર્તમાન પત્રમા પ્રસિધ્ધ થયાના દિવસ-૧૦ સુધીમા અરજી રૂબરૂ/રજી.એડીથી મોકલી આપવાની રહેશ.

યોગ નિષ્ણાંત માટેની શૈક્ષણિક લાયકાત

(A)સરકાર માન્ય સંસ્થા/યુનિવર્સિટીઅથવા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા યોગ વિષય સાથે પ્રાપ્ત કરેલ સર્ટિફિકેટ/ડિપ્લોમા/ડિગ્રી અથવા અન્ય કોઈ સંલગ્ન કોર્ષ પૈકી કોઈપણ એક માન્ય લયકાત ધરાવતા હોવા જોઇએ.તથા ઉંમર ૧૯ વર્ષ થી ૪૫ વર્ષની હોવી જોઈએ. (જાહેરાત પ્રસીધ્ધ થયાની તારીખ થી)

(B)અરજી નો નમૂનો

(૧)નામ (૨) સરનામું (૩) ઈમેઈલ એડ્રેસ/મો. નં. (૪)જન્મ તારીખ (૫)શૈક્ષણિક લયકાત-S.S.C./H.S.C./બેચલર ડીગ્રી/માસ્ટર ડીગ્રી ની વિગત (૬) યોગ અંગેની શૈક્ષણિક લાયકાત- સર્ટીફીકેટ કોર્ષ/ ડીપ્લોમા ડીગ્રી તથા યોગ શિક્ષક અનુભવની વિગત (૭) ફરજ માટેની ત્રણ પસંદગીની જગ્યા

(C) અરજી સાથે બિડાણના સર્ટિફિકેટ (ખરી નકલમાં)

(૧) એલ.સી. (૨) શૈક્ષણિક લાયકાત- S.S.C./H.S.C./બેચલર ડીગ્રી/માસ્ટર ડીગ્રી ની નકલો (૩) યોગ અંગેની શૈક્ષણિક લાયકાત- યોગમા સર્ટીફીકેટ કોર્ષ/ડીપ્લોમા/ડીગ્રી (૪) યોગ શિક્ષક અનુભવની વિગત (૫) સરકાર માન્ય ફોટો આઈડી કાર્ડ

સ્થળ:- નીચે મુજબના કુલ ૦૬ આયુષ્યમાન આરોગ્ય મંદિર(આયુષ) ખાતે ૧ મહિલા અને ૧ પૂરૂષ યોગ ઇન્સ્ટ્રક્ટર ની જગ્યા ભરવાની થાય છે.

૧) બેડીયા, તા.ગીરગઢડા, ૨)આંબળાશ, તા.તાલાલા, ૩) ઉમરેઠી, તા.તાલાલા, ૪)દેવળી, તા.કોડીનાર, ૫)લોઢવા, તા.સુત્રાપાડા ૬)જશાધાર, તા- ગીરગઢડા

અરજી મોકલવાનુ સરનામુ:-:-

જીલ્લા આયુર્વેદ અધીકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત, આયુર્વેદ શાખા, ગીરસોમનાથ, મુ.- ઇણાજ, જી ગીરસોમનાથ પીનકોડ- ૩૬૨૨૬૯,

ઉપરોકત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો કચેરીના ચાલુ કામકાજના સમય દરમ્યાન હેલ્પ લાઇન નં.૯૯૭૯૬૦૦૩૭૦/ ૯૨૬૫૮૪૭૫૯૭ પર તથા daogirsomnath2@gmail.comપર ઇ-મેઇલ કરી શકાશે.

જિલ્લા આયુર્વેદ અધિકારી
જિ.પં.ગીરસોમનાથ

માહિતી/જુના/જા.ખ./૭૧૭/૨૬

શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોશીએશનની વર્ષ ૨૦૨૫-૨૦૨૬ની
સાધારણ સભા

શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોશીએશનની વર્ષ ૨૦૨૫-૨૦૨૬ની સાધારણ સભા નીચેની વિગતે રાખેલ છે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે **ડો.મનસુખભાઇ માંડવીયા**(કેબીનેટ મંત્રીશ્રી-ભારત સરકાર), **શ્રી જીતુભાઇ વાઘાણી**(કેબીનેટ મંત્રીશ્રી - ગુજરાત સરકાર), **શ્રી પરસોતમભાઇ રૂપાલા** (સંસદ સભ્યશ્રી -રાજકોટ), **શ્રી નેહલભાઇ શુકલ** (મેયરશ્રી -રાજકોટ) તેમજ ઉદ્યોગપતિ **શ્રી મનસુખભાઇ પાન, શ્રી ચીમનભાઇ હાપાણી, શ્રી જવાહરભાઇ પંડયા, શ્રી પરાક્રમસિંહ જાડેજા** ખાસ ઉપસ્થિત રહેવાના છે.

તારીખ : ૦૩-૧૦-૨૦૨૬ શનિવાર સમય :- સાંજના **૫:૦૦** કલાકે

સ્થળ : વિવાન્ટા પાર્ટી લોન્સ, પાળ રોડ, ટીલારા ચોક પાસે, રાજકોટ

સંસ્થાના સભ્યોને એજેન્ડા ઇ મેઇલ અને વોટ્સએપ દ્વારા મોકલેલ છે. એજેન્ડા કોઇ કારણોસર મળેલ ન હોઇ તો આ જાહેરાતને નિમંત્રણ સમજી સમયસર અચૂક હાજરી આપવા નમ્ર વિનંતી. આપ સૌની હાજરી એ સંસ્થાની પ્રતિષ્ઠા છે, આ પ્રસંગે તમામ સભ્યોને હાજરી આપવા ભાવભર્યુ નિમંત્રણ છે.

શ્રી રમેશભાઇ ટીલારા	શ્રી અમૃતભાઇ ગઢિયા	શ્રી દુષ્યંતભાઇ ટીલારા શ્રી દિલીપભાઇ ઝાલાવડિયા	શ્રી અશ્વિનભાઇ વસાણી
ચેરમેનશ્રી એમ.એલ.એ.	પ્રમુખશ્રી	ઉપ પ્રમુખશ્રી	સેક્રેટરીશ્રી

SIMPLE

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૫ (પંદર)માં અધિક સીનીયર સીવીલ જજ સાહેબ શ્રી બી.એન.દવે સાહેબની કોર્ટમાં દિવાની પરચુરણ અરજી નંબર ૧૯૩૮/૨૦૨૬ના કામમાં અરજદાર શ્રીમતી નમ્રતાબેન રાકેશભાઇ વઘાસીયા, રહે. ૨- ગોવિંદ ગ્રીન સીટી, રોલેક્ષ રોડ, કોઠારીયા, કોઠારીયા પાર્ટ, રાજકોટનાએ નીચે મુજબની મિલ્કતોનું વારસા સર્ટીફીકેટ મેળવવા અરજી કરેલ છે.

સ્થાવર મિલ્કત નં. ૧:

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના રાજકોટ મ્યુ. કોર્પો.માં સમાવિષ્ટ ગામ કોઠારીયાના રેવન્યુ સર્વે નં. ૨૦૦/૧ પૈકી ૫ની જમીન એકર ૫-૦૦ ગુંઠા બીનખેડવાણ અને રહેણાંક હેતુ માટે ઇમારત બાંધવાની મંજુરીવાળી જમીન ઉપર આવેલ 'ગોવિંદ ગ્રીન સીટી' તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૪૧ના સબ પ્લોટ નં.૪૧/૨ની જમીન ચો.મી.આ. ૪૬-૯૦ જેના ચો.વા.આ. ૫૬-૦૯ ઉપર આવેલ ઉભા ઇમલા વાળુ મકાન આવેલ છે. જે મિલ્કત ગુજરનાર સ્વ. રાકેશભાઇ મુકેશભાઇ વઘાસીયા તથા શ્રી મંજુલાબેન મુકેશભાઇ વઘાસીયાના સંયુકત માલીકીના આવેલ છે. સદરહુ મિલ્કતમાં ગુજરનાર સ્વ. રાકેશભાઇ મુકેશભાઇ વઘાસીયાનો પચાસ ટકા (૫૦%) અવિભાજય હિસ્સો આવેલ છે.

સ્થાવર મિલ્કત નં. ૨ :

રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ કોઠારીયાના બીનખેડવાણ રેવન્યુ સર્વે નં. ૨૦૦/૧ પૈકી ૫ની જમીન (એકર ૫-૦૦ ગુંઠા)માં આવેલ 'ગોવિંદ ગ્રીન સીટી' તરીકે ઓળખાતા વિસ્તારના રહેણાંક બીનખેતી પ્લોટસ પૈકી પ્લોટ નં. ૪૧ના સબ પ્લોટ નં.૪૧/૧ની જમીન ચો.મી.આ. ૪૬-૯૦ ઉપર આવેલ ઉભા ઇમલાવાળુ મકાન આવેલ છે. જે મિલ્કત ગુજરનાર સ્વ. રાકેશભાઇ મુકેશભાઇ વઘાસીયા તથા શ્રી મુકેશભાઇ મંગળજીભાઇ વઘાસીયાના સંયુકત માલીકીના આવેલ છે. સદરહુ મિલ્કતમાં ગુજરનાર સ્વ. રાકેશભાઇ મુકેશભાઇ વઘાસીયાનો પચાસ ટકા (૫૦%) અવિભાજય હિસ્સો આવેલ છે.

ઉપરોકત જણાવેલ મિલ્કતોનું ગુજરનાર સ્વ. રાકેશભાઇ મુકેશભાઇ વઘાસીયાના વારસદાર તરીકે વારસા સર્ટીફીકેટ મેળવવા અરજદારએ તેમના **એડવોકેટ શ્રી મિલન આર. દુધાત્રા અને એડવોકેટ શ્રી વી.ડી.ખુંટ** મારફતે ઉપરોકત દિવાની પરચુરણ અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે. તે સબંધે જે કોઇ વ્યકિતને જાહેર નોટીસના અનુસંધાને વાંધા-જવાબ રજુ કરવા ઇચ્છતા હોય, તેમણે મુદત તા. ૨૮/૧૦/૨૦૨૬ પહેલા અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવાના રહેશે. અન્યથા યોગ્ય હુકમ કરવામા આવશે જેની તમામે સ્પષ્ટ નોંધ લેવી.

આજરોજ તા. ૨૯/૦૯/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર
(એસ.આર.વ્યાસ)
આસીસ્ટન્ટ

કોર્ટનો સીકકો

(એન.આર.વ્યાસ)
રજીસ્ટ્રારશ્રી

[redacted]

CHANGE OF NAME

I **DAKSHKUMAR CHIMANBHAI FALDU,** Residing at: Govind Para, Kalavad, Dist: Jamnagar declared that I have Changed my name from **DAKSHKUMAR CHIMANBHAI FALDU** to **DAX CHIMANBHAI FALDU** Now I will be known as **DAX CHIMANBHAI FALDU**

જાહેર નોટીશ

હું રહેવાસી : રેસમડી ગાલોળ, તા. જેતપુર, જી. રાજકોટ જાહેર કરુ છું કે મારા બે નામો છે જે "કંચનબેન વિજયભાઈ ભલુ" અને "સોનલબેન વિજયભાઈ ભલુ" બંને નામની વ્યકિત હું પોતે એક જ છું. જેની નોંધ લેવી.

લી. કંચનબેન વિજયભાઇ ભલુ
સોનલબેન વિજયભાઇ ભલુ
ગામ : રેશમડી ગાલોલ,
તા. જેતપુર -૩૬૦ ૩૭૦

CHANGE OF NAME

I undersigned **Chauhan Jyotsna Mangabhai** declare that I have changed my name from **Chauhan Jyotsnaben Mangabhai** to **Chauhan Jyotsna Mangabhai** and now & onwards I will be known as **Chauhan Jyotsna Mangabhai**

Chauhan Jyotsna Mangabhai
Dt. 01-10-2026, Rajkot

ઓનલાઇન જાહેર નિવિદા નં. ૧૩/૨૦૨૬-૨૭

કાર્યપાલક ઇજનેર, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, સુરેન્દ્રનગર (ફોન નં. ૦૨૭૫૨-૨૮૨૮૧૨) દ્વારા કુલ – ૧૩ કામ જેની માટે ઓનલાઇન ઈ-ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના જે-તે માન્ય કેટેગરીમાં નોંધાયેલ ઈજારદારશ્રી પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો વેબસાઈટ https://tender.nprocure.com/ પર તા.૦૫/૧૦/૨૦૨૬ થી તા.૧૨/૧૦/૨૦૨૬ (ક્રમ ૧ થી ૧૧) અને તા.૦૫/૧૦/૨૦૨૬ થી તા.૧૯/૧૦/૨૦૨૬ (ક્રમ ૧૨ થી ૧૩) સાંજનાં ૧૮-૦૦ કલાક સુધી ઓનલાઇન ભરી શકાશે. આ અંગેનું વિગતવાર વિજ્ઞાપન www.statetenders.gujarat.gov.in (મા.મ.પંચાયત) વિભાગના નોટીસબોર્ડ ઉપરથી જોઈ શકાશે. હવે પછીના સુધારા વધારા દૈનિક પેપરમાં નિવિદા પ્રસિધ્ધ ન કરતા ઓનલાઇન મુકવામાં આવશે. સદર ટેન્ડર પૈકી કોઈ પણ એક કે બધા જ ટેન્ડરો મંજુર કે રદ્દ કરવા અત્રેની કચેરીનો નિર્ણય આબાધીત રહેશે જેના કોઈ કારણો આપવામાં આવશે નહી.

માહિતી/સુરેન્દ્રનગર/૨૫૨/૨૬-૨૭

ગુજરાત સરકાર નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર

"ઇ-ટેન્ડર નોટીસ નં. ૧૪ સને ૨૦૨૬-૨૭

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ પેટા વિભાગ, ઇશ્વર કોમ્પલેક્ષ, ત્રીજો માળ, એ-વિંગ, રીલાયન્સ મોલની સામે, વેરાવળ-જુનાગઢ રોડ, વેરાવળ-૩૬૨૨૬૫ ની કચેરી દ્વારા ઓફલાઇન જાહેર નિવિદા નં. ૧૪ સને ૨૦૨૬-૨૭ થી સ્ટાન્ડર્ડ બીડીંગ ડોકયુમેન્ટ પ્રોકયુરમેન્ટ ઓફ સીવીલ વર્ક (SBD Format) મુજબ કન્સલટન્સી સર્વીસીસ ફોર સર્વે, ઇન્વેસ્ટિગેશન, ફિઝીબીલીટી સ્ટડી, ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ પ્રિપેરેશન એન્ડ ડિટેઇલ (.આર.પી.ડી)હાઇડ્રોલીક ડિઝાઇન ઓફ પ્રોપોઝડ પ્રેશરડ્રિવન ઇરીગેશન નેટવર્ક ફોર ધ્રાબાવડ વિલેજ - થ્રૂ હિરણ રીવર વોટર ના કામ માટે ઓફલાઇન ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર પેપર માટે ટેન્ડર ફી રૂ.૬૦૦/- રોકડા ભર્યેથી તા.૦૩/૧૦/૨૦૨૬ થી તા.૦૯/૧૦/૨૦૨૬ ના રોજ ૧૮=૦૦ કલાક સુધી ઇસ્યુ કરવામાં આવશે. ભરેલ ટેન્ડરો ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટ દ્વારા જ તા.૧૬/૧૦/૨૦૨૬ ૧૮=૦૦ કલાક સુધીમાં મોકલવાના રહેશે. ટેન્ડર રૂબરૂ, કુરીયર કે સાદી ટપાલની સ્વીકારવામાં આવશે નહીં. ભાવ ભરાયને આવેલ ટેન્ડરો તા.૧૭/૧૦/૨૦૨૬ ના ૧૧-૦૦ કલાકે આ કચેરીમાં ખોલવામાં આવશે. બાનાની રકમની એફ.ડી.આર. વગરના ટેંન્ડરો અમાન્ય/રદ ગણાશે. વધુ વિગતો માહીતી ખાતાની વેબસાઇટ "www.statetenders. gujarat.gov.in" પર મળશે.

માહિતી/જુના/જા.ખ./૭૨૧/૨૬

દામનગર નગરપાલિકા - દામનગર

જીલ્લો : અમરેલી

ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ

આથી દામનગર નગરપાલિકા, દામનગર, જી. અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરી વન (Urban Forest) અને ઓક્સિજન પાર્કની કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. આ કામનું ઓનલાઇન ટેન્ડર તા.૦૬/૧૦/૨૦૨૬ થી ઓનલાઇન ઈ-ટેન્ડરીંગ ભાવપત્રક, વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઈસ બીડ વગેરે વેબસાઈટ https://tender.nprocure.com ઉપર ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી, સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઇટ પર મુકવામાં આવશે. દામનગર નગરપાલિકા કોઈપણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

(વિજય જે. ડેર)	(ભાવનાબેન એમ. ગોસ્વામી)
ચીફ ઓફિસર	પ્રમુખ
દામનગર નગરપાલિકા	દામનગર નગરપાલિકા

જિમાક/અમર/૨૯૫/૨૬

કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ચોથા એડી. સિવિલ જજ એન્ડ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી પુજા રાઠૌર સાહેબની કોર્ટમાં ફો.પ.અ.નં.૫૮૧૧/૨૦૨૬ના કામના અરજદાર ડોડીયા સુરેશભાઈ કલ્યાણભાઈ, રહે.મુ. કોઠારીયા (ટંકારા), તા.જી. રાજકોટવાળાએ તેમના પોતાના પિતા કલાભાઈ ઉર્ફે કલ્યાણભાઈ ભવાનભાઈ ડોડીયાનું મરણ તા.૧૮-૦૫-૧૯૬૮ના રોજ તેમના ઘરે મુ.કોઠારીયા (ટંકારા), તા.જી.રાજકોટ ખાતે થયેલ છે તેમજ તેમના માતા બેનીબેન કલાભાઈ ઉર્ફે કલ્યાણભાઈ ભવાનભાઈ ડોડીયાનું મરણ તા.૧૮-૧૨-૧૯૬૫ના રોજ તેમના ઘરે મુ.કોઠારીયા (ટંકારા), તા.જી.રાજકોટ ખાતે થયેલ છે તે બન્નેની મરણ નોંધણીનો હુકમ કરાવવા કોઠારીયા (ટંકારા) ગ્રામ પંચાયત કચેરીમાં નોંધ કરાવવા તેમના **વકીલશ્રી રાજેશ એમ.કોટક** મારફત અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે સંબંધે કોઈ વ્યક્તિને વાંધો, તકરાર હોય તેમને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી આગામી તા.૩૦/ ૧૦/૨૦૨૬ના રોજ અત્રેની કોર્ટ સમક્ષ પુરાવા સાથે હાજર રહેવું. ગેરહાજર રહ્યેથી ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા.૨૫/૦૯/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટના સહી સિકકા કરી આપવા.

કોર્ટનો સીકકો

હુકમથી
(સંદિપ એન.ભટ્ટ)
રજીસ્ટ્રાર
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, કોર્ટ રાજકોટ

તૈયાર કરનાર
(બી.એચ.કલોતરા)
સીની.કલાર્ક

:-: જાહેર નોટીસ :-:

જસદણના મહેરબાન ચીફ જયુડિશિયલ જજ સાહેબની કોર્ટમાં

ફો.પ.અ.નં. ૩૦૪/૨૦૨૬

ઠાકરશીભાઇ હરજીભાઇ વેકરીયા
ઉ.વ.આ. ૫૮, ધંધોઃ ખેતી,
રહે. શિવરાજપુર, તા. જસદણ, જી. રાજકોટ.
......અરજદાર

:-: **વિરૂધ્ધ** :-:

રજીસ્ટ્રારશ્રી ગ્રામ પંચાયત-શિવરાજપુર
જન્મ-મરણ નોંધણી અધિકારી ગ્રામ પંચાયત
શિવરાજપુર, તા. જસદણ, જી. રાજકોટ. ...સામાવાળા

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા શખ્સોને જાણ કરવામાં આવે છે કે, ઉપર લખ્યા અરજદારે તેઓના વિ. વકીલ **શ્રી એલ.જી. હુમ્મર** મારફતે તેઓના **માતુશ્રી કાશીબેન હરજીભાઇ વેકરીયા** ની મરણ તા.:૦૨-૦૮-૨૦૧૪ નું મરણ સ્થળ **શિવરાજપુર** હોવા સબબની તેઓને **શિવરાજપુર** ગામે ખેતીની સીમ જમીનમાં વારસાઇ એન્ટ્રી પડાવવાના કામ સબબ જરૂર પડતા આ કામમાં સામાવાળા તેઓનાં રજીસ્ટરમાં મરણનોંધ કરી આપી દાખલો કાઢી આપે તેવો હુકમ મળવા જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ અત્રેની અદાલત સમક્ષ ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરી અરજ કરેલ છે. જેથી સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો કે તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની અદાલત સમક્ષ મુદત તા.૦૪-૧૧-૨૦૨૬ના રોજ સવારના ૧૦-૪૫ વાગ્યે કે તે પહેલા હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી. આજરોજ તારીખ:- ૨૯-૦૯-૨૦૨૬ના રોજ મારી સહી તથા અદાલતની મ્હોર કરી આપી.

સ્થળ:- જસદણ તારીખ: ૨૯-૦૯-૨૦૨૬

કોર્ટનો સીકકો

હુકમથી
(એમ.બી. પંડ્યા) રજીસ્ટ્રાર
જ્યુ. ડી. મેજી. ફ.ક. કોર્ટ જસદણ

સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૯માં એડીશનલ સીનીયર સીવીલ જજ શ્રી પ્રિયા દુઆ સાહેબની કોર્ટમાં, રાજકોટ દિ.પ.અ.નં. ૧૯૨૧/૨૦૨૬ આ કામના અરજદાર શ્રી જીજ્ઞેશ ભુપેન્દ્રભાઇ શેઠએ ગુજરનાર હેમાંગીની ઉર્ફે હેમાબેન ભુપેન્દ્રભાઇ શેઠના નામે આવેલ સ્થાવર મિલ્કત ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ શહેરમાં રામકૃષ્ણનગર શેરી નં. ૭/અ, તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ સીટી સર્વે વોર્ડ નં.૧૫, સીટી સર્વે નં. ૨૫૩૫ પૈકીની જમીન ચો.વા.આ. ૫૧-૫-૦ (ચો.મી.આ. ૪૨-૯૨) ઉપર આવેલ મકાન અમારા માતુએ દસ્તાવેજ અનુ નં. ૫૭૦૪ તા. ૨૦-૦૯-૧૯૮૭ (નવો નં. ૩૪૬૮ તા. ૮-૪-૧૯૮૮)ના રોજ ખરીદ કરેલ.

ઉપરોકત દર્શાવેલ મિલ્કતનું હેરશીપ સર્ટી/ વારસા સર્ટી. મેળવવા અરજદારે તેમના **વકીલ શ્રી હેમાંશુ પી. શીશાંગીયા** મારફતે અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજી દાખલ કરેલ છે તે સબંધે જો કોઇ વ્યકિતને વાંધો કે તકરાર હોય તેમને મુદત તા. ૦૨/૧૧/૨૦૨૬ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા. ૨૯/૦૯/૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર
(બી.એ.દરેશ)
આસીસ્ટન્ટ

હુકમથી
(એન.આર.વ્યાસ)
રજીસ્ટ્રાર

સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૭ માં અધિક સિનિ. સિવિલ જજ શ્રી એસ. એ. શેખ સાહેબની કોર્ટમા **દિ. પ. અ.નં.૧૯૧૯/૨૦૨૬** ના અરજદાર શ્રી કિશોર કુમાર તેજાભાઇ પટેલએ દાખલ કરી ગુજ. તેજાભાઇ ભગવાનજીભાઇ પરસાણા(પટેલ)ની સ્થાવર મિલ્કત કે જે રાજકોટ જિલ્લા સબ ડિસ્ટ્રીક્ટ રાજકોટના શહેર રાજકોટમાં રેવન્યુ સર્વે નં.૪૩૧-૪૩૨ પૈકીની બિનખેડવાણ થયેલ જમીન પૈકીના પ્લોટ નં-૧૭૨ (સનંદ નં-૯, તા-૧૧.૦૬.૧૯૫૫)ની છુટપડતર જમીનમાંથી ઉત્તર તરફનો ભાગ પુર્વ તરફના એક રસ્તાવાળી જમીન ચો.વા.૫૬૦-૫-૬ (સીટી સર્વે રેકર્ડ મુજબ જમીન ચો.મી.૫૦૩.૫૭) (કે જે માપમાં ઉત્તર દક્ષિણ પૂર્વ તરફ ફુટ ૪૪-૩", પશ્ચિમ તરફ ફુટ ૪૨-૬", પૂર્વ પશ્ચિમ ઉત્તર તરફ ફુટ૧૧૭-૦" દક્ષિણ તરફ ફુટ૧૧૭-૧" નો ભાગ મનહર પ્લોટ શેરી નં-૬ તથા મનહર પ્લોટ શેરી નં-૧૧ માં તથા ભકિતનગર સ્ટેશન વિભાગ ટાઉનપ્લાનીંગ એરીયામાં લો કોલેજ પાસે આવેલ છે. સદરહું પ્લોટ ગુજ. તેજાભાઇ ભગવાનભાઇ પટેલ તથા અન્ય ૩ ભાઇઓ તથા તેમના પિતાશ્રી ભગવાન કાનાભાઇ પટેલ વચ્ચે થયેલ રજીસ્ટેડ વહેચણી દસ્તાવેજ કે જે ૧ નંબરની બુકના નં.૩૭૬, વો.૨૯૯, પાના – ૩૭૨ થી ૩૮૨ તા-૦૯.૦૩.૧૯૬૨ થી રજીસ્ટેંડ થયેલ છે. આમ, ઉપરોકત જમીન ગુજ. તેજાભાઇ ભગવાન ભાઇ પટેલના કબજા, ભોગવટા અને માલીકીની આવેલ છે.

ત્યારબાદ ગુજ. તેજાભાઇ ભગવાનભાઇ પટેલ એ સદરહું પ્લોટ માંથી જમીન ચો.મી. ૨૫૫.૭૫ ઉપર ફલેટનું બાંધકામ કરી તેનુ તેમની હયાતીમાં વેચાણ કરેલ છે. બાકી રહેતી જમીન ચો.મી. ૨૪૭.૮૨ (સીટી સર્વે વોર્ડ નં-૧૫/૧, સીટી સર્વે નં-૨૭૪૧) ઉપર મકાનનું બાંધકામ કરેલ છે. ઉપરોકત સ્થાવર મિલ્કતનું લેટર્સ ઓફ એડમિનિસ્ટ્રેશન વિધાઉટ કોપી ઓફ ધી વિલ મળવા અંગે તેમના **વકીલ શ્રી શૈલેષ સી. પંડયા** મારફતે ઉપરોકત અરજી દાખલ કરેલ છે તે સંબંધે જે કોઇને વાંધો-તકરાર હોય તેઓએ **તા.૧૯-૧૧-૨૦૨૬** ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે કોર્ટ સમક્ષ હાજર રહેવું. ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા.૨૯.૦૯.૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર
(શ્રીમતિ એન. વી.લાલ)
સુપ્રિ.

કોર્ટનો સિક્કો

હુકમથી
(એન. આર. વ્યાસ)
રજીસ્ટાર

પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટ, રાજકોટ.

સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૬ઠા અધિક સિનિ. સિવિલ જજ શ્રી કે.બી.વાઘેલા સાહેબની કોર્ટમા **દિ. પ. અ.નં.૧૯૧૧/૨૦૨૬** ના અરજદાર શ્રી રમેશ વશરામભાઇ સાપરીયા એ દાખલ કરી ગુજ. વશરામભાઇ તુલસીભાઇ ઉર્ફે તુલસીદાસભાઇ સાપરીયાની સ્થાવર-જંગમ મિલ્કત કે જેમાં **સ્થાવર મિલ્કત :–** રાજકોટમાં આવેલ સર્વે નં-૩૩૯ સનંદ નંબર ૭૦ ના બીન ખેડવાણ અને ઇમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં-૧૦૪ (સીટી સર્વે વોર્ડ નં-૮) પૈકીની દક્ષિણ પુર્વના કાટખુણાવાળી જમીન ચો.વા.૧૩૪-૪-૭૨ બરાબર ચો.મી.આ.૧૧૨-૫૬ વાળો પ્લોટ ગુજ. વશરામભાઇ તુલસીદાસ ભાઇ સાપરીયાએ તેમના સ્વતંત્ર નામ જોગના રજી. વેચાણ દસ્તાવેજ અનુ.નં.૨૯૪૨, તા.૧૫.૧૨. ૧૯૬૬ ના રોજથી શ્રી દિલીપભાઇ મોહનભાઇ સંચાણીયા વિગેરે પાસેથી ખરીદ કરેલ છે. ત્યારબાદ ગુજ.વશરામભાઇ તુલસીદાસભાઇ સાપરીયાએ સદરહું જમીન ઉપર મકાનનું બાંધકામ કરેલ છે.

જંગમ મિલ્કતો :– (૧) ગુજ. વશરામભાઇ તુલસીદાસભાઇ સાપરીયાના નામનો રાજકોટ નાગરિક સહકારી બેંક લી. ના શેર સર્ટીફિકેટ નં-૧૯૧૦૫, શેર સંખ્યા-પાંચ, તા.૨૦.૦૩.૧૯૯૫ થી આવેલ છે. (૨) ગુજ.વશરામભાઇ તુલસીદાસ ભાઇ સાપરીયાના નામનો સીટીઝન્સ કો-ઓપરેટીવ બેંક લી. ના શેર સર્ટીફિકેટ નં-૦૦૦૯૧૭, શેર સંખ્યા-આંઠ, તા- ૦૨.૦૧.૧૯૭૮ થી આવેલ છે. (૩) ગુજ.વશરામભાઇ તુલસીદાસભાઇ સાપરીયાના કબજા, ભોગવટા અને માલીકીનું સોનુ આશરે ૪૫૦ ગ્રામ, જેમા ૩-વીંટી, ૩-ચેઇન, ૧-લકકી, ૧-કડું વિગેરે આવેલ છે. (૪) ગુજ.વશરામભાઇ તુલસીદાસભાઇ સાપરીયાએ તેમના અવસાન સમયે રોકડા રૂા.૧૦,૬૦,૦૦૦-૦૦ અંકે રૂપિયા દસ લાખ સાંઇઠ હજાર પુરા મળી આવેલ છે.

ઉપરોકત સ્થાવર મિલ્કતનું હેરશીપ સર્ટીફિકેટ મળવા અંગે તેમના **વકીલ શ્રી શૈલેષ સી. પંડયા** મારફતે ઉપરોકત અરજી દાખલ કરેલ છે તે સંબંધે જે કોઇને વાંધો-તકરાર હોય તેઓએ **તા.૧૭-૧૧-૨૦૨૬** ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે કોર્ટ સમક્ષ હાજર રહેવું. ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા.૨૯.૦૯.૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર
(એ.બી.વનાળીયા)
આસી.

કોર્ટનો સિક્કો

હુકમથી
(એન. આર. વ્યાસ)
રજીસ્ટાર

પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટ, રાજકોટ.

હનપા/વાહન શાખા/ડ્રાઈવર/કર્મચારી/જાહેરાત/ફા-૨૬

નગરપાલિકા કચેરી,
હળવદ, તા.૩૦/૦૯/૨૦૨૬

//જાહેરાત//

આથી રસ ધરાવતા યોગ્ય લાઈસન્સ ધરાવતા ડ્રાઈવરોને જાણ કરવામાં આવે છે કે, હળવદ નગરપાલિકા હસ્તકના વાહનો જેમ કે ટ્રેકટર, છોટા હાથી ગાડી, લોડર, પાણીના ટેન્કર, જેવા વાહનો ચલાવતા કુલ-૫ ડ્રાઈવરની તદન હંગામી ધોરણે જરૂરિયાત હોય, જેથી આ કામગીરીમાં રસ ધરાવતા વ્યક્તિએ બંધ કવરમાં અરજી, આધારકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, ૧-ફોટો કોપી સાથે બંધ કવરમાં તા.૧૪/૧૦/૨૦૨૬ સુધીમાં ઓફીસ સમય દરમિયાન રજી.પો.એડી/સ્પીડ પોસ્ટ/રૂબરૂ હળવદ નગરપાલિકા કચેરીએ પહોંચતા કરવાના રહેશે. અરજી મંજુર કે નામંજુર કરવાનો અધિકાર નગરપાલિકાનો અબાધિત રહેશે.

(તુષારભાઈ આર.ઝાલરીયા)	(ફોરમબેન વિ.રાવલ)
ચીફ ઓફિસર	પ્રમુખ
હળવદ નગરપાલિકા	હળવદ નગરપાલિકા

જાહેર નોટીસ

આથી જણાવવામાં આવે છે કે, ગામ ભુપગઢ તા. જી. રાજકોટમાં આવેલ નીચે મુજબની મિલ્કતોનું ડીસમેન્ટલ કામ કરવાનું છે.

ક્રમ	મિલ્કતનું વર્ણન
૦૧	જુના બસ સ્ટેન્ડ મકાનને ડીસમેન્ટલ કરવાનું કામ.
૦૨	જનરલ સ્મશાનમાં ઓરડાને ડીસમેન્ટલ કરવાનું કામ.
૦૩	જુના જનરલ સ્મશાનમાં છાપરીને ડીસમેન્ટલ કરવાનું કામ.
૦૪	જુની આંગણવાડી મકાનને ડીસમેન્ટલ કરવાનું કામ.

ઉપરોક્ત મિલ્કતોની જાહેર હરરાજી તા. ૦૬/૧૦/૨૦૨૬ને મંગળવારના રોજ સમય ૧૫:૦૦ કલાકથી ૧૬:૩૦ કલાક દરમિયાન મિલ્કતોના સ્થળ ઉપર રાખવામાં આવેલ હોય આ હરરાજીમાં ભાગ લેવા ઇચ્છુક આસામીઓએ તા. ૦૬/૧૦/૨૦૨૬ને મંગળવારના રોજ સમય ૧૪:૩૦ કલાક સુધીમાં અપસેટ પ્રાઇઝના ૧૦% રકમ ભરી ગ્રામ પંચાયત કચેરી, ભુપગઢ ખાતે નામની નોંધણી કરાવવાની રહેશે.

ભાવિકભાઈ ગોમતીદાસ યોગાનંદી	લીલાબેન લખમણભાઈ રાઠોડ
તલાટી કમ મંત્રીશ્રી	સરપંચશ્રી
શ્રી ભુપગઢ ગ્રામ પંચાયત	શ્રી ભુપગઢ ગ્રામ પંચાયત
મો. ૯૭૨૭૭ ૮૪૬૮૪	મો. ૯૮૭૯૯ ૬૪૩૧૦

ધારી નગરપાલિકા – ધારી (જીલ્લો : અમરેલી)

ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ

આથી ધારી નગરપાલિકા, ધારી, જીલ્લોઃ અમરેલીને સ્વભંડોળ હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે. કામનું નામ:- ધારી વિસ્તારમાં ચતુવર્ષિય એરીયાબેઝ આકારણી કરી આપવાની કામગીરી. ઉપર મુજબની વિગતની કામગીરી કરાવવા માટે તા.૦૭/૧૦/૨૦૨૬ થી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ ભાવપત્રક, વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઈસ બીડ વગેરે વેબસાઈટ https://tender.nprocure.com ઉપર ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી, સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઇટ પર મુકવામાં આવશે. ધારી નગરપાલિકા કોઈપણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

ચીફ ઓફીસર	પ્રમુખ
ધારી નગરપાલિકા	ધારી નગરપાલિકા

જિમાક/અમર/૨૯૮/૨૦૨૬

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. એ.ડી. સીનીયર સીવીલ જજ શ્રી એલ.આઇ.ભાટી સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૧૨૪૪/૨૦૨૬ અરજદાર શ્રી કોમલબા અનિરૂધસિંહ ઝાલા રહે. પોપટપરા, રાજકોટવાળાએ ગુજ. પુજા વસંતભાઇ પરમારની નીચે મુજબની સ્થાવર મિલ્કત ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના શહેર રાજકોટના રાજકોટ મહાનગર પાલીકાની હદમાં આવેલ પોપટપરા વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નં.૫૭૯ની રહેણાંકના હેતુ માટે બીનખેડવાણ અને ઇમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નં.૨૨ પૈકીની ઉતર તરફના પશ્ચિમના એક રસ્તાવાળી જમીન ક્ષેત્રફળ ચો.વા.આ. ૧૮૬-૬-૦ બરાબર ચો.મી.આ. ૧૫૬-૦૧૬ સહિતના ઉભા ઇમલાવાળુ મકાન ગુજ. પુજા વસંતભાઇ પરમારની માલીકીનું આવેલ છે, તે મિલ્કતનું વારસાઇ સર્ટીફીકેટ મેળવવા તેમના **વકીલ શ્રી સંજય જે. જોષી તથા ત્રિશાલા એસ. જોષી, યશરાજ પાણ, રૂબી જોષી, ચિરાગ સોમૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી દાખલ કરેલ છે, તે સંબંધે જે કોઇ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને મુદત તારીખ ૧૭/-૧૧-૨૬ના પહેલા પોતાના વાંધા-જવાબ અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, તેમજ સદરહુ મિલ્કત સંબંધે જો કોઇના વાંધા તકરાર ન હોવાથી અથવા રજુઆત થયેલ ન હોવાના કારણે આગળની કાર્યવાહી માટે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજરોજ તા. ૨૯ માહે મે સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યું.

તૈયાર કરનાર
(સહી અવાચ્ય)
સીની. કલાર્ક

કોર્ટનો સીકકો

(એન.આર.વ્યાસ)
રજીસ્ટ્રાર

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ચીફ જયુડી. મેજી. શ્રી એમ.વી.પટેલ સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૧૯૦૯/ ૨૦૨૬ના કામમાં અરજદારો (૧) શ્રીમતી કિરણબેન કિરીટકુમાર પિત્રોડા તે શાંતિભાઇ કવૈયાના પુત્રી (૨) શ્રીમતી મનીષા રમેશભાઇ પિત્રોડા તે શાંતિભાઇ કવૈયાના પુત્રી એ ગુજરનાર શાંતિભાઇ ઉર્ફે શાંતીલાલ ધરમશીભાઇ કવૈયા અને ગુલાબબેન શાંતીભાઇ ઉર્ફે શાંતિલાલ કવૈયાની સ્થાવર મિલ્કત કે જે રાજકોટ શહેરના, રેવન્યુ સર્વે નં.૩૩૬ પૈકી ની સનદ નં.૬૨ના બિનખેડવાણ અને ઇમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૮૮ ની કુલ જમીન ચો.વા.આ. ૪૫૮-૬-૦ માંહેથી પશ્ચિમ તરફની ઉતરના એક રસ્તાવાળી જમીન ચો.વા.આ. ૧૩૩-૩-૦ જેના ચો.મી.આ. ૧૧૧-૪૯ માંહેથી પુર્વ તરફની જમીન ચો.મી.આ. ૫૫-૭૫ તથા તેના ઉપર બાંધવામાં આવેલ મકાન તથા દુકાનવાળી સમગ્ર મિલ્કત કે જેના સીટી સર્વે વોર્ડ નં.૮/૨, સીટી સર્વે નં.૧૮૧૧ અને ટી.પી. સ્કીમ નં. ૫ (રાજકોટ), એફ.પી.નં. ૧૬૩ પૈકી છે. તેનું 'લેટેસ ઓફ એડમીનીસ્ટ્રેશન વિથ કોપી ઓફ ધી વીલ' સર્ટીફીકેટ મેળવવા માટે અરજદારોએ નામ. કોર્ટમાં તેમના **વકીલ શ્રી એન.જે.પટેલ, જીજ્ઞેશભાઇ કે. માલકીયા, નીશાંત એમ. જોષી** મારફત અત્રેની કોર્ટમાં આ અરજી દાખલ કરેલ છે. જે સંબંધે કોઇ વ્યકિતને વાંધો તકરાર હોય તેમણે મુ. તા. ૦૩/૧૧/ ૨૦૨૬ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ વાંધા રજુ કરવા. ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટપણે નોંધ લેવી.

આજરોજ તા. ૨૯/૦૯/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર
(વાય.સી.બાદાણી)
આસીસ્ટન્ટ

કોર્ટનો સીકકો

હુકમથી
(એન.આર.વ્યાસ)
રજીસ્ટ્રાર

જાહેર સમન્સ

રાજકોટના મહે. એડી. સીનીયર સીવીલ જજ કે.બી.વાઘેલા સાહેબની કોર્ટમાં, રાજકોટ.

કોમર્શીયલ સીવીલ સ્યુટ નં. ૪૭/૨૦૨૬

Union Bank of India Through Branch Manager,
Mr. Yogesh Kumar Khyalia,
Add. Nakshtra-1, Ground Floor,
150 Feet Ring Road Branch, Rajkot ...Plaintiff

V/s.

M/s. Jay Balaji Automation
Proprietor
Paras Hareshbhai Pambhar
Adult, Occu. : Business,
Add : Flat No. F-1, Radhika Apartment, Radhika Park, Opp. Punam Dumper,
Mavdi By-Pass, Village : Mavdi, Rajkot-360006 Mo. No. 76987 67695
...Defendent

તમારા ઉપર Union Bank of India Through Branch Manager, Mr. Yogesh Kumar Khyalia એ Commercial Courts Act, 2015ના Section 2(c) હેઠળ રૂા. ૧૬,૧૫,૫૭૨/- તથા વ્યાજ માટે દાવો માંડયો છે. તમોને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, સદરહું જાહેર સમન્સની પ્રસિધ્ધિની તારીખ ૦૨/૧૧/૨૦૨૬ દિવસની મુદત વિત્યા બાદ કોઇ પણ સમયે વાદી રૂા.૧૬,૧૫,૫૭૨/- તથા વ્યાજથી વધુ નહીં તેવી રકમનું હુકમ તથા હુકમનામુ મેળવવા હકકદાર થશે.

તમારી તરફે હાજર થવા બદલની નોંધ કરાવી થયેથી વાદી ચુકાદા માટે તમારી ઉપર સમન્સ બજાવશે અને ચુકાદાની સુનવણી વખતે હોય તે બચાવ કરવાની પરવાનગી અદાલત પાસે માંગવાને તમો હકકદાર બનશો.

જો તમો અદાલતને સોગંદનામાથી અગર બીજી કોઇ રીતે એવી ખાતરી આપી શકો કે ગુણદોષ ઉપર દાવાનો બચાવ થઇ શકે તેમ છે અગર દાવાનો બચાવ કરવા દેવો વ્યાજબી છે તો બચાવ કરવાની પરવાનગી મેળવી શકાશે.

આજ તા. ૩૦/૦૯/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર
(એચ.જે.ગઢવી)
આસીસ્ટન્ટ

(એન.આર.વ્યાસ)
રજીસ્ટ્રાર

જાહેર સમન્સ

રાજકોટ મહે.૪થા એડી. ડીસ્ટ્રીકટ જજ શ્રી પ્રિયંકા અગ્રવાલ સાહેબની કોર્ટમાં,
રે.દિ.અપીલ નં.૭૯/૨૦૨૬

ગુજરનાર પરસોતમભાઈ પરબતભાઈ ત્રાપસીયાના વારસદારો
(૧) ગં.સ્વ.રંભાબેન પરસોતમભાઈ ત્રાપસીયા વિગેરે ....એપેલેન્ટ

વિરૂદ્ધ

(૧) ગુજરનાર કિરીટભાઈ નથુભાઈ પરસાણાના વારસદારો
(૧/૧) પ્રભાબેન કિરીટભાઈ પરસાણા
(૧/૨) મોનીલભાઈ કિરીટભાઈ પરસાણા
(૧/૩) દર્શીતાબેન વા/ઓ. કુંતેશકુમાર ગોંડલીયા
(૧/૪) પરિતાબેન વા/ઓ. શ્રેયસકુમાર પટેલ
(૧/૫) ક્રિષ્નાબેન વા/ઓ. રાજકુમાર પટેલ
(૧/૬) નિધીબેન કિરીટભાઈ પરસાણા
બધા ઉ.વ.આ. પુખ્ત, ધંધોઃ ખેતી,
બધા રહે.દિવાનપરા શેરી નં.૩, રાજકોટ. ....રીસ્પોન્ડન્ટસ

આથી અમો ઉપર દર્શાવેલ અપીલમાં રીસ્પોન્ડન્ટસને આ જાહેર સમન્સથી જાણ કરવામાં આવે છે કે એપેલેન્ટ દ્વારા સ્પે.દિવાની કેસ નં.૫૫/૨૦૧૮ના કામમાં થયેલ હુકમનામા સામે ઉપરોક્ત અપીલ દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત રીસ્પોન્ડન્ટને ફરમાવવામાં આવે છે કે તા.૨૯/૧૦/ ૨૦૨૬ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સદરહુ અપીલના કામે જાતે અગર ઉપરોક્ત મુદ્દાના સઘળા જવાબ દઈ શકે તેવા વકીલશ્રીની મારફતે હાજર થવુ અને તે અંગેના સઘળા લેખિત આધાર પુરાવા રજુ કરવા.

તેથી આ ઉપરથી રીસ્પોન્ડન્ટને નોટીસ આપવામાં આવે છે કે જો ઉપરોક્ત તારીખે રીસ્પોન્ડન્ટસ નામ. કોર્ટ સમક્ષ હાજર નહી રહે તો તમો રીસ્પોન્ડન્ટસની ગેરહાજરીમાં ઉપરોક્ત અપીલ સાંભળી તેનો નિકાલ કરવામાં આવશે.

આજરોજ તા.૩૦/૦૯/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર	હુકમથી
એમ.જે.જાની	સહી અવાચ્ય
(આસીસ્ટન્ટ)	રજીસ્ટ્રાર
ચોથા એડી.ડીસ્ટ્રીકટ જજ, રાજકોટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, રાજકોટ

કોર્ટનો સીકકો

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના જેતપુર તાલુકાના જેતપુર-નવાગઢ નગરપાલીકાની હદમાં આવેલ ખોડપરા, જીન પ્લોટ તરીકે ઓળખાતા વિસ્તારના જેતપુરના સીટી સર્વે શીટ નં. ૫૪, સીટી સર્વે નં.૬૨૩૮, ચો.મી. ૧૦૬.૩૭ વાળી જમીન ઉપર આવેલ રહેણાક મકાન સ્થાવર મિલ્કતને લગતા ઉતરોતર દસ્તાવેજી કાગળો તપાસણી કરતા અગાઉ અબ્દુલ અજીજ નુરમામદ તથા હાસમ નુરમામદ એ મેમણ ઉમર નુરમામદને આપેલ કુલમુખત્યારનામાની નકલ ગેરવલ્લે મુકાઇ જવાથી શોધવા છતાં મળેલ નથી તેવી હાલના માલીકોએ અમારી સમક્ષ રજુઆત કરેલ છે. તો સદરહું ગુમ થયેલ કુલમુખત્યારનામાની નકલ કોઇના કબજામાં હોય કે તેના પર કોઇનો કોઇ પણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો વારસાઇ હકક કે મુખત્યારનામુ આવેલ હોય કે કોઇ વ્યકિત, બેંક, સરકારી, અર્ધસરકારી સંસ્થા, મંડળી કે શરાફી પેઢી કે અન્ય કોઇનું કોઇ પણ પ્રકારનું લેણુ બોજો કે હકક, હિત, અધિકાર, લાગભાગ, હિસ્સો, દર, દાવો, અલાખો, ખોરાકી, પોષાકીના હકકો આવેલ હોય કે આ મિલ્કત વેચાણ બાબતે કોઇને કોઇ પણ પ્રકારના વાંધા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭માં વાંધા તકરાર લેખીતમાં આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુ કરશો. મુદત વિત્યા બાદ કોઇ પણ વાંધા તકરાર ચાલશે નહી અને વાંધા તકરાર જતા કરેલ છે (વેઇવ) તેમ માની મારા અસીલ આ મિલ્કત ખરીદનારને સબ રજી. કચેરીમાં પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરી આપશે અને ત્યારબાદ ઉઠાવવામાં આવેલ કોઇ પણ પ્રકારના વાંધા તકરાર મારા અસીલને કે આ મિલ્કત ખરીદનારને બંધનકર્તા રહેશે નહી કે માન્ય રાખવામાં આવશે નહી. જેની સર્વે જનતાએ નોંધ લેવી.

સ્થળ : જેતપુર તા. : ૩૦/૦૯/૨૦૨૬

અમારા મારફત અસીલની સુચનાથી

બાબુભાઈ એસ.રાદડીયા	ભાવેશ ડી. વેકરીયા
એડવોકેટ એન્ડ નોટરી	એડવોકેટ
Mo.99988 61336	Mo.99797 09974

સરનામું : બગીચા સામે, જય અંબે બિલ્ડીંગ, પહેલો માળ, જેતપુર, જી. રાજકોટ.

પ્રતિ,
શ્રી સાગરભાઈ મહેન્દ્રભાઈ કારાવડિયા
રહે.આરામ ગૃહ સામે, જામજોધપુર મીની બસ સ્ટેન્ડ પાસે, મીરા પાન, જામજોધપુર
મોબાઈલ નં.૯૧૬૯૧ ૩૩૭૩૩

....નોટીસ લેનાર

વિષય:- ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે ડિમાન્ડ નોટીસ.

અમો આર.કે.સાપરીયા એડવોકેટ, તે મારા અસીલ શ્રી સંદિપભાઈ કરણાભાઈ કરોતરા રહે.જામજોધપુર, જી.જામનગર વાળાની સૂચના અને ફરમાનથી તમોને આ ડિમાન્ડ નોટીસ આપી છેવટની તાકીદ કરી જણાવવાની રજા લઈશ કે,...

(૧) મારા અસીલ અને તમો નોટીસ લેનાર મિત્ર હોય જેથી તમો નોટીસ લેનાર સાથે અંગત સંબંધ હોય. મારા અસીલએ તેમનો સેમસંગ કંપનીનો S24-ULTRA-12/256 (GB) TITANIUM GRAY મોબાઈલ તમો નોટીસ લેનારને માર્ચ-૨૦૨૬માં રૂા.૧,૧૦,૦૦૦/-માં વેચાણ આપેલ. તમો નોટીસ લેનાર સામે અંગત મિત્ર સંબંધ હોવાથી આ રકમ છ માસમાં ચૂકવી આપીશ તેવી બાહેધરી આપેલ. તમો નોટીસ લેનારએ તમારા એકસીસ બેંક લી., જામજોધપુર શાખા ખાતાના ચેક જેના નંબર: ૧૬૫૨૩૪, રૂા.૧,૧૦,૦૦૦/- પુરાનો તા.૦૯/૦૯/૨૦૨૬ના રોજનો આપેલ. ચેક આપતી વખતે તમો નોટીસ લેનારએ મારા અસીલને તેવો વિશ્વાસ, ભરોસો અને ખાત્રી આપેલ કે નિયત સમયમર્યાદામાં આ ચેક બેંકમાં જમા કરાવશો તો તમોને ખાતામાંથી રકમ મળી જશે.

(૨) મારા અસીલએ તે ચેક જેના નંબર: ૧૬૫૨૩૪, રૂા.૧,૧૦,૦૦૦/- પુરાનો તા.૦૯/૦૯/૨૦૨૬ના રોજનો તેમના એકસીસ બેંક લી., જામજોધપુર શાખાના ખાતામાં તા.૦૯/૦૯/૨૦૨૬ના રોજ જમા કરાવતા તે ચેક Drawer's signature differs from the specimen on recordના શેરા વણચૂકવ્યે પરત ફરેલ છે જે અંગે બેંકએ તા.૦૯/૦૯/૨૦૨૬ના રોજ જાણ કરેલ છે. તમો નોટીસ લેનારએ તેમ કરી મારા અસીલ સાથે ગુનાહિત વિશ્વાસઘાત કરેલ છે.

(૩) તમો નોટીસ લેનારનો ઈરાદો પ્રથમથી જ મારા અસીલની રકમ ઓળવી જઈ, છેતરપીંડી અને વિશ્વાસઘાત કરવાનો હતો અને તેથી જ મારા અસીલને આપેલ ચેકમાં બેંકના રેકર્ડ મુજબની સહી કરેલ ન હોય.

(૪) ઉપરોક્ત વિગતે તમો નોટીસ લેનારએ મારા અસીલને આપેલ ચેકમાં બેંકના રેકર્ડ મુજબની સહી ન કરી તમો નોટીસ લેનારએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ મુજબ સજાને પાત્ર ગુનો કરેલ છે તેથી મારા અસીલને કાયદેસર ડિમાન્ડ નોટીસ આપવા નાછૂટકે ફરજ પડેલ છે.

(૫) વાસ્તે આ નોટીસ આપી તમો નોટીસ લેનારને છેવટની તાકીદ કરવાની કે, આ નોટીસ મળ્યે દિવસ-૧૫ માં તમો નોટીસ લેનારએ મારા અસીલને તમારા એકસીસ બેંક લી., જામજોધપુર શાખા ખાતાનો ચેક નંબર: ૧૬૫૨૩૪, રૂા.૧,૧૦,૦૦૦/- પુરાનો તા.૦૯/૦૯/૨૦૨૬ના રોજનો આપેલ છે તે ચેકની રકમ મારા અસીલને આપી પાકી પહોંચ મેળવી લેશો, જેમાં કસુર થયે મારા અસીલ તમો નોટીસ લેનાર સામે સંબંધીત કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ મુજબ ફોજદારી કાર્યવાહી કરશે, જેનાથી મારા અસીલને થનાર તમામ ખર્ચ અને આવનાર તમામ પરિણામની સંપૂર્ણ જવાબદારી તમો નોટીસ લેનારની રહેશે જેની નોંધ લેશો.

આ ડિમાન્ડ નોટીસ તમો નોટીસ લેનારની કસુરના કારણે મારા અસીલને મારા મારફત આપવી પડેલ છે જેની નોંધ લેશો.

મુ.જામજોધપુર તા.૨૪/૦૯/૨૦૨૬

સંદીપ કે.કરોતરા	આર.કે.સાપરીયા
મારી સૂચના અને ફરમાનથી	મારા અસીલની સૂચના અને ફરમાનથી

આર.કે.સાપરીયા એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ)
ન્યાય મંદિર સામે, ૨૦૧- આઈકોન પ્લાઝા, જામજોધપુર જિ.જામનગર

રાજકોટ સાયબર ક્રાઈમ ટીમને મળી મોટી સફળતા

'ડિજિટલ એરેસ્ટ' થયેલા વૃદ્ધ મહિલા તબીબને બચાવી વધુ ૨૧.૫૦ લાખ ગુમાવતા અટકાવ્યા

જાગનાથ પ્લોટમાં રાજ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા વૃદ્ધ છેલ્લા ચાર દિવસથી સાયબર માફિયાઓની ઝાળમાં ફસાયા 'તાં, રૂ.૫૮.૫૦ લાખ ટ્રાન્સફર પણ કરી દિધા

સાયબર ક્રાઈમના પોલીસમેન વિશાલ દેશાણીને મળેલ બાતમીના આધારે ટીમે ઘરે પહોંચતા મોબાઈલમાં સામે પોલીસ વૃધ્ધાને ડરાવી વધું લાખો રૂપીયા માંગતા હતાં, કાઉન્સેલિંગ કરી ભય મુક્ત કરાયા

રાજકોટ. તા.૦૧

રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસને સાયબત માફિયાઓ વિરુદ્ધ એક મોટી સફળતા મળી છે. ડિજિટલ અરેસ્ટનો ભોગ બનેલા શહેરના એક વૃદ્ધ મહિલા ડોક્ટરને પોલીસે સમય સૂચકતા વાપરીને વધુ મોટી રકમ ગુમાવતા બચાવી લીધા છે. છેતરપિંડી કરનારાઓએ આ મહિલા ડોક્ટરને ડરાવી-ધમકાવીને છેલ્લા ચાર દિવસથી ડિજિટલ એરેસ્ટ રાખ્યા હતા અને તેમની પાસેથી લાખો રૂપિયા પડાવી લીધા હતા, પરંતુ સાયબર ક્રાઇમની ટીમની સમય સુચકતાથી વધું લાખો રૂપિયા ગુમાવતા વૃધ્ધાને બચાવી કાઉન્સેલિંગ કરી ભય મુક્ત કર્યા હતાં.

રાજકોટ શહેરના જાગનાથ પ્લોટ વિસ્તારમાં આવેલ રાજ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા એક વૃદ્ધ મહિલા ડોક્ટર સાયબર ઠગોની જાળમાં ફસાયા હતા. બહારના રાજ્યની પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ઓળખ આપી સાયબર માફિયાઓએ તેમને ડરાવીને છેલ્લા ચાર દિવસથી 'ડિજિટલ એરેસ્ટ' કરી રાખ્યા હતા. આ સમય દરમિયાન ઠગોએ મહિલા ડોક્ટર પાસેથી અલગ-અલગ બહાને કુલ ૫૮.૫૦ લાખ જેટલી માતબર રકમ પડાવી લીધી હતી. આ ભયાનક પરિસ્થિતિના કારણે ભોગ બનનાર મહિલા ડોક્ટર અત્યંત ડરી ગયા હતા.

આ સમગ્ર મામલે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ વિશાલભાઈ એ. દેશાણીને એક ખાનગી રાહે ચોક્કસ માહિતી મળી હતી કે જાગનાથ પ્લોટ વિસ્તારમાં આવેલ રાજ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા એક વૃદ્ધ ડીજીટલ એરેસ્ટ થયાં છે માહિતી મળતા જ ઉચ્ચ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ પોલીસની એક ટીમ તાત્કાલિક એકશનમાં આવી હતી. સાયબર ક્રાઈમની ટીમ કોઈપણ પ્રકારનો સમય બગાડ્યા વિના તાત્કાલિક ધોરણે ભોગ બનનાર મહિલા ડોક્ટરના ઘરે પહોંચી ગઈ હતી.

જ્યારે પોલીસ ટીમ મહિલા ડોક્ટરના ઘરે પહોંચી ત્યારે તેઓ ભારે ડર અને માનસિક તણાવમાં હતા અને પોતે મોબાઈલમાં સાયબર માફિયા સાથે વાત કરતાં હતા અને પોતે એરેસ્ટ હોવાનું જણાવ્યું હતું. પોલીસે સૌપ્રથમ તેમને હિંમત આપી અને તેમનું યોગ્ય કાઉન્સિલિંગ કર્યું હતું. પોલીસની સમજાવટ બાદ મહિલા ડોક્ટર ડિજિટલ એરેસ્ટના ખોટા ભયમાંથી બહાર આવ્યા હતા. પોલીસ સમયસર પહોંચી જવાને કારણે મહિલા ડોક્ટર દ્વારા સાયબર ઠગોને ટ્રાન્સફર કરવામાં આવી રહેલા વધુ ૨૧.૫૦ લાખ અટકી ગયા હતા. આમ, પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને વધુ મોટી નાણાકીય નુકસાની થતી અટકાવી હતી.

અજાણ્યો કે ધમકીભર્યો વીડિયો કોલ આવે તો જવાબ ન આપોઃ તુરંત ૧૯૩૦ પર કોલ કરો

જો તમને પણ આવો કોઈ અજાણ્યો કે ધમકીભર્યો વીડિયો કોલ આવે, તો ગભરાવાને બદલે સાવચેતી રાખો. અજાણ્યા નંબર પરથી આવતા આવા ડરામણા કોલનો જવાબ ન આપો અને વાતચીત બંધ કરો. કોઈ પણ સરકારી અધિકારી ક્યારેય ફોન પર નાણાંની માંગણી કે બેંક ખાતાની વિગતો માંગતા નથી. જો કોઈ એજન્સીનું નામ લેવામાં આવે, તો સત્તાવાર વેબસાઈટ પર જઈને તેમના હેલ્પલાઈન નંબર પર વેરિફિકેશન કરો. જો તમે આવી કોઈ જાળમાં ફસાઈ જાઓ, તો સમય બગાડ્યા વિના સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કોલ કરો.

સાયબર એલર્ટઃ 'ડિજિટલ એરેસ્ટ' જેવું કાયદામાં કંઈ છે જ નહીં, રૂપિયા પડાવવાનું મોટું ષડયંત્ર છે

આજના ડિજિટલ યુગમાં સાયબર ગુનેગારો લોકોને છેતરવા માટે અવનવા કીમિયા અપનાવી રહ્યા છે, જેમાં હાલમાં 'ડિજિટલ એરેસ્ટ' નો ગ્રાફ ખૂબ જ વધી રહ્યો છે. પરંતુ સૌથી મહત્વની વાત એ છે કે, ભારતીય કાયદા કે કોઈ પણ સરકારી એજન્સીના નિયમોમાં 'ડિજિટલ એરેસ્ટ' જેવો કોઈ શબ્દ કે જોગવાઈ અસ્તિત્વ ધરાવતી જ નથી. આ માત્ર સાયબર ઠગો દ્વારા સામાન્ય નાગરિકોને ડરાવીને લાખો રૂપિયા પડાવવાનું એક મોટું ષડયંત્ર છે.

સાયબર ગુનેગારો સામાન્ય રીતે પોલીસ, સીબીઆઈ, ઈડી, કસ્ટમ્સ અથવા ટ્રાઈના નકલી અધિકારીઓ બનીને લોકોને ફોન અથવા વીડિયો કોલ કરે છે. તેઓ ભોગ બનનારને ડરાવે છે કે તેમના આધાર કાર્ડ અથવા સિમ કાર્ડનો ઉપયોગ કરીને કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કે મની લોન્ડરિંગ થયું છે. ત્યારબાદ, ધરપકડની ધમકી આપીને સ્કાઈપ કે અન્ય વીડિયો કોલિંગ એપ પર કલાકો કે દિવસો સુધી નજર કેદ (ડિજિટલ એરેસ્ટ) રાખે છે અને કેસ રફા-દફા કરવાના બહાને લાખો રૂપિયા બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લે છે.

આ સફળ કામગીરીમાં ડીસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાના સીધા માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પીઆઈ એસ.ડી. ફુલતરીયા, પી.આર.ડોબરીયા, એમ.ડી. ગઢવી, પીએસઆઇ એસ.વી. ભાયાણી સહિતની ટીમ સાથે જોડાઈ હતી.

રૈયા ગામમાંથી ૧૦ અને ૮ વર્ષના બે સગા ભાઈઓ ભેદી રીતે લાપતાઃ પોલીસ દોડી

માતાજીના પાઠમાંથી અઢીસો રૂપિયા લીધાં બાદ બકરીના બચ્ચા સાથે ઘરેથી નીકળી ગયાં, યુની. પોલીસે શોધખોળ આદરી

રાજકોટ. તા.૦૧

રાજકોટના રૈયા ગામમાંથી ૧૦ અને ૮ વર્ષના બે સગા ભાઈઓ બકરીના બચ્ચા સાથે ભેદી રીતે લાપતા બનતાં પોલીસ દોડતી થઈ હતી. જે અંગે બાળકોના પિતાની ફરિયાદ પરથી યુની. પોલીસે અપહરણનો ગુનો નોંધી બંન્નેની શોધખોળ શરૂ કરી છે.

બનાવ અંગે રૈયા ગામમાં શંકર ભગવાનના મંદિરની પાસે સ્મશાન સામે રહેતા રવિભાઈ પરસોત્તમભાઈ વીકાણી (ઉ.વ.૪૦) દ્વારા આ અંગે યુની. પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં ત્રણ પુત્રી અને બે પુત્ર છે. જેમાં સુરેશ(ઉ.વ.૧૦) અને નાનો દેવરાજ(ઉ.વ.૮) છે. યુવાનના પત્ની મનિષાબેનનું બીમારી સબબ ચાર વર્ષ પૂર્વે અવસાન થયું છે. યુવાન શાકભાજી વેચી પરિવારનું ગુજરાન ચલાવે છે. રૈયા ગામમાં રહેતા લાભુબેનના ઘરે યુવાનના બાળકો અવારનવાર રમવા જાય છે અને એક બકરીનું બચ્ચું તેમણે પાળ્યુ છે.

ગઇ તા. ૨૮ ના રાત્રિના બારેક વાગ્યે યુવાન ઘરે આવ્યો ત્યારે તેના બંને પુત્ર સુરેશ અને દેવરાજ ઘરે હતા નહીં. ઘરમાં જોતા માતાજીનો પાઠ એક થેલીમાં ભરીને દિવાલે રાખ્યો હતો તે નીચે પડી હતી અને સામાન વેરવિખેર પડ્યો હતો તેમાં રાખેલા અઢીસો રૂપિયા જોવા મળ્યા ન હતા. જેથી યુવાને યુવાને એવું માની લીધું હતું કે તેના બંને બાળકો કોઈકના ઘરે રમતા રમતા સુઈ ગયા હશે બાદમા યુવાન પણ ઊંઘી ગયો હતો.

બીજા દિવસે સવારના સાતેક વાગ્યે ઊંઘ ઉડતા અડધો કલાક બાદ દેવરાજ ઘરે આવ્યો હતો તેને પૂછ્યું હતું કે, મોટો ભાઈ સુરેશ ક્યાં છે તે બાબતે પૂછતા તેણે કહ્યું હતું કે, અમે લાભુ માસીના ઘરે સુતા હતા અને સૂરેશ ત્યાં સૂતો છે યુવાને નાના પુત્રને કહ્યું હતું કે, સુરેશને ઉઠાડીને પાણી ભરી ઘરે આવો બે કલાક સુધી બંને આવ્યા ન હતાં. બાદમાં યુવાન લાભુમાસીના ઘરે ગયો હતો. ત્યાં તેની પુત્રવધુ લક્ષ્મી ઘરે હતી અને તેણે કહ્યું હતું કે, દેવરાજ તથા સુરેશ બન્ને એકાદ કલાક પહેલા અહીંથી જતા રહ્યા છે. પાણી ભરવા માટે આપેલો હાંડો અહીં એક રીક્ષામાં પડ્યો હતો. બાદમાં યુવાને બંને પુત્રની શોધખોળ કરી હતી. પરંતુ સાંજે પાંચેક વાગ્યા સુધી બંનેની ભાળ મળી ન હતી.

યુવાને ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, માતાજીના પાઠમાંથી પૈસા બંને પુત્ર જ લીધા હશે અને તે બંને પુત્રોને શાળાએ જવા બાબતે ઠપકો આપતો હોય જેથી તેના ડરના લીધે બંને ક્યાં જતા રહ્યા હશે જેથી યુવાને પ્રથમ પોતાની રીતે સગા સંબંધીઓમાં બંને પુત્રોની શોધખોળ કરી હતી. પરંતુ કોઈ ભાળ ન મળતા અંતે પોલીસને જાણ કરી હતી. બનાવને લઇ પોલીસે અપહરણનો ગુનો નોંધી સુરેશ અને દેવરાજ નામના બંને બાળકો જે પાલતુ બકરીને સાથે લઈ ક્યાંક લાપતા થઈ ગયા હોય તેમને શોધી કાઢવા પીઆઇ કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ આઇ.એ. બેલીમ તથા ટીમે શોધખોળ શરૂ કરી છે.

પોલીસે અપીલ પણ કરી છે કે, આ બંને બાળકો ક્યાંય નજરે પડે તો તુરંત યુની. પોલીસના નંબર ૬૩૫૯૬ ૬૨૭૩૩૫ ઉપર સંપર્ક કરવો.

પગના ઓપરેશન માટે દાખલ થયેલ ૩૯ વર્ષીય ઈલાબેન નેનાનું મોત : તબીબી બેદરકારીનો આક્ષેપ

અગાઉ બાઈક પરથી પડી ગયા હોય અને પગે ઇજા થઈ હોવાથી દાખલ થયા હતા, અન્ય કોઈ બીમારી ન હોય છતાં મોત નીપજતા પરિવારમાં ભારે કલ્પાંત

રાજકોટ, તા.૧

રાજકોટની ખાનગી હોસ્પિટલમાં પગના ઓપરેશન માટે દાખલ થયેલ ૩૯ વર્ષીય ઈલાબેન નેનાનું એકાએક મોત નીપજતા તબીબી બેદરકારીનો આક્ષેપ કરાયો છે. અગાઉ બાઈક પરથી પડી ગયા હોય અને પગે ઇજા થઈ હોવાથી દાખલ થયા હતા, અન્ય કોઈ બીમારી ન હોય છતાં મોત નીપજતા પરિવારમાં ભારે શોક છવાયો હતો.

મળતી માહિતી અનુસાર, ઈલાબેન શૈલેષભાઈ નેના (ઉંમર વર્ષ ૩૯, રહે.શાંતિધામ ૨, શાપર વેરાવળ)ને અગાઉ અકસ્માતમાં પગમાં ઇજા થઈ હોય, ગોઠણનું ઓપરેશન કરવું પડે એમ હોવાથી રાજકોટની ખાનગી હોસ્પિટલમાં તા. ૨૪ના રોજ દાખલ થયા હતા. અહીં ગત સોમવારે ઓપરેશન કરવાનું હોય, પ્રથમ ૨ ઈન્જેક્શન અપાયા હતા. પછી અચાનક તેમની તબિયત બગડી હતી. વેન્ટિલેટર ઉપર સીફ્ટ કરાયા હતા. છતાં સુધારો ન થતા અન્ય ખાનગી હોસ્પિટલમાં રીફર કરાયા હતા. જોકે કોઈ સારવાર કારગત ન નીવડતા

ઈલાબેને દમ તોડી દીધો હતો. પરિવારે હોસ્પિટલ અને ડોક્ટરની બેદરકારી હોવાની શંકા વ્યક્ત કરી હતી. રાજકોટ તાલુકા પોલીસે નિવેદન લઈ મૃતદેહ ફોરેન્સિક પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ ખાતે ખસેડાયો હતો. મૃતકના પતિ પ્રાઈવેટ નોકરી કરે છે. તેમને સંતાનમાં એક પુત્ર, અને એક પુત્રી છે. સંતાનો મા વિહોણા થતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

ચાલુ ટ્રેને જામનગરના યુવક પર એસિડ એટેક, અજાણી મહિલાએ બે કલાક ટોયલેટમાં પૂરી રાખ્યાનો આક્ષેપ

વિરમગામ પાસે વડોદરા - જામનગર ઇન્ટરસિટી ટ્રેનમાં બનેલી ઘટના, યુવક સારવાર હેઠળ : પોલીસે તપાસ હાથ ધરી

રાજકોટ, તા.૧

વિરમગામ પાસે વડોદરા - જામનગર ઈન્ટરસિટી ટ્રેનમાં ચાલુ ટ્રેને જામનગરના યુવક પર એસિડ એટેક થયાનો ગંભીર આક્ષેપ કરાયો છે. આરોપ છે કે, અજાણી મહિલાએ બે કલાક ટોયલેટમાં પૂરી રાખ્યા બાદ આ બનાવ બન્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, ધર્મેશભાઈ અરૂણભાઇ રાવલ ઉંમર વર્ષ ૩૭, રહે.પંચેશ્વર ટાવર, જામનગર) ગઈકાલે મિત્રને મળવા અમદાવાદ ગયા હતા. પરત ટ્રેનમાં આવતા હતા. સાંજે છ વાગ્યે આસપાસ ટ્રેન વિરમગામ પાસે પહોંચી હતી. ત્યારે પોતે મોબાઇલમાં જોઈ માથું ઓળવતા હતા. જેથી સામે બેઠેલ મહિલાને એવી શંકા ગઈ કે યુવક તેનો ફોટો પાડે છે. જેથી તે મહિલાએ યુવક સાથે બોલાચાલી કરી. યુવકે ફોટો નથી પાડ્યા તે પુરવાર કરવા મહિલાને પોતાનો મોબાઈલ પણ બતાવ્યો. જોકે મહિલા સમજી નહોતી. બીજા શખ્સની મદદથી વિરમગામથી એક કિલોમીટર આગળ જામનગર તરફ હતા ત્યારે ચાલુ ટ્રેનમાં યુવકને બે કલાક સુધી ટોયલેટમાં પૂરી રાખ્યો હતો. યુવકના મોઢા ઉપર એસિડ છાંટ્યું હતું પછી અજાણ્યો શખ્સ ફરાર થઈ ગયો હતો. ધર્મેશભાઈને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આક્ષેપોની ખરાઈ કરવા હાલ રેલવે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

અવસાન નોંધ

રાજકોટ: નીલાબેન પ્રફુલચંદ્ર કોઠારી (ઉ.૭૯) તે નિપુલભાઈ, સમીલભાઈ, સીમાબેન કલ્પેશભાઈ શાહ, પારૂલબેન મોનીશભાઈ મહેતા, બિંદુબેન દિવ્યેશભાઈ જાટકીયાના માતુશ્રી, સ્વ. જેન્તીલાલ કલ્યાણજીભાઈ શાહના દીકરી, સ્વ. અનીલભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈના બહેન તા.૩૦ને બુધવારના રોજ અરીહંત શરણ પામેલ છે. તેમનું ઉઠમણું તા.૨ને શુક્રવાર સવારે ૧૦ વાગ્યા તથા પ્રાર્થનાસભા ૧૦-૩૦થી ૧૨, રોયલ પાર્ક ઉપાશ્રય, કાલાવડ રોડ, રાજકોટ રાખેલ છે.

રાજકોટ: સ્વ. બાબુભાઈ કડવાભાઈ રાઠોડ (ઉ.૭૬) તે શાંતાબેનના પતિ, બીના, હેતલ અને આરતીના પિતાશ્રી, સ્વ. ભૂપેન્દ્રભાઈ, વિજયાબેન કાળુભાઈ મોરબીયાના ભાઈ, પ્રકાશભાઈ, બકુલભાઈ, મયુરભાઈના કાકા, મહેશભાઈ ઝાલા, હિરેનભાઈ મોરબીયા, જગદીશભાઈ કંડોલીયાના સસરાનું તા.૩૦ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨ શુક્રવાર સાંજે ૪થી ૬ ધી કોર્ટયાર્ડ એપાર્ટમેન્ટ કોમ્યુનીટી હોલ, અંબીકા ટાઉનશીપ, જીવરાજ પાર્ક, ૐ રેસ્ટોરન્ટની સામે રાજકોટ ખાતે રાખેલ છે.

મોરબી: મોરબી નિવાસી વિમલભાઈ સુરેશભાઈ જોશી તે સ્વ. સુરેશભાઈ ધીરજલાલ જોશી (લોખંડવાળા)ના પુત્ર દિપકભાઈ ધીરજભાઈ જોશીના ભત્રીજા, હિરેનભાઈ સુરેશભાઈ જોશીના મોટાભાઈ, હરનિશભાઈ જોશી (પત્રકાર)ના સાળાનું તા.૩૦ના રોજ અવસાન થયેલ છે.

સાવરકુંડલા: નરેન્દ્રભાઈ ભાનુશંકર જોષી (ઉ.૭૦) તે ચીમનભાઈ ભાનુશંકર જોષીના ભાઈ, ચેતનભાઈ નરેન્દ્રભાઈ જોષી, મુકેશભાઈ નરેન્દ્રભાઈ જોષીના પિતાશ્રીનું તા.૨૮ને સોમવારે અવસાન થયેલ છે. બેસણું તા.૧ના સાંજે ૪થી ૬ પરશુરામ ઉપવન, ગર્લ્સ હાઈસ્કુલની બાજુમાં સાવરકુંડલા ખાતે તા.૨ શુક્રવારે સાંજે ૪થી ૬ બકુલભાઈના ઘરે બાઢડા ખાતે રાખેલ છે.

સાવરકુંડલા: પ્રમોદભાઈ ચંપકલાલ પંડ્યા (ઉ.૭૩) તે ચંપકભાઈ પોપટલાલ પંડ્યાના પુત્ર કૈલાસવાસ થયેલ છે. તથા હિમાંશુ જીતેન્દ્રભાઈ ભટ્ટ (ઉ.૪૭) કૈલાસવાસ થયેલ છે. તેમની સંયુક્ત સાદડી ચંપકલાલ પોપટલાલ પંડયાના ઘરે તા.૧ને ગુરૂવારે સાંજે ૪થી ૬ વિદ્યુતનગર બાપા સીતારામની મઢુલી વાળી શેરી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

રૂડાનગરમાંથી લાખોની મતા ચોરી જનાર આંતરરાજ્ય ગેંગની બેલડી ઝડપાઈ

ચોરીના ઈરાદે આવેલા ઉત્તરપ્રદેશના તસ્કરોએ દિવસ દરમિયાન રેકી કરી, રાત્રીના સમયે બંધ મકાનમાં ત્રાટક્યા : હાથફેરો કરી દિલ્હીથી વતન નાસી ગયા

રાજકોટ. તા.૦૧

રૂડાનગરમાં આવેલ બંધ મકાનમાંથી રૂ. ૨.૮૨ લાખની ચોરીને અંજામ આપી નાસી છુટેલ આંતરરાજ્ય ગેંગના બે શખ્સોને દેહરાદૂનથી ઝડપી લેવાયા છે. ઉત્તરપ્રદેશના શખ્સો રાજકોટ આવી દિવસ દરમિયાન રૂડાનગરના મકાનની રેકી કરી હતી અને રાત્રિના સમયે મકાનમાંથી સોના-ચાંદીના ઘરેણાં, રોકડ સહીતની મતા ઉઠાવી દિલ્હીથી યુપી ફરાર થઇ હતી. બાદ ફરીવાર તસ્કર ગેંગ દેહરાદૂનમાં ચોરી કરે તે પૂર્વે જ રાજકોટ પોલીસે ત્રાટકી દેહરાદૂનથી બંને શખ્સોને પકડી રૂ. ૯૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બનાવ અંગે કાલાવડ રોડ પર ઇસ્કોન મંદિર પાછળ રૂડાનગર ત્રણમાં રહેતા રાજેશભાઈ જયંતીભાઈ સંચાણિયા (ઉ.વ.૪૧) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના માતા-પિતા વતન હરીપર પાળ ગામે રહે છે.ગઈ તા.૦૫ ના યુવાનના માતા-પિતા જાત્રાએ ગયા હોય જેથી તે તથા તેનો પરિવાર માતા-પિતાના ઘરે રહેવા જતો રહ્યો હતો. રોજ રાત્રિના તેમનો પુત્ર નિશાંત રૂડાનગરના મકાને સુવા માટે જતો પરંતુ પુત્રને રાજસ્થાન જવાનું હોવાથી બે દિવસ આ ઘરે કોઈ આંટો મારવા ગયું ન હતું. દરમિયાન બે દિવસ સુધી બંધ રહેલા મકાનમાંથી રૂ. ૮૦ હજારની રોકડ, રૂ. ૧.૬૨ લાખના સોનાના ઘરેણાં અને રૂ. ૪૦,૫૦૦ ના ચાંદીના આભૂષણ મળી કુલ રૂ. ૨,૮૨,૫૦૦ ની ચોરી કરી તસ્કરો ફરાર થઇ ગયા હતા. જે મામલે યુની. પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

જે બનાવને ધ્યાને રાખી ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા મિલકત સંબંધિત ગુનાઓનો ભેદ ઉકેલી આરોપીઓને પકડી પાડવાની આપેલ સુચનાથી એલસીબી ઝોન-૨ ના પીએસઆઇ એસ.વી.ચુડાસમા તેમજ યુની. પોલીસ મથકના પીઆઇ કે કે ગોહિલના માર્ગદર્શન હેઠળની ટીમના પીએસઆઇ એસ એન શ્યોરા, આર.એમ.સાખરાની ટીમો રૂડાનગરમાં થયેલી ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા ટેકનિકલ સોર્સ તેમજ હ્યુમન રિસોર્સથી તસ્કરોની તપાસ હાથ ધરી હતી.

દરમિયાન પોલીસ ટીમને ટેકનિકલ સોર્સ તથા ખાનગી રાહે હકીકત મળી હતી કે, રૂડા નગરના મકાનમાં ચોરીને અંજામ આપનાર તસ્કરો હાલ ઉત્તરાખંડના દેહરાદૂનમાં હાજર છે. જેથી તાત્કાલિક પોલીસની ટીમ દેહરાદુન ખાતે દોડી ગઈ હતી અને ત્યાંથી બે શંકાસ્પદ શખ્સોને ઉઠાવી યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ હાથ ધરતા તેમણે રાજકોટના રૂડાનગરમાં આવેલ મકાનમાં ચોરી કર્યાની કબુલાત આપતા પોલીસની ટીમે નસીમ કયુમ સૈફી (ઉવ ૩૦) અને દીપકકુમાર ઝંડુ જાટવ (ઉવ ૨૨ બંને રહે. સંભલ, ઉત્તર પ્રદેશ)ની ધરપકડ કરી તેમની પાસેથી ચાંદીના ચાર રાણી સિક્કા, રૂ. ૭૭,૩૦૦ ની રોકડ અને બે મોબાઈલ મળી કુલ રૂ. ૯૦,૩૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર ઝડપાયેલ બંને શખ્સો ફક્ત ચોરી કરવા માટે યુપીથી અહીં રાજકોટ આવ્યા હતા. તેમણે દિવસ દરમિયાન કાલાવડ રોડ સહિતના વિસ્તારોની રેકી કરી હતી. દરમિયાન રૂડાનગરમાં આવેલ મકાન બંધ હાલતમાં હોય તસ્કરોની દાઢ ડળકી હતી. મકાનની દિવસ દરમિયાન રેકી કર્યા બાદ રાત્રીના સમયે ત્રાટકી રોકડ અને દાગીના મળી કુલ રૂ.૨.૮૨ લાખની માતાની ચોરી કરી બંને શખ્સો ટ્રેન મારફત દિલ્હીથી પોતાના વતન યુપી ખાતે નાસી ગયા હતા. બાદમાં યુપીથી તેઓ ફરીવાર ચોરી કરવાના ઇરાદે દેહરાદુન પહોંચ્યા હતા પરંતુ દેહરાદૂનમાં તેઓ કળા કરે તે પૂર્વે જ રાજકોટ પોલીસ ત્રાટકી હતી અને બંનેની ધરપકડ કરી લીધી હતી. ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલ શખ્સ નસીમ સામે યુપીમાં ચોરી સહિતના આઠ ગુના નોંધાઈ ચુક્યા છે.

એસટી બસ સ્ટેન્ડ પાસે હોટલ બુક કરી, ત્રણ દિવસ શહેરની ભાગોળે આંટા મારી ગુનાને અંજામ આપ્યો

આંતરરાજ્ય તસ્કરીને અંજામ આપતાં શખ્સો પોતાની મોડ્સ ઓપરેન્ડીથી ગુનાને અંજામ આપતાં હતાં. જેમાં બંને તસ્કરો રેલ્વે મારફત રાજકોટ પહોંચ્યા હતા અને તેઓએ એસટી બસ નજીકની એક હોટલ બુક કરી હતી. ત્યાંથી તેઓ અલગ અલગ રીક્ષા મારફતે શહેરની ભાગોળે આવેલ વિસ્તારમાં રેકી કરતા હતા. ત્યારે છેલ્લે રૂડાનગરમાં બંધ મકાન તેમના નજરે ચડતા તે જ રાતે ગુનાને અંજામ આપી રેલવે મારફત ફરી પોતાના વતન નાસી છૂટ્યા હતા.

દેહરાદુનમાં ચોરીને અંજામ આપે તે પૂર્વે રાજકોટ પોલીસે દબોચ્યા, રૂ.૯૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો, એલસીબી ઝોન-૨ અને યુની. પોલીસની સંયુક્ત કામગીરી

કાયદો વ્યવસ્થાના લિરે લિરા ઉડ્યાઃ જાહેરમાં મારામારી, જીવલેણ બનાવ સહેજમાં અટક્યો

ફૂલછાબ ચોક નજીકની ઘટનાઃ બહેનને હેરાન કરતાં બનેવીને સાળાએ જાહેરમાં માર માર્યો, છરી ઝીંકે તે પૂર્વે રાહદારી દોડી આવ્યાંઃ વિડીયો વાયરલ થતાં પ્ર. નગર પોલીસ દોડી, બંને શખ્સો સામે ગુનો નોંધી ઘાતક છરી પણ કબ્જે કરી

(તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ. તા.૦૧

શહેરમાં જાહેરમાં કાયદો વ્યવસ્થાના લિરે લિરા ઉડ્યા હોય તેવી ઘટના સામે આવી છે. જેમાં ફૂલછાબ ચોક નજીક જાહેરમાં સાળા અને બનેવી વચ્ચે મારામારી થઈ હતી, જ્યારે જીવલેણ મારામારી થતાં પૂર્વે રાહદારી દોડી આવતાં લોહિયાળ ઘટના અટકી હતી. જે બનાવનો વિડીયો વાયરલ થતાં પ્ર. નગર પોલીસ દોડી ગઈ હતી અને બંને શખ્સો સામે ગુનો નોંધી ઘાતક છરી પણ કબ્જે કરી હતી.

બનાવ અંગે પ્ર. નગર પોલીસ મથકમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલ તોફીકભાઇ મંધરાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રોહિત મનસુખ સોલંકી (રહે. લીમડા ચોક) અને સંજય ગોવિંદ વાજેલીયા (રહે. ફૂલછાબ ચોક) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ પ્ર.નગર પોલીસ મથકમાં ડી-સ્ટાફમાં ફરજ બજાવે છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરાવવી નૈતીક ફરજ છે

ગઇ કાલ આશરે સાંજના છ વાગ્યાના અરસામા ફુલછાબ ચોક ખાતે બે શખ્સો જાહેરમા સુલેહ શાંતીનો ભંગ કરતા હોવાનો ઇન્સ્ટાગ્રામ ઉપર વીડીયો વાયરલ થયેલ હોઇ જે શખ્સોની તપાસ કરતા વીડીયોમા દેખાતા બન્ને શખ્સો તપાસ દરમીયાન મળી આવેલ આવતાં જાહેરમા સુલેહ શાંતીનો ભંગ કરેલ હોવાનું સામે આવતાં બંને શખ્સોની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી ગુનો નોંધી વધું તપાસ હાથ ધરી હતી.

જ્યારે પ્ર. નગર પોલીસે સંજય વાઘેલા નામના શખ્સ પાસેથી ઘાતક છરી પણ કબ્જે કરી તેના વિરુદ્ધ અલગથી ગુનો દાખલ કર્યો હતો.

જે બનાવ અંગે વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બંને આરોપી સંજય અને રોહિત બંને સાળો બનેવી થાય છે. બનેવી બહેનને હેરાન કરતો હોય જેથી સાળો ઉશ્કેરાયો હતો અને છરી સાથે ઘસી જઈ હુમલો કર્યો હતો.

થૌદમી વાર્ષિક પુણ્યતિથીએ

શ્રદ્ધાંજલી

સ્વ. દિવ્યેશભાઈ
સુરેશભાઈ કથીરીયા
સ્વ.તા. ૧-૧૦-૨૦૧૨, સોમવાર

જીવનમાં હરપલ હસતા રહયા, સ્નેહથી સૌના હૈયે
વસતા રહયા, આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણોમાં
જીવન જીવ્યા ટુંકું પણ ઉત્તમ જીવી ગયા, સર્વત્ર
સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા,
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

કથીરીયા સુરેશભાઈ લક્ષ્મણભાઈ
કથીરીયા વર્ષાબેન સુરેશભાઈ
કથીરીયા ચિરાગ સુરેશભાઈ - કથીરીયા કિંજલ ચિરાગભાઈ
કથીરીયા સિધ્ધ ચિરાગભાઈ - કથીરીયા મિર ચિરાગભાઈ
શિવ શકિત એન્જી.વર્કસ – રાજકોટ
શિવ મેટલ હબ પ્રા.લી.

દુઃખદ અવસાન / બેસણું

ગૌ.વા. માલાબેન જીતેન્દ્રભાઈ કક્કડ
સ્વ.તા.૨૯-૯-૨૦૨૬, મંગળવાર (ઉ.વ.૫૭)

મોરબી નિવાસી જીતેન્દ્રભાઈ દિનેશભાઈ કક્કડ (જીતુભાઈ R.K.) ના ધર્મપત્નિ માલાબેન તે સ્વ. જગદીશભાઈ રાજા (જુનાગઢ) ના સુપુત્રી તે અર્જુનભાઈ તથા લખનભાઈ ના માતૃશ્રી તા.૨૯-૦૯-૨૦૨૬ મંગળવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

-: સદ્ગતનું બેસણું તથા પિયરપક્ષની સાદડી :-
તારીખ : ૦૨-૧૦-૨૦૨૬, શુક્રવાર ● સમય : સાંજે ૪ થી ૬ કલાકે
સ્થળ : લોહાણા વિદ્યાર્થી ભવન, વસંત પ્લોટ, રવાપર રોડ, મોરબી રાખેલ છે.

લી.
કક્કડ પરિવાર - મોરબી (આર.કે.)
તથા રાજા પરિવાર- જુનાગઢ ના જયશ્રી કૃષ્ણ

જીજ્ઞેશ ભટ્ટ (પરશુરામ પબ્લીસીટી, મોરબી) 9427721546

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ હેલ્પલાઈન નંબર : ૯૬૬૨૨૯૬૬૫૫ હેલ્પલાઈન વોટ્સએપ નંબર : ૯૬૬૨૨૯૬૬૯૯ sanjsamachar@gmail.com

સેમી ફાઈનલમાં ભારતે શ્રીલંકાને માત્ર ૪૫ રનમાં 'તંબુ ભેગુ' કર્યુ

એશિયન ગેમ્સ ક્રિકેટમાં ભારત-પાકિસ્તાન ટકરાશેઃ શનિવારે મુકાબલો

ઈશાન કિશનના તોફાની ૮૦ રન અને ભારતીય બોલરોના બુલંદ પ્રદર્શન સામે શ્રીલંકાની કારમી હારઃ ભારતની ૧૨૪ રને જીત

નવી દિલ્હી તા, ૧

એશિયન ગેમ્સ ૨૦૨૬ના પુરુષ ક્રિકેટ ઈવેન્ટની બીજી સેમિફાઇનલ મેચમાં ભારતીય ક્રિકેટ ટીમે શ્રીલંકા સામે એકતરફી અને ઐતિહાસિક જીત નોંધાવી છે. ભારતે શ્રીલંકાને ૧૨૪ રનનાં વિશાળ માર્જિનથી હરાવીને ટૂર્નામેન્ટની ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. હવે ૩ ઓક્ટોબરના રોજ એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલ (સુવર્ણ ચંદ્રક) માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે હાઈ-વોલ્ટેજ જંગ ખેલાશે.

ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત ધીમી રહી હતી અને રનનાં સ્કોરે ૨ વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, ત્યારબાદ ઓપનર વૈભવ સૂર્યવંશીએ ૨૧ બોલમાં ઝડપી ૩૮ રન બનાવીને ટીમને સંભાળી હતી. આ મેચનાં મુખ્ય હીરો ઈશાન કિશન રહ્યાં હતાં, જેમણે મુશ્કેલ પીચ પર બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી અને ૪૬ બોલમાં ૪ ચોગ્ગા તથા ૫ છગ્ગાની મદદથી અણનમ ૮૦ રનની ધમાકેદાર ઈનિંગ્સ રમી હતી. શ્રેયસ અય્યરના ૧૩ રનના યોગદાન સાથે ભારતે ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૬૯ રનનો પડકારજનક સ્કોર ઊભો કર્યો હતો.

૧૭૦ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમ ભારતીય બોલિંગ આક્રમણ સામે તાસના પત્તાની જેમ વેરવિખેર થઈ ગઈ હતી. અનુભવી ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે પ્રથમ ઓવરમાં જ બે વિકેટ ઝડપીને શ્રીલંકાની કમર ભાંગી નાખી હતી. પીચ પરથી સ્પિનરોને મળી રહેલી મદદનો પૂરો ફાયદો ઉઠાવીને અક્ષર પટેલ અને અભિષેક શર્માએ પણ સચોટ બોલિંગ કરી હતી. શ્રીલંકાની અડધી ટીમ તો ખાતું પણ ખોલાવી શકી નહોતી અને માત્ર ૯.૫ ઓવરમાં આખી ટીમ ૪૫ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. શ્રીલંકા તરફથી માત્ર નુવાનીદુ ફર્નાન્ડો (૧૫ રન) જ બેવડા આંકડા સુધી પહોંચી શક્યાં હતા. ૧૨૪ રનની આ જીત ટી-૨૦ ક્રિકેટમાં રનની દ્રષ્ટિએ શ્રીલંકા સામે ભારતની સૌથી મોટી જીત બની રહી છે.

બીજી તરફ, પ્રથમ સેમિફાઇનલમાં પાકિસ્તાને બાંગ્લાદેશને ૬ વિકેટે હરાવીને ફાઇનલમાં જગ્યા બનાવી લીધી છે. હવે આખી દુનિયાની નજર ૩ ઓક્ટોબરે યોજાનારી ભારત અને પાકિસ્તાન વચ્ચેની ગોલ્ડ મેડલ મેચ પર ટકેલી છે, જ્યારે શ્રીલંકા અને બાંગ્લાદેશ વચ્ચે બ્રોન્ઝ મેડલ માટે મુકાબલો થશે.

૩૫મી ODI સદી ફટકાર્યા બાદ રોહિત શર્માનું અનોખું સેલિબ્રેશન; કહ્યું- 'આ મારો અંગત મામલો હતો'

ગુવાહાટી:

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઓપનર રોહિત શર્માએ ગુવાહાટીના ACA સ્ટેડિયમ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામે શાનદાર રમત દાખવતા પોતાની વનડે કારકિર્દીની ૩૫મી સદી ફટકારી હતી. સદી પૂર્ણ કર્યા બાદ રોહિતે કરેલી અનોખી ઉજવણી સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની છે. જોકે, મેચ બાદ આ સેલિબ્રેશન અંગે વાત કરતા રોહિતે તેને સંપૂર્ણપણે પોતાની 'વ્યક્તિગત બાબત' ગણાવી હતી. મેચ બાદ પોતાના સેલિબ્રેશન વિશે ખુલાસો કરતા રોહિતે હસતા હસતા કહ્યું કે, ''આ ઉજવણી તદ્દન મારો અંગત મામલો હતો. રવીન્દ્ર જાડેજા પણ મને આ વિશે પૂછી રહ્યો હતો અને તે તો એવું ઈચ્છતો હતો કે હું પીચ પર ડાઈવ મારીને કે કૂદીને ઉજવણી કરું! પણ ૫૦ ઓવર ફીલ્ડિંગ અને ૨૫-૩૦ ઓવર બેટિંગ કર્યા પછી મારી અંદર એવા કોઈ સ્ટંટ કરવાની શક્તિ બચી નહોતી.''

AI હવે 'Super Intelligence'! વ્હાઈટ હાઉસમાં ટેક ઉદ્યોગપતિઓને સાથે રાખતા ટ્રમ્પનો મોટો નિર્ણય

અમેરિકી સરકારના દસ્તાવેજોમાં Artifical Intelligenceની જગ્યાએ હવે Si શબ્દનો ઉપયોગ થશે

વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AIનું નામ બદલીને Super Intelligence (SI) કરવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે ૨૯ સપ્ટેમ્બરે આ અંગે એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા. હવે અમેરિકી ફેડરલ સરકારના સત્તાવાર દસ્તાવેજો, વેબસાઇટ્સ, અહેવાલો અને વહીવટી સંદેશાવ્યવહારમાં Artifical Intelligenceના બદલે Super Intelligence શબ્દનો ઉપયોગ કરવામાં આવશે.

ઈન્ટરનેટ કરતાં પણ ઘણું મોટું : ટ્રમ્પ

વ્હાઈટ હાઉસમાં ટેક્નોલોજી ક્ષેત્રના અગ્રણી ઉદ્યોગપતિઓ સાથેની બેઠક દરમિયાન ટ્રમ્પે Super Intelligenceને ઈન્ટરનેટ કરતાં પણ મોટી ટેક્નોલોજીકલ ક્રાંતિ ગણાવી હતી. તેમણે કહ્યું કે આજની અદ્યતન ટેક્નોલોજીની ક્ષમતાઓ માત્ર માનવ બુદ્ધિની નકલ કે ચોક્કસ કાર્યોના ઓટોમેશન સુધી મર્યાદિત નથી.

ટ્રમ્પે કહ્યું કે 'Artifical' શબ્દથી ટેક્નોલોજી નકલી હોવાનો અર્થ નીકળે છે, જ્યારે તેમની દૃષ્ટિએ આ ટેક્નોલોજી વાસ્તવિક અને અત્યંત શક્તિશાળી છે. તેમણે જાહેર નિવેદનમાં પણ કહ્યું હતું કે હવે અમેરિકાના સત્તાવાર દસ્તાવેજોમાં AIના બદલે નો ઉપયોગ થશે.

ટોચની ટેક કંપનીઓ સાથે સેફટી કરાર

આ બેઠકમાં OpenenAI, Google, Meta, Nvidia સહિતની મોટી ટેક્નોલોજી કંપનીઓના ટોચના અધિકારીઓ હાજર રહ્યા હતા. ટ્રમ્પ અને ટેક કંપનીઓના વડાઓએ અદ્યતન સિસ્ટમ્સ માટે સુરક્ષા અને જવાબદારીના ધોરણો અંગે સ્વૈચ્છિક કરાર પર પણ હસ્તાક્ષર કર્યા હતા. કરારમાં સિસ્ટમ્સની સલામતી, સ્વતંત્ર ઓડિટ અને અનિચ્છનીય હેકિંગ અથવા સિસ્ટમ એક્સેસ જેવા જોખમોને રોકવા માટેના પગલાંનો સમાવેશ થાય છે.

'Super Intelligence' શબ્દનો ટેક જગતમાં અલગ અર્થ પણ

ટ્રમ્પે સરકારી વપરાશ માટે AIને 'Super Intelligence' નામ આપ્યું છે, પરંતુ ટેક્નોલોજી ક્ષેત્રમાં super intelligence'શબ્દનો પહેલેથી જ એક ચોક્કસ અર્થ છેમાનવ બુદ્ધિની ક્ષમતાઓથી આગળ નીકળતી સિસ્ટમ. તેથી નવા સરકારી નામકરણને લઈને ટેક નિષ્ણાતોમાં ચર્ચા પણ શરૂ થઈ છે. ટ્રમ્પના આ નિર્ણયથી અમેરિકામાં AI અંગેની નીતિ અને સરકારી ભાષામાં મોટો ફેરફાર આવ્યો છે. જોકે, ટેક્નોલોજીનું મૂળ સ્વરૂપ બદલાતું નથી; મુખ્ય ફેરફાર અમેરિકી સરકાર દ્વારા તેના સત્તાવાર નામ અને વર્ણનના ઉપયોગમાં થયો છે.

મુંબઈ એરપોર્ટ પર 'ટેકનોલોજી ખતરો'!

એટીસીની ગંભીર ચેતવણીઃ વ્યવસાયિક સ્ક્રીન જોખમ સર્જી શકે

મુંબઈ: મુંબઈના એર ટ્રાફિક કંટ્રોલ કેન્દ્રમાં નવી એર ટ્રાફિક ઓટોમેશન સિસ્ટમ હેઠળ નવી લગાવવામાં આવેલી ૪૨ ઇંચની વ્યાવસાયિક સ્ક્રીનોને લઈને એર ટ્રાફિક કંટ્રોલર્સએ ચિંતા વ્યક્ત કરી છે. હવાઈ ટ્રાફિક નિયંત્રકોના સંગઠનનો દાવો છે કે લાંબા સમય સુધી નજીકથી આ સ્ક્રીન જોવાથી શારીરિક અસ્વસ્થતા થઈ રહી છે અને તેની અસર હવાઈ સુરક્ષા પર પડી શકે છે.

હવાઈ ટ્રાફિક નિયંત્રકોના સંગઠને ભારતીય વિમાનમથક પ્રાધિકરણના ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરીને આ વ્યાવસાયિક સ્ક્રીનોને બદલે હવાઈ ટ્રાફિક નિયંત્રણ માટે ખાસ બનાવવામાં આવેલા ઉચ્ચ ચોકસાઈવાળા રડાર ડિસ્પ્લે લગાવવાની માગ કરી છે.

મુંબઈમાં નવી ઈન્દ્ર એર ટ્રાફિક ઓટોમેશન સિસ્ટમનું હાલ ટ્રાયલ ચાલી રહ્યું છે. આ સોફ્ટવેર સિસ્ટમ હાલમાં તેના અંતિમ કાર્યરત તબક્કા પૂર્વે મહત્વપૂર્ણ શેડો ઓપરેશન્સ અને પરીક્ષણના તબક્કામાંથી પસાર થઈ રહી છે, જેમાં નિયંત્રકો વાસ્તવિક ટ્રાફિકના સંચાલનની સાથે સાથે જ આ સિસ્ટમનું પરીક્ષણ કરે છે.

અહેવાલો મુજબ મુંબઈના વિસ્તાર નિયંત્રણ કેન્દ્ર, સમુદ્રી નિયંત્રણ કેન્દ્ર અને આગમન નિયંત્રણ વિભાગની આશરે ૭૦ કાર્યસ્થળો પર ૪૨ ઇંચની સેમસંગ વ્યાવસાયિક ડિસ્પ્લે સ્ક્રીનો લગાવવામાં આવી છે.

સંગઠનનું કહેવું છે કે દિલ્હી અને કોલકાતા જેવા મોટા કેન્દ્રો તેમ જ મુંબઈના જાળવણી વિભાગમાં ખાસ એર ટ્રાફિક નિયંત્રણ મોનિટર લગાવવામાં આવ્યા છે, જ્યારે મુંબઈના સક્રિય રડાર નિયંત્રણ સ્થળોએ વ્યાવસાયિક ટીવી સ્ક્રીનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

કંટ્રોલર્સના જણાવ્યા મુજબ ખાસ હવાઈ ટ્રાફિક મોનિટર નજીકથી ચોકસાઈપૂર્વક રડાર માહિતી જોવા માટે બનાવવામાં આવે છે, જ્યારે વ્યાવસાયિક ટીવી સ્ક્રીનો દૂરથી જોવાના હેતુ માટે હોય છે. નિયંત્રકોએ એવો પણ દાવો કર્યો છે કે સ્ક્રીનની પ્રતિક્રિયામાં વિલંબ અને લખાણની સ્પષ્ટતાની સમસ્યાને કારણે સતત દેખરેખ દરમિયાન આંખોમાં થાક, આંખોમાં તાણ, આંખોમાં શુષ્કતા અને માથાનો દુખાવો થઈ રહ્યો છે. મોટી સ્ક્રીન પર સતત નજર રાખવા અને વારંવાર માથું હલાવવાને કારણે ગરદનમાં તાણની પણ ફરિયાદ કરવામાં આવી છે.

મુંબઈનું હવાઈ ક્ષેત્ર અત્યંત વ્યસ્ત છે અને તેમાં લેન્ડિંગ, ટેક ઓફ, વિમાનમથક તથા સમુદ્રી ક્ષેત્રનું હવાઈ ટ્રાફિક સંચાલન સામેલ છે. સંગઠનના જણાવ્યા મુજબ સ્ક્રીનની પ્રતિક્રિયામાં વિલંબ અથવા વિમાન સંબંધિત માહિતી અને ચેતવણીઓ સ્પષ્ટ નહીં દેખાવવાથી નિયંત્રકો પર માનસિક દબાણ વધી શકે છે. ખાસ કરીને વધુ ટ્રાફિક અથવા ખરાબ હવામાન દરમિયાન વિમાનની માહિતી અથવા વિમાનો વચ્ચેનું અંતર દર્શાવતી વિગતો વાંચવામાં વિલંબ થવાથી માનવીય ભૂલોનું જોખમ વધી શકે છે, જેના કારણે હવાઈ અકસ્માતોનું જોખમ પાન વધી શકવા શક્યતા કંટ્રોલર્સએ વ્યક્ત કરી હતી.

૨૦૫૦માં ભારતમાં મુસ્લીમોની વસ્તી ૩૧ કરોડ પહોંચશે

પ્યુ રિસર્ચનો રીપોર્ટઃ હાલ વસ્તી ૨૦થી ૨૨ કરોડ હોવાનો અંદાજ જે કુલ વસ્તીના ૧૫ ટકા

નવીદિલ્હી તા.૧

ભારતની બદલાતી વસ્તી અને વિવિધ ધાર્મિક સમુદાયોનું વસ્તી વિષયક માળખું હંમેશાંથી નીતિ નિર્માતાઓ, ડેમોગ્રાફિક નિષ્ણાતો અને સામાન્ય જનતા વચ્ચે ઊંડી ચર્ચા અને કુતૂહલનો વિષય રહ્યું છે. સોશિયલ મીડિયા પર અવારનવાર દેશની ધાર્મિક વસ્તી અને તેના ભવિષ્યના આંકડાઓને લઈને અનેક પ્રકારના દાવાઓ અને ઈન્ફોગ્રાફિક્સ વાઈરલ થતાં હોય છે.

જો સત્તાવાર સરકારી આંકડાઓની વાત કરીએ તો ભારત સરકારે ૨૦૨૬ માટે હજુ સુધી ધર્મવાર કોઈ નવી વસ્તી ગણતરીનો ડેટા જાહેર કર્યો નથી. દેશમાં છેલ્લી સત્તાવાર વસ્તી ગણતરી ૨૦૧૧માં થઈ હતી. જોકે, વૈશ્વિક અને સ્થાનિક શોધ સંસ્થાઓના ડેમોગ્રાફિક પ્રોજેક્શન અને અનુમાનોના આધારે ૨૦૨૬ની સ્થિતિનું એક સ્પષ્ટ અને વૈજ્ઞાનિક ચિત્ર સામે આવે છે.

૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર, ભારતની કુલ ૧૨૧ કરોડની વસ્તીમાં મુસ્લિમોની વસ્તી આશરે ૧૭.૨૨ કરોડ નોંધાઈ હતી. તે સમયે મુસ્લિમ સમુદાય દેશની કુલ વસ્તીના ૧૪.૨૩ ટકા હિસ્સો ધરાવતો હતો. ઈન્ડોનેશિયા પછી ભારત સમગ્ર વિશ્વમાં બીજી સૌથી મોટી મુસ્લિમ વસ્તી ધરાવતો દેશ છે.

વર્ષ ૨૦૨૬માં ભારતની મુસ્લિમ વસ્તી ભારતની અંદાજિત કુલ વસ્તી વધીને આશરે ૧૪૪થી ૧૪૬ કરોડની વચ્ચે પહોંચી ગઈ કેટલી છે એની તો તાજેતરના વર્ષોમાં છે. તમામ સમુદાયોની કુદરતી વૃદ્ધિ સાથે મુસ્લિમ વસ્તીમાં પણ પ્રમાણસર વધારો થયો છે.

વિવિધ ડેમોગ્રાફિક રિપોર્ટ્સ અને વસ્તી વૃદ્ધિ દરના મોડેલ મુજબ, ૨૦૨૬ સુધીમાં ભારતમાં મુસ્લિમ વસ્તી વધીને ૨૦ કરોડથી ૨૨ કરોડ વચ્ચે પહોંચવાનો અંદાજ છે. ટકાવારીના આધારે જોઈએ તો હાલ દેશમાં મુસ્લિમ વસ્તી કુલ વસ્તીના આશરે ૧૪.૫ ટકાથી ૧૫ ટકાની આસપાસ રહેવાનો અંદાજ લગાવવામાં આવ્યો છે, જે ૨૦૧૧ પછીના વૃદ્ધિ દરના આધારે કુદરતી વધારો દર્શાવે છે.

જાણીતી આંતરરાષ્ટ્રીય સંશોધન સંસ્થા પ્યુ રિસર્ચના ભવિષ્યલક્ષી અહેવાલ અનુસાર વર્ષ ૨૦૫૦ સુધીમાં ભારતના વસ્તી માળખામાં નોંધપાત્ર ફેરફારો જોવા મળશે. આ રિપોર્ટમાં કરવામાં આવેલા દાવા અનુસાર, ૨૦૫૦ સુધીમાં હિન્દુઓની વસ્તી આશરે ૧.૩ અબજ (૭૬.૭ ટકા) અને મુસ્લિમ વસ્તી વધીને અંદાજે ૩૧.૧કરોડ (કુલ વસ્તીના ૧૮.૪ ટકા) સુધી પહોંચી શકે છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર મુસ્લિમ સમુદાયમાં સરેરાશ ઉંમર ઓછી હોવાના કારણે અને પ્રજનન દરના ધીમા ઘટાડાને કારણે આગામી થોડા દાયકાઓ સુધી આ પ્રમાણસર વૃદ્ધિ જોવા મળી શકે છે.

તનાતનીનો અંત નહીંઃ અમેરિકી વિદેશ મંત્રીનો ઈરાની પ્રતિનિધિમંડળને ન્યુયોર્ક છોડવા આદેશ

ઈરાન અને કતારના મધ્યસ્થીઓ વચ્ચેની બેઠકમાં કોઈ ખાસ પ્રગતિ ન થતા રૂબિયોની ધીરજ ખુટી

ન્યુયોર્ક (અમેરિકા) તા.૧

અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયોએ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી અને સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સામેલ થવા આવેલા તેમના પ્રતિનિધિ મંડળને નિશ્ચિત કાર્યક્રમ પહેલા ન્યુયોર્ક છોડી પાછા ઈરાન જવાનો આદેશ આપ્યો છે. અમેરિકાના અધિકારીઓએ બુધવારે આ જાણકારી આપી હતી. ટ્રમ્પ પ્રશાસને ઈરાન યુદ્ધ છતા ઈરાની રાષ્ટ્રપતિ અને વિદેશમંત્રી સહિત તેમના પ્રતિનિધિમંડળને સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની વાર્ષિક બેઠકમાં ભાગ લેવા માટે વીઝા આપ્યા હતા.

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયન ગત સપ્તાહ સંયુક્ત રાષ્ટ્રમાં સંબોધનના એક દિવસ બાદ ન્યુયોર્કથી રવાના થઈ ગયા હતા, જયારે વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી ન્યુયોર્કમાં રોકાયા હતા. જાણવા મળેલ વિગત મુજબ તેઓ અમેરિકા સાથે પરોક્ષ સંવાદમાં ભાગ લેનાર હતા. સંવાદનો ઉદ્દેશ હોર્મુજ સ્ટ્રેટને ખોલવા, સંઘર્ષ સમાપ્ત કરવા અને ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર વાતચીત ફરીથી શરૂ કરવાના મુદ્દે ચર્ચા કરવાનો હતો.

કેટલાક રિપોર્ટ મુજબ સપ્તાહના અંતમાં ઈરાન અને કતારના મધ્યસ્થો વચ્ચે થયેલી બેઠકોમાં કોઈ ખાસ પ્રગતિ નહોતી થઈ, ત્યારબાદ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોની ધીરજે જવાબ આપી દીધો. રૂબિયોએ ઈરાની પક્ષને સ્પષ્ટ કરી દીધું કે અરાઘચી અને તેમના પ્રતિનિધિ મંડળે તરત ન્યુયોર્ક છોડી જવું પડશે.

મુંબઈમાં લાલબાગ ચા રાજાને ભેટ ચડેલી ૧ કિલો સોનાની ઈંટની હરાજીમાં રૂા.૧.૪૮ કરોડ ઉપજયા

બાપ્પાને શ્રદ્ધાળુઓ દ્વારા કુલ રૂા.૬.૧૧ કરોડનો ચડાવો ચડયોઃ બાપ્પાને ભેટ ચડેલી સોનાની મૂર્તિ, બેટ, ગદા આકર્ષણનું કેન્દ્ર બન્યા

મુંબઈ તા.૧

ગણેશોત્સવ દરમિયાન લાલબાગ ચા રાજાને ભકતો દ્વારા અર્પણ કરવામાં આવેલ સોના-ચાંદીના આભૂષણો અને અન્ય ચડાવાની બુધવારે હરાજી કરવામાં આવી હતી. આ દરમિયાન ૧ કિલો વજનની ૨૪ કેરેટ સોનાની ઈંટ આકર્ષણનું કેન્દ્ર રહી. અજ્ઞાત ભકત દ્વારા અર્પિત કરાયેલ સોનાની ઈંટની કિંમત લગભગ ૧ કરોડ ૪૫ લાખ રૂપિયા બતાવાઈ છે. જયારે અન્ય અજ્ઞાત ભકતે ૧૮ કેરેટ સોનામાંથી બનેલી ૧૪૧ ગ્રામ વજનની ગણેશની પ્રતિમા અર્પણ કરી છે. આ પ્રતિમાની કિંમત લગભગ ૧૫.૬૫ લાખ રૂપિયા છે.

બાપ્પાને ચડાવવામાં આવેલ મૂલ્યવાન વસ્તુઓની હરાજી સાંજે ૫ વાગ્યા બાદ શરૂ થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ગણેશ ભકત સામેલ થયા હતા. શ્રદ્ધાળુઓ માટે હરાજીમાં સોનાના વિભિન્ન આભૂષણોની સાથે સાથે સોના-ચાંદીના મોદક, ચાંદીનુ એકંદત, ચાંદીની અનેક ગદાઓ, સોના-ચાંદીના મોટા-મોટા દુર્લભ હાર હતા.

૬.૧૧ કરોડ રૂપિયાનો રોકડ ચડાવોઃ મંડલના પદાધિકારીઓએ પંડાલમાં મૂલ્યવાન વસ્તુઓને સજાવીને રાખી હતી. પંડાલમાં બાપ્પાની સોનાની મૂર્તિ, ક્રિકેટ બેટ અને બે બાઈક હતા. મંડળ તરફથી દર વર્ષે ભકતો દ્વારા અર્પિત વસ્તુઓની હરાજી કરવામાં આવે છે. મંડળના અધ્યક્ષ બાલાસાહેબ, માનદ સચીવ સુધીર દળવી અને કોષાધ્યક્ષ મંગેશ દળવીની ઉપસ્થિતિમાં હરાજી થઈ. મુંબઈગરાઓએ અતૂટ શ્રદ્ધાનું કેન્દ્ર બાપ્પાના દરબારમાં દેશ-વિદેશના શ્રદ્ધાળુઓ પાસેથી ૬ કરોડ ૧૧ લાખ રૂપિયાનો રોકડો ચડાવો મળ્યો છે.

અફઘાનિસ્તાન પર પાકિસ્તાનની ફરી એરસ્ટ્રાઈક : હેલમંદમાં હવાઈ હુમલામાં ૨૨ લોકોનાં મોત

રહેણાંક મકાનોને બનાવાયા નિશાન ; મૃતકો અને ઈજાગ્રસ્તોમાં મોટાભાગે નિર્દોષ મહિલાઓ અને બાળકો સામેલ

નવી દિલ્હી તા, ૧

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે સરહદ પર વધી રહેલો તણાવ હવે વધુ ઉગ્ર બની રહ્યો છે. ગુરૂવારે પાકિસ્તાને અફઘાનિસ્તાનના હેલમંદ પ્રાંતમાં મોટો હવાઈ હુમલો કર્યો હતો. આ એરસ્ટ્રાઈકમાં ૨૨ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે ૧૧થી વધુ લોકો ગંભીર રીતે ઘવાયા છે. પાકિસ્તાની સરકારે આ હુમલાની પુષ્ટિ કરતા માર્યા ગયેલા તમામ લોકોને આતંકવાદી ગણાવ્યા છે.

હેલમંદ પ્રાંતના માહિતી અને સંસ્કૃતિ વિભાગના વડા મૌલાના શેર મોહમ્મદ વહદતે માહિતી આપતા જણાવ્યું કે, પાકિસ્તાની સૈન્ય દ્વારા આ એરસ્ટ્રાઈક હેલમંદના ગરમસિર જિલ્લામાં આવેલા બે રહેણાંક મકાનોને નિશાન બનાવીને કરવામાં આવી હતી. આ હુમલામાં સામાન્ય નાગરિકોના ઘરો સંપૂર્ણપણે તબાહ થઈ ગયા હતા. પ્રાથમિક અહેવાલો અને સ્થાનિક અધિકારીઓના જણાવ્યાં અનુસાર, આ ભયાનક હુમલામાં જીવ ગુમાવનારા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થનારાઓમાં મોટાભાગે નિર્દોષ મહિલાઓ અને નાના બાળકોનો સમાવેશ થાય છે. આ ઘટના બાદ સરહદી વિસ્તારમાં સ્થિતિ અત્યંત ગંભીર અને તણાવપૂર્ણ બની ગઈ છે.

રશિયન સેનામાં જોડાવા સામે ભારત સરકારની કડક ચેતવણી- 'આ જોખમી અને જીવલેણ બની શકે છે'

સરકારે વિદેશમાં રોજગારીની તકો શોધતી વખતે અત્યંત સાવચેતી રાખવાની અને વેરિફાઇડ ન હોય તેવા એજન્ટથી પણ સાવધ રહેવાની સલાહ આપી

નવી દિલ્હી, ૧ ઓક્ટોબરઃ રશિયન સેનામાં ભારતીય નાગરિકોની ભરતી થઈ રહી હોવાના અહેવાલો વચ્ચે, ભારત સરકારે ફરી એકવાર કડક ચેતવણી જારી કરી છે. વિદેશ મંત્રાલય (MEA)એ ભારતીય નાગરિકો માટે રશિયન સેનામાં જોડાવા અંગે નવી એડવાઇઝરી જાહેર કરી છે અને તેને 'જોખમી અને જીવલેણ માર્ગ' ગણાવ્યો છે.

વિદેશ મંત્રાલય દ્વારા ૩૦ સપ્ટેમ્બરે જારી કરાયેલા નિવેદન અનુસાર, છેલ્લા બે વર્ષ દરમિયાન સરકારે અનેક વખત ભારતીય નાગરિકોને રશિયન સેનામાં થઈ રહેલી ભરતી સાથે સંકળાયેલા ગંભીર જોખમો અંગે ચેતવણી આપી છે. આ ઉપરાંત, સરકારે વિદેશમાં રોજગારીની તકો શોધતી વખતે અત્યંત સાવચેતી રાખવાની અને વેરિફાઇડ ન હોય તેવા એજન્ટો અથવા બિનસરકારી સંસ્થાઓ દ્વારા આપવામાં આવતી નોકરીની ઑફરથી પણ સાવધ રહેવાની વારંવાર સલાહ આપી છે.

મંત્રાલયે જણાવ્યું કે, એવા અનેક કિસ્સાઓ અમારા ધ્યાનમાં આવ્યા છે, જેમાં કેટલાક લોકો રશિયન સશસ્ત્ર દળોમાં જોડાવા માટે સ્વેચ્છાએ ઑફર શોધી રહ્યા છે. તેઓ એવી સમજ ધરાવતા હોય છે કે, તેમને આ સાથે આર્થિક લાભ મળશે અને બાદમાં ભારત સરકારનો સંપર્ક કરીને રશિયન સેનામાંથી મુક્તિ મેળવી શકાશે. ફરી એકવાર સ્પષ્ટ કરવામાં આવે છે કે આ એક જોખમી માર્ગ છે અને સરકાર સખતપણે આવા પગલાં ન ભરવાની સલાહ આપે છે.

નિવેદનમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, એવા અનેક કિસ્સાઓ પણ સામે આવ્યા છે, જેમાં લોકોએ સ્વેચ્છાએ પોતાની ભારતીય નાગરિકતા છોડવા, રશિયન પાસપોર્ટ મેળવવા અને ત્યારબાદ રશિયન સેનામાં ભરતી થવા માટે ભારતીય અધિકારીઓનો સંપર્ક કર્યો છે. કેટલાક લોકોએ તો ટૂંકા ગાળાના આર્થિક લાભની લાલચમાં આવીને ભારતીય અધિકારીઓની સલાહ લીધા વિના જ આવું પગલું ભર્યું છે. લોકોને આવા પગલાંની ગંભીરતા સમજવા અને તેઓ પોતાને જે જીવલેણ જોખમમાં મૂકી રહ્યા છે તે અંગે વિચાર કરવાની સલાહ આપવામાં આવે છે. સરકાર ભારતીય નાગરિકોને આવા પગલાંથી દૂર રહેવાની સલાહ આપે છે.

વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, રશિયન સશસ્ત્ર દળોમાં સેવા આપી રહેલાં તમામ ભારતીય નાગરિકોની સુરક્ષા અને સુખાકારી સુનિશ્ચિત કરવા તેમજ તેમને શક્ય તેટલી વહેલી તકે ભારત પરત લાવવા માટે ભારત સરકાર રશિયન પક્ષ સાથે સતત સંપર્કમાં છે.

અમિતાભ બચ્ચન KBC ૧૮ના શૂટિંગ દરમિયાન લપસીને પડ્યાં : ડાબા ઘૂંટણમાં ઈજા

'સેક્શન ૮૪'ના એક્ટર બિગ બીએ ઘૂંટણની ઈજા વચ્ચે પણ શોનું સંચાલન જાળવી રાખ્યું ; બ્લોગમાં પુત્ર અભિષેક સાથેનાં સંબંધો વિશે કરી ભાવુક વાત

મુંબઈ તા, ૧

બોલિવૂડનાં મહાનાયક અમિતાભ બચ્ચન 'કૌન બનેગા કરોડપતિ ૧૮'ના શૂટિંગ દરમિયાન લપસીને પડી જતાં તેમનાં ડાબા ઘૂંટણમાં ઈજા થઈ છે. સામાન્ય રીતે શોની શરૂઆતમાં ઉત્સાહ સાથે ગ્રાન્ડ એન્ટ્રી લઈને ઊભા-ઊભા મોનોલોગ આપતાં બિગ બી આ વખતે સ્ટેજ પર બેસીને પ્રેક્ષકો સાથે વાતચીત કરતાં જોવા મળ્યાં હતાં. તેમણે જાતે જ ખુલાસો કર્યો હતો કે અગાઉનાં દિવસે શૂટિંગ સમયે તેઓ લપસી જતાં ઘૂંટણમાં ઈજા થઈ હતી.

શોની શરૂઆતમાં અમિતાભ બચ્ચને પોતાનાં ડાબા ઘૂંટણ તરફ ઈશારો કરીને જણાવ્યું હતું કે, સામાન્ય રીતે તેઓ સ્ટેજની વચ્ચે ઊભા રહીને વાતની શરૂઆત કરતાં હોય છે, પરંતુ ઘૂંટણમાં દુખાવો અને ઈજાના કારણે તેમને ઊભા રહેવામાં તકલીફ થઈ રહી છે. તેમણે સ્ટુડિયોમાં હાજર ફેન્સ અને દર્શકોને આશ્વાસન આપતાં કહ્યું કે આ ઈજા બહુ ગંભીર નથી. પડકારો અને કન્ટેસ્ટન્ટ્સને હોસ્ટ કરતી વખતે તેઓ ઊભા રહેશે, પરંતુ શરૂઆતમાં બેસીને જ વાત કરવાનું પસંદ કરશે.

અમિતાભ બચ્ચનની આ ઈજાના સમાચાર સાંભળીને સ્ટુડિયોમાં હાજર તમામ દર્શકો અને ફેન્સ ચિંતિત થઈ ગયા હતા અને તેમના ઝડપી સાજા થવાની પ્રાર્થના કરી હતી. જોકે, વધતી ઉંમર અને ઈજા હોવા છતાં તેમણે શૂટિંગ અટકાવવાને બદલે પ્રોફેશનલ રીતે કામ ચાલું રાખ્યું હતું. તેમનું કામ પ્રત્યેનું આ સમર્પણ જોઈને દર્શકો તેમજ સોશિયલ મીડિયા પર ફેન્સ તેમનાં ખૂબ જ વખાણ કરી રહ્યાં છે.

આ જ એપિસોડ દરમિયાન અમિતાભ બચ્ચને પોતાનાં અંગત જીવન અને પુત્ર અભિષેક બચ્ચન સાથેનાં સંબંધો અંગે પણ દિલ ખોલીને વાત કરી હતી. તાજેતરમાં લખેલાં પોતાનાં બ્લોગનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, પિતા અને પુત્રના વિચારો ભલે અલગ-અલગ હોઈ શકે, પરંતુ બંને મંઝિલ એક જ હોય છે. આગામી પેઢી પ્રત્યે હંમેશાં માન-સન્માન હોવું જોઈએ અને એકબીજાના વિચારને સમજીને આગળ વધવું એ જ સાચો પ્રેમ છે.

વર્કફ્રન્ટની વાત કરીએ તો, ૮૩ વર્ષની વયે પણ અમિતાભ બચ્ચન સતત સક્રિય છે. તેઓ ટૂંક સમયમાં જ રિભુ દાસગુપ્તાના નિર્દેશનમાં બનેલી કોર્ટરૂમ ડ્રામા ફિલ્મ 'સેક્શન ૮૪'માં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મમાં તેમની સાથે ડાયના પેન્ટી, નિમ્રત કૌર અને અભિષેક બેનર્જી પણ મહત્વનાં રોલમાં છે અને ફિલ્મ હાલ પોસ્ટ-પ્રોડક્શન સ્ટેજમાં છે.

સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે.૩જા એડી. સિવિલ જજ શ્રી બી.જે.પલસાણીયા સાહેબની કોર્ટમાં **દિ.પ. અ.નં.૧૭૭૩/૨૦૨૬** ના અરજદારો (૧) જ્યોતિબેન ચંદ્રકાંતભાઈ રામાણી. (૨) આરવ ચંદ્રકાંતભાઈ રામાણી. (૩) આરાધ્યા ચંદ્રકાંત ભાઈ રામાણી. નં ૨ તથા નં. ૩ સગીર હોય તેમના ઈસ્ટ મિત્ર તથા કુદરતી વાલી દરજ્જે તેમના માતૃશ્રી નં.૧ જ્યોતિબેન ચંદ્રકાંતભાઈ રામાણી બધા રહે. રાજકોટ જેઓએ સ્થાવર મિલકત રાજકોટ શહેરમાં બેડીપરા તરીકે ઓળખાતા વિસ્તારમાં રેવન્યુ સર્વે નં.૧૮૬/૨ અને ૧૮૭/૧ ના બિનખેતી થયેલ જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૫/એ પૈકીની જમીન ચો.મી.આ.૮૩.૧૪ બરાબર ચો.વા.આ.૯૯.૪૨ તથા રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં.૧૮૬/૨ અને ૧૮૭/૧ ના બિનખેતી થયેલ જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૫/એ પૈકીની જમીન ચો.મી.આ.૩૭.૭૦ બરાબર ચો.વા.આ. ૪૫.૧૦ મળી કુલ જમીન ચો.મી.આ.૧૨૦.૮૪ બરાબર ચો.વા.આ. ૧૪૪.૫૨ (સીટી સર્વે વોર્ડ નં ૧૨, સીટી સર્વે નં.૧૮૬૧ પૈકી) પર આવેલ મકાનની મિલકત ગુજરનાર ચંદ્રકાંતભાઈ સવજીભાઈ રામાણીની માલિકી, કબજા, ભોગવટાની આવેલ છે. આ મિલકત અંગે હેરશીપ સર્ટિફિકેટ મેળવવા તેમના **વકીલ કૃણાલ ડી. સાંગાણી** મારફતે ઉપરોક્ત અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ હોય, આ અરજી સંબંધે જેને વાંધો તકરાર હોય તેમણે **મુદત તા.૩૦/૧૦/૨૦૨૬** ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે લેખિત આધાર સાથે રૂબરૂ હાજર રહેવું તેમજ સદરહુ મિલકતો સબંધે કોઈ વાંધો તકરાર હોવાનો નિયમ મુજબની આગળની કાર્યવાહી માટે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની નોંધ લેશો.

આજ તારીખ ૨૫-૦૯-૨૦૨૬ માં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
(એચ.કે.ચાવડા)
કલાર્ક

કોર્ટનો સિક્કો

હુકમથી
(એન. આર. વ્યાસ)
રજીસ્ટાર

પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટ, રાજકોટ.

મૃતદેહ સોંપણીના નિયમો છે પણ અમલવારીમાં ઠાગાઠૈયા, હવે મેડિકલ ઓફિસરની હાજરી ફરજિયાત

રાજકોટ, તા.૧

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ગઈકાલે મૃતદેહની અદલા બદલી થઈ ગઈ અને બિનવારસુની જેમ નિવૃત્ત શિક્ષકના અંતિમ સંસ્કાર પણ થઈ ગયા. આ કિસ્સાએ તંત્રની બેદરકારીને ફરી છતી કરી. મૃતદેહ સોંપણીના નિયમો છે પણ અમલવારીમાં ઠાગાઠૈયા થયા છે. પણ હવે તંત્ર સફાળું જાગ્યું હોય તેમ મૃતદેહ સ્વીકાર અને સોંપણી વખતે મેડિકલ ઓફિસરની હાજરી ફરજિયાત બનાવાઈ છે.

ગઈકાલે ઘટેલી ઘટના પર નજર કરીએ તો, બ્રહ્મસમાજ અગ્રણી હરસુખલાલ શાંતિલાલ ઠાકર (ઉંમર વર્ષ ૯૨)નું અવસાન થતા દીકરી અમેરિકા રહેતા હોય એટલે મૃતદેહ પીએમ રૂમના કોલ્ડ સ્ટોરેઝમાં રખાયો હતો. પછી જ્યારે પરિવાર મૃતદેહ લેવા આવેલ ત્યારે કોલ્ડ સ્ટોરેજમાં મૃતદેહ મળ્યો નહોતો. તપાસ કરતા જાણવા મળેલ કે, બિનવારસુ ગોપાલભાઈ ઓધવજીભાઈ ધધડાનો મૃતદેહ કોલ્ડ સ્ટોરેજમાં હોય ત્યારે તેમના સગા આવેલા અને ગોપાલભાઈના બદલે હરસુખલાલનો મૃતદેહ લઈ ગયા હતા. બિન વારસુ મૃતદેહોનો અંતિમ સંસ્કાર કરતા સમાજ સેવકે સગાને સાથે રાખી આ મૃતદેહનો અગ્નિસંસ્કાર પણ કરી નાંખ્યો હતો.

બનાવ સામે આવતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. સિવિલ હોસ્પિટલ તંત્ર અને પોલીસ તંત્રની ભૂલ સામે આવતા તત્કાલ મામલો શાંત પડે તે માટે તપાસ કમિટી રચાઈ હોવાનું સિવિલ અધિક્ષકે જણાવ્યું હતું. અધિક્ષકે એક આદેશ પણ જાહેર કર્યો છે. જેમાં જણાવ્યું છે કે, મૃતદેહ શબપરિક્ષણ તથા જાળવણી બાબતે તમામ મેડિકલ ઓફિસર જણાવવાયું છે કે, શબપરીક્ષણ તથા જાળવણી માટે કોલ્ડ રૂમ ખાતે રાખવામાં આવતા મૃતદેહનું ઓળખ સ્વીકારવા તથા પોલીસ કે સગાને પરત આપતી વખતે પી.એમ. ડ્યુટી પરના મેડિકલ ઓફિસરએ રૂબરૂ હાજર રહીને ચકાસણી કરી અને સ્વીકારીને કે સોંપવાના રહેશે. ઉપરાંત પી.એમ રૂમની સફાઈ બાબતે તથા કોલ્ડ સ્ટોરેજની જાળવણી (કોલ્ડ સ્ટોરેજ બંધ કે ચાલુ તાપમાનની નોંધણી બાબતે) ચકાસવાનું રહેશે અને ઉપરોકત બાબતે કોઈ પ્રશ્ન ઉદ્દભવ થાય તો ફરજ પરના એસ.આઈ.નો તાત્કાલિક સંપર્ક કરવાનો રહેશે. અને જરૂર પડે અધિક્ષક કચેરી ખાતેથી માર્ગદર્શન મેળવવાનું રહેશે. આ બાબત સંવેદનશીલ હોય અચુક અમલ કરવા ભલામણ પણ કરાઈ છે.

એ ડિવિઝનની ટીમ બોડી લેવા આવેલ હતી, પોલીસ વિભાગે મુદ્દાને હજુ સુધી ગંભીરતાથી લીધો નથી

સૂત્રોએ જણાવ્યા મુજબ, તા.૨૮/૯/૨૬ ના રોજ બિનવારસુ ગોપાલભાઈ ઓધવજીભાઈ ધધડાના મૃતદેહને એ.ડિવિઝન પોલીસે કોલ્ડ સ્ટોરેજમાં રખાવેલ. વાલી વારસ મળી આવતા તા.૨૯/૯/૨૬ના રોજ એ. ડિવિઝન પોલીસની ટીમ વાલી વારસ સાથે પીએમ રૂમ પહોંચેલ. કાગળ કાર્યવાહીના ભાગરૂપે બોડી લેવા આવ્યાના કાગળો એ.ડિવિઝન પોલીસે કર્યાં. ડેડબોડી કોલ્ડ સ્ટોરેજમાંથી લઈ જવી છે તેવી ચિઠ્ઠી પણ એ. ડિવિઝન પોલીસે રજૂ કરી હતી. પણ ગોપાલભાઈના બદલે હરસુખલાલ ઠાકરનો મૃતદેહ લઈ જવાયો હતો. આ મામલે એ. ડિવિઝન પીઆઈએ જણાવેલ કે, આ મામલે કોઈ એક્શન કે સૂચનો કરાયા નથી. ગોપાલભાઈના સગા સંબંધીઓએ મૃતદેહ ઓળખી બતાવ્યો હતો. એટલે મૃતદેહ સ્ટોરેજમાંથી બહાર કાઢી સોંપવામાં આવ્યો હતો. આના પરથી એવો અર્થ નીકળે કે મૃતદેહ બદલી જવા જેવા ગંભીર અને સંવેદનશીલ મુદ્દે પણ પોલીસ ગંભીર નથી. તકેદારી રાખવાના કોઈ સૂચનો પોલીસ કર્મીઓને કરાયા નથી. ઉપરોક્ત


નામ : ગોપાલભાઈ આધિવજી

પોલીસ સ્ટેશન : એ. ડિવી. પો. સ્ટે.

પોલીસ સ્ટાફનું નામ : અશોક સાગઠીયા

પોલીસ બકલ નં : 2173

પોલીસ મોબાઇલ નં : 63515 47607

તારીખ : 29/09/2026

ડેડ બોડી કોલ્ડ રૂમમાં મુકવી / લઈ જવી.

તસવીરમાં એડિવિઝન પોલીસ મૃતદેહ લઈ જવા આવેલ તે ચિઠ્ઠીની છે.

મૃતદેહની અદલા–બદલીની ગંભીર ભૂલ હવે પછી ન થાય તેના માટે કડક એક્શન જરૂરી, પટ્ટાવાળા–સ્વીપરના ભરોસે કામગીરી મુકવી એ કેટલી વ્યાજબી?

ઈન્ચાર્જ અધિકારીના સીધા નિરીક્ષણ હેઠળ કામગીરી થવી જોઈએ: નિવૃત્તિ આરએમઓ ડો.ચાવડા

રાજકોટ સિવિલમાં હોસ્પિટલમાં ફરજ બજાવી ગયેલા નિવૃત્તિ આરએમઓ ડો.મહેન્દ્ર ચાવડાએ જણાવ્યું કે, કોરોના જેવા સમયમાં તેઓ જ્યારે આરએમઓ હતા ત્યારે તેમના સીધા નિરીક્ષણ હેઠળ કામગીરી થઈ હતી, જેથી પ્રક્રિયા સુચારુ રહીં હતી. અનેક મૃતદેહ હતા પણ અદલાબદલીનો કોઈ અવકાશ રહ્યો નહોતો. તેઓએ પ્રક્રિયા અંગે જણાવ્યું કે, જ્યારે બિન વારસુ મૃતદેહ કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવે ત્યારે આરએમઓ અને પીએમ રૂમના ઈન્ચાર્જ તરીકે તેઓ ખાસ મૃતદેહનું વર્ણન પોલીસ પાસે લખાવતા હતા અને તેનું વેરિફિકેશન થતું હતું. ત્યારબાદ આ વર્ણન સાથે મૃતદેહનો એક ફોટોગ્રાફ પ્રેસ મીડિયાને આપવામાં આવતો. જેથી કરીને બિનવારસુ મૃતકના સગા સંબંધી મળી શકે. અને જો વાલી વારસ ન મળે તો સાત દિવસમાં મૃતદેહનો નિકાલ કરવાની પ્રક્રિયા થતી ત્યારે પણ તમામ બાબતોનું ક્રોસ વેરિફિકેશન કરવામાં આવતું. કપડાં સહિતના પુરાવાઓ સાચવી રાખવામાં આવતા. હાલ પણ જો આ પ્રકારના નિયમોનું કડકપણે પાલન થાય તો મૃતદેહ બદલવાના આવા બનાવો ફરી ન બને.

શહેરના ૭૨.૬૪ કિ.મી. વિસ્તારમાં ૮૨૯૮ સ્થળે મચ્છરોનો ભયંકર ઉપદ્રવ

એઆઇ અને ડ્રોન ટેકનોલોજીથી સઘન સર્વે ચાલુ : અલગ અલગ વોર્ડમાં સ્ટાફની દોડાદોડી : કુલ ૧૦૩ કલાકથી દવા છંટકાવ કરતી એઆઇ સિસ્ટમ

રાજકોટ, તા.૧

મહાનગરપાલિકા દ્વારા મેલેરિયા, ડેંગ્યુ, ચિકનગુનિયા સહિતના મચ્છરજન્ય રોગો તેમજ પાણીજન્યરોગોના નિયંત્રણ અને અટકાયત માટે આરોગ્ય શાખા દ્વારા એઆઇ અને ડ્રોન ટેકનોલોજી આધારીત સર્વેલન્સથી ૭૨.૬૪ કિ.મી. વિસ્તારમાં સર્વે પૂર્ણ કરાતા ૮૨૯૮ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થળો મળ્યા છે.

મહાનગરપાલિકા દ્વારા વાહક નિયંત્રણ હેઠળ કુલ ૧,૯૧,૫૮૭ ઘરોમાં પોરાનાશક અને ફિલ્ડવર્કરો દ્વારા૬૯૫ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવેલ છે. રહેણાંક સિવાયના ૫૩૨ સ્થળે તપાસ કરી રહેણાંક વિસ્તારમાં ૩૧૮ તથા કોમર્શિયલ વિસ્તારમાં ૯૨ આસામીઓને નોટિસ આપવામાં આવી છે.

મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે પરંપરાગત કામગીરીની સાથેડ્રોન ટેકનોલોજી અને એઆઇ આધારિત સર્વેલન્સનો ઉપયોગકરી સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થળોની ઓળખ તથા જરૂરી સ્થળોએ જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરવામાં આવી રહી છે. કુલ ૧૬૧.૮૫ ચો.કિ.મી.વિસ્તાર પૈકી અત્યાર સુધીમાં વોર્ડ નં. ૧, ૩, ૪, ૫ ૧૧, ૧૩, અને ૧૮માં ૭૨.૬૪ચો.કિ.મી. વિસ્તારમાં સર્વે કામગીરી કરવામાં આવી રહી છે. ડ્રોન દ્વારા કરવામાં આવેલ સર્વે દરમિયાન અત્યાર સુધીમાં કુલ ૮,૨૯૮ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થળો શોધી કાઢવામાં આવ્યા છે. જેમાં ૩૫૮૧ સ્થળો ક્ષેત્રિય કાર્મચારીઓ દ્વારા દવા છંટકાવ / સોર્સ રીડકશનની કામગીરી હેઠળ આવરી લીધેલ છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં ડ્રોન દ્વારા કુલ૧૦૩ કલાક જંતુનાશક દવાના છંટકાવની કામગીરી કરવામાં આવી છે.

ડ્રોન સર્વે દ્વારા પ્રાપ્ત વિગતોના આધારે વોર્ડ તથા આરોગ્ય કેન્દ્રના આરોગ્ય કર્મચારીઓ દ્વારા સ્થળની ચકાસણી કરવામાં આવી રહી છે અને જરૂરી સ્થળોએ જંતુનાશક દવા છંટકાવ તથા સોર્સ રીડકશનની કામગીરીહાથ ધરવામાં આવી રહી છે. વિસ્તારોમાં ૩.૪૪ લાખ લોકોના સર્વે, ૬૫૮૬ ટેબ્લેટના વિતરણ, ૧૨૩૭ ઓઆરએસ અને ૩૫૫૭ આરસી ટેસ્ટની કામગીરી કરવામાં આવી હતી.

શિક્ષણ સમિતિના નામોથી ભાજપનું ઘર પણ સળગ્યું : વોર્ડ ૨ના વોટસએપ ગ્રુપમાં ભડકો : અવગણનાનો પડઘો

૩૦ વર્ષથી કદર થતી નથી : કોંગ્રેસમાંથી આવો તો માન મળે છે : નિષ્ક્રિય થઇ જવાની ચર્ચાઓ

રાજકોટ, તા.૧૬

મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિમાં ૧૧ સભ્યોની ભાજપે કરેલી પસંદગી સામે અલગ અલગ વોર્ડમાં કચવાટ શરૂ થયાનું જાણવા મળ્યું છે. વોર્ડ નં.૨ના ભાજપ (જનરલ) નામના ગ્રુપમાં વાત સ્વચ્છતા ઝુંબેશથી શરૂ થાય છે અને ત્યાંથી કાર્યકરો ૩૦-૩૦ વર્ષથી પાર્ટીમાં કામ કરે છે અને સભ્યપદ માટે પક્ષમાં ફોર્મ ભરવા છતાં અવગણના થયાનો ઉભરો ઠાલવ્યો છે.

એક કાર્યકર એવું કહે છે કે અઢી દાયકાથી કામ કરતો હોવા છતાં પાર્ટીએ કોઇ કદર કરી નથી. તો સામે એવું પુછાય છે કે જો આપણે જે પાર્ટીમાં હોઇએ તેમાં અન્યાય થતો હોય તો પાર્ટી બદલવાનું પણ વિચારી શકાય? સામે પાર્ટી બદલી ન શકાય પણ છોડી જરૂર શકાય તેવી ચર્ચા થઇ હતી. વધુમાં નામજોગ એવી ચેટ થઇ છે કે અમે તો ૩૦ વર્ષ શિક્ષણમાં વિતાવ્યા છે, ત્રણ-ત્રણ દાયકાથી અન્યાય થઇ રહ્યો છે. જુના કાર્યકર્તા પાર્ટીને જોતા જ નથી.

આ ગ્રુપમાં ધારાસભ્ય પણ રહેલા છે. એક મહિલા કાર્યકર તો એવું કહે છે કે તકલીફ હોય તો સીધી વાત કરવી જોઇએ. શહેર પ્રમુખ વોર્ડ નં.૨ના છે છતાં એક પણ સભ્યનો સમાવેશ ન કરીને અન્યાય થયો છે. પાર્ટીમાં વધુ પડતા હોદ્દા એ લોકોને જ મળે છે જે બીજી પાર્ટીમાંથી આવ્યા હોય, આપણે તો ઘસાવવાનું જ રહ્યું. એટલે ભાજપમાં હોદ્દો જોઇતો હોય તો કોંગ્રેસમાં અથવા આપમાં કામ કરો.. આવા અમુક નામ પણ ચેટમાં લખવામાં આવ્યા છે.

પાર્ટીની શિસ્તમાં કંઇ બોલવું ન જોઇએ પરંતુ દિલથી કામ કરનારા દુ:ખી થયા છે. રાજકોટ નેતા વિહોણું ગામ છે. જેને જે વોર્ડમાં કામ કર્યુ નથી તેને હોદ્દા અપાઇ રહ્યા છે. વોર્ડ નં.૨ને સંપૂર્ણ અન્યાય થતા તે સંગઠનની જ નબળાઇ છે. 'આમાં કોઇ ફેર પડવાનો નથી, માથાફોડ મુકો, અંધેર નગરી ને ગંડુરાજ'.. આવો ઉકળાટ ઠાલવવામાં આવ્યો છે.


જો આપણે જે પાર્ટી માં હોઇએ તેમાં આપણને અન્યાય થતો હોય તો પાર્ટી બદલવાનું પણ વિચારી શકાય

? ? ? ? ? ?

10:28 am ✓



Bjp Parmar
રાજકોટ શહેર પ્રમુખ આપણા વોર્ડ નંબર 2 ના હોઈ તો પણ શિક્ષણ સમિતિ માં 1નો પણ સમાવેશ નો કરી શકે તો આનાથી વધારે અન્યાય સુ હોઈ
11:16 am

~ Vilasgiri goswami +91 96244 68422
~ #Pallavi +91 88662 38778
Problem hoy a face to face bolo pan sweet thi n kapi nakhi ape cha
પલ્લવીબેન કોને રૂબરૂ મલી ફરિયાદ કરવી બોલો એટલે મલી લઇએ એકવાર નહિં અનેકવાર મલ્યા પરિણામ શું આવેછે
11:17 am

~ #Pallavi +91 88662 38778
Change n Karai pan muki Sakai 👍 🙏
આમ તો મારે કેવાની જરૂર નથી પણ
બધા ને ખ્યાલ જ હશે
પાર્ટી મા વધુ પડતા હોદ્દા એ લોકો ને જ મળે છે જે. બીજી પાર્ટીમા થી આવ્યા હોય
આપડે તો ખાલી ઘસાવાનું જ
એટલે જ ભાજપ મા જો હોદ્દો જોતો હોય તો કોંગ્રેસ અથવા આપ માટે કામ કરો.
દાખલા પણ છે જ આપણી સામે
હાર્દિક પટેલ
અલ્પેશ ઠાકોર
અર્જુન મોઢવાડીયા
અને રાજકોટ શહેર મા પણ ઘણા હોદ્દેદારો એવા છે જ જે પેલા ભાજપ મા હતા જ નહીં
11:17

જાણીતા સ્ટોક બ્રોકર, જૈન અગ્રણી સુનિલભાઈ શાહનું વ્હોટસએપ એકાઉન્ટ હેક : મેસેજ ન ખોલવા વિનંતી

સુનિલભાઈ શાહના કોન્ટેક્ટમાં તમામ લોકોને એક લગ્ન પત્રિકાની APK ફાઇલ હેકરો દ્વારા મોકલવામાં આવી છે, જે એક ફ્રોડ છે : જે કોઈએ ક્લિક કર્યું હોય તો તરત જ બેંક એકાઉન્ટ બ્લોક કરી અને સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરવા અપીલ કરી છે



🙏 નમસ્તે!

અમારા પરિવારમાં એક ખૂબ જ શુભ અને આનંદનો પ્રસંગ આવવાનો છે.

અમારું લગ્નનું આમંત્રણ પત્ર સાથે જોડેલ છે. કૃપા કરીને તેને જરૂરથી ખોલીને જુઓ અને નવદંપતીને તમારા શુભ આશીર્વાદ અને શુભકામનાઓ આપશો. 🤍
આ શુભ પ્રસંગે તમારી ઉપસ્થિતિ અમારા માટે ખૂબ જ આનંદ અને સન્માનની વાત રહેશે.

આપના આગમનની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છીએ! 🙏

08:45

રાજકોટ : આજે સવારે જાણીતા સ્ટોક બ્રોકર અને જૈન અગ્રણી સુનિલભાઈ શાહના ફોનમાં ધડાધડ મેસેજ શરૂ થયા. કઈક અજુકતુ લાગતા તેઓએ તરત ફોન હાથમાં લઈ અને વ્હોટસએપ ખોલ્યું, તો તેમાં એક સાથે ૫૦ થી ૬૦ અલગ અલગ નામે એ.પી.કે ફાઇલ આવી હતી. તેમનાથી અજાણતા એક પર ક્લિક થયું તો સીધો જ ફોન હેક થયો છે. અને આ સાથે તેમના ફોનમાં જેટલા પણ કોન્ટેક્ટ છે તે તમામ લોકોને પણ સવારે૩ ૮.૩૦ કલાક આસપાસ એક મેસેજ ગયો હતો. આ મેસેજમાં વેડિંગ ઇન્વિટેશન (લગ્ન પત્રિકા) ની ફાઇલ હતી અને સાથે લખ્યું હતું કે '' નમસ્તે અમારા પરિવારમાં એક ખૂબ જ શુભ અને આનંદનો પ્રસંગ આવવાનો છે'' આ સાથે આમંત્રણ પાઠવતા મેસેજ પણ હતા. તે સમયે તેમના ફોનમાં અંદાજિત ૨૦૦૦ થી વધુ કોન્ટેક્ટને આ મેસેજ પહોંચ્યો હતો. સુનિલભાઈ શાહને તરત ખબર પડતા તેઓએ તેમના ફેસબુક એકાઉન્ટ દ્વારા અપીલ કરી છે કે આ ફાઇલ પર ક્લિક કરી ખોલશો નહીં. આ સાથે તેમના પુત્ર અખિલ શાહના વ્હોટસએપ સ્ટેટ્સ મારફત પણ અપીલ કરવામાં આવી છે. સુનિલભાઈ શાહે ''સાંજ સમાચાર'' ને જણાવ્યું કે જે કોઈ લોકોએ ભૂલમાં પણ અહીં ક્લિક કર્યું હોય તો તેઓએ તરત બેંક એકાઉન્ટ બ્લોક કરવું અને સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ કરવી. હાલ, સુનિલભાઈ શાહે તેમનો ફોન સાયબર ક્રાઈમ પોલીસમાં સોંપ્યો છે જેથી આ ટેકનિકલ ક્ષતિ દૂર થાય અને વધુ ડેમેજ ન થાય. અહીંયા ખાસ અપીલ કરવામાં આવે છે કે વેડિંગ ઇન્વિટેશન, નવરાત્રી પાસ, વગેરે સહિત ની અડઉં ફાઇલ વ્હોટસએપ પર આવે તો ન ખોલવા અપીલ કરવામાં આવે છે.

વ્હોટસએપ પર APK ફાઇલ આવે તો બિલકુલ ખોલશો નહીં : સુનિલભાઈ શાહનો ફોન સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ટેક્નિકલ ક્ષતિ દૂર કરવા પ્રયાસો

રૈયાધારમાં નામીચા ભવદીપ ઉર્ફે હાંડા આણી ટોળકીનો આતંકઃ યુવક પર હુમલો, કારમાં તોડફોડ

કુખ્યાત શખ્સોને પોલીસનો ભય જ ન હોય તેમ બેખૌફ બન્યાં, યુવકને ટોળકીએ પાઇપ અને પથ્થર વડે માર મારતાં ઈજાગ્રસ્ત થયો, ઈંટના છુટ્ટા ઘા કર્યા, યુની. પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધ્યો

રાજકોટ. તા.૦૧

રૈયાધારમાં કુખ્યાત ભવદીપ ઉર્ફે હાંડા આણી ટોળકીએ રાત્રિના સમયે આતંક મચાવ્યો હતો. નામીચા શખ્સે યુવાનની કારમાં પથ્થરનો ઘા ઝીંકી કાચ ફોડી નાખ્યો હતો. જે મામલે ટપારવા ગયેલા યુવાનને ગાળો ભાંડી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી ચાર શખ્સોની ટોળકીએ પાઇપ અને પથ્થર વડે માર માર્યો હતો. આટલેથી નહિ અટકતા લુખ્ખા તત્વોએ યુવાનના ઘરે ધસી જઈ ઈંટના છુટા ઘા કર્યા હતા. સમગ્ર મામલે યુનિવર્સીટી પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

બનાવ અંગે રામાપીર ચોકડી નજીક બાર માળીયા આર.એમ.સી. ક્વાર્ટર બ્લોક નં ૬૦૧/૬૧૦ માં રહેતા ૨૮ વર્ષીય યુવાન આનંદભાઈ ઉર્ફે બાબુભાઈ રણછોડભાઈ પરમારે આરોપી તરીકે કુખ્યાત ભવદીપ ઉર્ફે હાંડો પરેશ ડાભી, બંટી પ્રતાપ સોલંકી, અરમાન ઉર્ફે અનુ ચમન સોઢા અને આશિષ ઉર્ફે દેવલો રમેશ રાવળદેવનું નામ આપી જણાવ્યું હતું કે, ગઈ તા. ૨૯ ના રોજ રાત્રીના અગિયાર વાગ્યે તે રાણીમાં રૂડીમાં ચોકમાં ઠાકરધણી હોટલે ચા પાણી તથા પાન મસાલો ખાવા માટે મારી પાસે છેલ્લા ત્રણ વર્ષથી રહેલ મિત્ર ચીરાગ વાગડીયાની વર્ના કાર નંબર જીજે-૦૩-કેએચ-૦૦૪૬ લઈ ગયેલ હતો.

કાર સાઈડમાં પાર્ક કરી તે ઠાકરધણી હોટલની અંદર ચા પીતો હતો, તે વખતે મીત્ર રવિ પરમારે અંદર આવી વાત કરેલ કે, ભવદીપ ઉર્ફે હાંડાએ પથ્થર મારી તારી કારનો પાછળનો કાચ ફોડી નાખેલ છે. જેથી દુકાનની બહાર નીકળી જોયું તો વર્ના કારના કાચ તુટેલ અને કાર પાસે ભવદીપ ઉર્ફે હાંડો ડાભી ઉભેલ હતો. જેથી ભવદીપને પૂછેલું કે, તને મારી સાથે શું દુશ્મની છે? કે તે મારી ગાડી ના કાચ તોડી નાખ્યા? જે સાંભળી ભવદીપ ગાળો આપવા લાગેલ હતો. બંટી પ્રતાપ સોલંકી પણ ભવદીપ સાથે હાજર હોય તે બંને શખ્સો ગાળો આપવા લાગેલ હતા.

દરમિયાન યુવાને કોઈ મોટો ઝઘડો ન થાય તે માટે ૧૧૨ માં ફોન કરતા ભવદીપે કહેલ કે, તે પોલીસમાં કેમ ફોન કરેલ તેમ કહી ઢીકા-પાટુનો માર મારવા લાગેલ હતો. ભવદીપના હાથમાં પાઇપ હોય તેના બે ઘા પડખામાં મારી દીધેલ હતાં. બંટી પ્રતાપ સોલંકીએ ગાળો આપી પથ્થરના છુટ્ટા ઘા મારેલ હતા. દરમિયાન ભવદીપ ઉર્ફે હાન્ડાના મિત્રો અરમાન ઉર્ફે અનુ ચમન સોઢા તથા આશીષ ઉર્ફે દેવલો રમેશ રાવળદેવએ ગાળો આપી જાતિ પ્રત્યે અપશબ્દો ઉચ્ચાર્યા હતા. દરમિયાન ત્યાં હાજર લોકોએ યુવાનને વધુ મારમાંથી બચાવ્યો હતો. બાદમાં યુવાનને સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

દરમિયાન ભવદીપ ઉર્ફે હાંડાએ યુવાનના ઘરે જઈ ઈંટના છુટા ઘા કરી ઘરના દરવાજામાં નુકસાન કરેલ હતું. જેથી સમગ્ર મામલે યુવાને ફરિયાદ આપતાં યુની. પોલીસે ચારેય શખ્સો સામે ગુનો નોંધી તપાસ આદરી હતી.

રાજકોટ સહિત રાજ્યનાં હજારો ગરીબોમાં પૂરવઠા તંત્રનાં વાંકે દેકારો!

ગોડાઉનમાં સપ્ટેમ્બરનો જથ્થો છેક તા.૨૫થી૨૮ બાદ પહોંચાડાયોઃ વેપારીઓને ફરી ગ્રાહકો સાથે ઘર્ષણઃ ગયા મહિનાનું વિતરણ આગામી તા.૫ સુધી લંબાવી દેવા વેપારી સંગઠ્ઠને પુરવઠા મંત્રીને તાકીદનો પત્ર પાઠવ્યો

રાજકોટ તા.૧

રાજકોટ સહિતનાં ૯થી વધુ જિલ્લાનાં રેશનીંગનાં પરવાનેદારોને ગત સપ્ટેમ્બર માસનાં જથ્થાનું વિતરણ છેક તા.૨૫થીર૮ સપ્ટેમ્બર વચ્ચે થતા હજારો લાભાર્થીઓ હજુ પણ જથ્થાથી વંચિત રહેતા દેકારો બોલી ગયો છે, ત્યારે, તાત્કાલીક ગત માસનાં વિતરણની તારીખ તા.૫ ઓકટોબર સુધી લંબાવી દેવા ઓલ ગુજરાત ફેરપ્રાઈઝ એસોસીએશનનાં પ્રમુખ તથા મહામંત્રી હિતેન્દ્રસિંહ જાડેજાએ રાજ્યનાં પુરવઠા મંત્રીને ખાસ પત્ર પાઠવી માંગણી કરી છે.

એસો.નાં હોદેદારોએ પુરવઠામંત્રીને જણાવેલ હતું કે

રાજ્યમાં સપ્ટેમ્બર માસના જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના અનાજના જથ્થાની ઇસ્યુ તથા વિતરણ કામગીરીમાં આ માસ દરમિયાન નોંધપાત્ર વિલંબ જોવા મળ્યો છે. રાજ્યના વિવિધ જિલ્લાઓના ગોડાઉન પર અનાજનો જથ્થો તા. ૨૫ સપ્ટેમ્બર બાદ પહોંચ્યો હોવાનું ધ્યાન પર આવ્યું છે.

ખાસ કરીને ડાંગ, ગીર સોમનાથ, દાહોદ, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, ભાવનગર, જૂનાગઢ અને મોરબી સહિતના જિલ્લાઓમાં કેટલાક ગોડાઉન ખાતે તા. ૨૫ બાદ પણ જથ્થો ઇસ્યુ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. કેટલાક ગોડાઉન ખાતે તા. ૨૮ સપ્ટેમ્બર ના રોજ પણ ઇસ્યુ કામગીરી થયેલ હોવાનું ધ્યાન પર આવ્યું છે.

આ ઉપરાંત, કેટલાક કિસ્સાઓમાં માત્ર (ડિલિવરી ચલણ)બનાવી ઇસ્યુ કામગીરી પૂર્ણ થયાનું દર્શાવવામાં આવ્યું હોવા છતાં વાસ્તવિક રીતે જથ્થો ગોડાઉનમાંથી રવાના થવાની કામગીરી બાદમાં કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પરિણામે કાગળ પર ઇસ્યુ કામગીરી પૂર્ણ થયેલી દર્શાવાય છે, પરંતુ વાસ્તવિક જથ્થો વિતરણ વ્યવસ્થા સુધી સમયસર પહોંચતો નથી.

તેમાં વધુમાં સર્વર/ઈસ્યુ CBDC સંબંધિત ટેકનિકલ સમસ્યાઓ ને કારણે પણ વિતરણ કામગીરીની ગતિમાં ઘટાડો થયો હોવાનું ધ્યાન પર આવ્યું છે. આવી પરિસ્થિતિમાં રાજ્યના હજારો રેશનકાર્ડ ધારકોને સમયસર મળવાપાત્ર અનાજથી વંચિત રહવું પડે છે.

રાજ્ય સરકાર દ્વારા ૪૫ દિવસની સાયકલ મુજબ દર મહિને અગાઉથી જથ્થાની પરમિટ ફાળવવામાં આવે છે. પરમિટ ફાળવણીના થોડા દિવસથી જ ઘઉં-ચોખા સહિત ઉપલબ્ધ જથ્થાનું ઇસ્યુ શરૂ કરવા અંગેની સ્ટેન્ડિંગ સૂચનાઓ હોવા છતાં, કેટલાક ઉજઉ ઇજારદારો દ્વારા રાજ્ય સરકારની યોજનાનું ચલણ ભરાયા પહેલાં કામગીરી શરૂ કરવામાં આવતી નથી. ઉપલબ્ધ જથ્થાનું ઇસ્યુ શરૂ કરવા અંગે ઇજારદારો સાથે લેખિત કરાર/જવાબદારી હોવા છતાં, ગોડાઉન ખાતે તમામ વસ્તુઓનો જથ્થો ઉપલબ્ધ થાય ત્યાર બાદ જ ઇસ્યુ શરૂ કરવાની પદ્ધતિ અપનાવવામાં આવે છે.

આ બાબતના પરિણામે દર મહિને કોઈને કોઈ કારણસર ઇસ્યુની કામગીરી નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થતી નથી. સચિવશ્રી દ્વારા દભ મારફતે સૂચનાઓ આપવામાં આવતી હોવા છતાં કેટલાક સ્થાનિક DSM આ બાબતે જરૂરી ગંભીરતા દાખવતા નથી, જેના કારણે અંતે તેની સીધી અસર સામાન્ય રેશનકાર્ડ ધારકો પર પડે છે. આથી આ બાબત સીધી રીતે રાજ્યના ગરીબ અને જરૂરિયાતમંદ રેશનકાર્ડ ધારકોના હિત સાથે સંકળાયેલી હોવાથી, સપ્ટેમ્બર માસના વિતરણ માટે તાત્કાલિક તા. ૫ ઓક્ટોબર સુધી મુદત વધારવા તથા જરૂરી હોય ત્યાં સુધી RD સુવિધા ચાલુ રાખવા અંગે તાત્કાલિક હુકમ કરવો જરૂરી છે.

૧૯૭૭માં બનેલી અને વર્ષે ૧.૧૩ કરોડનો ખર્ચ કરાવતી મ્યુનિ. કોર્ટ બંધ કરવા તૈયારી

હવે ફૂડના કેસ ન્યુનતમ થઈ ગયા : કરકસર માટે નિર્ણય લેવાશે : સર્વેશ્વર ચોકમાં પીંક ટોયલેટ : ખેડૂત હાટ બનાવાશે : શનિવારે સ્ટે.કમીટીની મીટીંગ બોલાવતા ચેરમેન પીપળીયા

રાજકોટ, તા.૧

મ્યુનિ. કોર્પોરેશનના ફૂડ સહિતના કેસ માટે ખાસ ૧૯૭૭માં બનાવવામાં આવેલી મ્યુનિસિપલ કોર્ટ હવે માત્ર ન્યુનતમ કેસો આવતા હોય, ખર્ચનું ભારણ ઘટાડવા અને વહીવટી સુધારણા ખાતર બંધ કરવા સ્ટે.કમીટીમાં મહત્વની દરખાસ્ત મુકવામાં આવી છે. તા.૩ના શનિવારે સવારે ચેરમેન પરેશ પીપળીયાના અધ્યક્ષસ્થાને મળનારી સ્થાયી સમિતિના એજન્ડા પર કુલ ૨૧ દરખાસ્તો રહેલી છે. જેમાં વિકાસ કામો સહિતની બાબતો સામેલ છે.

ચેરમેન પરેશ પીપળીયાએ કહ્યું હતું કે, વર્ષો અગાઉ ફૂડના કેસની જરૂરીયાત ધ્યાને લઇને ખાસ મ્યુનિ. કોર્ટ શરૂ કરાઇ હતી. પરંતુ હવે તા.૪-૮-૨૦૧૧થી આવેલા નવા ફૂડ એકટ હેઠળ કોર્ટ કેસ ઓછા અને દંડના કેસ વધી ગયા છે. દંડની કાર્યવાહી પણ કલેકટર કચેરી હેઠળ ચાલે છે. જુના કેસની સુનાવણી થતી હોય છે પરંતુ હવે ફૂડના કેસમાં કોર્ટ કાર્યવાહી નહીંવત થઇ છે. આથી જે તે વખતે કોર્પો.માં શરૂ થયેલી કોર્ટ હવે મોચીબજારમાં સ્થળાંતરીત થઇ છે અને ત્યાં કોર્પો. સિવાયના કેસ પણ ચાલતા હોય છે. પગારથી માંડી લાઇટ બીલ સહિત વર્ષે ૧.૧૩ કરોડનો ખર્ચ આવે છે. આથી હાલની પરિસ્થિતિમાં આ કોર્ટ બંધ કરવાની કાર્યવાહી થઇ છે.

આ કોર્ટ શરૂ કરવાનો મુખ્ય હેતુ તે સમયે ખાદ્ય ભેળસેળ અને શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એકટ હેઠળના કેસ ચલાવવાનો હતો. રાજ્ય સરકાર દ્વારા કોર્ટ માટે એક જુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, એક સિનિયર કલાર્ક, બે જુનિયર કલાર્ક અને બે પટાવાળા સહિતનો સ્ટાફ મંજૂર કરવામાં આવ્યો હતો.

કોર્ટના તમામ કર્મચારીઓના પગાર ઉપરાંત બિલ્ડિંગના સમારકામ, ફર્નિચર, સ્ટેશનરી, સફાઈ અને અન્ય ખર્ચ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઉઠાવવામાં આવતો હતો. કોર્ટ માલિકીના બિલ્ડિંગમાં કાર્યરત હોવા છતાં સમગ્ર સંચાલન ખર્ચ મનપાની તિજોરીમાંથી ચૂકવવામાં આવે છે. હાલમાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ-૨૦૦૬ અમલમાં હોવાથી ખાદ્ય ભેળસેળને લગતા મોટાભાગના કેસ એડજ્યુડિકેટિંગ ઓફિસર સમક્ષ ચાલી રહ્યા છે. પરિણામે મ્યુનિસિપલ કોર્ટમાં પેન્ડિંગ રહેલા ફોજદારી કેસોની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટી ગઈ છે.

કોર્ટમાં ભેળસેળને લગતા ફોજદારી કેસો ઘટ્યા હોવા છતાં કર્મચારીઓના પગાર, સ્ટેશનરી અને અન્ય વહીવટી ખર્ચનો સંપૂર્ણ બોજ રાજકોટ મહાનગરપાલિકાને ઉઠાવવો પડી રહ્યો છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન આ કોર્ટ પાછળ વાર્ષિક અંદાજે રૂ. ૧.૧૩ કરોડનો ખર્ચ થયો હતો. સામે દંડની આવક તો ટ્રેઝરી ઓફિસમાં જાય છે આથી આર્થિક ભારણ, કેસોની ઘટતી સંખ્યા અને બદલાયેલી કાયદાકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ જેએમએફસી કોર્ટ બંધ કરવાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. આ માટે સ્ટેન્ડિંગ કમિટી મારફતે સામાન્ય સભાની મંજૂરી મેળવી રાજ્ય સરકારને સત્તાવાર દરખાસ્ત મોકલવામાં આવશે.

પીંક ટોયલેટ

શનિવારની મીટીંગમાં એજન્ડા પર રહેલી અન્ય દરખાસ્તો મુજબ વોર્ડ નં.૭માં સર્વેશ્વર ચોક પાસે મહિલાઓ માટે પીંક ટોયલેટ બનાવવા ૨૬.૩૫ લાખનો ખર્ચ મંજૂર કરવા નિર્ણય લેવાશે. સ્પોર્ટસ પ્રવૃત્તિનું મેન્ટેનન્સ વધુ બે વર્ષ સોંપવા, લાયબ્રેરી માટે બે નવા વાહન ખરીદવા, પ્રાકૃતિક ખેતી માટે સર્ટીફાઇડ ખેડુતોને જગ્યા ફાળવવા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહની ગ્રાન્ટમાંથી સીસી રોડ સહિતના કામ કરવા , વોર્ડ નં.૩માં પે એન્ડ યુઝ, વોર્ડ નં.૧૨માં આવાસ યોજનામાં દુકાન વેંચાણથી આવક સહિતની બાબતો પર શનિવારે શાસકો નિર્ણય લેશે.

અશોક સિંઘલ જન્મ શતાબ્દી સમારોહમાં જબરો ઘટસ્ફોટ

અનેક લોકોએ રામ જન્મભૂમિના નામે નાણા બનાવ્યાઃ ચંપતરાય



દાન ચોરી- જન્મભૂમિ નિર્માણમાં ગેરરીતિ પર પ્રથમ વખત મૌન તોડતા પુર્વ મહાસચીવ

કાનપુર:

અયોધ્યા-રામ જન્મભૂમિ મંદિર દાન-ચોરીમાં એક તરફ પોલીસે તપાસમાં દાન એકત્ર કરનાર આઠ લોકોને આરોપી બનાવીને કેસને ત્યાંજ પુરો કરી દીધો છે તથા અનેક મોટા માથાને બચાવી લેવાયા છે તેવા આરોપ થઈ રહ્યા છે તો રામજન્મભૂમિ ટ્રસ્ટના પુર્વ મહાસચીવ ચંપતરાયે હવે મૌન તોડતા જણાવ્યું કે જન્મભૂમિના નામે અનેક લોકોએ જંગી કમાણી કરીને હવે ચાલ્યા ગયા છે.

કાનપુરમાં જન્મભૂમિ ચળવળનું નેતૃત્વ કરનાર સ્વ.અશોક સિંઘલની જન્મ શતાબ્દીના કાર્યક્રમમાં સંચાલન કરતા ચંપતરાયે વિશ્વ હિન્દુ પરિષદ સહિતના સંગઠનોના અગ્રણીઓની હાજરીમાં આ પ્રકારના વિધાનો કરી સૌને સ્તબ્ધ કરી દીધા હતા. તેઓએ સ્વ.સિંઘલે શ્રદ્ધાંજલી આપતા કહ્યું કે તેઓ જીવનભર જન્મભૂમિને સમર્પીત રહ્યા હતા પણ કેટલાક લોકો જન્મભૂમિને નામે આવ્યા અને પૈસા કપાઈને ચાલ્યા ગયા હતા.

તેઓએ કહ્યું કે અનેક લોકોએ જન્મભૂમિ માટે જીવન અપાવ્યુ અને અનેક પોતાનું 'જીવન' બનાવ્યુ હતું. તેઓએ અશોક સિંઘલે જે રીતે પોતે જન્મભૂમિ માટે સંઘર્ષ કર્યા તેને વર્ણવ્યા હતા. શ્રી ચંપતરાયના આ વિધાનો સૂચક છે. કરોડોની દાન-ચોરીમાં 'તપાસ'ના નામે થોડા લોકોને દોષીત ગણી અને જન્મભુમિ આસપાસ જમીન ખરીદી ગોટાળા-બાંધકામ ગોટાળા છુપાવાયાની જબરી ચર્ચા થઈ હતી પણ તેમાં ભાગ્યે જ કોઈ તપાસ થઈ છે.

હવે ગલ્ફની ઓઈલ કંપનીઓના જ ટેન્કરથી ક્રુડતેલ મંગાવે છે ભારત

ખાડીના દેશો હોર્મુઝમાંથી સલામત કેમ પસાર થયું તે સારી રીતે જાણે છે

નવી દિલ્હીઃ ઈરાન યુદ્ધના કારણે ખાડીના દેશોમાંથી ક્રુડતેલ, ગેસની આયાત કરવી એ જોખમ ઉઠાવવા જેવું છે અને તેથી હવે ઈન્ડીયન ઓઈલ સહિતની ભારતની રિફાઈનરીઓએ તેના વ્યુહોમાં બદલાવ કરી કંપનીઓ ખુદના ઓઈલ ટેન્કર મોકલવાના બદલે ગલ્ફના દેશોના જ ઓઈલ ટેન્કર ભાડે કરે છે. આ ઓઈલ ટેન્કર હોર્મુઝ જળમાર્ગમાંથી સલામત કઈ રીતે બહાલ આવવું તે સારી રીતે જાણતા હોય છે અને તેથી ભારતને ગલ્ફનું ક્રુડતેલ વ્યાજબી ભાવે તથા ઓછા શીપીંગ ખર્ચથી મળી જાય છે. અન્યથા રેડ-સી કે કેપ ઓફ ગુડ હોપ ના માર્ગે ક્રુડતેલ મેળવવામાં ભારે ખર્ચ આવે છે. ભારતના ટેન્કર ગલ્ફમાં મોકલવા અને સલામત બહાર લાવવા એ મોટો ખર્ચ, શીપીંગ તથા વિમા પ્રિમીયમ ચુકવવા પડે છે પણ આ નવા વ્યુહની ગલ્ફના દેશો પણ ખુશ છે. તેઓને હાલની કટોકટીમાં ઓઈલ ટેન્કર ખુદના ઉપયોગ કરી શીપીંગમાં સરળતા રહે છે. હવે તેઓ જ ઓઈલ ટેન્કર ભાડે કરી ઓઈલ વેચી રહી છે.

મમતાને આંચકોઃ તૃણમુલના બેન્ક ખાતા 'ફ્રીઝ' જ રહેશે

નવી દિલ્હીઃ તૃણમુલ કોંગ્રેસમાં ભાગલા પછી પક્ષના વડા અને પુર્વ મુખ્યમંત્રી મમતા બેનરજીને વધુ એક આંચકો લાગ્યો છે. જેમાં અગાઉ પક્ષના ભાગલા બાદ ટીએમસીના જે ચાર બેન્ક ખાતા ફ્રીઝ કરાયા છે તે નિર્ણયમાં દખલ કરવાનો સુપ્રીમકોર્ટે ઈન્કાર કર્યો છે. આ ખાતા હાલ ફ્રીઝ જ રહેશે. તૃણમુલ કોંગ્રેસે દાવો કર્યો કે રોજબરોજના પક્ષના વ્યવહારો માટે નાણાની જરૂર હોવાથી ખાતા ડી-ફ્રીઝ કરવા જરૂરી છે.

એશિયન ગેમ્સઃ હોકીમાં પાકિસ્તાનને પરાજીત કરી ફાઈનલમાં પહોંચતું ભારત

ટીમ ઈન્ડીયા જાપાનમાં રમાઈ રહેલ એક બાદ એક સ્પર્ધામાં ચંદ્રકો મેળવી રહી છે અને પૂરૂષ હોકી ટીમ ફાઈનલમાં પહોંચી ગઈ છે. આજે સેમીફાઈનલમાં પાકિસ્તાન સામે એક સમયે ભારત ૩-૦ની સરસાઈ મેળવી હતી પણ પાકિસ્તાને સ્કોર ૩-૩ ઉપર લેવલ કર્યા બાદ આખરી ઘડીએ ભારતના અભિષેક નનએ બાજી પલટી હતી અને ૪-૩થી પાકિસ્તાનને હરાવ્યું હતું. હવે ભારતનો મુકાબલો મલેશીયા અથવા દ.કોરીયાના બીજા સેમીફાઈનલમાં જે ટીમ જીતશે તેની સામે હશે.

પૂર્વ આઈએએસ અધિકારી કે.રાજેશને ફરજીયાત નિવૃત કરી દેવાયા

જમીન કૌભાંડ તથા હથીયારોના લાયસન્સમાં લાંચ સહિતના આરોપમાં સીબીઆઈ અને ઈડીની તપાસનો સામનો કરી રહેલા ગુજરાતના ૨૦૧૧ની બેચના પૂર્વ આઈએએસ અધિકારી અને સુરેન્દ્રનગર અને કચ્છના કલેકટર રહી ચૂકેલા કે.રાજેશને રાજય સરકારે ફરજીયાત નિવૃત કરી દીધા છે. અગાઉ ૨૦૨૨માં તેમની સામે અનેક પ્રકારના આરોપો મુકાયા હતા અને તેમની ધરપકડ પણ થઈ હતી અને લાંબો સમય કસ્ટડીમાં રહેતા તેમને સસ્પેન્ડ કરાયા હતા. હવે ખાતાકીય તપાસના અંતે તેમને આઈએએસ સેવામાંથી ફરજીયાત નિવૃત કરાયા હતા.

ગાંધી જયંતી નિમિત્તે રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

રાજ્યમાં ખાદી અને પોલિવસ્ત્રના ઉત્પાદન પર ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાયની જાહેરાત

આવતીકાલથી તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી મળશે આ વિશેષ પ્રોત્સાહન સહાયનો લાભ

અમદાવાદ તા.૧

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ખાદીના વિચારને ખરા અર્થમાં જીવંત રાખવા તથા ખાદી દ્વારા રાજ્યના હજારો કારીગરોને સતત રોજગારી મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર દ્વારા ગાંધી જયંતી નિમિત્તે એક અત્યંત મહત્વપૂર્ણ અને પ્રજાભિમુખ નિર્ણય લેવામાં આવ્યો છે.

જે અંતર્ગત ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા તા. ૨ ઓક્ટોબર થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી ખાદી અને પોલિવસ્ત્રની માન્ય સંસ્થાઓ-મંડળીઓ દ્વારા ઉત્પાદિત ખાદી અને પોલિવસ્ત્રની ઉત્પાદનની કિંમત પર ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે, જેનો સીધો લાભ ગ્રાહકોને ખાદી વેચાણ કેન્દ્રો મારફત ખરીદી પર મળનારા વળતર સ્વરૂપે થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશેષ પહેલ ખાદી ફોર નેશન અને ખાદી ફોર ફેશન, વોકલ ફોર લોકલ તેમજ હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીની થીમને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયના પરિણામે આગામી ધાર્મિક તહેવારો, જાહેર તેમજ સામાજિક પ્રસંગોમાં નાગરિકો સ્વદેશી ખાદી તરફ વધુ આકર્ષાશે અને તેના વેચાણમાં નોંધપાત્ર વધારો થશે.

રાજ્યમાં ખાદીનું વેચાણ વધવાથી ગુજરાતની KVICનું પ્રમાણપત્ર ધરાવતી અને ખાદી બોર્ડના ઈ-કુટીર પોર્ટલ પર નોંધણી થયેલ અંદાજિત ૨૨૦ થી વધુ માન્ય ખાદી સંસ્થા/મંડળીઓના ખાદી અને પોલિવસ્ત્રના ઉત્પાદનની કામગીરી સાથે સંકળાયેલ અંદાજે ૧૬ હજારથી વધુ કાંતનાર અને વણનાર કારીગરોને સતત રોજગારી મળતી રહેશે. આ સહાય યોજના અંતર્ગત ઉત્પાદિત આસન, શેતરંજી, રેશમ પટોળા, ઊની સ્વેટર, જર્સી, શાલ અને ખાદીના વિવિધ રેડિમેઇડ ગારમેન્ટ્સ જેવાં ઉત્પાદનોની બહોળા પ્રમાણમાં ખરીદી થવાથી સ્થાનિક ગ્રામીણ અર્થતંત્રને મજબૂતી મળશે. આ ઉપરાંત, ખાદીના વેચાણને વ્યાપક પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ શહેરોમાં ખાસ પ્રદર્શન-સહ-વેચાણ મેળાઓનું દર વર્ષે આયોજન પણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે ગાંધી જયંતી નિમિત્તે તા. ૦૨ થી ૦૭ ઓક્ટોબર દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે, તા. ૦૧ થી ૧૦ ઓક્ટોબર દરમિયાન ભરૂચ ખાતે અને તા. ૧૧ થી ૧૭ ઓક્ટોબર દરમિયાન વડોદરા ખાતે ખાદી પ્રદર્શન-સહ-વેચાણ મેળાઓ યોજાશે.

ચેમ્બર ઓફ કોમર્સનો ૬૫ લાખનો નફોઃ આવકવેરા કલમ ૧૨A અને ૮૦જી હેઠળ મુક્તિ

વાર્ષિક સામાન્ય સભામાં સંસ્થાની કામગીરી તથા હિસાબી સરવૈયા રજુ

રાજકોટ તા.૧

સમગ્ર ગુજરાતમાં પ્રતિષ્ઠાભર્યુ સ્થાન ધરાવતી અને વેપારીવર્ગની સાથોસાથ રેલવે-વિમાન જેવા નાગરિકોના પ્રશ્નોએ અવાજ ઉઠાવવામાં અગ્રેસર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ ૬૫ લાખનો વાર્ષિક નફો નોંધાવ્યો છે. આ ઉપરાંત સંસ્થાને આવકવેરા મુક્તિ પણ મળી છે જેથી જરૂર પડયે મહત્વના પ્રોજેકટમાં ડોનેશન મેળવવામાં પણ સરળતા રહેશે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સની ૭૧મી વાર્ષિક સભા ગઈકાલે યોજાઈ હતી તેમાં સારી એવી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ પી.પી.વૈષ્ણવે કહ્યું કે સંસ્થા માત્ર રાજકોટ જ નહીં, સૌરાષ્ટ્ર-કચ્છના વેપાર પ્રશ્નોએ પણ સજાગ રહે છે અને સમસ્યાઓનુ નિરાકરણ લાવવા માટે મહત્વની ભૂમિકા ભજવે છે. સંસ્થાએ સરકારી નીતિઓથી માંડીને તમામ ક્ષેત્રોમાં સક્રીય રસ લેવા સાથે સેમીનાર, મીટીંગ, ઓપન હાઉસ, અવેરનેશ જેવા કાર્યક્રમો યોજીને આગવી ઓળખ ઉભી કરી છે. સહકારી નીતિ માટે થતા સૂચનોની પણ નોંધ લઈને તેમાં સમાવેશ કરાયા છે. નાના ઉદ્યોગો, જીએસટી, વિજળી, નિકાસ, આવકવેરા સહિતના ક્ષેત્રોના પ્રશ્નોનુ નિરાકરણ લવાય છે. સભ્યોના પ્રશ્નો-સૂચનોનો પણ નિવેડો લાવવામાં આવે છે.

સંસ્થાના મંત્રી નૌતમ બારસીયાએ વર્ષમાં કરેલી કામગીરી રજુ કરી હતી. ખજાનચી વિનોદ કાછડીયાએ વાર્ષિક સરવૈયુ રજુ કરતા જણાવ્યુ હતું કે ૨૦૨૫-૨૬ના નાણાવર્ષમાં ૬૫.૪૩ લાખનો નફો થયાનું જાહેર કર્યુ હતું. નવા નાણાંકીય વર્ષનું બજેટ રજુ કર્યુ હતું.

તેઓએ જાહેર કર્યુ હતું કે સંસ્થાને ૧૨એ તથા ૮૦જીનુ રજીસ્ટ્રેશન પણ મળી ગયુ છે. આ તકે ખાસ ઉપસ્થિત રહેલા ડો.પરસોતમ પીપરીયાએ બેંકમાં કોર્પોરેટ ગેરેન્ટર તથા વ્યક્તિગત ગેરેન્ટરની વ્યાખ્યા સ્પષ્ટ કરીને બેંક ધિરાણમાં તકેદારી વિશે માર્ગદર્શન આપ્યુ હતું. સભ્યોના પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. સભાના અંતમાં ઉપપ્રમુખ પાર્થ ગણાત્રાએ કહ્યું કે ચેમ્બર ઓફ કોમર્સ વેપારજગતના હિતમાં જ કાર્ય કરે છે અને કોઈપણ સૂચનો-મુશ્કેલી રજુ કરવાનુ આહવાન કર્યું હતું.

ધનરાજ નથવાણીની એન્ટ્રીએ પુરુ ચુંટણી સમીકરણ બદલી નાંખ્યુ

ઉતરપ્રદેશ રાજયસભા ચુંટણી અખિલેશનો માસ્ટર સ્ટ્રોક કે જોખમ!

કુલ ૧૦માંથી ભાજપ માટે સાત અને સપા માટે બે બેઠકો સિકયોરઃ એક બેઠક પર બંને પક્ષોની નજર

ભાજપ આઠમી ઉપરાંત નવમી બેઠક પણ જીતવા દાવ ખેલે તેવા સંકેતઃ સપા ત્રીજા ઉમેદવાર કોને જાહેર કરે છે તેના પર નજર

લખનઉ તા.૧

ઉતરપ્રદેશમાં રાજયસભાની ૧૦ બેઠકો માટે યોજાનારી ચુંટણી એ રસપ્રદ વળાંક લઈ લીધો છે અને ગઈકાલે સમાજવાદી પક્ષે સલામત મનાતી બે બેઠકો પર ઉમેદવારો જાહેર કર્યા જેમાં યાદવ કુટુંબના વર્તમાન સાંસદ રામગોપાલ યાદવને રિપીટ કર્યા છે અને તેની સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ટોચના એકઝીકયુટીવ અને વર્તમાન સાંસદ પરિમલ નથવાણીના પુત્ર ધનરાજ નથવાણીને ટિકીટ આપીને ચુંટણીનું પુરુ સમીકરણ બદલી નાંખ્યુ છે અને તેને અખિલેશ યાદવનો માસ્ટર સ્ટ્રોક ગણવામાં આવે છે. અગાઉ ચોથી વખત રાજયસભામાં ચુંટાયેલા પરિમલભાઈ નથવાણીએ ઝારખંડમાંથી ચુંટણી લડી તો તેઓ ત્રીજા ઉમેદવાર હતા અને ભાજપે તેને બહારથી ટેકો આપીને ચુંટણી જીતાડી જયારે ઉતરપ્રદેશમાં સપાએ સિકયોર મનાતી બેઠક પર ધનરાજ નથવાણીને ટિકીટ આપી તે પણ રસપ્રદ બાબત છે. કુલ ૧૦ બેઠકોમાંથી ૭ બેઠકો પર ભાજપનો વિજય નિશ્ચિત છે જયારે સપાને બે બેઠક મળશે અને સાથોસાથ એક બેઠક માટે જંગ થશે. ભાજપે હજુ તેના ઉમેદવાર જાહેર કર્યા નથી. તા.૬ સુધીમાં ઉમેદવારી નોંધાવાની છે અને તેથી ભાજપ તેની પોતાની બાજી રમશે જેથી આઠ બેઠકો જીતી શકાય. રાજયસભામાં એક એક બેઠક મહત્વની છે. ખાસ કરીને મોદી સરકારને બે તૃતીયાંશ બહુમતીની જરૂર છે અને તેથી તે વિપક્ષને પણ તોડી રહ્યું છે. ઉતરપ્રદેશમાં રાજયસભાની એક બેઠકમાં ૩૬ મતોનો કવોટા જરૂરી છે. આમ આઠ બેઠકો માટે ભાજપે ૨૮૮ ધારાસભ્યોનો ટેકો જોઈએ જયારે તેને સાત બેઠકોમાં જીત નિશ્ચિત મનાય છે. ભાજપ કુલ ૨૯૯ મતો પર તેનું ગણીત બનાવી રહ્યું છે અને જો આઠ બેઠકો જીતે તો પણ તેની પાસે ૧૧ મત વધે તેમ છે. આમ આ ૧૧ મતનો ઉપયોગ કરીને ભાજપ સપાની બે સિકયોરમાંથી એક બેઠક પર વળતો વ્યુહ ગોઠવે તો પણ આશ્ચર્ય થશે નહી. જો કે તેના માટે ભાજપને ૨૫ મતોની જરૂર છે. હજુ સમાજવાદી પક્ષે પોતાના ત્રીજા ઉમેદવાર જાહેર કર્યા નથી અને તે પક્ષના સતાવાર હશે કે પછી ધનરાજ નથવાણીને જીતી જવા માટે તેનો વ્યુહ ગોઠવવા જણાવાશે તેના પર નજર છે. માનવામાં આવે છે કે સપા ત્રીજી બેઠક મુસ્લીમ ઉમેદવારને આપી શકે છે. અચાનક જ ઉતરપ્રદેશ એ ઉદ્યોગપતિઓ માટે મહત્વનું બની ગયું છે અને તેમાં હવે રાજયસભા ચુંટણીના પરિણામો એ સૂચક હશે.

સપા ત્રીજા ઉમેદવાર કોને બનાવે છે! શું ધનરાજ નથવાણીએ પોતાની ક્ષમતાથી જીતવું પડશે!

રસપ્રદ સ્થિતિઃ સપાના બે અગ્રણીઓ પણ રાજયસભામાં જવા માંગે છે

લખનઉ તા.૧

ઉતરપ્રદેશમાં રાજયસભા ચુંટણીમાં ધારાસભ્યોના મતોમાં આગામી વર્ષે યોજાનારી ધારાસભાની ચુંટણીનું ગણીત પણ મહત્વનું બનશે. સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપ સપાના એવા ધારાસભ્ય પર નજર રાખી રહ્યું છે જેની ટિકીટ કપાવાનો ખતરો છે તો સપા ભાજપના સાથી પક્ષ સુહેલદેવ જનતા પાર્ટી, નિશાજ પાર્ટી તથા રાષ્ટ્રીય લોકદળના ધારાસભ્યોને ટિકીટ આપવાની લાલચ આપીને સાથે લઈ શકે છે. આમ બંને પક્ષો એક વધારાના ઉમેદવારને ચુંટી કાઢવા મહેનત કરશે. હવે ભાજપના ઉમેદવારો જાહેર થયા બાદ તેમાં કોને ટિકીટ આપે છે તે જોવું પડશે. જે રીતે ધનરાજ નથવાણીને સપાએ પ્રારંભમાં જ બે બેઠકોમાંથી એક ફાળવી છે તેથી તેમને પક્ષના સિકયોર મત મળશે તેવુ મનાય છે પરંતુ આ પ્રકારે જયારે રાજકીય પક્ષો આયાતી ઉમેદવારને રાજયસભામાં મોકલવા માટે તૈયારી કરે છે ત્યારે તેને વધારાના મતો માટે પોતાની ક્ષમતાથી જીતવાનું હોય છે. ભૂતકાળમાં આવા અનેક ઉમેદવારો જેઓ ઉદ્યોગપતિ છે તેઓ રાજયસભામાં ગયા છે. સપામાં સલીમ શેરવાની અને આલોક રંજન બે એવા નેતાઓ છે જે રાજયસભામાં જવા માંગે છે. હવે અખિલેશનું ગણીત કેટલુ કામ કરે છે તેના પર નજર છે.

UAEમાં સૌપ્રથમ પેસેન્જર ટ્રેન સેવા શરૂઃ દુબઈથી અબુધાબી હવે માત્ર એક કલાકમાં પહોંચી શકાશે

એતિહાદ રેલની પેસેન્જર સેવા શરૂ; દુબઈ-ફુજૈરા સફર ૭૦ મિનિટમાં, ભાડું ૨૯ ડિરહામથી શરૂ

દુબઈ :

સંયુક્ત આરબ અમીરાતમાં આંતરિક મુસાફરી વધુ સરળ બનાવવાના હેતુથી એતિહાદ રેલની પેસેન્જર ટ્રેન સેવા દુબઈ સુધી વિસ્તરવામાં આવી છે. દુબઈને અબુધાબી અને ફુજૈરા સાથે જોડતી પેસેન્જર ટ્રેન સેવા શરૂ થઈ છે. આ સાથે અબુધાબી, દુબઈ અને ફુજૈરા વચ્ચે રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ બની છે.

દુબઈના અલ યલાયિસ સ્ટેશનથી અબુધાબીના મોહમ્મદ બિન ઝાયેદ સિટી સ્ટેશન સુધીની મુસાફરી આશરે ૬૪ મિનિટમાં પૂર્ણ થશે. જ્યારે દુબઈથી ફુજૈરા સુધીની મુસાફરીનો સમય આશરે ૭૦ મિનિટ રહેશે. નવી સેવા પ્રવાસન, વેપાર અને આંતર-અમિરાત કનેક્ટિવિટીને વધુ સરળ બનાવશે.

AED ૨૯થી ટિકિટ, પ્રીમિયમ વર્ગનું ભાડું AED ૧૦૯થી

દુબઈ-અબુધાબી રૂટ પર Comfort Classનું ભાડું AED ૩૯થી અને Premium Classનું AED ૧૦૯થી શરૂ થાય છે. દુબઈ-ફુજૈરા રૂટ પર Comfort Classનું ભાડું AED ૨૯થી અને Premium Classનું AED ૮૯થી શરૂ થાય છે. અબુધાબી-ફુજૈરા રૂટ પર Comfort Classનું ભાડું AED ૫૫ અને Premium Classનું AED ૧૨૦થી શરૂ થાય છે.

ટિકિટ એતિહાદ રેલની વેબસાઇટ, મોબાઇલ એપ અને સ્ટેશન પરના ટિકિટ વેન્ડિંગ મશીનથી બુક કરી શકાય છે.

દુબઈ-અબુધાબી રૂટ પર રોજ પાંચ ટ્રેન

શરૂઆતના તબક્કામાં દુબઈથી અબુધાબી વચ્ચે દરરોજ પાંચ ટ્રેન દોડશે. દુબઈથી પ્રથમ ટ્રેન સવારે ૬:૧૪ વાગ્યે રવાના થશે અને ૭:૧૮ વાગ્યે અબુધાબી પહોંચશે. અન્ય સેવાઓ સવારે ૭:૧૪, બપોરે ૧:૧૪ અને સાંજે ૫:૧૪ તથા ૬:૧૪ વાગ્યે રહેશે.

શનિવારે રાજકોટની કોર્ટમાં વકીલોની હડતાલ : ભાડા વિધેયક સામે વિરોધ

રાજકોટ, તા.૧

શનિવારે રાજકોટની કોર્ટમાં વકીલોની હડતાલ અંગે એલાન કરાયું છે. ભાડા વિધેયક સામે વિરોધ નોંધાવ્યો છે. કોર્ટની સત્તા મ્યુ. કમિશનર અને ડે.કલેક્ટરને આપવાની જોગવાઈઓથી પક્ષકારો તથા વકીલો માટે કપરા સંજોગો બનશે તેવો અભિપ્રાય બાર એસો.એ વ્યક્ત કર્યો છે.

રાજકોટ બાર એસો. પ્રમુખ સુમિત વોરા અને સેક્રેટરી નિલેશ પટેલ દ્વારા જાહેર કરાયેલા ઠરાવમાં જણાવાયું છે કે, રાજકોટ બાર એશોસીએશન આ ઠરાવથી ઠરાવે છે કે, ગુજરાત સરકાર દ્વારા રેન્ટ એક્ટ ૨૦૨૬ માં કોર્ટની સતા મયુનીસીપલ કમીશનર તથા ડેપ્યુટી કલેક્ટરને આપવાની કરવામા આવેલ જોગવાઈઓથી પક્ષકારો તથા વકીલો ને ખુબજ તકલીફ પડે તેવા સંજોગો ઉપસ્થીત થાય તેમ હોય આ જોગવાઈઓ ને કાયદા માથી દુર કરવી જરૂરી છે જેથી ગુજરાત ભાડા વિધયક ૨૦૨૬ ની જોગવાઈઓ નો વિરોધ દર્શાવવા તેમજ તેમા જરૂરી સુધારા કરવા માટે રાજકોટ શહેરમા આવેલ તમામ કોર્ટોમાં એક દિવસની પ્રતિક હડતાલ તારીખ-૩/૧૦/૨૦૨૬ ના શનીવારના રોજ રાખવાનુ ઠરાવવામા આવે છે અરજન્ટ કાર્યવાહી સિવાયની તમામ કોર્ટ કાર્યવાહીથી અલીપ્ત રહેવાનુ ઠરાવવામા આવે છે. તેમજ કોઈપણ પક્ષકારને નુકશાન ન જાય તે હેતુથી પક્ષકારો તેમજ વકીલઓની ગેરહાજરીમાં પક્ષકારોને નુકશાન થાય તેવા કોઈ હુકમો ન ફરમાવવા તેમજ કેસોમા યથાવત સ્થિતિ જાળવી રાખવા રાજકોટ શહેરમાં આવેલ તમામ કોર્ટના જજશ્રીઓને વિનંતી કરવામા આવે છે.

શેરબજાર ફરી ઘડામઃ રૂપિયો ૯૬.૨૩ઃ ક્રૂડ ૧૦૦ ડોલર

સેન્સેક્સ ૧૧૦૦ પોઈન્ટ ગગડ્યોઃ તમામ ક્ષેત્રોના શેરોમાં આક્રમક વેચવાલીઃ વૈશ્વિક ઘટનાક્રમોનો ગભરાટ

રાજકોટ, તા.૧

શેરબજારમાં ફરી વખત આજે ગભરાટભરી આક્રમક વેચવાલીથી કડાકો સર્જાઇ ગયો હતો. સેન્સેક્સ ઇન્ટ્રા-ડે ૧૧૦૦ પોઇન્ટથી વધુ ગગડી પડ્યો હતો. શેરબજાર ઉપરાંત ક્રૂડતેલ ઉપરાંત કરન્સી માર્કેટમાં પણ જોરદાર ગાબડા પડ્યા હતા.

શેરબજારમાં આજે શરુઆત જ નબળા ટોને થઇ હતી. વિશ્વબજારોની મંદી મધ્ય પૂર્વના ટેન્શન વિદેશી નાણા સંસ્થાઓના આક્રમક વેચવાલી કરન્સી માર્કેટમાં દબાણ સહિતના અનેકવિધ કારણોથી માનસ નબળુ હતું. ચોમાસાની સીઝન ખત્મ થવા છતાં ભારતમાં સરેરાશ ૧૩ ટકાની વરસાદી ખાધ હોવાથી દુષ્કાળની સ્થિતિ ઉભી થવાના એંધાણ અને મોંઘવારી સહિતના પડકારો સર્જાવાની ભીતિથી ગભરાટની લાગણી રહી હતી. જાણીતા શેર બ્રોકરોના કહેવા પ્રમાણે વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતા પ્રવર્તતી હોવાના કારણે અને વારંવાર ક્રુડમાં તેજી થવા સહિતના ઘટનાક્રમો સર્જાતા હોવાથી માનસ સાવચેત રહ્યું હતું. ટુંકા ગાળામાં હજુ ટ્રેન્ડ નિશ્ચિત ગણી શકાય તેમ નથી.

શેરબજારમાં આજે મંદી બજારે પણ કોફોર્જ, સીમેન્સ, સીજી પાવર, કોટક બેંક, એચડીએફસી બેંક જેવા શેરોમાં સુધારો હતો. જ્યારે બજાજ ઓટો, સેલ, સ્વીગી, રીલાયન્સ, બીએસઇ, આઇસીઆઇસીઆઇ બેંક, વોડાફોન, યસ બેંક, સુઝલોન, ટાટા સ્ટીલ, મારુતિ, મહિન્દ્ર, તામીલ ટેલી, સનફલેગ, પતંજલી, ટાટા સ્ટીલ જેવા શેરોમાં ઘટાડો હતો.

મુંબઇ શેરબજારનો સેન્સેક્સ ૭૫૬ પોઇન્ટ ઘટીને ૭૧૭૨૪ હતો તે ઉંચામાં ૭૨૫૭૨ તથા નીચામાં ૭૧૨૯૨ હતો. નીફટી ૨૬૩ પોઇન્ટ ગગડીને ૨૨૩૫૭ હતો તે ઉંચામાં ૨૨૬૧૦ તથા નીચામાં ૨૨૨૧૭ હતો.

વૈશ્વિક ક્રૂડમાં પણ ફરી તેજી થઇ હતી. ડબલ્યુટીઆઇ ક્રૂડ ઉંચકાઇને ૯૨.૬૩ ડોલર તથા બ્રેન્ટક્રૂડ ૧૦૦.૪૨ ડોલર હતું. કરન્સી માર્કેટમાં પણ ડોલર સામે રૂપિયો ધડામ થયો હતો અને ૪૦ પૈસા ગગડીને ૯૬.૨૩ સાંપડ્યો હતો. સોના-ચાંદીમાં હાજર માર્કેટ તુટ્યું હતું. જ્યારે વાયદામાં મામુલી સુધારો હતો.

રાજકોટના બજાર ભાવ

તેલ (૧૫ કિલો)	ભાવ
સીંગતેલ તેલ (નવા ડબ્બા)	૨૮૭૦-૨૯૨૦
કપાસીયા તેલ (નવા ડબ્બા)	૨૫૮૫-૨૬૪૫
પામોલીયન તેલ	૨૩૦૦-૨૩૦૫
મસ્ટર્ડ તેલ	૨૬૦૦-૨૭૦૦
સનફલાવર તેલ	૨૫૬૦-૨૫૮૦
મકાઇ તેલ	૨૩૦૦-૨૩૨૦
વનસ્પતિ ઘી	૨૨૮૦-૨૩૨૦
કોપરેલ	૪૦૫૦-૪૧૦૦
દિવેલ	૨૫૨૦-૨૫૫૦



સોનુ-ચાંદી

સોનુ (૧૦ ગ્રામ)

૧,૫૨,૫૦૦(-૧૧૦૦)

ચાંદી

૨,૨૭,૪૦૦(-૨૦૦૦)

સોરઠિયા રજપૂત સમાજ - રાજકોટ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાશે

તેજસ્વી વિદ્યાર્થીઓ તથા વિવિધ ગામ-શહેરના સમાજના ચૂંટાયેલ જનસેવકોનું કરાશે સન્માન

રાજકોટ: પ્રાતઃ સ્મરણીય પૂ. દેશળબાપુ, વિરલ વિભૂતિ પૂ. સંપૂર્ણાનંદજી બાપુ તથા મહામુક્તરાજ સંત પૂ. દેવુ ભગતજીના આર્શીવાદ અને પ્રેરણાથી સોરઠિયા રજપૂત સમાજ - રાજકોટ દ્વારા તેજસ્વી તારલાઓ તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓનો સન્માન સમારંભ યોજાશે. આ કાર્યક્રમમાં ગત વર્ષે એલ.કે.જી. થી અનુસ્નાતક કક્ષાએ ઉત્તીર્ણ થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓ, સમાજના વિવિધ ગામ-શહેરોમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ તથા વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારા ભાઈ-બહેનોનું સન્માન કરવામાં આવશે.

આ સન્માન સમારોહ તા. ૪-૧૦-૨૬, રવિવારના રોજ બપોરે ૨ થી ૭ વાગ્યા દરમિયાન શ્રી અરવિંદભાઈ મણીયાર હોલ, જ્યુબિલી બાગ, રાજકોટ ખાતે યોજાશે.આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ડો. સોનાજી ચૌહાણ (મહા ગુજરાત રજપૂત સમાજ મહામંડળના પ્રમુખ) રહેશે. ઉપરાંત કાર્યક્રમમાં પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, મેયર નેહલભાઈ શુક્લ, પૂર્વ ડે. મેયર માવજીભાઈ ડોડીયા, રાજકોટ કાર રીપેર એસોશીએશન પ્રમુખ તથા રજપૂત સમાજ અગ્રણી કિશોરભાઈ રાઠોડ, મહામંડળના મહામંત્રી પ્રવીણભાઈ પરમાર, નિવૃત્ત જજ અનીલભાઈ બારડ, ડો. અનીલભાઈ પટેલ (સંપૂર્ણાનંદ ફાઉન્ડેશન) સહિતના અગ્રણીઓ પ્રેરક ઉપસ્થિતિ આપશે.

ફ્રીડમ યુવા ગ્રુપ દ્વારા ગાંધી જયંતી નિમિત્તે જ્યુબિલી બાગ ખાતે ‘‘વંદે બાપુ‘‘ કાર્યક્રમનું ભવ્ય આયોજન

લાગલગાટ ૨૨ વર્ષથી અવિરત ચાલતી ગાંધી વિચાર યાત્રા અંતર્ગત ભૂલકાંઓ વેશભૂષા દ્વારા આપશે શાંતિનો સંદેશ

રાજકોટ: છેલ્લા ૨૨ વર્ષથી અવિરતપણે ગાંધી વિચારોને જીવંત રાખવાનું ભગીરથ કાર્ય કરી રહેલા ફ્રીડમ યુવા ગ્રુપ-રાજકોટ દ્વારા વિશ્વવંદનીય પૂજ્ય બાપુની જન્મજયંતીના પાવન ઉપલક્ષ્યમાં આ વર્ષે ‘‘વંદે બાપુ‘‘ કાર્યક્રમ દ્વારા વિશેષ ગાંધી વંદનાનું આયોજન કરવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૦૫માં ગાંધી વિચારોને માત્ર પાઠ્યપુસ્તકો પૂરતા સીમિત ન રાખતા જનજન સુધી પહોંચાડવાના સંકલ્પ સાથે ’ગાંધી વિચાર યાત્રા સમિતિ’નો પ્રારંભ થયો હતો. દર વર્ષે નવી થીમ સાથે ઉજવણી કરવાની પરંપરા હેઠળ આ વર્ષે ૨૦૨૬માં ‘‘શાંતિનો બીજો કોઈ રસ્તો નથી, તેનો રસ્તો એકમાત્ર શાંતિ જ છે‘‘ ની ભાવસભર થીમ પસંદ કરવામાં આવી છે.

આ આયોજન ફ્રીડમ યુવા ગ્રુપ પ્રેરિત ગાંધી વિચાર યાત્રા સમિતિ તથા સહયોગી શૈક્ષણિક સંસ્થાઓ ’સેન્ટ ગાર્ગી સ્કૂલ’ અને ’શમ્સ શૈક્ષણિક સંકુલ’ના સંયુક્ત ઉપક્રમે યોજાશે. ગાંધી જયંતીના દિવસે રાજકોટના હૃદયસમા જ્યુબિલી બાગ ખાતે ૩ થી ૧૨ વર્ષના નાના બાળકો મહાત્મા ગાંધી, કસ્તુરબા, સરદાર વલ્લભભાઈ પટેલ અને દેશભક્તોની ભાવપૂર્ણ વેશભૂષા ધારણ કરી બાપુને ભાવાંજલિ અર્પિત કરશે. બાળકો પોતાના સંદેશ દ્વારા દર્શાવશે કે વર્તમાન સમયની તમામ સમસ્યાઓનું સમાધાન આજે પણ ગાંધીજીના વિચારોમાં જ સમાયેલું છે.

શુક્રવારે સવારે ૯ કલાકે નગરજનોને પધારવા અપીલ

આ કાર્યક્રમ તા. ૨ ઓક્ટોબરને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૦:૦૦ કલાક દરમિયાન જ્યુબિલી ચોક સ્થિત મહાત્મા ગાંધીજીની પ્રતિમા પાસે રાખવામાં આવ્યો છે. જેમાં રાજકોટના સામાજિક અને જાહેર જીવનના અનેક અગ્રણીઓ તથા મહાનુભાવો ઉપસ્થિત રહી પૂજ્ય બાપુને પુષ્પાંજલિ અર્પિત કરશે.

આ ૨૨ વર્ષની અવિરત યાત્રાને બિરદાવવા અને નિર્દોષ ભૂલકાંઓની ગાંધી વંદના નિહાળવા સમગ્ર રાજકોટના નગરજનોને ઉપસ્થિત રહેવા હાર્દિક અપીલ કરવામાં આવી છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે ભાગ્યેશ વોરા, રમાબેન હેરભા, એચ. એ. નકાણીની રાહબરી હેઠળ મનોજ ડોડીયા, સંજય પારેખ, પ્રવીણ ચાવડા, કિરીટ ગોહેલ, સુરેશ રાજપુરોહિત સહિત સમગ્ર ટીમ જેહમત ઉઠાવી રહી છે.

૩ ઓક્ટોબરે કિશોરકુમાર સ્વરાંજલિ કાર્યક્રમ ’એક શામ કિશોરદા કે નામ’ યોજાશે

રાજકોટ: સુશ્રી કલ્ચરલ ક્લબ અને જુવેલદીપ ગ્રુપ, રાજકોટના સંયુક્ત ઉપક્રમે આગામી ૩ ઓક્ટોબર, શનિવારે રાતે ૯ કલાકે પ્રમુખ સ્વામી ઓડિટોરીયમ, રાજકોટ ખાતે અમર ગાયક કિશોરકુમારના સ્મરણાર્થે સ્વરાંજલિ કાર્યક્રમ ‘‘એક શામ કિશોરદા કે નામ‘‘ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

સંગીતગુરુ કિરીટભાઈ રાજપરાના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૯ વર્ષથી સંગીત ક્ષેત્રે કાર્યરત આ સંસ્થા દ્વારા નવોદિત કલાકારોને મંચ પૂરું પાડવામાં આવે છે. આ કાર્યક્રમમાં કમલભાઈ રાજપરાના સંયોજનથી દિલ્હીના સુવિખ્યાત ગાયક ડો. સુનીત શેખરી પોતાના મખમલી અવાજમાં કિશોરકુમારના યાદગાર હિન્દી ફિલ્મી ગીતો રજૂ કરશે.

જ્યારે મુંબઈના સુપ્રસિદ્ધ ગાયિકા હિમાની ગઢવી યુગલ અને સોલો ગીતોની રજૂઆત કરશે. કલાકારોને રાજકોટના મ્યુઝિક એરેન્જર હર્ષ મહેતા અને સહ-કલાકારો ઓર્કેસ્ટ્રા સંગત પૂરી પાડશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉદય વિસાણી કરશે.

ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ દ્વારા કાલે કબા ગાંધીના ડેલે સાયં પ્રાર્થનાસભા અને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે

રાજકોટ: ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ, રાજકોટના ઉપક્રમે પૂજ્ય મહાત્મા ગાંધીની ૧૫૭મી જન્મજયંતિ નિમિત્તે તારીખ ૨જી ઓક્ટોબર, ૨૦૨૬, શુક્રવારે સાંજે ૫:૦૦ થી ૬:૧૫ દરમિયાન પૂજ્ય બાપુના વિદ્યાર્થીકાળના નિવાસસ્થાન ’કબા ગાંધીનો ડેલો’ ખાતે સાયં પ્રાર્થનાસભા અને શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગુજરાતના જાણીતા શિક્ષક અને અધ્યાપક ડો. રમજાન હસણિયા ‘‘ગાંધીઃ હતા, છે અને રહેશે‘‘ વિષય પર વક્તવ્ય આપશે.

કાર્યક્રમ દરમિયાન ‘‘મીનુઝ મિશન‘‘ અને ‘‘ધ બઘેકા ટ્રસ્ટ ફોર એજ્યુકેશનલ કલ્ચર સાયન્સ અને હ્યુમેનિટિઝ, રાજકોટ‘‘ તરફથી જરૂરિયાતમંદ બાળકોને શાળાએ જવા માટે ૧૦ સાયકલ આપવામાં આવશે. આ ઉપરાંત મહાલક્ષ્મી ફાઉન્ડેશન ટ્રસ્ટ તથા હરસુખભાઈ સંઘાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી ચાલતી પરંપરા મુજબ રક્તપિત્ત રોગમુક્ત દર્દીઓને સમાજમાં પુનઃસ્થાપિત કરવા માટે સ્વરોજગારીના સાધનોનું વિતરણ પણ કરવામાં આવશે.

૯૭ વર્ષીય વરિષ્ઠ નેતા ડો. એ.કે. પટેલની મુલાકાત લઈ સાંસ્કૃતિક કાર્યક્રમ અંગે આમંત્રણ પાઠવતા રાજુ ધ્રુવ

અટલજી-અડવાણીજીના નેતૃત્વમાં સંઘર્ષકાળથી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળના નવા ભારત સુધીની રાજકીય યાત્રાના અનેક સંસ્મરણો તાજા કર્યા

રાજકોટ તા.૧

ભાજપ અગ્રણી તથા અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટના ટ્રસ્ટી રાજુભાઈ ધ્રુવે વિજાપુર ખાતે ૯૭ વર્ષીય વરિષ્ઠ રાજકીય નેતા ડો. એ.કે. પટેલસાહેબના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લઈ તા. ૫ ઓક્ટોબરે હેમુ ગઢવી હોલ ખાતે યોજાનારા અરવિંદભાઈ મણીઆરની જન્મજયંતિ નિમિત્તેના ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સન્માન સમારોહ માટે હૃદયપૂર્વક આમંત્રણ પાઠવ્યું હતું.

ડો. અમૃતલાલ કાળીદાસ પટેલ એટલે કે ડો. એ.કે. પટેલ ગુજરાતના જાહેરજીવન અને ભારતીય જનસંઘ-ભાજપની લાંબી સંગઠનયાત્રાના એવા વરિષ્ઠ નેતા છે, જેમણે પોતાના જીવનના દાયકાઓ રાષ્ટ્રસેવા, સંગઠન અને જાહેરજીવન-લોકસેવાને સમર્પિત કર્યા છે. તા. ૧ જુલાઈ, ૧૯૩૧ના રોજ જન્મેલા ડો. પટેલે અમદાવાદની પ્રતિષ્ઠિત બી.જે. મેડિકલ કોલેજમાંથી ખઇઇજની તબીબી શિક્ષણ મેળવી લોકસેવાના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો. ગુજરાતના રાજકારણમાં તેમણે વર્ષ ૧૯૭૫માં અપક્ષ ધારાસભ્ય તરીકે ચૂંટાઈને પોતાની લોકસેવાની રાજકીય યાત્રાનો પ્રારંભ કર્યો અને ત્યારબાદ વર્ષ ૧૯૮૦માં ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા. ધારાસભ્ય તરીકે બે ટર્મની જવાબદારી નિભાવ્યા બાદ તેમણે ભાજપ સંગઠન ગુજરાત અને રાષ્ટ્રીય રાજકારણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

વિજાપુર ખાતેની આ મુલાકાત દરમિયાન જનસંઘના કપરા સંઘર્ષકાળથી લઈને ભારતીય જનતા પાર્ટીના વર્તમાન વૈભવ સુધીની સંગઠનયાત્રાની અનેક સ્મૃતિઓ તાજી થઈ હતી. કટોકટીકાળ દરમિયાન મીસા હેઠળનો જેલવાસ, લોકશાહી માટેના સંઘર્ષના દિવસો તથા સંગઠનના નિર્માણ માટે કરાયેલા ત્યાગ અને સંઘર્ષની વાતોએ મુલાકાતને વિશેષ સ્મૃતિમય બનાવી હતી. આ પ્રસંગે સ્વ. અટલબિહારી વાજપેયીજી,લાલકૃષ્ણ અડવાણીજી તથા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથેના વિવિધ સંસ્મરણોની પણ વાતો થઈ હતી. વર્ષો સુધી રાષ્ટ્રજીવનના અનેક મહત્વપૂર્ણ તબક્કાઓને નજીકથી જોનાર ડો. એ.કે. પટેલે સંઘર્ષકાળની અનેક સ્મૃતિઓ વાગોળતા ભૂતકાળ જાણે જીવંત બની ગયો હતો. શ્રી અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા તા. ૫ ઓક્ટોબરના રોજ હેમુ ગઢવી હોલ ખાતે યોજાનારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં પધારવા માટે ડો. એ.કે. પટેલ સાહેબને રાજુભાઈ ધ્રુવે હૃદયપૂર્વક આમંત્રણ આપ્યું હતું.

વાણંદ સમાજ કર્મચારી મંડળ દ્વારા ૩૧મી ઓક્ટોબરે ‘શ્રી સરસ્વતી સન્માન સમારોહ’ યોજાશે

૧૮૦ તેજસ્વી વિદ્યાર્થીઓનું શીલ્ડ આપી સન્માન કરાશે; ડો. નીલેશભાઈ કાલાણીનું કારકિર્દી વિષયક પ્રેરણાદાયી વકતવ્ય યોજાશે

www.facebook.com/sanjsamachar

તસ્વીર: પંકજ શિશાંગીયા

રાજકોટ: શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં શ્રેષ્ઠ પરિણામ મેળવી સમાજનું નામ રોશન કરનાર વાણંદ સમાજની પાંગરતી પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા તેમજ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બની રહેવાના શુભ ઉદ્દેશથી ’વાણંદ સમાજ કર્મચારી મંડળ, રાજકોટ’ દ્વારા ’શ્રી સરસ્વતી સન્માન સમારોહ’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં સમાજના કુલ ૧૮૦ તેજસ્વી તારલાઓને ખાસ શીલ્ડ અને પારિતોષિક આપીને સન્માનિત કરવામાં આવશે.

આ સરસ્વતી સન્માન સમારોહ આગામી તા. ૩૧/૧૦/૨૦૨૬, શનિવારના રોજ રૈયા રોડ પર આવેલા શ્રી પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે યોજાશે. સમારોહમાં મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે.

સમાજના ભાવિ ઘડવૈયાઓ પોતાની કારકિર્દીનું સચોટ ઘડતર કરી શકે અને પોતાના પૂર્વનિર્ધારિત ધ્યેયને પ્રાપ્ત કરી શકે તે હેતુથી સમાજની મેધાવી પ્રતિભા ધરાવતા ડો. નીલેશભાઈ કાલાણી સાહેબ દ્વારા પ્રેરણાત્મક પ્રવચન આપવામાં આવશે. આ ઉપરાંત તેઓ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ (પ્રત્યાયન) કરી તેમની કારકિર્દી સંબંધિત મંઝવણો અને લક્ષ્ય પ્રાપ્તિ અંગે માર્ગદર્શન પણ પૂરું પાડશે.

આ સમારોહને ભવ્ય રીતે સફળ બનાવવા માટે મંડળના ટ્રસ્ટી ઓના માર્ગદર્શન હેઠળ રમેશભાઈ સવજીભાઈ સુરાણી, નવીનભાઈ છગનભાઈ વાજા, અશ્વિનકુમાર એન. ગાલોરીયા, યશવંતરાય પી. વાઘેલા તથા મનસુખભાઈ ટી. પરમાર સહિત તમામ હોદ્દેદારો અને કારોબારી સભ્યો અવિરત જહેમત ઉઠાવી રહ્યા છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનાં ચેરમેન તુષાર ધોળકીયાના કાર્યકાળમાં બે વર્ષનો વધારો

ટર્મ પુરી થતા જ રાજય સરકારે તેમની મુદત લંબાવવાનો નિર્ણય લીધો

અમદાવાદ તા.૧

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB)ના ચેરમેન તુષાર ધોળકિયાના કાર્યકાળને લઈને રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે તુષાર ધોળકિયાના કાર્યકાળમાં વધુ બે વર્ષનો વધારો કરવાનો આદેશ કર્યો છે. હવે તેઓ વર્ષ ૨૦૨૮ સુધી GSSSBના ચેરમેન તરીકે ફરજ બજાવશે.

તુષાર ધોળકિયાનો GSSSBના ચેરમેન તરીકેનો નિયમિત કાર્યકાળ ૩૦ સપ્ટેમ્બરના રોજ પૂર્ણ થવાનો હતો. જોકે, કાર્યકાળ પૂર્ણ થવાના દિવસે જ રાજ્ય સરકારે તેમની મુદત લંબાવવાનો નિર્ણય લીધો છે.

સરકારના આ નિર્ણય બાદ હવે તુષાર ધોળકિયા વધુ બે વર્ષ સુધી ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન તરીકે જવાબદારી સંભાળશે.

ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં વર્ગ-૩ની જગ્યાઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને ભરતી પ્રક્રિયા હાથ ધરવાની મુખ્ય જવાબદારી GSSSBની છે. રાજયમાં આગામી સમયમાં મોટી સંખ્યામાં વર્ગ-૩ની ભરતી પરીક્ષાઓ યોજાવાની છે.

આ સ્થિતિમાં ચેરમેનના કાર્યકાળમાં બે વર્ષનો વધારો થતાં ભરતી પ્રક્રિયામાં સાતત્ય જળવાઈ રહેવાની અપેક્ષા છે. ત્ર્જજજઇ દ્વારા ભરતી પરીક્ષાઓનું આયોજન, પરીક્ષા પ્રક્રિયા અને પરિણામ સહિતની કામગીરી હાથ ધરવામાં આવે છે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી GSSSBના વહીવટી કામકાજમાં સાતત્ય જળવાઈ રહેવાની શક્યતા છે. ખાસ કરીને આગામી ભરતી પ્રક્રિયાઓ દરમિયાન અનુભવી નેતૃત્વ ચાલુ રહે તે દિશામાં આ નિર્ણયને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. હવે તુષાર ધોળકિયા ૨૦૨૮ સુધી GSSSBના ચેરમેન પદે રહેશે અને આગામી વર્ષોમાં યોજાનારી વિવિધ વર્ગ-૩ની ભરતી પ્રક્રિયાઓમાં મંડળની કામગીરીનું નેતૃત્વ કરશે.

રાજકુંવરબા લેડીઝ કલબ દ્વારા કાલે વિશેષ એકઝીબીશનનું આયોજન

બહેનો દ્વારા હોમ મેઈડ પ્રોડક્ટ્સ સહિતની ચીજવસ્તુઓ રજુ થશે

રાજકોટ : ગૃહ ઉદ્યોગના માધ્યમથી અવનવી ચીજવસ્તુઓ બનાવતી બહેનો આત્મનિર્ભર બને અને તેમને એક પ્રકારનું પ્લેટફોર્મ મળે તે માટે શ્રી ગોરીદેવી રાજ્ય લક્ષ્મી (ગોંડલ)ના ટ્રસ્ટીશીપ હેઠળ કાર્યરત શ્રી રાજ કુંવરબા લેડીઝ કલબ દ્વારા એક વિશેષ એકઝીબીશનનું આયોજન કરવામાં આવ્યું છે.

આગામી તા. ૨ ઓક્ટોબરના રોજ લેડીઝ કલબ જૂનીગેસ્ફોર્ડ ટોકીઝની બાજુની શેરી, તનિષ્ક એપાર્ટમેન્ટની બાજુમાં, શાસ્ત્રીમેદાન ખાતે યોજાનારા આ એકઝીબીશન અંગે માહિતી આપતા પ્રમુખ સુલેખાબા જાડેજા અને સેક્રેટરી જયશ્રીબેન દેસાઈએ જણાવ્યુ છે કે, રાજકુંવરબા લેડીઝ કલબ મહિલા સંગઠન દ્વારા આ એકઝીબીશન કમ સેલનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન મળે અને મહિલાઓ પોતાની કલા-કુનેહ દ્વારા પોતાની આગવી ઓળખ ઉભી કરી શકે તેવા ઉમદા હેતુથી આ આયોજન કરાયું છે.

આ એકઝીબીશનમાં બહેનો ઘર સુશોભનની નવી નવી વેરાયટી ઉપરાંત હેર અને સ્કીન કેરની નેચરલ પ્રોડક્ટ,નેચરલ હોમ મેડ સાબુ, આધુનિક વસ્ત્રો, પર્સ અને ઈમિટેશન જવેલરી જેવી અનેક વસ્તુઓ રાખવામાં આવશે.આ એકઝીબીશનનો સમય તા. ૨ ઓક્ટોબરે સવારે ૧૦ થી ૮ સુધીનો રહેશે.

વધુ માહિતી માટે સુલેખાબા જાડેજા (૯૩૭૭૩ ૦૫૧૭૧) અથવા સેક્રેટરી જયશ્રીબેન દેસાઈનો સંપર્ક કરવા જણાવાયુ છે. આ એકઝીબીશનને સફળ બનાવવા માટે રાજકુંવરબા લેડીઝ કલબના તમામ કમિટી મેમ્બર્સ જહેમત ઉઠાવી રહ્યા છે.

સનશાઈન ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુશનમાં ‘‘ઈમોશનલ ઈન્ટેલિજન્સ ફોર એજ્યુકેટર્સ’’ વિષય પર ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો

સનશાઈન ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુશન ખાતે તાજેતરમાં ‘‘ઈમોશનલ ઈન્ટેલિજન્સ ફોર એજ્યુકેટર્સ’’ વિષય પર એક દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્તમાન સમયમાં ટેકનોલોજી અને અઈં ના વધતા પ્રભાવ વચ્ચે શિક્ષકોમાં લાગણીશીલ વ્યકિતત્વ અને વિદ્યાર્થીઓની લાગણીઓને સમજવાની ક્ષમતા કેળવાય તે હેતુથી આ સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં સમગ્ર સૌરાષ્ટ્રની ૫૦ થી વધુ શાળાઓ અને કોલેજોના ૧૦૦ થી વધુ ફેકલ્ટી સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

Programme
EMOTIONAL INTELLIGENCE (EI) for EDUCATORS

શ્રી જલપરી કો.ઓપ. હાઉસિંગ સોસાયટીની વાર્ષિક સાધારણ સભા ૧૧મી ઓકટોબરે મળશે

રાજકોટ: શ્રી જલપરી કો.ઓપ. હાઉસિંગ સોસાયટી લિ.-રાજકોટની સને ૨૦૨૫-૨૬ ના વર્ષની વાર્ષિક સાધારણ સભા આગામી તા. ૧૧/૧૦/૨૦૨૬ ને રવિવારના રોજ સાંજે ૪:૦૦ કલાકે રેસકોર્સ શિવાજીના પુતળા પાસે યોજાશે.

આ સભામાં સોસાયટીના તમામ સભ્યોને હાજરી આપવા મુખ્ય પ્રયોજક દિનેશકુમાર કે. વિંઝુડા અને પ્રમુખશ્રી દ્વારા વિનંતી કરવામાં આવી છે.

સભાની મુખ્ય કાર્યસૂચિ મુજબ ગત વર્ષની વાર્ષિક સાધારણ સભા તા. ૨૮/૦૯/૨૦૨૫ ના રોજ મળેલ તેને બહાલી આપવા બાબત.,તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજ પૂરા થતા વર્ષના હિસાબો રજુ કરવા તથા મંજુર કરવા બાબત, વ્યવસ્થાપક કમિટિ દ્વારા થયેલ ઠરાવો - કાર્યવાહી વગેરેને બહાલ રાખવા બાબત,સોસાયટીના માનદમંત્રી એમ.વી. ચાવડાનું અવસાન થતા નવા માનદમંત્રી ની નિમણૂંક કરવા બાબત,સોસાયટીના કેસ અંગે ચર્ચા-વિચારણા તથા તે અંગે ઠરાવ કરવા બાબત અંગે ચર્ચા કરાશે.

સર વિશ્વે સરૈયાના૧૬૫મી જન્મજયંતિ ‘‘એન્જીન્યર્સ દિવસ પ્રસંગે પ્રશ્નોતરી સ્પર્ધા યોજાઈ

પી એન્ડ ટી.વી શેઠ હાઈસ્કૂલમાં સર વિશ્વેસરૈયાના ૧૬૫મી જન્મજયંતિ એન્જીનીયર્સ દિવસ પ્રસંગે રાજકોટ શહેરની સરકારી પ્રાથમિક ,સરકારી તેમજ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાની પ્રશ્નોતરી(કિવઝ) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે પ્રાથમિક શાળાઓ માટે પ્રશ્નોતરી(કિવઝ) સ્પર્ધા યોજવામાં આવી હતી.

કોરોના કાળમાં ખડેપગે સેવા આપનારા સિવિલ હોસ્પિટલના ANS જાગૃતિબેન દેસાઇ વયોનિવૃત

રાજકોટની પંડિત દિનદયાળ ઉપાધ્યાય સિવિલ હોસ્પિટલ ખાતે લાંબા સમયથી નર્સિંગ ક્ષેત્રે નિષ્ઠાપૂર્વકની સેવાઓ આપનાર આસિસ્ટન્ટ નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ જાગૃતિબેન દેસાઇ વય નિવૃત્ત થતાં ટીએનએઆઇ લોકલ યુનિટ દ્વારા વિદાય અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. દર્દીઓની આંતરડી ઠારનાર અને સ્ટાફમાં જે.ડી. મેડમ તરીકેનું આગવું સ્થાન ધરાવતા જાગૃતિબેનને સમગ્ર નર્સિંગ પરિવાર દ્વારા ગૌરવભેર વિદાય આપવામાં આવી હતી.

વર્ષ ૧૯૯૫માં જામનગરથી રાજકોટ ખાતે બદલી થઇ હતી. કુલ ૩૫ વર્ષની સુદીર્ઘ નર્સિંગ ડ્યુટી દરમિયાન તેમણે દર્દીઓને સનિષ્ઠ અને સંવેદનાસભર સેવા પૂરી પાડી છે. ખાસ કરીને કોરોના મહામારી જેવી અત્યંત પડકારજનક પરિસ્થિતિમાં પણ તેમણે સાથી કર્મચારીઓ સાથે ખભેખભા મિલાવીને રાત-દિવસ જોયા વિના અવિરત કામગીરી કરી ફરજનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું હતું. વાઇસ પ્રિન્સિપાલ અરૂણાબેન મેડમ, નર્સિંગ સુપ્રિ. પ્રકાશ પ્રજાપતિ, નિરવ દુધરેજીયા, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા બખતરીયા, નિવૃત્ત કર્મચારી કાગડા બ્રધર તેમજ હોસ્પીટલના નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. જાગૃતિબેને સૌનો આભાર માની સેવાયજ્ઞ ચાલુ રાખવા સંકલ્પ લીધો હતો.

રાજકોટ રેલવે ડિવિઝનમાં સ્વચ્છતા અભિયાન યોજાયું

ઓખા ડેપોમાં કલાડમાંથી કલા દ્વારા સ્કેપનો સર્જનાત્મક ઉપયોગ

રાજકોટ તા.૧

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ‘સ્વચ્છતા હી સેવા-૨૦૨૬’ અંતર્ગત સ્વચ્છતા, જનજાગૃતિ, કર્મચારી આરોગ્ય અને સુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ તેમજ રેલવે વારસા સાથે જોડાયેલી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

રાજકોટ, હાપા, ઓખા અને સુરેન્દ્રનગર સહિતની વિવિધ રેલવે કોલોનીઓમાં પણ વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

કર્મચારી આરોગ્ય અને સુરક્ષા અંતર્ગત વાંકાનેર હેલ્થ યુનિટમાં સફાઈ મિત્રો માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરેન્દ્રનગરમાં સફાઈ કર્મચારીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજીને પીપીઈ (પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપમેન્ટ) કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું, જ્યારે જામનગરમાં પણ સફાઈ કર્મચારીઓને પીપીઈ કીટ અર્પણ કરવામાં આવી હતી.

રેલવેના વારસાના સંરક્ષણ માટે રાજકોટ અને સુરેન્દ્રનગરમાં આવેલા હેરિટેજ સ્ટીમ એન્જિનોની વિશેષ સાફ-સફાઈ કરવામાં આવી હતી. બીજી તરફ, ઓખા ડેપો ખાતે ‘કબાડમાંથી કલા’ પહેલ હેઠળ બિનઉપયોગી રેલવે સ્ક્રેપમાંથી આકર્ષક કલાકૃતિઓ તૈયાર કરવામાં આવી હતી. આ પહેલ દ્વારા પુનઃઉપયોગ, સર્જનાત્મકતા, નવીનતા અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

રાજકોટ ખાતે હિન્દુ સમ્રાટ ટી. રાજસિંગનું લોધા ક્ષત્રિય સમાજ દ્વારા પાઘડી પહેરાવી સ્વાગત

રાજકોટ ખાતે પધારેલ ટાઇગર રાજાસિંહ લોધા કટ્ટર હિન્દુ સમ્રાટ અખંડ આર્યવ્રત પ્રદેશના સ્વપન દ્રષ્ટા સનાતનની મહાયોદ્ધા તથા શ્રી લોધા સમાજના રાષ્ટ્રીય અગ્રણી (ફાયર બ્રાન્ડ નેતા પૂર્વ ધારાસભ્ય હૈદરાબાદ) શ્રી લોધા ક્ષત્રિય સમાજના વકીલ ભાઈઓ દ્વારા પાઘડી પહેરાવી સન્માન તેમજ અભિવાદન કરવામાં આવ્યુ. રાજકોટ માં વસાવાટ કરતા લોધા સમાજના લોકો દ્વારા ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવેલ હતું ત્યારબાદ લોધેશ્વર મહાદેવ મંદિર વિજય પ્લોટ ખાતે સમાજના લોકોને રાજાસિંહ દ્વારા ધારદાર પ્રવચન આપવામાં આવેલ હતું

૬૭ વર્ષની વયે નેચરોપેથીમાં ‘ડોકટરેટ’ ડિગ્રી મેળવી સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતા ડો. ભવિન્દ્રભાઈ ચાંગેલા

લોકોની નિઃસ્વાર્થ ભાવે સેવા કરી શકાય તેવા ઉદ્દેશ્યથી ૬૭ વર્ષની ઉંમરે નેચરોપેથી ડોકટરની ડિગ્રી મેળવનાર ડો. ભવિન્દ્રભાઈ ચાંગેલાને તાજેતરમાં ‘‘ડોક્ટર ઓફ નેચરોપેથી‘‘ ની પદવી એનાયત કરવામાં આવી છે. અર્પવ ઈન્સ્ટિટ્યુટ ઓફ નેચરોપેથી એન્ડ યોગા, રાજકોટ દ્વારા ’વન ચેતના’ આજી ડેમ ખાતે યોજાયેલા દિક્ષાંત સમારોહમાં ઉદ્યોગપતિ ચીમનભાઈ ક્રીસ હાર્ડવેરવાળાના વરદ હસ્તે તેમને ડિગ્રી સર્ટિફિકેટ એનાયત કરાયું હતું.આ તકે ઓલ ઈન્ડિયા મોઢ વણિક સમાજ, મુંબઈના ઉપપ્રમુખ અશ્વિનભાઈ પટેલ, સમસ્ત સેરેનીટી ગાર્ડન ફ્લેટ હોલ્ડર્સ તથા લાફીંગ કલબના સભ્યો દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

શિક્ષણ સમિતિના ચેરમેન-વા.ચેરમેન પદ માટે મહિલા સભ્યના નામ ચર્ચામાં : તુરંતમાં ચૂંટણી

ગત ટર્મમાં કોઈ મહિલા સભ્યને પદાધિકારી બનાવાયા ન હતા : આજે મેયરે તમામ સભ્યોને બિનહરીફ જાહેર કરી સરકારને જાણ કરી : જાહેરનામા બાદ વરણીની તારીખ જાહેર થશે

રાજકોટ, તા.૧

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં ગઇકાલે ભાજપના ૧૧ અને કોંગ્રેસના એક ઉમેદવારે ફોર્મ ભર્યા બાદ આજે ચૂંટણી અધિકારી અને મેયર ડો.નેહલ શુકલએ ફોર્મની ચકાસણી પૂરી કરી હતી. આ સાથે જ આજે સત્તાવાર રીતે ૧૨ સભ્યોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. હવે સરકાર નિયુકત ત્રણ મળી કુલ ૧૫ સભ્યોના નામ સાથેનું જાહેરનામું તુરંતમાં સરકાર બહાર પાડે અને તે સાથે ચેરમેન અને વાઇસ ચેરમેનની નિયુકિતની તારીખ પણ જાહેર થઇ જશે તેવી શકયતા છે.

ચૂંટણી પ્રક્રિયા મુજબ મતદાન કરવાનું થયું હોત તો તા.૨૧ ઓકટોબરે ચૂંટણી થવાની હતી પરંતુ ભાજપ-કોંગ્રેસ બંનેએ ચૂંટણીનો ખર્ચ અને સમય બચાવવા કોર્પોરેટરોની સભ્ય સંખ્યા સ્વીકારી અનુક્રમે ૧૧ અને ૧ ઉમેદવાર ઉતાર્યા હતા. ફોર્મ ચકાસણીમાં આજે આ તમામ ફોર્મ માન્ય રહ્યા હતા. આ સાથે બપોરે નિર્વાચીન અધિકારીએ આ ૧૨ સભ્યોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા છે. સ્ટે. કમીટીની જેમ જ શિક્ષણ સમિતિના સભ્યો ચેરમેનની ચૂંટણી કરે છે, શિક્ષણ સમિતિમાં ચેરમેન અને વાઇસ ચેરમેન બે પદ મુખ્ય હોય છે. ગત ટર્મમાં કોઇ મહિલા સભ્યને પદાધિકારી બનાવવામાં આવ્યા ન હતા. આથી આ વખતે બેમાંથી એક પદ પર મહિલા સભ્યને તક આપવામાં આવે તેવું પણ માનવામાં આવે છે. છતાં હાલ ચેરમેન પદ માટે હરેશભાઇ કાનાણી, કપીલ નથવાણી, પ્રવિણ ચાવડા, યોગરાજસિંહ જાડેજાના નામો પણ આગળ માનવામાં આવે છે. ભાજપ કોઇ મહિલા સભ્યને પણ ચેરમેન બનાવીને ૧૦૦ શાળાનો વહીવટ સોંપી શકે છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૧૨ બેઠકની ચૂંટણી માટે ભાજપ દ્વારા ૧૧ ઉમેદવારોનાં નામમાં લગભગ નવોદિત ચહેરાને તક આપી છે. વોર્ડ નં.૩ અને ૮માંથી બે-બે કાર્યકરોને તક મળી છે. આ સિવાય વોર્ડ નં.૫, ૬, ૭, ૯, ૧૦, ૧૨માંથી નામો પસંદ કરવામાં આવ્યા હતા.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ૧૨ સભ્યોની નિયુક્તિ માટે હવે ચૂંટણી ટળી છે. હવે સરકારના નોટિફિકેશનમાં વિજેતા ઉમેદવારોના નામ જાહેર થયા બાદ ચેરમેન અને વાઈસ ચેરમેનની નિયુક્તિ માટે મીટીંગ મળશે. જેમાં સભ્યો ચેરમેન અને વાઇસ ચેરમેનની વરણી કરશે. જોકે ભાજપમાં નામના મેન્ડેટ આવે તેવી પરંપરા રહેલી છે. ગઇકાલે શિક્ષણ સમિતિના ૧૧ સભ્યો માટે નામોની જાહેરાત કરવામાં આવી હતી. શિક્ષણ સમિતિમાં કુલ ત્રણ સરકાર નિયુક્ત સભ્યો પણ હોય છે. જેના માટે શહેર સંગઠન દ્વારા ડો. નરેન્દ્ર વિસાણી અને કુમારભાઈ શાહનું નામ સરકારમાં મોકલવામાં આવ્યું છે. એક ગેઝેટેડ ઓફિસરના નામની ભલામણ રાજ્ય સરકારમાં કરે છે. આ ત્રણે નામો સીધા સરકારના ગેઝેટમાં આવી જશે. ભાજપમાં જે રીતે નવા ચહેરાઓને તકે આપવામાં આવી છે તે રીતે ચેરમેન પદ માટે પણ નવો ચહેરો આવી શકે તેવું પાર્ટીના લોકો કહી રહ્યા છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ કાર્યાલય-રાજકોટ

શિક્ષણ સમિતિમાં ફોર્મ ભરનારા ઉમેદવારો

ક્રમ	નામ	વોર્ડ નં.	જગ્યાની વિગત
૧	કપિલભાઇ લલિતભાઇ નથવાણી	૩	અનુસુચિત જાતિ
૨	હર્ષિત પ્રહલાદભાઇ કાવર	૮	લાયકાતવાળી અનામત બેઠક
૩	વિરેન્દ્રભાઇ હર્ષદભાઇ ભટ્ટ	૯	લાયકાતવાળી અનામત બેઠક
૪	યોગરાજસિંહ મોહનસિંહ જાડેજા	૧૨	લાયકાતવાળી અનામત બેઠક
૫	હરેશભાઇ મુળજીભાઇ કાનાણી	૧૦	સામાન્ય બેઠક
૬	ડો. તૃપ્તિબેન ઋષિકેશ શુકલ	૩	સામાન્ય બેઠક
૭	કલ્પનાબેન રમેશભાઇ કિયાડા	૫	સામાન્ય બેઠક
૮	દ્રુપલબેન(ડોલીબેન) કબીરભાઇ ટાંક	૮	સામાન્ય બેઠક
૯	રાઠોડ પિન્ટુભાઇ કિશોરભાઇ	૬	સામાન્ય બેઠક
૧૦	કેયુર રસીકલાલ મશરૂ	૧૪	સામાન્ય બેઠક
૧૧	પ્રવીણભાઇ દેવસુરભાઇ ચાવડા	૭	સામાન્ય બેઠક
૧૨	હાજીભાઇ અબ્દુલભાઇ ઓડિયા (કોંગ્રેસ)	૧૬	સામાન્ય બેઠક

“હું પણ રક્તદાતા, હર ઘર રક્તદાતા” ના નારા સાથે

સાબરમતી આશ્રમે થી ધ સ્ટુડન્ટ કલ્ચરલ ગ્રુપ ઓફ અમરેલી ટ્રસ્ટ દ્વારા ‘રક્તસેવક - બાઈક રાઈડ ગુજરાત ૨૦૨૬’ નો પ્રારંભ

રાજ્યના ૩૪ જિલ્લાઓમાં જનજાગૃતિ યાત્રા કરશે; સાબરમતી આશ્રમથી પ્રસ્થાન કરી ૩૧ ઓક્ટોબરે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સમાપન થશે

તસ્વીર: પંકજ શિશાંગીયા

રાજકોટ: ગુજરાતભરમાં સ્વૈચ્છિક રક્તદાન અને માર્ગ સુરક્ષા અંગે વ્યાપક જનજાગૃતિ ફેલાવવાના શુભ આશયથી “દ સ્ટુડન્ટ કલ્ચરલ ગ્રુપ ઓફ અમરેલી” ટ્રસ્ટના નેજા હેઠળ 'રક્તસેવક - બાઈક રાઈડ ગુજરાત ૨૦૨૬' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. “હું પણ રક્તદાતા, હર ઘર રક્તદાતા” ના સૂત્ર સાથે યોજાઈ રહેલી આ જનજાગૃતિ યાત્રાનો પ્રારંભ ૧ ઓક્ટોબર ૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૯:૦૦ કલાકે સાબરમતી આશ્રમ, અમદાવાદ ખાતેથી થઈ હતી. આ યાત્રા રાજ્યના તમામ ૩૪ જિલ્લાઓ, શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થઈને ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડિયા) ખાતે સંપન્ન થશે. અંદાજે ૫૦૦૦ કિલોમીટર ની યાત્રા પૂર્ણ કરશે.

લોકોને રક્તદાન અંગે જાગૃત કરવા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. જેનો પ્રારંભ સંસદ પરસોતમ રૂપાલાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ બાઈક રાઈડ પાંચ રાઈડર થી શરૂ થઈ છે. જેમાં મનીષભાઈ વિરડા, ફતેહ પઠાણ, રાજેન્દ્ર ચાવડા અને ધરમ પટેલ જોડાયા છે. આજ રોજ ગુજરાત બ્લડ બેંક ફેડરેશન ના પ્રમુખ મહેશભાઈ વિરાડા અને મિલાપ શેઠ એ સાંજ સમાચારની મુલાકાત લઈ સાંજ સમાચાર ના તંત્રી શ્રી કરણભાઈ શાહ સાથે આયોજન અંગે ચર્ચા કરી હતી.

આ મુલાકાત દરમિયાન તેઓએ જણાવ્યું છે લોકો જ્યારે રક્ત દાન કરે છે ત્યારે નિ:શુલ્ક કરે છે જ્યારે તેઓને રક્તની બોટલ મેળવવી હોય ત્યારે પૈસા ચૂકવવા પડે છે. આથી લોકોની બોજો ઓછો કરવા સરકારે યોગ્ય પગલાં લેવા જોઇએ. આ ખર્ચો સરકાર ભોગવે તેવી માંગ કરી છે.

આ રાઈડ ૧૧ અને ૧૨ ઓક્ટોબરે રાજકોટ પહોંચશે. ત્યારબાદ ૧૨ ઓક્ટોબરે રાજકોટથી જસદણ, બોટાદ થઈ સારંગપુર તરફ આગળ વધશે. આ માનવતાના મહાઅભિયાનમાં તમામ યુવાનો અને સંસ્થાઓને જોડાવા આયોજકોએ જણાવ્યું છે.

અભિયાનના મુખ્ય હેતુઓ અને સંદેશો

આ મહાઅભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ૧૦૦% સ્વૈચ્છિક અને નિયમિત રક્તદાન માટે લોકોને જાગૃત કરવાનો તેમજ દરેક પાત્ર નાગરિકને રક્તદાતા બનવા પ્રેરિત કરવાનો છે. આ ઉપરાંત થેલેસેમિયા અને સિકલ સેલ સ્ક્રીનિંગ પ્રત્યે જાગૃતિ લાવવી, ભવિષ્યમાં રક્તની જરૂરિયાત ઘટાડવી, તેમજ દરેક નાગરિક પોતાનું બ્લડ ગ્રુપ જાણે તે માટે પ્રોત્સાહિત કરવાનો છે. સાથે જ માર્ગ સુરક્ષા, ટ્રાફિક શિસ્ત અને અકસ્માત નિવારણનો સંદેશો જન-જન સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

ઈ-રક્તકોષ પોર્ટલ અને એપ અંગે રાજ્યભરમાં વ્યાપક જાગૃતિ ફેલાવાશે

ગુજરાતની તમામ બ્લડ બેંકોમાં ઉપલબ્ધ રક્તના સ્ટોક અને બ્લડ ગ્રુપની વિગતો ઈ-રક્તકોષ પર

રાજકોટ: ગુજરાત સરકાર દ્વારા નાગરિકોની સુવિધા અર્થે ‘ઈ-રક્તકોષ’ પોર્ટલ અને મોબાઈલ એપ કાર્યરત કરવામાં આવ્યા છે, પરંતુ ખૂબ ઓછા લોકોને આ મહત્વપૂર્ણ સેવા અંગે જાણકારી છે.

આ પોર્ટલના માધ્યમથી ગુજરાતભરની તમામ બ્લડ બેંકોની સંપૂર્ણ માહિતી, તેમના નામ, સરનામા તેમજ હાલમાં કયા બ્લડ ગ્રુપની કેટલી બોટલ (યુનિટ) ઉપલબ્ધ છે તેની ચોક્કસ વિગતો રિયલ-ટાઈમ મેળવી શકાય છે.

હાલમાં ચાલી રહેલા જનજાગૃતિ અભિયાન અંતર્ગત સામાન્ય નાગરિકોને ઈ-રક્તકોષ એપ અને વેબ પોર્ટલનો ઉપયોગ કરવા તેમજ તેના પર નિયમિત રક્તદાતા તરીકે પોતાની નોંધણી કરાવવા માટે વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. જેથી જરૂરિયાતના સમયે રક્તની શોધખોળમાં ભટકવું ન પડે અને સમયસર દર્દીઓને લોહી મળી રહે.આ જાગૃતિ અભિયાનને વધુ અસરકારક બનાવવા માટે બાઈક રાઈડર્સ, સામાજિક આગેવાનો, યુવા સંગઠનો, શૈક્ષણિક સંસ્થાઓ, એનજીઓ અને વિવિધ ઉદ્યોગો સક્રિય રીતે જોડાશે.

આ તમામના સહયોગથી વિવિધ સ્થળોએ જાગૃતિ રેલી, સેમિનાર અને બ્લડ ડોનેશન અવેરનેસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, જેનાથી ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ વધે અને રકતદાનની સંસ્કૃતિ વધુ મજબૂત બને.

ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના ડોક્ટર્સ એસોશીએશન દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પનું ભવ્ય આયોજન

રવિવારે કોઠારીયા રિંગ રોડ પર આવેલા ‘શ્યામ મંદિર’ ખાતે નિઃશુલ્ક મેગા મેડિકલ કેમ્પ યોજાશે; જરૂરિયાતમંદોને નિદાન, સારવાર અને દવાઓ વિનામૂલ્યે અપાશે

તસ્વીર: પંકજ શિશાંગીયા

રાજકોટ: તા.૧

ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના નામાંકિત અને નિષ્ણાંત એવા ૧૮૦ ડોક્ટરોના એસોશીએશન દ્વારા સામાજિક જવાબદારી અને સ્વાસ્થ્ય જાગૃતિના ભાગરૂપે સમાજ કલ્યાણ અર્થે રાજકોટમાં એક ભવ્ય સર્વ રોગ નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તા. ૪/૧૦/૨૦૨૬, રવિવારના રોજ કોઠારીયા રિંગ રોડ પર આવેલા “શ્યામ મંદિર” ખાતે સર્વ જ્ઞાતિબંધુઓ માટે સવારે ૦૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા દરમિયાન યોજાશે.

આ મેગા કેમ્પમાં ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના અનુભવી અને તજજ્ઞ ડોક્ટરો દ્વારા દર્દીઓને હાડકાંના રોગ, હૃદયરોગ, ડાયાબિટીસ, પાચનતંત્ર, ફેફસાં, કિડની, સ્ત્રીરોગ, સંધિવા, ચામડીના રોગો તેમજ દાંતના રોગોનું વિનામૂલ્યે નિદાન અને સારવાર આપવામાં આવશે. આ ઉપરાંત આયુર્વેદિક, હોમિયોપેથિક અને ફિઝિયોથેરાપીની તમામ સેવાઓ સાથે યોગ્ય તબીબી માર્ગદર્શન અને જરૂરી પ્રાથમિક દવાઓ પણ સંપૂર્ણપણે ફ્રી પૂરી પાડવામાં આવશે.

કેમ્પમાં આવતા તમામ દર્દીઓ માટે બ્લડ પ્રેશર , બ્લડ શુગર તેમજ ફેફસાંની તપાસ પણ કરી આપવાનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન અંતર્ગત ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના ડોકટર્સ એસોશીએશન દ્વારા ડો. પંકજ રાઠોડ, ડો. અંકિત ગોહેલ, ડો. કેતન કાચા, ડો. શ્રુતિ વાઢેર, ડો. નેહા મારુ અને ડો. રાધિકા મારુ એ સાંજ સમાચાર ની મુલાકાત લીધી હતી.

૨૦૦ વર્ષ પ્રાચીન તીર્થ શ્રી સુપાર્શ્વનાથ જિનાલયના આંગણે

તા.૧૫ના શાસનરક્ષક દેવ શ્રી માણિભદ્રવીરનો ૨૦૦મો હોમાત્મક હવનનો ભવ્યાતિત આયોજન

તા.૧૮મીના મણિયાર દેરાસરે મા પદ્માવતી માતાજીનો હોમાત્મક હવન યોજાશેઃ તૈયારીઓનો ધમધમાટ

રાજકોટ, તા.૧

૨૦૦ વર્ષ પ્રાચીન તીર્થ શ્રી સુપાર્શ્વનાથ જિનાલય (માંડવી ચોક)ના આંગણે આગામી તા.૧૫મીના ગુરુવારના પૂ. સાધ્વીજી શ્રી વિપુલયશાજી મ. આદિ ઠાણા-૫ની પાવન નિશ્રામાં સવારે શ્રી માણિભદ્રવીરનો ભવ્યાતિ ભવ્ય ૨૦૦મો હોમાત્મક હવન તથા સુખડી પ્રસાદ યોજાયેલ છે. સાથે પક્ષાલ પૂજા, કેસર પક્ષાલ, કેસર પૂજા, ફૂલ પૂજા વગેરેનું આયોજન કરાયું છે.

ઉપરોક્ત અનુષ્ઠાનમાં પૂજાની બોલી સવારના ૭-૩૦ કલાકથી શરૂ થશે. ત્યારબાદ સવારે નવ વાગે ભક્તિ સંગીતની સુરાવલી સાથે હોમાત્મક હવન શરુ થશે. ભક્તિ સંગીતમાં ધર્મેશભાઇ દોશી તથા શૈલેષભાઇ વ્યાસ સુમધુર સ્વરે ભક્તિ ગીતો રજૂ કરશે.

પદ્માવતી માતાજીનો હોમાત્મક હવન

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય (મણિયાર દેરાસર)ના આંગણે આગામી તા.૧૮ રવિવારે સવારે પૂ. સાધ્વીજી શ્રી પ્રશમપ્રીણાશ્રીજીમ., પૂ. સાધ્વીજી શ્રી પ્રશમ રેણાશ્રીજી તથા પૂ. પ્રશમેશ્વરશ્રીજી મ. આદિની નિશ્રામાં શ્રી પદ્માવતી માતાજીનો હોમાત્મક હવનનું ભવ્ય અનુષ્ઠાન યોજવામાં આવેલ છે. તા.૧૮મીના રવિવારે સવારે ૭-૩૦ કલાકે અનુષ્ઠાનનો પ્રારંભ થશે. જેમાં પક્ષાલ, દૂધ, કેસર, ચંદનપૂજા, વાસક્ષેપ પૂજા, ફૂલ પૂજા તથા માતાજીનો મુગટ, હાર, ચુંદડી ચડાવવાની બોલી બોલાશે. ત્યારબાદ ૯ થી ૧૧ હોમાત્મક હવન થશે. હવનના લાભાર્થી મિલનભાઇ અમૃતલાલ રાણપરા પરિવાર છે. આ પ્રસંગે જૈન સમાજના જાણીતા ભક્તિકાર શૈલેષભાઇ વ્યાસ તથા ધર્મેશ દોશી ભક્તિ સંગીત રજૂ કરશે. અનુષ્ઠાન પૂર્ણ થયા બાદ સંઘ તરફથી પ્રસાદ રાખવામાં આવેલ છે તેમ સંઘ પ્રમુખ જીતુભાઇ ચા વાળાએ જણાવેલ છે.

રાજકોટમાં ‘સનાતન યુવા કથા’ને પ્રચંડ પ્રતિસાદ : સફળતા સાથે પૂર્ણાહુતિ

જયા કિશોરીજીની ભક્તિ સંગીતમય કથામાં મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા : પરમવીર ચક્ર વિજેતા કેપ્ટન યોગેન્દ્ર યાદવે યુવાનોને દેશભકિતનો સંદેશ આપ્યો

રજકોટ : શહેરમાં સનાતન યુવા કથા સમિતિના વિજય વાંક, ભરત દોશી, યોગીન છનિયારા અને દેવ કોરડીયા દ્વારા આયોજિત ત્રિદિવસીય ‘સનાતન યુવા કથા’ને પ્રચંડ પ્રતિસાદ મળ્યો હતો. અંતિમ દિવસે જયા કિશોરીજીની કથા સાંભળવા રેસકોર્સ ખાતે માનવ મહેરામણ ઉમટ્યું હતું. મોટી સંખ્યામાં લોકોએ ડોમની બહાર બેસીને પણ કથાનો લાભ લીધો હતો.

જયા કિશોરીજીએ ત્રણ કલાકની કથામાં ‘દ્વારિકાનો નાથ’ અને ‘હર હર શંભુ’ સહિતના ભજનો સાથે વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. નરસિંહ મહેતા અને કુંવરબાઈના મામેરા સહિતના પ્રસંગો દ્વારા પ્રેરણાત્મક સંદેશ આપ્યો હતો. કથા દરમિયાન સ્વચ્છતાના શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા.

કારગિલ યુદ્ધના પરમવીર ચક્ર વિજેતા કેપ્ટન યોગેન્દ્ર યાદવે ખાસ ઉપસ્થિત રહી યુવાનોને દેશભક્તિ અને રાષ્ટ્રસેવાનો સંદેશ આપ્યો હતો. આયોજકો દ્વારા તેમનું સોનાની પાઘડી પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસ સુધી કથા કરાવનાર જયા કિશોરીજીનું પણ સોનાની પાઘડીથી સન્માન કરાયું હતું.

અંતિમ દિવસે ૧૧૯ આયોજક કાર્યકરોનું મંચ પર સન્માન કરાયું હતું. લોક કલાકારો ઉદય ધાંધલ, ભાવેશ આહિર, સુભાષ ઝાડુ અને અર્જુન પાજીએ ડાયરાની રંગત જમાવી હતી. વિવિધ ક્ષેત્રના અગ્રણીઓની ઉપસ્થિતિમાં આરતી યોજાઈ હતી. અંતે આયોજકોએ રાજકોટની ધર્મપ્રેમી જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો

રીબડા ગુરૂકુળના સંતો ‘સાંજ સમાચાર’ની મુલાકાતેઃ શનિવારથી ભકિત સત્ર-૭નો પ્રારંભ

સમાચાર’ના આંગણે રીબડા ગુરૂકુળના પૂ.ધર્મવત્સલ સ્વામી તથા પૂ.વેદાંતસ્વામી શુભેચ્છા મુલાકાતે આવેલા હતા. તે પ્રસંગની તસ્વીર.

એસજીવીપી રીબડા ગુરૂકુળમાં તા.૩ના શનિવારથી પાંચ દિવસ ભકિતસત્ર-૭ અંતર્ગત નિલકંઠ કથા તથા સંહિતા પારાયણનું આયોજન કરવામાં આવેલ છે. કથામાં વકતા તરીકે છારોડી ગુરૂકુળના અધ્યક્ષ પૂ.શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી રહેશે. પાંચ દિવસ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમો, દિવ્યાંગ સેવા યજ્ઞ, નિઃશુલ્ક મેડીકલ કેમ્પ, ભૂ.પૂ. વિદ્યાર્થી સંમેલન, રાસોત્સવ, શ્રાધ્ધ પર્વ લોકડાયરો સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા છે.

આ અંગેની વિગતો આપવા ‘સાંજ

સમસ્ત પ્રજાપતિ સમાજ રાજકોટની નવી કારોબારીની સર્વાનુમતે રચનાઃ અધ્યક્ષપદે મનસુખભાઈ તલસાણીયાની વરણી

www.facebook.com/sanjsamachar

રંભામાની વાડી ખાતે યોજાયેલી વાર્ષિક સાધારણ સભામાં નવી ટીમની જાહેરાત; ૫૧ કારોબારી અને ૫૦ કો-ઓપ્ટેડ સભ્યો ચૂંટાયા

રાજકોટ: રાજકોટના સમસ્ત પ્રજાપતિ જ્ઞાતિના નવ ગોળની વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં રંભામાની વાડી, શીતલ પાર્ક પાસે યોજાઈ હતી. આ સભામાં અધ્યક્ષ તરીકે નિવૃત્ત ડિસ્ટ્રિક્ટ જજ મનસુખભાઈ ગોહેલે સ્થાન દીપાવ્યું હતું, જ્યારે સભાનું સફળ સંચાલન નિતિનભાઈ ઘાટલીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં રાજકોટમાં વસતા પ્રજાપતિ સમાજના નવ ગોળના કારોબારી સભ્યો અને અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગત મીટિંગની મિનિટ્સના વાંચન બાદ જૂની કારોબારીની મુદત પૂર્ણ થતાં નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. આ નવી કારોબારીમાં ૫૧ સભ્યો તથા ૫૦ કો-ઓપ્ટેડ સભ્યોની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી છે, જે ભવિષ્યમાં રાજકોટના સમસ્ત પ્રજાપતિ સમાજના સામાજિક સંગઠન અને ઉત્થાન માટે કાર્ય કરશે.

સભા દરમિયાન નિવૃત્ત થયેલ હોદ્દેદારો સર્વ અધ્યક્ષ મોહનભાઈ વાડોલીયા, ઉપાધ્યક્ષ ગોરધનભાઈ કાપડિયા, મહામંત્રી અરુણભાઈ સુરાણી, સહમંત્રી જયેશભાઈ ટાકોદરા તથા ખજાનચી ઈશ્વરભાઈ ઘાટલીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ નિવૃત્ત હોદ્દેદારો દ્વારા નવવરાયેલ તમામ હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

નવી કારોબારીની રચના થતાં હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જેમાં અધ્યક્ષ મનસુખભાઈ શિવાભાઈ તલસાણીયા, મહામંત્રી વિનોદભાઈ લાઠીયા, ખજાનચી વિમલભાઈ સંચાણીયા, ઉપાધ્યક્ષ પ્રફુલભાઈ નડીયાપરા, શૈલેષભાઈ મોરાણીયા, મનસુખભાઈ મોજીદ્રા, યોગેશભાઈ ઉનાગર, હરેશભાઈ મોરીધરા, સહ મંત્રી પાર્થભાઈ નૈના, સંગઠન મંત્રી દિલીપભાઈ સીતાપરા, નરેશભાઈ ધરોડીયા, અરુણભાઈ સુરાણી, છગનભાઈ જાદવ, દિલીપભાઈ બોરીચા, સોશિયલ મીડિયા કન્વીનર તુષારભાઈ અરુણભાઈ સરવૈયા, સતીષભાઈ સતાપરા ની વરણી કરવામાં આવી છે.

આ નવરાત્રી તો 'સહિયર'ને જ સંગ : સતત ૨૬ માં વર્ષે બેનમુન આયોજન

સાંજ પડતાંની સાથે જ રેસકોર્સ ગ્રાઉન્ડમાં "સહિયર રાસોત્સવ"નો સૂર્યોદય થશે

સહિયર નવરાત્રી મહોત્સવમાં દરરોજ અલગ-અલગ થીમ સાથે રાસ અને ગરબા રજૂ કરવામાં આવશે, જેમાં ખાસ રેટ્રો ગરબા, નિયોન રાસ, વૃંદાવન થીમ રાસ, રેડ એન્ડ બ્લેક થીમ સાથે ત્રણ તાળી રાસ તથા ફ્યુસન ગરબા જેવા આકર્ષણ ખૈલેયાઓને ઘેલું લગાડશે

.સહિયર કલ્ચરલ ક્લબના સુરેન્દ્રસિંહ વાળાના માર્ગદર્શન હેઠળ ટિમ ચંદુભાઇ પરમાર, કૃષ્ણસિંહ જાડેજા, યશપાલસિંહ જાડેજા, વિજયસિંહ ઝાલા, ધૈર્ય પારેખ, ક્રિષ્નપાલસિંહ વાળા, રવિરાજસિંહ જાડેજા, જયદીપ રેણુકા દ્વારા ધમાકેદાર તૈયારીઓ ચાલી રહી છે

રાજકોટ : નવરાત્રીને હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ 'સહિયર રાસોત્સવ'નું ભવ્ય આયોજન ૧૧ ઓક્ટોબર રવિવારથી શહેરના હાર્દ સમાન રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું છે. સહિયર ક્લબ માટે ૨૦૨૬નું વર્ષ ખાસ બની રહેવાનું છે. સતત ૨૫ વર્ષ સફળતા પૂર્વક, નિર્વિવાદ, સાતત્ય પૂર્વક રાજકોટને એક મર્યાદાસભર રાસોત્સવ આયોજન આપી સહિયર ક્લબ આ વર્ષે ૨૬માં વર્ષમાં પ્રવેશ કરી ઇતિહાસ રચવા સજ્જ છે. ત્યારે સતત ૨૫ વર્ષથી 'સહિયર રાસોત્સવ'નું આયોજન કરવામાં આવે છે અને આ વર્ષે ૨૬માં વર્ષે ખેલેયાઓ માટે નવે નવ નોરતા નવું નજરાણું જોવા મળશે.

સહિયર ક્લબના અધ્યક્ષ સુરેન્દ્રસિંહ વાળાના માર્ગદર્શન હેઠળ આયોજિત આ નવરાત્રી મહોત્સવમાં દરરોજ અલગ-અલગ થીમ સાથે રાસ અને ગરબા રજૂ કરવામાં આવશે. આ વખતે નિયોન રાસ, વૃંદાવન થીમ રાસ, રેડ એન્ડ બ્લેક થીમ સાથેનો રાસ તથા રેટ્રો ગરબા અને ફ્યુઝન ગરબા રાસ જેવા આકર્ષક આયોજનો કરવામાં આવશે. દરેક દિવસે અલગ થીમ સાથેનું આ આયોજન શહેરના ગરબા પ્રેમીઓને નવો અનુભવ આપશે. ગરબા કિંગ તરીકે જાણીતા રાહુલ મહેતા, પૂનમ ગોંડલીયા તથા તેજસ શીશાંગીયા જેવા ખ્યાતનામ ખેલૈયાઓ સાથે આ કાર્યક્રમમાં સહભાગી થશે અને મેદાનમાં ગરબાનો માહોલ સર્જાશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ સુપ્રસિદ્ધ સિંગર રાહુલ મહેતા, પૂનમ ગોંડલીયા અને તેજસ શિશાંગીયા પોતાના સૂર-તાલના સથવારે ખેલૈયાઓને ડોલાવશે

આગામી તા.૧૧મીથી સતત ૯ દિવસ સાંજ પડતાંની સાથે જ રેસકોર્સ ગ્રાઉન્ડમાં રાસોત્સવનો સૂર્યોદય થશે. રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આયોજિત 'સહિયર રાસોત્સવ'ની તૈયારીઓને આખરીઓપ આપી દેવામાં આવ્યો છે.જેમ જેમ નવરાત્રિ નજીક આવતી જાય છે તેમ તેમ રંગીલા રાજકોટના ખેલૈયાઓ રાસ-ગરબાની રમઝટ બોલાવવા થનગની રહ્યા છે ત્યારે સતત ૨૫ વર્ષથી 'સહિયર રાસોત્સવ'નું આયોજન કરવામાં આવે છે અને આ વર્ષે પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. 'સહિયર રાસોત્સવ' હરહંમેશ કંઈક ને કંઈક નવું આપવા તત્પર છે ત્યારે આ વર્ષે પણ વિશાળ ગ્રાઉન્ડમાં ખ્યાતનામ કલાકારો રાસની રમઝટમાં ખેલૈયાઓને ઓળઘોળ કરશે. સહિયર ક્લબની સફળતા અને લોકોનો પ્રેમ હંમેશા આયોજનની વિશેષતાઓ માટે રહ્યો છે. રાજકોટના રેસકોર્ષ ગ્રાઉન્ડ પર રાસોત્સવ માટે મોકળાશથી રમી શકાય તેવો વિશાળ પંડાલ તૈયાર કરવામાં આવ્યો છે. ખેલૈયાઓની સુવિધા માટે રાસોત્સવના ગ્રાઉન્ડમાં મેડિકલની સુવિધા, એક એમ્બ્યુલન્સ, બે ડોકટર તેમજ નર્સિંગ સ્ટાફ હાજર રહેશે. એલઇડી લાઇટીંગ વ્યવસ્થા દ્વારા સમગ્ર ગ્રાઉન્ડ ઝળહળી ઉઠશે. સહિયર ક્લબમાં અર્વાચીન ડાંડીયા રાસમાં દર વર્ષે સિક્યોરિટી લાજવાબ હોય છે. બાઉન્સરો દ્વારા સિક્યોરિટીની ચુસ્ત વ્યવસ્થા જાળવવામાં આવશે. બાઉન્સરો દ્વારા મેટલ ડીટેક્ટરથી ખૈલેયાઓને અને પ્રેક્ષકોને ચેક કર્યા બાદ જ ગ્રાઉન્ડમાં પ્રવેશ આપવામાં આવશે. સમગ્ર ગ્રાઉન્ડમાં ડિજિટલ કેમેરા દ્વારા લોકો પર બાજ નજર રાખવામાં આવશે. સહિયર ક્લબ દ્વારા તૈયાર કરવામાં આવેલ આ ગ્રાઉન્ડમાં અંદાજે ૯ હજાર જેટલા લોકો મોકળાશથી રાસ-ગરબાની રમઝટ માણી શકશે. સહિયર ક્લબના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ ખેલૈયાઓ પરંપરાગત પરિધાન સાથે રસોસ્તવમાં જોડાવા ખાસ અપીલ કરી છે. આ રાસોત્સવને સફળ બનાવવા માટે સુરેન્દ્રસિંહ વાળાના માર્ગદર્શન હેઠળ ટિમ ચંદુભાઇ પરમાર, કૃષ્ણસિંહ જાડેજા, યશપાલસિંહ જાડેજા, વિજયસિંહ ઝાલા, ધૈર્ય પારેખ, ક્રિષ્નપાલસિંહ વાળા, રવિરાજસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા, પ્રકાશ કણસાગરા, જયદીપ રેણુકા, સમ્રાટભાઈ ઉદ્દેશી, પિયુષભાઈ રૈયાણી, રાજવીરસિંહ ઝાલા, જેન્તીભાઇ ઝાલા, જતીનભાઈ આડેસરા, યુવરાજસિંહ ચુડાસમા, પ્રતિકભાઈ જાણીતા, હિરેન ચંદારાણા, નરેન્દ્રસિંહ જાડેજા, શૈલેષભાઈ ખખ્ખર, દીપકસિંહ જાડેજા, અભિષેક અઢિયા, ભરતભાઈ વ્યાસ, કિરણભાઈ આડતિયા, નીરવભાઈ પોપટ, રવિભાઈ આડેસરા, સુશીલભાઈ ફીચડીયા, ધવલભાઈ નથવાણી જહેમત ઉઠાવી રહ્યા છે.પાસ માટે સહિયર ક્લબ, ૩૧૨, સિલ્વર ચેમ્બર, ટાગોર રોડ, અતુલ મોટર્સ ની સામે, રાજકોટ, મોબાઈલ નંબર ૮૯૮૦૦ ૨૧૩૨૧ પર સંપર્ક કરવો.

સહિયર રાસોત્સવની સફળગાથા :

વીતેલા સમયના કેલેન્ડર માં જોઈએ તો પી. ડી. માલવિયા કોલેજ સામેના પટાંગણમાં રજવાડી નામથી શરૂ થયેલ સહિયર ક્લબનું સુકાન સુરેન્દ્રસિંહ વાળા દ્વારા વાઈસ પ્રેસિડેન્ટ તરીકે સફળ રહ્યા બાદ દર વર્ષે ખેલૈયાઓને પ્રિય કલાકારો અને વાદકો ને મંચ ગજાવવા નિમંત્રિત કરાતા સૌરાષ્ટ્ર ના શ્રેષ્ઠ ગાયકો અને આયોજન માટેની ચીવટ અને કાળજી તથા સિક્યોરેટી ના કારણે સહિયર લોક હૃદય માં સ્થાન પામવામાં સફળ રહ્યું છે. પ્રત્યેક વર્ષ કઈક શીખવી જાય એ શીખતા શીખતા દર વર્ષે નાવિન્યસભર ફેરફારો લાવવામાં આવ્યા.ડોમ ના બદલે હાઇટેક ટ્રસ લાઈટિંગ, ડેસ્કટોપ સાઉન્ડના બદલે લાઇન એરે, સીમિતના બદલે વિશાળ ગ્રાઉંડ, કાંકરા ને ધૂળ પર રમતા ખેલૈયાઓની વ્યથા સમજી ગ્રાઉંડ ફ્લોરિંગ શરૂ કરવામા આવ્યું.નવા આયોજનો માટે સહિયર હંમેશા પ્રેરણા દાયક અને અનુસરણીય બની રહ્યુ છે. વર્ષ ૨૦૧૫ માં વિશ્વવિખ્યાત કિર્તીદાન ગઢવીને સહિયર માં બૂક કરવાનું સાહસ પછી જ્યારે આવા લોકભોગ્ય ગાયક ૨૦૧૬ માં ના હોય તો પણ સહિયર ક્યારેય ખેલૈયાઓને નિરાશ નથી થવા દીધા. કોરોના લોકડાઉન સમયે પણ જ્યારે જાહેર કાર્યક્રમો બંધ હતા ત્યારે ઓનલાઈન નવરાત્રી કરી. ગાયકો, વાદકો, ટેકનિશિયન તમામ ને પુરસ્કાર આપી ને આયોજકો એ ઉદાહરણ પુરુ પાડયું કે નવરાત્રી કમાવા નો તહેવાર નથી.. કારણ કે સતત બે વર્ષ ઓનલાઇન સહિયર રાસોત્સવ આયોજકો એ સ્વખર્ચે કોઈ સ્પોન્સરશીપ વિના કરી બતાવ્યો હતો

ખંભાળીયાના પીઢ રઘુવંશી કાર્યકરનું કાર અકસ્માતમાં કરૂણ મૃત્યુ : સ્મશાનયાત્રામાં સમાજના લોકો જોડાયા

પતિ-પત્ની ચાલીને દર્શને જતા હતા ત્યારે કિયા કારે ઠોકર મારી દીધી : પરિમલભાઈ નથવાણીએ શોક વ્યકત કર્યો..

(કુંજન રાડીયા) જામખંભાળીયા, તા.૧

ખંભાળિયા શહેરના જુના અને જાણીતા પીઢ રઘુવંશી એવા કિશોરભાઈ લાલનું ગત મોડી સાંજે દર્શન કરવા જતા મોટરકારની ઠોકરે કરુણ મૃત્યુ નિપજ્યું હતું.

આ કમકમાટી ભર્યા બનાવની વિગત એવી છે કે ખંભાળિયામાં મહાપ્રભુજીની બેઠકજી પાછળ આવેલી શ્રીજી સાનિધ્ય સોસાયટી ખાતે રહેતા અને રઘુવંશી જ્ઞાતિના પીઢ એવા કિશોરચંદ્ર પ્રભુદાસ લાલ (ઉ.વ. ૭૨) તેમના ધર્મપત્ની સાથે ગઈકાલે બુધવારે સાંજના આશરે ૬:૩૦ વાગ્યાના સમયે તેમના ઘરેથી ચાલીને નીકળ્યા હતા. તેમના ઘરથી થોડે આગળ પહોંચતા આ માર્ગ પર ગફલતભરી રીતે આવી રહેલા જી.જે. ૩૭ એમ. ૮૨૭૫ નંબરના એક કિયા મોટરકારના ચાલકે તેમને પાછળથી ઠોકરે લેતા તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી.

આ ઘટના બાદ તેમને ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખંભાળિયાની સરકારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ત્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતક કિશોરભાઈ લાલ ના પુત્ર ધવલભાઈ લાલ (ઉ.વ. ૪૩) ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે કિયા મોટરકારના ચાલક સામે ગુનો નોંધી, ધોરણસરની કાર્યવાહી કરી હતી.

અકસ્માતનો આ બનાવ બનતા ખંભાળિયાના રઘુવંશી આગેવાનો, કાર્યકરો વિગેરે મોટી સંખ્યામાં સરકારી હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા. ત્યારે અહીંના પીઢ એવા કિશોરભાઈ લાલનું અકાળે નિધન થતા મૃતકના પરિવારજનો સાથે શહેરભરમાં ભારે શોક સાથે અરેરાટી પ્રસરાવી છે.

આ ઘટનાની જાણ થતા ખંભાળિયાના વતની અને રાજયસભાના સાંસદ તથા કિશોરભાઈ લાલના વર્ષો જૂના મિત્ર પરિમલભાઈ નથવાણીએ પણ ફોન મારફતે તેમના પરિવારજનો સાથે શોક વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ વર્ષો સુધી તેમણે એક દૈનિકમાં પત્રકાર તરીકે પણ લાંબો સમય સુધી સેવાઓ આપી હતી. આજરોજ બપોરે તેમની સ્મશાન યાત્રામાં મોટી સંખ્યામાં નગરજનો, આગેવાનો, કાર્યકરો અને જ્ઞાતિજનો જોડાયા હતા.

આંદોલન

(પહેલા પાનાનું ચાલું)

આ લડાઈ વધુ વ્યાપક બનશે. ગઈકાલે દિલ્હીમાં 'ઈન્ડીયા' ગઠબંધનની મળેલી બેઠકમાં વધુ એક વખત 'વોટ-ચોરી'નો મુદ્દો દેશ સમક્ષ લઈ જવા જાહેરાત કરી છે. તા.૨થી૮ સુધી વિપક્ષો આ મુદ્દે સરકાર તથા ચુંટણીપંચને ઘેરશે અને તા.૬ના ચુંટણી કમિશ્નરની ઓફીસને ઘેરાબંધી કરવાની જાહેરાત કરી છે. એક તરફ આ મુદ્દે સુપ્રીમકોર્ટમાં પણ કાનુની જંગ શરૂ થયા છે તો માર્ગો પર પણ હવે આ મુદ્દે જબરા દેખાવો-ઘેરાવ થશે તો બીજી તરફ કોકરોચ જનતા પાર્ટીએ આજથી જ મુંબઈના આઝાદ મેદાનમાં એકત્ર થવા આહવાન કર્યુ છે તથા તા.૨થી કોકરોચ જનતા પાર્ટીનું જેલ ભરો આંદોલન શરૂ થશે અને તે તબકકાવાર દેશના અનેક ભાગોમાં લઈ જવાશે.

યુપીઆઈ ચાર્જ મુદ્દો દેશભરમાં આક્રોશ સર્જી રહ્યો છે. રૂ.૨૦૦૦થી વધુના યુપીઆઈ વ્યવહાર પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ ચાર્જ એ વ્યાપારીએ ભરવાનો રહેશે જે તેમના માર્જીન (નફા) પર મોટી અસર પહોંચશે તેવા કારણે દેશભરના ૬૦૦થી વધુ વ્યાપારી સંગઠનોએ કાલે 'નો-યુપીએ-ડે'ની જાહેરાત કરી છે. કાલે કોઈ યુપીએ પર પેમેન્ટ સ્વિકારશે નહી અને તેના કારણે કાલે આ વ્યવહાર ઠપ્પ થશે. જો કે સરકાર યુપીએ ચાર્જ યથાવત રાખવા મકકમ છે તેથી તા.૧૫થી તે વિધિવત રીતે અમલી બને તે પુર્વે વ્યાપારી આંદોલન વિસ્તરશે. દેશભરમાં પેટ્રોલપંપ ડીલર એસો.ને તો તા.૧૫થી યુપીએ પર પેમેન્ટ નહી સ્વીકારવા જાહેરાત કરી જ દીધી છે. યુપીઆઈ પેમેન્ટ પર ૧૮% જીએસટી પણ આવશે જે પણ બોજો વધી જશે તેથી આ ચાર્જ નહી સ્વીકારવા વિપક્ષો મકકમ છે.

સિલીન્ડર

(પહેલા પાનાનું ચાલું)

કરાયો છે. ખાસ કરીને ઘરેલુ ગેસ સીલીન્ડર જે ૧૪.૫ કિલોમાં મળે છે તેના ભાવ યથાવત છે પણ આજથી આ પ્રકારના ઘરેલુ ગેસ કનેકશનમાં નવેસરથી કેવાયસી, ડીલીવરી સમયે ફરજીયાત ઓટીપી વિ. નિયમો અમલી બની ગયા છે. જેના કારણે આ પ્રકારના ગેસના કાળાબજાર કે વ્યાપારી ઉપયોગ રોકવાનો સરકારનો ઈરાદો છે. ૧૯ કિલોના સિલીન્ડર જે વ્યાપારી ઉપયોગના છે તેના દિલ્હીમાં પ્રતિ સિલિન્ડર રૂા.૬૨.૫૦ અને કોલકતા જેવા દુરના ક્ષેત્રમાં તે રૂા.૭૦ જેવો મોંઘો થશે. દિલ્હીમાં નવી કિંમત રૂા.૨૮૧૦ પ્રતિ સીલીન્ડર થયો છે. આ સીલીન્ડર ગત મહિને રૂા.૯.૫૦ વધુ મોંઘો થયો હતો પણ વ્યાપારી ઉપયોગમાં આ ૧૯ કિલોના સીલીન્ડર મોંઘા થતા હોટેલ રેસ્ટોરાથી રોડ સાઈડના ફુડ સ્ટોલ સુધી ભાવવધારો તહેવાર સમયે થશે. ખાદ્યતેલ સહિતના ફુડ આઈટમ મોંઘા થઈ રહ્યા છે તે પણ હવે મેનુના ભાવમાં અસર કરશે. આજ રીતે વિમાની ઈંધણમાં પણ ભાવવધારો થયો છે. જેમાં પ્રતિલીટર રૂા.૧૬નો ભાવવધારો નોંધાયો છે. આમ હવાઈ મુસાફરોને પણ આંચકો લાગશે. બીજી તરફ કેવાયસી પ્રોસેસ નહી કરાવનાર ઘરેલુ સિલીન્ડર (૧૪.૫ કિલો) મેળવનારને સરકાર પ્રતિ સીલીન્ડર જે રૂા.૪૦૦-૫૦૦ની સબસીડી આપે છે તે નહી મળે તેવી સ્પષ્ટ ચેતવણી આપી છે. કેવાયસી બાયોમેટ્રીક રીતે થઈ શકશે.

મોંઘું

(છેલ્લા પાનાનું ચાલું)

સોનાની હોલમાર્કિંગ ફી ૪૫ થી વધારીને ૭૫ પ્રતિ દાગીના કરી દીધી છે. આ શુલ્ક જ્વેલર દ્વારા હોલમાર્કિંગ સેન્ટરને આપવામાં આવે છે, ગ્રાહક પાસેથી સીધું નહીં. હોલમાર્કિંગનો હેતુ જ એ છે કે ગ્રાહકને સોનાની શુદ્ધતા પર ભરોસો રહે. એવામાં જો હોલમાર્કિંગ સેન્ટર જ નિયમો સાથે ચેડાં કરે, તો આખી વ્યવસ્થાની વિશ્વસનીયતા પ્રભાવિત થઈ શકે છે.

આવી સ્થિતિમાં ગ્રાહક શું કરે?

ખરીદી કરતી વખતે દાગીના પર BIS લોગો, કેરેટ/ફાઈનનેસ અને HUID જરૂર જુઓ. બિલમાં દાગીનાની વિગત, શુદ્ધતા અને વજન નોંધાવો. HUID ને BIS ની સુવિધા (BIS Care App) થી ચકાસવું પણ જરૂરી છે. હોલમાર્કિંગની ફી વધારવાની સાથે સાથે BIS એ એ પણ સુનિશ્ચિત કરવું પડશે કે અધિકૃત સેન્ટરોમાં નકલી હોલમાર્ક અને કમિશન જેવી ફરિયાદો પર અસરકારક દેખરેખ રહે. આ માટે હોલમાર્કિંગ સેન્ટરોની સંખ્યા વધારવી જોઈએ. આ જ વ્યવસ્થા ગ્રાહકના ભરોસાને જાળવી રાખી શકે છે.

ફટાકડા

(પહેલા પાનાનું ચાલું)

ચિંતાને કારણે પ્રતિબંધ લગાવ્યો હતો. અદાલતે જનરેશન-ટુ ગ્રીન ફટાકડામાં બેરીયમનો ઉપયોગ કરવાનો નિર્ણય ટાળ્યો હતો. આ મામલે પરિક્ષણ માટે ૧૫ ઓકટોબર સુધીનો સમય આપવામાં આવ્યો હતો.

ફટાકડા મામલે અરજી કરનાર અરજદારે વધુ સમય આપવાનો વિરોધ કરીને એવી દલીલ કરી હતી કે સમયની મર્યાદા અગાઉથી નકકી હોવા છતાં તેનું પાલન થતું નથી. દશેરા-દુર્ગાપૂજાથી જ ફટાકડા ફુટવા લાગે છે અને પ્રદૂષણ વધવા લાગે છે.

પડધરીના નાની અમરેલી ગામે રસ્તો ઓળંગતા શ્રમિકનું બોલેરોની ઠોકરે મોત

રાજકોટ, તા.૧

પડધરીના નાની અમરેલીમાં ગામે રસ્તો ઓળંગતા મૂળ ઉત્તર પ્રદેશના શ્રમિકનું બોલેરોની ઠોકરે મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગતો મુજબ, મંગળપ્રસાદ સંચિતરામ ચૌહાણ (ઉંમર વર્ષ ૫૬ રહે. મેટોડા જીઆઇડીસી) ગઈકાલે સાંજે પાંચ વાગ્યાં આસપાસ પડધરી તાલુકાના નાની અમરેલી ગામે નર્મદા બ્રાસ કારખાના સામે રોડ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે પૂરપાટ ઝડપે આવેલા બોલેરો ચાલકે તેમને લીધા હતા તેમને ગંભીર ઈજા થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અહીં તેમની ટૂંકી સારવારમાં મૃત્યુ નીપજ્યું હતું પડધરી પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરીને મૃતદેહને પીએમ માટે ખસેડ્યો હતો પરિવારજનોની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે મંગળપ્રસાદ મૂળ ઉત્તર પ્રદેશના વતની હતા તેમને સંતાનમાં એક દીકરી છે તેઓ નર્મદા બ્રાસ કંપનીમાં નોકરી કરતા હોય રસ્તો ઓળંગીને જઈ રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. પોલીસે બોલેરો ચાલક સામે ગુનો દાખલ કરવા તજવીજ કરી હતી. આ તરફ મૃતકના પરિવારમાં શોખ છવાયો હતો.

ચોમાસુ

(પહેલા પાનાનું ચાલું)

વરસાદ પણ ઓછો હોવાથી દુષ્કાળની સ્થિતિ છે.

હવામાન વિભાગના વડા મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું કે શિયાળુ ચોમાસાના આગમનની સચોટ તારીખ હજુ જાહેર થઇ શકે તેમ નથી. સામાન્ય રીતે નૈઋત્ય ચોમાસુ વિદાય લ્યે ત્યારે શિયાળુ ચોમાસુ બેસે છે. ૧૫ થી ૨૧ ઓક્ટોબર દરમિયાન પ્રવેશ શક્ય છે.

નૈઋત્ય ચોમાસાનો સરેરાશ વરસાદ ૧૩ ટકા ઓછો છે. પૂર્વ તથા પૂર્વોત્તરમાં સૌથી વધુ ૨૫ ટકા, દક્ષિણમાં ૨૪ ટકા, ઉત્તર પશ્ચિમમાં ૬ ટકા તથા મધ્ય ભારતમાં ૩ ટકાની ખાધ છે.

હાઈકોર્ટ

(છેલ્લા પાનાનું ચાલું)

સંચાલન કે વેચાણમાં અસમર્થ હતી.

આ અગાઉ મહિલાએ ૨૦૨૧માં સ્થાનિક કોર્ટનો સંપર્ક કર્યો હતો, જ્યાંથી અરજી ફગાવી દેવામાં આવતા તેમણે હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે સ્થાનિક જનરલ હોસ્પિટલ અને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દર્દીની તબીબી તપાસનો આદેશ આપ્યો હતો, જ્યાં ડોકટરોએ પુષ્ટિ કરી હતી કે દર્દી અનિસ્પોન્સિવ વેકફુલનેસ સિન્ડ્રોમ (પર્સિસ્ટન્ટ વેજીટેટિવ સ્ટેટ)માં છે અને સાજા થવાની કોઈ શક્યતા નથી.

હાઈકોર્ટે 'પેરેટ્રેપેટ્રી' અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને અરજદારને અરજીમાં સૂચિબદ્ધ ૨૨ મિલકતો માટે વાલી અને સંચાલક તરીકે કામ કરવાની મંજૂરી આપી છે, જે કડક સુરક્ષાપાયા અને ત્રિમાસિક અહેવાલને આધીન રહેશે. આમાં ટ્રાન્ઝેક્શન અંગે રજિસ્ટ્રાર જનરલ સમક્ષ ત્રિમાસિક અહેવાલ આપવો, કોર્ટ રજિસ્ટર જાળવવું અને દૂરુપયોગના કિસ્સામાં વાલીની સમીક્ષા, રદબાતલ અથવા બદલી કરવાની જોગવાઈઓનો સમાવેશ થાય છે. હાઈકોર્ટે સ્પષ્ટતા કરી છે કે મિલકતો વેચતી વખતે અરજદારે સુનિશ્ચિત કરવું પડશે કે ઉત્તમ ભાવ મળે અને તમામ આવક માત્ર દર્દીની સારવાર પાછળ જ વપરાય.

બ્લાસ્ટ કેસ

(છેલ્લા પાનાનું ચાલું)

હતા અને ૨૦૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ દેશનો પહેલો એવો ત્રાસવાદી હુમલો હતો જેમાં બોમ્બ ધમાકા બાદ ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવામાં આવી રહ્યાં હતાં ત્યારે હોસ્પિટલનાં પરિસરમાં પણ ટાર્ગેટ કરીને ધમાકા કરાયાં હતાં.

આ સમગ્ર કેસમાં અમદાવાદનાં ૨૦ અને સુરતમાં મળી આવેલાં બ્લાસ્ટ ન થયેલા બોમ્બ સંબંધિત ૧૫ કેસોને એકસાથે જોડીને કુલ ૭૮ આરોપીઓ સામે સંયુક્ત ટ્રાયલ ચલાવવામાં આવી હતી. ફેબ્રુઆરી ૨૦૨૨માં ખાસ અદાલતે ૪૯ આરોપીઓને દોષિત ઠેરવ્યાં હતાં. ભારતીય ન્યાયિક ઇતિહાસમાં એક જ કેસમાં એકસાથે ૩૮ લોકોને ફાંસીની સજા સંભળાવાઈ હોય તેવો આ પ્રથમ ઐતિહાસિક ચુકાદો હતો, જેના પર હવે સુપ્રીમ કોર્ટે સુનાવણી હાથ ધરી છે.

સાંજ સમાચાર ટચુકડી જાહેર-ખબર

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...
સાંજ સમાચાર
ટૂંકી જાહેરાત
સાંજ સમાચારમાં
ગુરૂવાર-શનિવારના
અંકમાં પ્રસિધ્ધ

★ઓછામાં ઓછી ૪ લાઈન
★ફક્ત રોકડા રૂપિયાથી સ્વીકારાશે
★સવારના ૧૦ થી સાંજના ૮ સુધી
★અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.

Raymond શુટ રૂ. ૩૦૦૦
કાપડ + સિલાઇ સાથે
સફારી શુટ રૂ. ૧૫૫૦
રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂ. ૧૨૦૦
વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે
ફક્ત રૂ. ૩૦૦૦ શુટ કોટ પેન્ટ
વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે
બ્રાન્ડેડ જોડી રૂ. ૧૧૦૦

ભાડે મળશે શુટ-સેરવાની
ચણીયા ચોળી
ઇન્ડો-વેસ્ટર્ન
જોધપુરી-બ્લેઝર
સાફા-મોજડી

રાજપૂતાના પોષાક
રજવાડી બીજીસ હન્ટર શર્ટ, અચકણ બેલ્ટ, બ્લોચ કલગીસાફો-પાઘડી, મોજડી, હન્ટર જોધપુરી તેમજ બાળકોના હન્ટર શર્ટ - બીજીસ મળશે

ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેક્શન
વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ.
મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫
ન્યુ બન્ના કલેકશન

ચામુંડા શુટ ઝોન
શુટ ફેન્સી →૩૫૦૦થી
ઇન્ડોવેસ્ટર્ન →૩૫૦૦થી
ફેન્સી બ્લેઝર →૨૫૦૦થી
સેમી ઇન્ડોવેસ્ટર્ન →૨૨૦૦થી
કોટન કુર્તા સેટ →૫૫૦થી
ફેન્સી કોટ →૧૦૦૦થી
સિલ્ક કુરતા જેકેટવાળા →૧૮૫૦થી
કાઉલ કુરતા શેટ →૨૫૦૦થી
કોટી →૫૫૦થી

વેચવાનું છે

વેચવાનું છે
દરેક ધંધાલાયક, પેડક રોડ ટચ, ૧૪૦ વાર, ફુલ બાંધકામ, પાણી સાથે મો. ૯૭૨૭૬ ૫૫૩૨૫ (૯૭૬૧)

મોકાની દુકાન વેચવાની છે
૮૦ ફુટના કોઠારીયા રોડની ફાસ્ટ ફુડ, કોલ્ડ્રીંકસ, ડેરી ફાર્મ વગેરે દરેક ધંધાને લાયક, ૯૪૦૮૯૨૪૫૧૮ (૯૮૦૭)

વેચવાનું છે
મકાન ૨ બેડ, હોલ, કિચન, ઓફિસ, પેડક રોડ, પ્રજાપતિનગર શે.૪, રાજકોટ. ૯૯૭૯૫ ૮૫૦૪૭ (૯૭૬૯)

ઓફીસ વેચવાની છે
૧૫૩ ચોરસ ફુટ, સામાન રાખવાના ઘોડા સાથે, ગોંડલ રોડ, બાળ અદાલતની પાસે, મો. ૯૪૨૭૨ ૮૨૪૧૧ (૯૮૧૬/૩)

૨ બીએચકે ફ્લેટ વેચવાનો છે
ફર્નિચર સાથે, ટોયોટા શોરૂમ પાછળ, ગોંડલ રોડ, કાંગશીયાળી ગામ મો. ૯૪૨૭૨ ૮૨૪૧૧ (૯૮૧૬/૨)

યાત્રા પ્રવાસ

બાપા સીતારામ યાત્રા સંઘ
(૧) ચાલો દ્વારકા-બેટદ્વારકા (૭-સ્થળ) પ્ર.દિ.૧, ટી. રૂા. ૭૦૧, તા. ૬/૧૦/૨૬, મંગળ વાર રાત્રે (સ્લીપર બસ ૨×૨ એક સોફામાં ત્રણ વ્યકિત)
(૨) ચાલો અમાસને શનિવારે હાથલા-શનિદેવના દર્શને પ્ર.દિ. ૧, ટી. રૂા. ૭૦૧, તા. ૯/૧૦/૨૬ શુક્રવાર રાત્રે (૬-સ્થળ) (સીટીગ બસ ૨×૩) (બપોરે એક ટાઈમ જમવાનું) મો. ૯૭૨૩૬ ૩૮૬૨૨ / ૮૨૦૦૮ ૭૬૯૫૦ (૯૭૮૨)

જોઈએ છે

જોઈએ છે
વેલ્ડર, ટર્નર, હેલ્પર મળો. મયુર એન્જીનીયર્સ, ગોંડલ રોડ, એસ.ટી. વર્કશોપ સામે, મો. ૯૪૨૭૨ ૮૨૪૧૧ (૯૮૧૬/૧)

હેલ્પર/કારીગર જોઈએ છે
વડાપાંવ માટે રૈયા રોડ, મો. ૯૯૦૯૯ ૯૯૬૯૩ (૯૮૧૨)

લો સ્ટુડન્ટ જો. છે
એડવોકેટને લો સ્ટુડન્ટ મો. ૯૮૨૪૨ ૪૪૦૫૫ ઉપર વોટસએપ કરવું અને બીજા દિવસે ફોન કરવો. (૯૮૧૯)

બી.કોમ. સ્ટાફ જો. છે
બી.કોમ. ભાઇઓ-બહેનો ઓફિસ વર્ક માટે ફુલટાઇમ, મો. ૯૮૨૪૨ ૪૪૦૫૫ ઉપર રેસ્યુમ વોટસઅપ કરવું અને પછી બીજા દિવસે ફોન કરવો. (૯૮૨૦)

ધ્રુવ એડસ
હિરા કોમ્પ્લેક્ષ, બીજા માળે, ફુલછાબ ચોક પાસે, પટ્ટણી સોની બોર્ડીંગ સામે, રાજકોટ-૧.
M. 96247 10323

વેંચવાનું છે

ફ્લેટ વેંચવાનો છે
રેસકોર્ષ પ્રાઈમ લોકેશનમાં ૨ બીએચકે, ફર્નિચર સાથે, કિં. ૪૦, મો. ૯૪૨૬૭૧૨૧૩૬

શશી પબ્લીસીટી
૧/૩ લક્ષ્મીવાડી કોર્નર, રાજકોટ.
દરેક પેપરની ટચૂકડી જા.ખ. માટે મળો: પ્રકાશ ગાંગડીયા
મો: ૯૮૨૫૫ ૫૫૮૪૫, ૮૮૪૯૩ ૮૦૭૪૮

યાત્રા પ્રવાસ

ભાઈબીજ મથુરા સ્નાન
હરીદ્વાર, દિલ્હી, ગોકુળ મથુરા વૃંદાવન ઉપડશે તા. ૧/૧૧ વિગેરે ઘણા સ્થળ સ્લીપર બસ, બે બસ લઈ જવાની હોય જલ્દી નામ નોંધાવો, કાઠીયાવાડી ભોજન, આનંદદાયક ગેરંટીથી યાત્રા કરાવનાર એક માત્ર નામ જય બાલાજી ટુર્સ, ચંદુભાઈ મૈયડ, ૯૮૭૯૯ ૫૬૯૯૦

વેચવાનું છે

ટેનામેન્ટ વેચવાનું છે
રત્નમ સીટી, ૭૬ વાર, વર્ધમાનનગર, બ્રો. ૭૦૬૯૬ ૩૯૮૭૮

વેચવાના છે
તાત્કાલીક ૩ બીએચકે ફ્લેટ ભાડેથી તથા વેચાણથી મળશે રૂા. ૩૫ લાખ ૫૧ હજારમાં રૂા. ૧૬ લાખ ૫૧ હજારમાં ભાડુ રૂા. ૧૦/૦૦૦ ૩ બીએચકે ભાડુ રૂા. ૮૦૦૦, ૨ બીએચકે બ્રો. ૭૦૬૯૬ ૩૯૮૭૮

ધંધાદારી

સર્વિસ સેન્ટર
લેપટોપનું પરફેકટ સોલ્યુશન ફુલ બોડી અને કિ-બોર્ડ ચેન્જ, બેટરી ચાર્જર, સ્કીન રીપ્લેસમેન્ટ હેન્જીસ રીપેરીંગ જેવી તમામ સર્વિસ આખા રાજકોટમાં મળશે. દિશાંત કોમ્પ્યુટર મો. ૯૭૨૬૧ ૦૭૦૭૫

ધંધાદારી

ઘરઘંટી, વોશીંગ મશીન, ફ્રીઝ ઈલે. ગીઝર, ગેસ ગીઝર, આરો ઓવન, ગેસ ચુલો રીપેરીંગ, મો. ૯૭૨૩૧ ૨૫૯૬૪ (૯૭૫૭)

સાંઈરામ ૨૪ કલાકમાં નવો GST નંબર અને વ્યાજબી ફીસમાં GST Return & IT Return માટે ૯૩૭૬૬ ૪૨૩૬૦ (એસ/એસ)

ભાડે આપવાનું છે

દુકાન ભાડે
કોઠારીયા રોડ, સુતા હનુમાન સામે, ૩૦૦ ફુટ, ભાડુ ૨૩ હજાર, વે. કિ. ૬૫ લાખ, મો. ૯૬૬૨૭ ૪૫૬૭૭ (૯૮૧૮/૧)

ફ્લેટ ભાડે
કાલાવડ રોડ અવધના ઢાળીયે, રૂડામાં ભાડુ છ હજાર, વે. કિ. ૧૫ લાખ, મો. ૯૬૬૨૭ ૪૫૬૭૭ (૯૮૧૮/૨)

સાંજ સમાચાર
૧૨ અક્ષરની ૧ લાઈન
૧ લાઈનના માત્ર
રૂા.૧૦
ટચૂકડી
સ્વીકારવાનો સમય
૧૦ થી ૮- સોમથી શનિ

આપના ધંધાકીય વિકાસ માટે ટચુકડી જાહેરાત આપી આપના ધંધાનો વિકાસ

અવસાન નોંધ



રાજકોટ: સ્વ. રાજેન્દ્રસિંહ રૂપસિંગભાઈ ભટ્ટીનું તા. ૩૦-૯-૨૦૨૬ ને બુધવાર (ઉ.વ.-૩૯) તે પ્રધ્યુમનસિંહ રૂપસિંગભાઈ ભટ્ટી ના ભાઈ, સૂર્યદિપસિંહ ભટ્ટી ના પિતાશ્રી થાય. બેસણું તા. ૨-૧૦-૨૦૨૬ ને શુક્રવાર બપોરે ૪ થી ૬ કારડીયા રાજપૂત સમાજ' મવડી ચોકડી, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટ: સ્વ. જીતેન્દ્રસિંહ લખુભા જાડેજા (ઉંમર: ૬૪ વર્ષ)(મૂળ: મૂંગાવાવડી) તેઓ ભરતસિંહના નાનાભાઈ, સ્વ.ચંદુભા દોલુભા અને અશોકસિંહ દોલુભાના મોટાભાઈ અને રામદેવસિંહના પિતાનું તા.૨૯/૦૯/૨૦૨૬ને મંગળવાર ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણુ તા. ૦૨/૧૦/૨૦૨૬ને શુક્રવારના રોજ ઇન્દ્રેશ્વર મહાદેવ મંદિર, માસ્તર સોસાયટી, કસ્તુરબા સ્કૂલની બાજુમાં, રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ દરમિયાન રાખેલ છે.

ભાટિયા: સ્વ. ઇન્દુબેન અજીતભાઈ પાલેજા (ઉ.વ. ૭૪) તે અજીતભાઈ કરશનદાસ પાલેજાના ધર્મપત્ની, તેજશ તથા પ્રિતિના માતૃશ્રી, તેમજેધીરુભાઈ તેમજ તનસુખભાઈના ભાભી, કૃપાલી તથા મીલન ચંદ્રકાંત ઉદેશીના સાસુ, તેમજ સ્વ. ત્રિભોવનદાસ વિઠ્ઠલદાસ સંપટ (કાલાવડ વારા) ના દીકરી, તે સ્વ. કુમનભાઈ, સ્વ. પ્રતાપભાઈ, સ્વ. રાજેન્દ્રભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, હિમંતભાઈ તથા પ્રહલાદભાઈના બેન તા.૩૦ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૦૨/૧૦/૨૦૨૬ શુક્રવાર ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે સ્થળ શ્રી કાઠિયાવાડ ભાટિયા વિદ્યાર્થી ભવન, રેલવે જંકશન સામે,રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટ: કંચનબેન મનુભાઇ રાઠોડ (ઉ.વ. ૭૪, કારડીયા રાજપૂત) તે મનુભાઇ દાનસિંગભાઇ રાઠોડના ધર્મપત્ની, ભાવસિંગ દાનસિંગભાઇ રાઠોડના ભાભી, ભરતભાઈ મનુભાઇ રાઠોડના માતૃ શ્રી, રાજેશભાઇ મનુભાઇ રાઠોડ, ઉત્તમ અભેસિંગભાઇ રાઠોડના મોટા બા, નિકેત ભાવસિંગ રાઠોડના મોટા બા, દિવ્યેશ, મયંક, હેમાંશી, હેમાલીના બાનું તા. ૨૯/૦૯/૨૦૨૬ના અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૦૨/૧૦/૨૦૨૬ને શુક્રવારે સાંજે ૫ થી ૬:૩૦, રાજનગર કોમ્યુનિટી હોલ, નાના મવા મેઇન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

હેપી બર્થ-ડેઃ આજે ગાયક-સંગીતકાર એસ.ડી. બર્મનનો ૧૨૦મો જન્મદિન

રાજવી પરિવારમાં જન્મેલા સચિનદેવ બર્મન ગીત-સંગીતના માધ્યમથી લોકોના દિલમાં રાજ કર્યું!

શાહી જીવન છોડી સચિન દા ગાયક બનવા મુંબઇ આવ્યા હતા, બાદમાં ટોચના સંગીતકાર બની ગયાઃ પ્યાસા, દો ભાઇ, ગાઇડમાં તેમનું સંગીત બેનમૂન હતું

મુંબઇ: ત્રિપુરાના શાહી ઘરાનામાં જન્મેલા અને ભારતીય ફિલ્મ સંગીતના ખરા અર્થમાં રાજા બનેલા સચિનદેવ (એસડી) બર્મનનો આજે જન્મ દિવસ છે. મેરા સુંદર સપના બીત ગયા (દો ભાઇ), યે મહલો યે તખ્તો (પ્યાસા), વક્તને કિયા (કાગઝ કે ફૂલ)થી માંડીને કોરા કાગઝથા (આરાધના), કાંટો સે ખીચ કે (ગાઇડ) જેવી લોકપ્રિય ફિલ્મમાં લોકપ્રિય સંગીત આપનાર એસડી બર્મનનો આજે ૧૨૦મો જન્મ દિવસ છે.

જ્યારે પણ આપણે હિન્દી સિનેમાના મહાન સંગીતકારો વિશે વાત કરીએ છીએ, ત્યારે એસડી બર્મનનું નામ અનિવાર્યપણે ધ્યાનમાં આવે છે. એસડી બર્મને દાયકાઓ સુધી તેમના ઉત્કૃષ્ટ સંગીતથી પ્રેક્ષકોને મોહિત કર્યા. તેઓ હવે આ દુનિયામાં નથી, પરંતુ તેમનું યાદગાર સંગીત હંમેશા લોકોના હૃદયમાં જીવંત રહેશે. એસડી બર્મનનો જન્મ એક રાજવી પરિવારમાં થયો હતો. તેમની માતા રાજકુમારી હતી, અને તેમના પિતા મહારાજાના પુત્ર હતા. આ હોવા છતાં, એસડી બર્મન મોટા થતાં રેડિયોમાં કામ કરતા હતા.

બોલીવુડમાં સંગીતકાર તરીકે કામ કરવા ઉપરાંત, એસડી બર્મન કેટલીક હિન્દી અને બંગાળી ફિલ્મોમાં ગાયક તરીકે પણ કામ કર્યું હતું. એસડી બર્મન બોલીવુડમાં કામ કરવા માટે મુંબઈ ગયા અને ઘણા પ્રખ્યાત કલાકારો અને ફિલ્મ નિર્માતાઓ સાથે કામ કર્યું.

એસડી બર્મનનું પૂરું નામ સચિન દેવ બર્મન હતું. આ સુપ્રસિદ્ધ સંગીતકારનો જન્મ ૧ ઓક્ટોબર, ૧૯૦૬ ના રોજ કુમિલા (હવે બાંગ્લાદેશ) માં થયો હતો. ૧૦૦ થી વધુ ફિલ્મો માટે સંગીત આપનારા એસડી બર્મન મણિપુરની રાજકુમારી નિર્મલા દેવીની પુત્રી હતી. જોકે, એસડી બર્મન માત્ર બે વર્ષના હતા ત્યારે તેમની માતાનું અવસાન થયું. તેમના પિતા, નવદ્દીપ ચંદ્ર દેવ બર્મન, ત્રિપુરાના મહારાજા આરએન દેવ બર્મનના પુત્ર હતા.

સચિન દેવ બર્મન ગાયક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી. તેમણે સૌપ્રથમ ૧૯૩૦ના દાયકામાં કોલકાતાના રેડિયો સ્ટેશનમાં કામ કર્યું. ત્યારબાદ તેમણે બંગાળી સિનેમામાં પ્રવેશ કર્યો. બાદમાં, એસડી બર્મન હિન્દી ફિલ્મોમાં કામ કરવા માટે મુંબઈ ગયા.એસડી બર્મને હિન્દી સિનેમાના ત્રણ મહાન ગાયકોઃ લતા મંગેશકર, કિશોર કુમાર અને મોહમ્મદ રફી સાથે પણ કામ કર્યું. કિશોર કુમાર સાથેના તેમના સંબંધો ઊંડા અને ખાસ હતા. જોકે, ભારતના બુલબુલ, લતા મંગેશકર સાથેના તેમના સંબંધો એક સમયે તણાવપૂર્ણ હતા. આ વાતનો ખુલાસો લતાએ પોતે એક મુલાકાતમાં કર્યો હતો.

ઇન્ડસ્ટ્રીમાં ઘણા લોકોએ કહ્યું છે કે એસડી બર્મન ઘણી બાબતોમાં ખૂબ જ કરકસર કરતા હતા. તેમના જીવનચરિત્રમાં આ વિશે એક રમુજી કિસ્સો છે. હકીકતમાં, જ્યારે પણ એસડી બર્મન મંદિરમાં જતા, ત્યારે તેઓ ક્યારેય એક જ જગ્યાએ તેમના બંને ચપ્પલ ઉતારતા નહીં. ચોરી થવાના ડરથી તેઓ અલગ અલગ જગ્યાએ ઉતારતા.

૧૯૪૪માં મુંબઈ આવેલા એસડી બર્મને ૧૯૪૬માં બોલિવૂડમાં પ્રવેશ કર્યો. આ સમયગાળા દરમિયાન, તેમણે શિકારી અને આઠ દિન જેવી ફિલ્મો માટે સંગીત આપ્યું.

એસ.ડી. બર્મને 'બંદિની', 'સુજાતા', 'જવેલ થીફ', 'ગાઈડ', 'પ્યાસા', 'અભિમાન', 'દેવદાસ', 'આરાધના', અને 'ટેક્સી ડ્રાઈવર' સહિત ઘણી નોંધપાત્ર ફિલ્મોમાં તેમના શક્તિશાળી સંગીતનો જાદુ ફેલાવ્યો. તેમના સૌથી લોકપ્રિય ગીતો 'એક લડકી ભીગી ભાગી સી', 'રૂપ તેરા મસ્તાના', 'કોરા કાગજ થા યે મન મેરા', 'મીટ ના મિલા રે મન કા', 'તેરી બિંદિયા રે', 'આજ ફિર જીને કી તમન્ના હૈ', અને 'અબ તો હૈ તુમસે હર ખુશી અપની'નો સમાવેશ થાય છે.૧૯૬૯માં એસ.ડી.બર્મનને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા. ૧૯૭૦માં, તેમને ફિલ્મ 'આરાધના' ના 'સફલ હોગી તેરી આરાધના' ગીત માટે શ્રેષ્ઠ ગાયકનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો અને ૧૯૭૪માં, તેમને ફિલ્મ 'ઝિંદગી ઝિંદગી' માટે શ્રેષ્ઠ સંગીત નિર્દેશકનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો. ૧૯૫૮માં, તેમને સંગીત નિર્દેશકનો રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો.

સરકારના વિકાસના બણગા પણ વાસ્તવિકતા જુદી

શેરબજારમાં ઈન્વેસ્ટરોને ખોટઃ ટેકસ ભારણ દુર કરો

કોંગ્રેસ પ્રવકતા શકિતસિંહ ગોહિલની માંગઃ મનમોહન સરકારે વૈશ્વિક મંદી સામે બાથ ભીડીને શેરબજારમાં તેજી ટકાવી હતી, વડાપ્રધાન-ગૃહમંત્રીની 'સલાહ'માં રોકાણકારો ડુબી ગયાનો આરોપ

અમદાવાદ તા.૧

વડાપ્રધાન તથા ગૃહમંત્રીની સલાહથી શેરબજારમાં કરોડો રૂપિયા રોકનારા નાના ઈન્વેસ્ટરોને રોવાનો વખત આવ્યો છે. સરકારની અણઆવડત તથા બેવડા ટેકસ ભારણથી રોકાણકારોની હાલત ખરાબ થઈ છે. ત્યારે ટેકસ ભારણ દુર કરીને અર્થતંત્રની વાસ્તવિકતા રજુ કરવાની માગણી કોંગ્રેસના પ્રવકતા તથા પૂર્વ સાંસદ શકિતસિંહ ગોહિલે કરી છે.

તેઓએ પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું કે આપણા દેશમાં બહુમતી પરિવારો મધ્યમ વર્ગના છે. આ મધ્યમ વર્ગના પરિવારોએ પોતાના મહેનતની મૂડી બચાવી બચાવીને શેરબજારમાં રોકી હતી કારણ કે વડાપ્રધાન અને ગૃહમંત્રીએ જૂન ૨૦૨૪માં દેશની જનતાને કહ્યું હતું કે શેરબજારમાં રૂપિયા રોકો અને તમને અઢળક ફાયદો થશે. તેઓના શાસનમાં શેર માર્કેટ રેકોર્ડ તોડશે અને અઢળક ફાયદો થશે. આજે આ વાત માનીને રોકાણ કરનાર નાગરિકોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં જે સેન્સેકસ ૮૫,૮૩૬ હતો તે ૭૨,૫૦૦ ઉપર છે. એટલે કે બે વર્ષ પહેલા જેમણે નાણા રોકયા હતા તેમને કોઈ નફો નથી થયો પરંતુ સાડા બાર ટકા મૂડીમાં નુકશાન થયું છે. ઉપરાંત સિકયોરીટીઝ ટ્રાન્ઝેકશન ટેકસના (એસટીટી) કરના નાણા પણ ભરવા પડયા છે.

અર્થતંત્રના વિકાસના ખોટા આંકડા અને માયાજાળની વાતો અને વાસ્તવિકતા વચ્ચે મોટો ફરક છે. ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ૭.૮% વિકાસની વાતો વડાપ્રધાને કરી તેના સાથે જ સેન્સેકસ ૩૦૦૦ પોઈન્ટ ગગડી પડયો હતો.

હકીકતમાં ભાજપની સરકારનો સાંઠગાંઠ વાળો મૂડીવાદી અને માનીતાઓને જ માલામાલ કરવાનો અભિગમ તથા શાસન ચલાવવાની અણઆવડતના કારણે અર્થતંત્ર અને શેર બજાર ડુબી રહ્યું છે.

૨૦૧૪માં પીએમ મનમોહનસિંહ અને યુપીએના ચેરપર્સન શ્રીમતી સોનીયા ગાંધીજીની આગેવાની વાળી સરકારે શેરમાં રોકાણ કરનાર મધ્યમ વર્ગના વ્યકિતઓને રાહત આપવા માટે લોંગ ટર્મ કેપીટલ ગેઈન ટેકસ સાવ નાબુદ કરીને ઝીરો પરસન્ટ કરેલ. સિકયોરીટી ટ્રાન્ઝેકશન ટેકસ ટેકસ એસટીટી જ માત્ર લાગતો હતો. ભાજપની કેન્દ્ર સરકારે મધ્યમ વર્ગ ઉપર ડબલ ટેકસ નાખ્યો છે. એટલે કે એસટીટી તો ભરવાનો જ પરંતુ શેરમાં એક વર્ષમાં નફો એટલે કે શોર્ટ ટર્મ ગેઈન થાય તો તેના પર ૨૦% ટેકસ અને લાંબા ગાળાના રોકાણથી નફો થાય તો ૧૨% ટેકસ ભરવાનો. આમ ભાજપની સરકાર મધ્યમ વર્ગ ઉપર કરનું ભારણ વધારી રહી છે. ચાલુ વર્ષના ૨૦૨૬-૨૭ના વર્ષમાં અત્યાર સુધીમાં સરકારે ૪૦,૨૧૪.૩૬ કરોડ એસટીટી ટેકસ ઉઘરાવી લીધો છે. ૧ લાખ ૨૯ હજાર કરોડ રૂપિયા એટીસીજીના નામે સરકારે ટેકસ મેળવી લીધો છે. ૨૦૨૦માં ભાજપની કેન્દ્ર સરકારે એટીસીજી ટેકસ ૧૦%માંથી ૧૨.૫૦% કરી નાખ્યો છે અને એસટીસીજી ટેકસ ૧૫%થી વધારી ૨૦% નાખ્યો છે.

કોંગ્રેસની આગેવાની વાળી કેન્દ્ર સરકારના દસ વરસના સમયગાળા દરમિયાન આંતરરાષ્ટ્રીય, મંદીનું મોજુ આવ્યું હતું. 'વર્લ્ડ રિસેશન' હતું એમ છતા એ સમયમાં સેન્સેકસ ૧૦ વર્ષમાં ૩૯૮% વધ્યો હતો. જેની સરખામણીએ ભાજપના ૧૨ વર્ષ દરમિયાન સેન્સેકસની ટકાવારી નીચે ગબડી પડી છે.

તેમણે એવી માગણી કરી હતી કે શેર શેરબજારમાં રોકાણ કરનાર મધ્યમ વર્ગના લોકો ઉપરથી ડબલ ટેકસનું માળખુ દુર થાય. એટીસીજી અને એનટીસીજી ટેકસ નાબૂદ કરવામાં આવે, દેશનું અર્થતંત્ર ન જાળવી શકવા બદલ સરકાર દેશની માફી માંગે, પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીના શબ્દો ઉપર વિશ્વાસ રાખી શેરમાં રોકાણ કરનાર લોકોને થયેલ નુકસાન બદલ જવાબદારી સ્વીકારવામાં આવે, અર્થતંત્રની બાબતમાં જુઠાણું નહીં દેશને પ્રધાનમંત્રી સત્ય જણાવે.

આસારામને ગુજરાત હાઈકોર્ટનો ઝટકો : કોર્ટે ૨૦ દિવસની અસ્થાયી જામીન અરજી ફગાવી

બીમાર પત્નીને મળવા માટે માંગી હતી રાહત ; કોર્ટે વીડિયો કોન્ફરન્સિંગથી વાત કરવાની મંજૂરી આપી

અમદાવાદ તા. ૧ : રાજસ્થાનનાં જોધપુરમાં એક સગીરા પર દુષ્કર્મના કેસમાં આજીવન કેદની સજા કાપી રહેલાં આસારામને ગુજરાત હાઈકોર્ટે મોટો ઝટકો આપ્યો છે. હાઈકોર્ટે આસારામની ૨૦ દિવસની અસ્થાયી જામીન અરજી ફગાવી દીધી છે. આસારામે માનવીય ધોરણે તેમની બીમાર પત્નીને મળવા માટે રાહત માંગી હતી, પરંતુ કોર્ટે તે સ્વીકારી ન હતી. જસ્ટિસ ગીતા ગોપી અને જસ્ટિસ એલ. એસ. પીરઝાદાની ડિવિઝન બેંચે આ અરજી નાંજૂર કરી હતી, જોકે તેમને તેમની પત્ની સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વાતચીત કરવાની મંજૂરી આપવામાં આવી છે.

કોર્ટે મંગળવારે પોલીસને આસારામની પત્નીનાં સ્વાસ્થ્યની તપાસ કરીને રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. બુધવારે પોલીસે હોસ્પિટલનો રિપોર્ટ અને સારવાર કરી રહેલાં બે તબીબોના નિવેદન રજૂ કર્યા હતાં, જેનાં આધારે જામીન અરજી ફગાવવામાં આવી હતી. સરકારી વકીલે જણાવ્યું હતું કે, ડોક્ટરોના રિપોર્ટ મુજબ તેમની પત્નીની હાલત સ્થિર છે અને બે-ત્રણ દિવસમાં હોસ્પિટલમાંથી રજા મળવાની શક્યતા છે. તેઓ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને સગા-સંબંધીઓ તેમની દેખરેખ રાખી રહ્યાં હોવાથી જામીન આપવાની કોઈ તાત્કાલિક જરૂરિયાત નથી.

સોશિયલ મીડિયામાં એસસી/એસટી વ્યકિતના વાંધાજનક ફોટો-વીડિયો શેર કરવા અપરાધ

બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચનો મહત્વનો ફેસલો

નાગપુર (મહારાષ્ટ્ર) તા.૧ બોમ્બે હાઈકોર્ટની નાગપુર પીઠે એક મહત્વપૂર્ણ ફેસલામાં જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિ (એસસી) કે અનુસૂચિત જન જાતિ (એસટી) સાથે સંબંધિત વ્યકિતના વાંધાજનક ફોટો કે વીડિયોને વોટ્સ એપ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રસારિત કરવું એસસી/એસટી (અત્યાચાર નિવારણ) અધિનિયમની જોગવાઈઓ અંતર્ગત અપરાધ માની શકાય છે. અદાલતે જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પર આવી સામગ્રીનો પ્રસાર પબ્લિક વ્યૂના ક્ષેત્રમાં આવે છે.

અદાલતે જણાવ્યું હતું કે જો કોઈ એસસી/એસટી વ્યકિતની વાંધાજનક તસવીર કે વીડિયોને વોટ્સએપ કે અન્ય સોશિયલ મીડિયાના માધ્યમથી લોકો સુધી પહોંચાડવામાં આવે છે તો તે પ્રાઈવેટ વાતચીત સુધી સીમિત નહીં માનવામાં આવે. આવી સામગ્રીના પ્રસારનું ક્ષેત્ર પબ્લીક વ્યુની શરતને પૂરૂ કરી શકે છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યુ કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કોઈ વાંધાજનક સામગ્રીને શેર કરવાથી તે લોકોની નજરમાં આવી જાય છે. આવા કેસમાં એસસી-એસટી પ્રિવેન્શન ઓફ એટ્રોસીટી એકટ અંતર્ગત કાર્યવાહીની જોગવાઈ લાગુ થઈ શકે છે.

આવતીકાલથી ૭ નવી ફિલ્મો-વેબસીરીઝ થશે રીલીઝ

ઓ.ટી.ટી. પર ઓકટો.ની થશે ધમાકેદાર શાનદાર શરૂઆત

HINDI ZEE5 ORIGINAL
POOJA
MERI JAAN
PREMIERES 2ND OCT

મુંબઈ : સિનેમાઘરોમાં આ અઠવાડિયે અજય દેવગનની 'દ્રશ્યમ ૩' સહિત અનેક ફિલ્મોને લઈને ચર્ચા ચાલી રહી છે, ત્યારે ઓટીટી દર્શકો માટે પણ મનોરંજનની કોઈ કમી રહેવાની નથી. સપ્ટેમ્બરનાં છેલ્લાં દિવસોથી લઈને ઓકટોબરના પ્રથમ અઠવાડિયા સુધી અલગ-અલગ ઓટીટી પ્લેટફોર્મ પર ઘણી નવી ફિલ્મો અને વેબ સિરીઝ દસ્તક આપવા જઈ રહી છે. જેમાં એનિમેશન, કોમેડી, ક્રાઇમ, થ્રિલર અને રોમેન્ટિક ડ્રામા જેવા વિવિધ જોનરના કન્ટેન્ટનો સમાવેશ થાય છે. જો તમે ઘરે બેઠા કંઈક નવું જોવાની તૈયારી કરી રહ્યાં છો, તો આ અઠવાડિયાનું સંપૂર્ણ લિસ્ટ અહીં જોઈ શકો છો:

'ડેમન સ્લેયર : ઇન્ફિનિટી કેસલ' : એનિમે પ્રેમીઓ માટે આ અઠવાડિયે 'ડેમન સ્લેયરઃ કિમેત્સુ નો યાબા - ઇન્ફિનિટી કેસલ' ખાસ રહેવાની છે. સિનેમાઘરોમાં રિલીઝ થયા બાદ હવે આ ફિલ્મ ઓટીટી પર પહોંચી ચૂકી છે. આ ફિલ્મ ૨૮ સપ્ટેમ્બરથી નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહી છે. ખાસ વાત એ છે કે દર્શકો તેને હિન્દીની સાથે તમિલ અને તેલુગુ ડબ વર્ઝનમાં પણ જોઈ શકે છે.

બંગાળી સિરીઝ 'આશીર્વાદ' : ૨૮ સપ્ટેમ્બરે જ બંગાળી સિરીઝ 'આશીર્વાદ' પણ જિયોહોટસ્ટાર પર સ્ટ્રીમ થઈ ચૂકી છે. વાર્તા એક એવા પરિવારની આસપાસ ફરે છે જ્યાં ચાર ભાઈઓ એક જ ઘરમાં રહે છે. તેમની માતા બાળપણમાં જ તેમને છોડીને જતી રહી હતી અને ત્યારબાદ ઘરમાં કોઈ મહિલા સભ્યની હાજરી નહોતી રહી. એવામાં એક જ છત નીચે રહેતા ભાઈઓના જીવનમાં આવતી પરિસ્થિતિઓ વાર્તાને રસપ્રદ બનાવે છે.

'ઓહ માય ડોગ' : પંકજ ત્રિપાઠી અને પવન મલ્હોત્રા સ્ટારર 'ઓહ માય ડોગ' પણ આ સપ્તાહે ઓટીટી પર દસ્તક આપવા જઈ રહી છે. આ ઇન્વેસ્ટિગેટિવ કોમેડી-ડ્રામા બે અલગ-અલગ રહસ્યોને એકસાથે આગળ વધારે છે. વાર્તામાં એક બાળકી પોતાના લાપતા ઇન્ડી ડોગ 'મોમો'ને શોધવામાં વ્યસ્ત છે, જ્યારે બીજી તરફ બિહારમાં એક યુવાન મજૂર ગાયબ થવાનો કેસ સામે આવે છે. આ ફિલ્મ ૧ ઓક્ટોબર ૨૦૨૬થી નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે. બે અલગ-અલગ ઘટનાઓ વચ્ચે કઈ રીતે કનેક્શન બને છે, તે જ આ ફિલ્મની વાર્તાનો મુખ્ય ભાગ છે.

'દુપહિયા' સીઝન ૨ : કોમેડી સિરીઝ 'દુપહિયા'ની બીજી સીઝન પણ દર્શકો વચ્ચે પરત ફરી રહી છે. આ વખતે ધડકપુરમાં સ્થિતિ વધુ ગૂંચવાવાની છે અને વધતા ગુનાઓ વચ્ચે પાત્રો સામે નવી મુશ્કેલીઓ ઊભી થશે. સિરીઝમાં કોમેડીની સાથે આ વખતે પણ ગામડાની પરિસ્થિતિઓ અને પાત્રોની મથામણ જોવા મળશે. 'દુપહિયા' સીઝન ૨નું પ્રીમિયર ૧ ઓક્ટોબરે પ્રાઇમ વીડિયો પર થશે. સોનમ નાયરના નિર્દેશનમાં બનેલી આ સિરીઝમાં ગજરાજ રાવ, રેણુકા શહાણે, સ્પર્શ શ્રીવાસ્તવ, ભુવન અરોરા, શિવાની રઘુવંશી અને યશપાલ શર્મા મુખ્ય ભૂમિકામાં છે.

'ચુંબક' પાર્ટ ૨ : નેટફ્લિક્સની સિરીઝ 'ચુંબક'નો બીજો ભાગ પણ આ જ સપ્તાહે રિલીઝ થશે. તેનો પહેલો ભાગ ૧૦ સપ્ટેમ્બરે પ્લેટફોર્મ પર આવ્યો હતો, જેમાં ચાર એપિસોડ સામેલ હતા. હવે વાર્તાના બાકીના ચાર એપિસોડ ૨ ઓક્ટોબરે રિલીઝ કરવામાં આવશે. એટલે કે દર્શકોને સિરીઝની વાર્તાનો આગળનો અને અંતિમ ભાગ જોવા મળશે.

'લવ' : આધુનિક સંબંધો અને ડેટિંગ એપ્સની દુનિયા પર આધારિત રોમેન્ટિક કોમેડી સિરીઝ 'લવ' પણ ૨ ઓક્ટોબરે નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે. સિરીઝનું નિર્દેશન બાલાજી મોહને કર્યું છે, જ્યારે તેને સૌંદર્યા રજનીકાંતે પ્રોડ્યુસ કરી છે. ઐશ્વર્યા લક્ષ્મી અને અર્જુન દાસ તેમાં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. વાર્તા આજના યુગમાં બદલાતા સંબંધો, ડેટિંગ એપ્સ અને પ્રેમને લઈને નવી પેઢીની સોચની આસપાસ ફરે છે.

'પૂજા મેરી જાન' : મૃણાલ ઠાકુર, હુમા કુરેશી અને વિજય રાઝ સ્ટારર 'પૂજા મેરી જાન' પણ ૨ ઓક્ટોબરે ઝીપ પર રિલીઝ થશે. ફિલ્મમાં ચૈતન્ય વ્યાસ, વિક્રમ ચૌહાણ અને રાજેશ જાયસ પણ મહત્વની ભૂમિકામાં છે. તેનું નિર્દેશન નવજોત ગુલાટીએ કર્યું છે. ફિલ્મનું નિર્માણ દિનેશ વિજન અને અમર કૌશિકે મેડોક ફિલ્મ્સના બેનર હેઠળ કર્યું છે. અલગ વાર્તા અને કલાકારોની હાજરીના કારણે આ ફિલ્મ પણ ઓટીટી દર્શકો માટે આ અઠવાડિયાના વિકલ્પોમાં સામેલ છે.

'બેથલહમ કુડુંબા યુનિટ' : મલયાલમ ફિલ્મ 'બેથલહમ કુડુંબા યુનિટ' પણ સિનેમાઘરો બાદ હવે ઓટીટી પર આવી રહી છે. આ ફિલ્મ ઓગસ્ટમાં થિયેટર્સમાં રિલીઝ થઈ હતી અને તેને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. તેમાં નિવિન પોલી અને મમિતા બૈજુ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ ૨ ઓક્ટોબર ૨૦૨૬થી જિઓહોટસ્ટાર પર સ્ટ્રીમ થશે.

આમ, આ સપ્તાહે ઓટીટી પર હિન્દીની સાથે બંગાળી, મલયાલમ અને ઇન્ટરનેશનલ કન્ટેન્ટના અનેક વિકલ્પો દર્શકોને મળવાના છે.

ઘટતા જન્મદર અને મોડા લગ્ન કરવાની સમસ્યા સામે લડવા સરકારનો અનોખો પ્રયોગ ; ૨૧થી ૩૫ વર્ષનાં કર્મચારીઓને યોગ્ય જીવનસાથી શોધવામાં મળશે મદદ

સિંગાપોર સરકાર બનશે 'મેચમેકર'! સરકારી કર્મચારીઓ માટે 'ફર્સ્ટ ડેટ' પ્લેટફોર્મ

સિંગાપોર : સિંગાપોરમાં નાગરિકોનાં મોડા લગ્ન કરવા અથવા અવિવાહિત રહેવાનાં વધતાં વલણને ધ્યાનમાં રાખીને સરકારે એક રસપ્રદ પહેલ કરી છે. સિંગાપોર સરકારે ૨૧થી ૩૫ વર્ષની વયનાં સરકારી કર્મચારીઓ માટે 'ફર્સ્ટડેટ' નામનો એક પાયલટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. સામાન્ય ડેટિંગ એપ્સમાં વારંવાર પ્રોફાઇલ સ્વાઇપ કરવાથી થતાં કંટાળાને દૂર કરીને મુલાકાતીઓ વચ્ચે અગત્યના અને ગંભીર સંબંધો સ્થાપિત કરવાનાં હેતુથી આ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે.

આ પ્લેટફોર્મ પર સાચો અને યોગ્ય મેચ મેળવવા માટે ઉપયોગકર્તાઓએ દેશની અધિકૃત ડિજિટલ આઈડેન્ટિટી સિસ્ટમ દ્વારા સાઇન-ઇન કરવાનું રહેશે. ત્યારબાદ તેમણે પોતાની પસંદગીઓ, ટેવો, મૂલ્યો અને જીવનશૈલી સંબંધિત એક પ્રશ્નાવલી પૂર્ણ કરવાની રહેશે. આ પ્રયોગ માટે અરજી કરવાની અંતિમ તારીખ ૫ ઓક્ટોબર રાખવામાં આવી છે. સિંગાપોરમાં જન્મદર અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે, જેને અધિકારીઓ દેશ માટે એક મોટો પડકાર માની રહ્યા છે અને તેને સુધારવા માટે જ આ પગલું ભરવામાં આવ્યું છે.

સિંગાપોરમાં સરકાર દ્વારા આવી મેચમેકિંગ અથવા સંબંધો જોડવાની પહેલ નવી નથી. આ પહેલાં વર્ષ ૧૯૮૪માં સોશિયલ ડેવલપમેન્ટ યુનિટની સ્થાપના કરવામાં આવી હતી, જે ઉચ્ચ શિક્ષિત અવિવાહિતોને ડિનર, ડાન્સ અને પ્રવાસ દ્વારા એકબીજા સાથે જોડવા પ્રોત્સાહિત કરતી હતી. તાજેતરમાં વડાપ્રધાન લોરેન્સ વોંગે પણ દેશમાં જન્મદર વધારવા અને પરિવારોને મદદરૂપ થવા માટે સસ્તા સરકારી આવાસ સહિતની કેટલીક આકર્ષક યોજનાઓની જાહેરાત કરી હતી.માત્ર સિંગાપોર જ નહીં, પરંતુ એશિયાનાં અન્ય દેશો પણ ઘટતાં જન્મદરની સમસ્યાથી ઝઝૂમી રહ્યાં છે અને આ પ્રકારનાં પ્રયોગો કરી રહ્યાં છે. વર્ષ ૨૦૨૪માં જાપાનની ટોક્યો મેટ્રોપોલિટન સરકારે પોતાની સત્તાવાર ડેટિંગ એપ લોન્ચ કરી હતી, જ્યારે દક્ષિણ કોરિયામાં પણ સ્થાનિક સરકારો દ્વારા ડેટિંગ ઇવેન્ટ્સનું આયોજન કરવા ઉપરાંત લગ્ન કરવા માટે આર્થિક પ્રોત્સાહન પણ આપવામાં આવે છે.

ભારત સરકારે જાહેર કર્યા નવા CAFE-૩ ફ્યુઅલ નિયમો : ઈલેક્ટ્રિક કાર બનાવતી કંપનીઓને મળશે ત્રણ ગણો ફાયદો

એપ્રિલ ૨૦૨૭થી લાગું થનારા નવા નીતિ-નિયમો હેઠળ કાર ઉત્પાદકોએ વાહનોનું એવરેજ ઈંધણ વપરાશ અને પ્રદૂષણ ઘટાડવું પડશે

નવી દિલ્હી, તા. ૧

કેન્દ્ર સરકારનાં માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા પેસેન્જર વાહનો માટે 'કોર્પોરેટ એવરેજ ફ્યુઅલ ઈકોનોમી' (CAFE-3) ના ત્રીજા તબક્કાના નિયમોની સત્તાવાર સૂચના બહાર પાડી છે. આ નવા નિયમો ૧ એપ્રિલ ૨૦૨૭થી અમલમાં આવશે અને ૩૧ માર્ચ ૨૦૩૨ સુધી એટલે કે આગામી પાંચ વર્ષ માટે લાગું રહેશે. આ નીતિનો મુખ્ય હેતુ દેશમાં વાહનો દ્વારા થતું પ્રદૂષણ ઘટાડવાનો અને ઇંધણ કાર્યક્ષમતા વધારવાનો છે.

નવા નિયમો હેઠળ કાર ઉત્પાદક કંપનીઓએ પોતાનાં તમામ મોડેલોના સરેરાશ ઇંધણ વપરાશની સીમા નક્કી કરેલાં ધોરણો મુજબ જાળવવી પડશે. જો કંપનીઓ પોતાનાં નિર્ધારિત લક્ષ્યાંક કરતાં ઓછું પ્રદૂષણ કે ઇંધણ વપરાશ રાખશે તો તેમને ક્રેડિટ પોઇન્ટ્સ મળશે, જ્યારે લક્ષ્યાંક ચૂકવા પર ડેબિટ પોઇન્ટ્સ મળશે. ક્રેડિટ મેળવનારી કંપનીઓ અન્ય ઉત્પાદકોને પોતાની ક્રેડિટ વેચી પણ શકશે.

સરકારે દેશમાં ઇલેક્ટ્રિક વાહનો (EV)ના વપરાશને વેગ આપવા માટે વિશેષ પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. ગણતરી કરતી વખતે એક બેટરી ઇલેક્ટ્રિક વાહનને ૩ વાહનો જેટલા સુપર ક્રેડિટ પોઈન્ટ આપવામાં આવશે. આ ઉપરાંત પ્લગ-ઇન હાઇબ્રિડ વાહનોને ૨.૫ ગણા, સ્ટ્રોંગ હાઇબ્રિડને ૧.૬ ગણા અને ફ્લેક્સ ફ્યુઅલ ઇથેનોલ વાહનોને ૧.૧ ગણા પોઈન્ટ આપવામાં આવશે, જે કાર ઉત્પાદકોને વધુમાં વધુ ઇલેક્ટ્રિક મોડેલો લોન્ચ કરવા પ્રોત્સાહિત કરશે.

બાયોફ્યુઅલ અને પર્યાવરણને અનુકૂળ ઇંધણને પ્રોત્સાહન આપવા માટે સરકારે કાર્બન ન્યુટ્રાલિટી ફેક્ટર પણ નક્કી કર્યા છે. ઇથેનોલ મિશ્રિત પેટ્રોલ (E20 કે તેથી વધુ) પર ૮ ટકા અને ફ્લેક્સ ફ્યુઅલ વાહનો પર ૨૨.૩ ટકા સુધીની કાર્બન ડિસ્કાઉન્ટ રાહત આપવામાં આવશે. આ સિવાય ઈંગ્રદ્ર વાહનો પર ૫ ટકા કે સરકાર દ્વારા નિયત કરેલ સીબીજી મિશ્રણ ટકાવારી મુજબ રાહત મળશે.

જો કાર ઉત્પાદક કંપનીઓ પોતાનાં વાહનોમાં ચોક્કસ પ્રકારની ઇંધણ બચાવતી ટેકનોલોજીનો ઉપયોગ કરશે, તો તેમને વધારાની કાર્બન ક્રેડિટનો લાભ મળશે. ઓટો-સ્ટાર્ટ-સ્ટોપ સિસ્ટમ, ટાયર પ્રેશર મોનિટરિંગ, રિજનરેટિવ બ્રેકિંગ, ૬ કે તેથી વધુ ગિયર ટ્રાન્સમિશન, LED લાઇટિંગ, એડવાન્સ એર કન્ડીશનીંગ અને સોલર-રિફ્લેક્ટિવ પેઇન્ટ જેવી ૧૨ ટેકનોલોજીને આ યોજના હેઠળ આવરી લેવામાં આવી છે.

નવા નિયમનકારી માળખા હેઠળ પાંચ વર્ષનાં સમયગાળાને બે બ્લોકમાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ બ્લોક ૨૦૨૭-૨૮ થી ૨૦૨૯-૩૦ (ત્રણ વર્ષ) અને બીજો બ્લોક ૨૦૩૦-૩૧ થી ૨૦૩૧-૩૨ (બે વર્ષ) નો રહેશે. જો કોઈ કંપની પાસે પોતાની ખાધ કે ડેબિટ પૂરી કરવા ક્રેડિટ નહીં હોય, તો તેઓ બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE) પાસેથી નિર્ધારિત કિંમત ચૂકવીને ક્રેડિટ ખરીદી શકશે, જેની કિંમત વર્ષ દર વર્ષે વધતી રહેશે.

કંપનીઓએ દર વર્ષે પોતાનાં દરેક મોડેલની CO2 ઉત્સર્જન માહિતી MIDC અને WLTP એમ બંને ટેસ્ટિંગ પદ્ધતિઓ મુજબ સબમિટ કરવાની રહેશે. આ સાથે રાજ્યવાર વેચાણનો ડેટા પણ આપવો પડશે. આંકડાકીય સરખામણી અને ટ્રેડિંગ માટે દર વર્ષે ૧ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર દરમિયાન ૩૦ દિવસની વિન્ડો આપવામાં આવશે.

નાના ઉત્પાદકો માટે આ નિયમમાં મોટી રાહત આપવામાં આવી છે. જે કંપનીઓ સમગ્ર વર્ષ દરમિયાન ૧,૦૦૦ થી ઓછા વાહનોનું નિર્માણ કે આયાત કરે છે, તેમને ચોક્કસ ઇંધણ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. જોકે તેમણે પણ પોતાના વાહનોના સરેરાશ ઇંધણ વપરાશની માહિતી સરકારને નિયમિતપણે સુપ્રત કરવાની રહેશે.

ભારતનું વિદેશી દેવું વધીને ૭૭૮.૨ અબજ ડોલરે પહોંચ્યું : ફોરેકસ રિઝર્વ કરતાં દેવું વધતાં ચિંતામાં વધારો

આરબીઆઈ અનુસાર માર્ચ ક્વાર્ટરની સરખામણીએ જૂન ક્વાર્ટરમાં ૧૫.૪ અબજ ડોલરનો વધારો થયો ; જીડીપીના ગુણોત્તરમાં આંશિક રાહત

નવી દિલ્હી તા, ૧ : ભારતીય રિઝર્વ બેંક દ્વારા જાહેર કરવામાં આવેલાં તાજેતરનાં આંકડા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષનાં જૂન ક્વાર્ટરના અંતે ભારતનું કુલ વિદેશી દેવું વધીને ૭૭૮.૨ અબજ યુએસ ડોલર (અંદાજે રૂ.૬૫ લાખ કરોડથી વધુ) થઈ ગયું છે. આ આંકડો દેશનાં કુલ વિદેશી મુદ્રા ભંડાર (ફોરેક્સ રિઝર્વ) કરતાં વધી ગયો છે. ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સમાપ્ત થયેલાં સપ્તાહ સુધીમાં ભારતનું ફોરેક્સ રિઝર્વ ૭૬૫.૯૦૧ અબજ ડોલર નોંધાયું હતું, જેનાં પરિણામે દેશનું કુલ વિદેશી દેવું તેનાં વિદેશી મુદ્રા ભંડાર કરતાં અંદાજે ૧૫ અબજ ડોલર વધુ છે.

કેન્દ્રીય બેંકનાં રિપોર્ટ પ્રમાણે, માર્ચ ૨૦૨૬ના ક્વાર્ટરના અંતે દેશનું વિદેશી દેવું જે લેવલ પર હતું તેની સરખામણીએ જૂન ક્વાર્ટરમાં તેમાં ૧૫.૪ અબજ ડોલરનો ઉછાળો આવ્યો છે. જોકે, રાહતની વાત એ છે કે દેશનાં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) ની સરખામણીએ વિદેશી દેવાનો ગુણોત્તર જૂન ૨૦૨૬ના અંતે ઘટીને ૨૦.૮ ટકા રહ્યો છે, જે ૩૧ માર્ચ ૨૦૨૬ના રોજ ૨૦.૯ ટકા હતો. આરબીઆઈએ સ્પષ્ટ કર્યું હતું કે યુરો અને યેન જેવી મુખ્ય વૈશ્વિક કરન્સી સામે યુએસ ડોલર મજબૂત થવાને કારણે દેશને ૯૦ કરોડ ડોલરનો વેલ્યુએશન ગેઇન મળ્યો હતો ; જો આ અસર ના હોત તો દેવામાં ૧૫.૪ અબજને બદલે ૧૬.૪ અબજ ડોલરનો વધારો થયો હોત.

ભારતનાં કુલ વિદેશી દેવામાં સૌથી મોટો હિસ્સો લાંબા ગાળાના દેવાનો છે. જૂન ક્વાર્ટર સુધીમાં એક વર્ષથી વધુ મુદતવાળું લાંબા ગાળાનું દેવું ૬૨૪.૭ અબજ ડોલર રહ્યું હતું, જે માર્ચ ક્વાર્ટરની સરખામણીએ ૧૧.૨ અબજ ડોલર વધુ છે. બીજી તરફ, કુલ દેવામાં એક વર્ષ સુધીની મુદતવાળા ટૂંકા ગાળાના દેવાનો હિસ્સો વધીને ૧૯.૭ ટકા થયો છે. વિદેશી મુદ્રા ભંડાર સામે ટૂંકા ગાળાના દેવાનો ગુણોત્તર પણ માર્ચના ૨૧.૬ ટકાથી વધીને જૂન ક્વાર્ટરમાં ૨૩ ટકા નોંધાયો છે. કરન્સી વાઈઝ ડેટા જોઈએ તો ભારતનાં વિદેશી દેવામાં સૌથી વધુ ૫૪.૮ ટકા હિસ્સો યુએસ ડોલરમાં છે, જ્યારે ભારતીય રૂપિયામાં ૨૯.૮ ટકા, યેનમાં ૬.૯ ટકા અને યુરોમાં ૩.૫ ટકા હિસ્સો રહેલો છે.

આરબીઆઈના ડેટા દર્શાવે છે કે સરકારી અને બિન-સરકારી બંને ક્ષેત્રોનાં બાકી દેવામાં માર્ચ ક્વાર્ટરની સરખામણીએ વધારો થયો છે. વિદેશી દેવાનાં મુખ્ય ઘટકોમાં 'લોન્સ' (સહાય અને ધિરાણ) ૩૪.૩ ટકા સાથે સૌથી ટોચ પર છે, ત્યારબાદ કરન્સી એન્ડ ડિપોઝિટ્સ (૨૨.૨ ટકા), ટ્રેડ ક્રેડિટ એન્ડ એડવાન્સિસ (૧૯.૧ ટકા) અને ડેટ સિક્યોરિટીઝ (૧૬.૫ ટકા) આવે છે. આ સિવાય, મુદલ રકમ અને વ્યાજ ચૂકવણીનો હિસ્સો ૫.૬ ટકા પર સ્થિર રહ્યો છે, જે માર્ચ ક્વાર્ટરમાં પણ આટલા જ સ્તરે હતો.

ગુજરાતી મુળના અને ગલ્ફમાં સ્થાયી થયેલા કેપ્ટન મચ્છરની વૈશ્વિક નેતાઓએ પીઠ થાબડી

‘કેપ્ટન સ્મિત તમે હીરો’ ; મોદી-ટ્રમ્પ-નેતાન્યાહુ ગદગદ

ઈઝરાયેલના વડાપ્રધાને કહ્યું અદભૂત બહાદુરી, અમો તમારા કાયમ આભારી રહીશું

ટ્રમ્પે પણ કેપ્ટન સ્મિતને અભિનંદન આપ્યા: વડાપ્રધાન મોદીએ કહ્યું ભારત તમારા પર ગૌરવ અનુભવે છે

દુબઈ:

દુબઈથી ઈઝરાયેલના પાટનગર તેલઅવીવ જઈ રહેલા ફલાય દુબઈના ૧૮૦ મુસાફરો જેમાં મોટાભાગના ઈઝરાયેલના નાગરિકો હતા તે વિમાનને હાઈઝેક કરી ક્રેશ કરાવવાના વિમાનના ઓમાનના સહપાઈલોટના પ્રયાસો નિશ્ચિત બનાવી ચાકૂના ઘા ઝીલી લોહીલુહાણ હાલતમાં પણ વિમાનનું પરત સાઉદી અરેબીયામાં સેફ લેન્ડીંગ કરાવનાર ભારતીય અને ગુજરાતી પાઈલોટ સ્મિત મચ્છર એ આજે દુનિયાની નજરમાં ‘હીરો’ બની ગયો છે તથા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહુ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત રાષ્ટ્રવડાઓએ કેપ્ટન સ્મિતને ‘સલામ’ કરી છે. ફલાય દુબઈની આ ફલાઈટમાં સહપાઈલોટ તરીકે ઓમાનનો નાગરિક છે જેની ઓળખ જાહેર થઈ નથી પણ ઈઝરાયેલ જેના માટે જો આ પ્રયાસ સફળ થયો હોત તો એક સૌથી મોટો ત્રાસવાદી હુમલો બની ગયો હોત અને ૧૮૦ ઈઝરાયેલી અને જો ૯/૧૧ સ્ટાઈલથી હુમલો થયો હોત તો સેંકડો લોકોના જીવન ગયા હોત તેની ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહુએ કેપ્ટન સ્મિતને એક સાચો હીરો બતાવતા કહ્યું કે તેની અદભૂત બહાદુરી બદલ હું તેમને સલામ કરુ છું. તેઓએ આ હુમલામાં કેપ્ટન સ્મિત ઈજાગ્રસ્ત થયા તેમને ઝડપથી સ્વસ્થ થઈ જવાની શુભેચ્છા આપી હતી. કેપ્ટન સ્મિત મચ્છર એ ગુજરાતી મૂળના છે. તેઓ દુબઈમાં રહે છે તથા ગઈકાલે તેઓ ફલાય દુબઈની ફલાઈટના ઈન્ચાર્જ હતા. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ કેપ્ટન સ્મિતને એક હીરો દર્શાવ્યા હતા અને કહ્યું કે ગંભીર રીતે ઘાયલ થયા હોવા છતાં તેઓએ વિમાનને તૂટી પડતા બચાવ્યું એ પણ બહાદુરી છે અને તેઓ હીરો સાબીત થયા છે. ટ્રમ્પે જે રીતે ફલાઈટમાં મુસાફરોએ પણ સહપાઈલોટ વિમાન ક્રેશ કરવાના પ્રયાસમાં નિષ્ફળ બનાવી તેને ઝડપી લીધો તેની પણ પ્રશંસા કરી હતી. તેઓએ વિમાનમાં પ્રવાસ કરતા એક પ્લમ્બર જેણે છેલ્લી ઘડીએ કોકપીટમાં જઈને વિમાનનું સંચાલન સંભાળીને કેપ્ટન સ્મિતને મદદ કરી તેની પણ પ્રશંસા કરી હતી. આ વ્યક્તિએ ટીવી પ્રોગ્રામ નિહાળી વિમાનનું સંચાલન કેમ કરવું તે માહિતી મેળવી હતી તેવો દાવો કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કેપ્ટન મચ્છરની પ્રશંસા કરતા કહ્યું કે અત્યંત ખતરનાક સ્થિતિમાં પણ તેણે જે બહાદુરી દર્શાવીને સેંકડો જીવન બચાવ્યા તે એક અદભૂત બહાદુરી છે અને ભારત કેપ્ટન સ્મિત માટે ગૌરવ અનુભવે છે તથા તેઓ ઝડપથી સ્વસ્થ થઈ જાય તે શુભેચ્છા આપી હતી.

૩૪ હજાર ફૂટની ઊંચાઈએ પાયલટ પર કુહાડીથી હુમલો : સ્મિત મચ્છરની સાહસિકતાની ઇનસાઇડ સ્ટોરી

ઓમાની કો-પાયલટનો વિમાન ક્રેશ કરવાનો પ્રયાસ, લોહીલુહાણ હાલતમાં પણ ભારતીય કેપ્ટને ૧૭૪ મુસાફરોના જીવ બચાવ્યાં

નવી દિલ્હી તા, ૧

ફ્લાઈદુબઈની દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાઈટ FZ1073માં ૩૪ હજાર ફૂટની ઊંચાઈએ એક અત્યંત ભયાનક અને સનસનાટીભરી ઘટના સામે આવી છે. વિમાનના ઓમાની કો-પાયલટે કોકપિટમાં જ ભારતીય કેપ્ટન સ્મિત મચ્છાર પર ઈમરજન્સી ‘ક્રેશ એક્સ’ (કુહાડી) વડે હુમલો કરી દીધો હતો. તેનો આશય વિમાનને ક્રેશ કરવાનો હતો.

હુમલા દરમિયાન વિમાન ખૂબ ઝડપથી નીચે તરફ આવવા લાગ્યું હતું અને ૧૬ હજાર ફૂટ સુધી પહોંચી ગયું હતું, જેના કારણે હાઈજેકની આશંકા સર્જાઈ હતી. ગંભીર રીતે ઘવાયેલા અને લોહીલુહાણ હોવા છતાં કેપ્ટન સ્મિત મચ્છારે હિંમત હારી નહીં. તેમણે તાત્કાલિક કોકપિટનો દરવાજો અનલોક કર્યો અને મદદ માટે બૂમ પાડી હતી. આ પછી મુસાફરો અને ફ્લાઈટ ક્રૂએ ભેગા મળીને હુમલાખોર કો-પાયલટને કાબૂમાં લીધો હતો. બાદમાં વિમાનને સાઉદી અરેબિયાના તબૂક ખાતે સુરક્ષિત ડાયવર્ટ કરીને લેન્ડ કરવામાં આવ્યું હતું, જેનાથી વિમાનમાં સવાર તમામ ૧૭૪ લોકોના જીવ બચી ગયા હતા.

તેમની આ અદ્ભુત બહાદુરીના કારણે કેપ્ટન સ્મિત મચ્છર આજે સમગ્ર વિશ્વમાં ચર્ચામાં છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ તેમની દિલેરી અને સાહસના મુક્તકંઠે વખાણ કરી ચુક્યા છે.

સ્મિત મચ્છર પર કુહાડીથી હુમલો :-

શરૂઆતમાં એવા અહેવાલો આવ્યાં હતાં કે ભારતીય પાયલટ પર કો-પાયલટે છરી વડે હુમલો કર્યો છે. પરંતુ બાદમાં ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂના જણાવ્યા મુજબ નવો ખુલાસો થયો કે કોકપિટમાં રહેલી ’એક્સ’ (કુહાડી) વડે જ ઓમાની કો-પાયલટે કેપ્ટન સ્મિત મચ્છાર પર જાનલેવા હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થવા છતાં સ્મિત મચ્છારે કોકપિટનો દરવાજો ખોલવામાં સફળતા મેળવી હતી.

PM નેતન્યાહૂએ ઘટના વિગતે જણાવી :-

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કેપ્ટન સ્મિત મચ્છારના સાહસની પ્રશંસા કરતાં જણાવ્યું કે ગંભીર રીતે ઘવાયેલા હોવા છતાં તેમણે હુમલાખોરનો સામનો કર્યો અને કોકપિટનો દરવાજો અનલોક કર્યો. દરવાજો ખુલતા જ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સે હુમલાખોરને પકડી લીધો હતો. આ દરમિયાન વિમાનમાં સવાર એક ડેન્ટિસ્ટ મુસાફરે ઘવાયેલા કેપ્ટન સ્મિતને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી હતી.

સૌથી મોટો સવાલઃ ઈમરજન્સી સાધન હથિયાર કેવી રીતે બન્યું? :-

૯/૧૧ના આતંકવાદી હુમલા બાદ વિશ્વભરમાં કોકપિટના દરવાજા કોઈ બહારથી તોડી ન શકે તે માટે સુરક્ષા અત્યંત કડક બનાવવામાં આવી હતી. તે પછી ’જર્મનવિંગ્સ’ (Germanwings) દુર્ઘટના બાદ પાયલટોના માનસિક સ્વાસ્થ્ય અને અંદરના ખતરાઓને ધ્યાનમાં રાખીને સુરક્ષા નિયમો બદલાયા હતા. પરંતુ ઋણ૧૦૭૩ ફ્લાઈટની આ ઘટનાએ એરલાઈન્સ સુરક્ષા સામે એક નવો જ સવાલ ઊભો કર્યો છે કે જ્યારે ખતરો બહારથી નહીં પણ કોકપિટની અંદરના જ ક્રૂ મેમ્બર તરફથી હોય ત્યારે સુરક્ષા પ્રોટોકોલ કેવી રીતે કામ કરે. આ ઘટના બાદ હવે તપાસ એજન્સીઓ કોકપિટમાં રખાતા ઈમરજન્સી સાધનો અને ક્રૂ સુરક્ષા સાથે જોડાયેલા નિયમોમાં ફેરફાર કરવા અંગે ગંભીર વિચારણા કરી રહી છે.

કોકપિટમાં શું બન્યું હતું?

બુધવારે જ્યારે વિમાન આશરે ૩૪ હજાર ફૂટની ઊંચાઈએ ઊડી રહ્યું હતું ત્યારે આ ઘટના બની હતી. હુમલા બાદ વિમાન અચાનક ઝડપથી નીચે આવીને ૧૬ હજાર ફૂટ પર પહોંચી ગયું હતું. આ દરમિયાન વિમાનમાંથી ’૭૫૦૦’ ટ્રાન્સપોન્ડર કોડ મોકલવામાં આવ્યો હતો, જે વિમાનમાં ગેરકાયદેસર દખલગીરી અથવા હાઈજેકનો સંકેત આપે છે. ઈઝરાયેલી અધિકારીઓના જણાવ્યાં અનુસાર, હાઈજેકની આશંકાને પગલે તે વિસ્તારમાં ફાઈટર જેટ્સને પણ એલર્ટ કરી દેવામાં આવ્યા હતા, પરંતુ બાદમાં વિમાનને સાઉદી અરેબિયાના તબૂકમાં ઉતારવામાં આવ્યું હતું.

કોકપિટમાં કુહાડી શા માટે હોય છે?

આ ઘટના બાદ મોટો પ્રશ્ન એ ઊભો થયો છે કે વિમાનના કોકપિટમાં કુહાડી શા માટે રાખવામાં આવે છે. વિમાન ઉડ્ડયનના આંતરરાષ્ટ્રીય નિયમો અનુસાર, મોટા પેસેન્જર વિમાનોમાં ’ક્રેશ એક્સ’ (Crash Axe) નામનું ઈમરજન્સી સાધન રાખવું ફરજિયાત હોય છે. આ સાધનનો ઉપયોગ કોઈ ઈમરજન્સી પરિસ્થિતિમાં બહાર નીકળવાનો રસ્તો બનાવવા, ફસાયેલી પેનલ કે કાચ કાપવા અથવા આગ લાગે ત્યારે તે જગ્યા સુધી પહોંચવા માટે થાય છે. આ સાધન કોકપિટમાં પાયલટની નજીક જ રાખવામાં આવે છે જેથી જરૂર પડ્યે તાત્કાલિક ઉપયોગ થઈ શકે.

બેન ગુરિયન એરપોર્ટનું લાઉન્જ ભારતીય પાયલટ સ્મિત મચ્છરના નામે કરાશે

ઈઝરાયેલી મંત્રીએ સ્મિત મચ્છારને દેશના હીરો ગણાવી આપ્યું સન્માન; અબૂ ધાબીના ઈતિહાસકારે પણ ભારતની પ્રશંસા કરી

નવી દિલ્હી તા, ૧

ફ્લાઈદુબઈ વિમાનમાં મોટો અકસ્માત ટાળી ૧૭૫ જેટલા મુસાફરોના જીવ બચાવનાર ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છારની બહાદુરીના વિશ્વભરમાં વખાણ થઈ રહ્યા છે. ઈઝરાયેલના ડેપ્યુટી મિનિસ્ટર આલ્મોગ કોહેને સ્મિત મચ્છારને સમગ્ર ઈઝરાયેલ દેશના હીરો ગણાવ્યા છે. તેમણે જાહેરાત કરી છે કે ઈઝરાયેલી સંસદ (નેસેટ)ની આગામી બેઠકમાં તેઓ બેન ગુરિયન એરપોર્ટના એક લાઉન્જનું નામ કેપ્ટન સ્મિત મચ્છારના સન્માનમાં રાખવા માટેનું બિલ રજૂ કરશે.

આ સાથે અબૂ ધાબીના ઈતિહાસકાર અને પશ્ચિમ એશિયા મામલોના નિષ્ણાત લોએ અલશરીફે પણ કેપ્ટન સ્મિત અને ભારત પ્રત્યે આદર વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે આ ડરાવની ઘટનામાં ભારતીય પાયલટની હિંમત અને મુસાફરોના સાહસે એક ભયાનક ત્રાંસદી ટાળી દીધી છે. ઈઝરાયેલ સરકારે કેપ્ટન સ્મિત મચ્છારની ઝડપી રિકવરી માટે શુભકામનાઓ પાઠવી છે અને તેમના પરિવારનો આભાર માન્યો છે.

સ્પાઈસજેટે તેનાં પૂર્વ પાઈલટ કેપ્ટન સ્મિત મચ્છરની શૌર્યતાને બિરદાવી

૧૦ વર્ષથી વધુ સમય સુધી સાથે કામ કરનાર પૂર્વ સહકર્મીની હિંમત અને સેવાભાવનાને એરલાઈને ગર્વથી સલામી આપી

નવી દિલ્હી તા, ૧ :

ફલાયદુબઈની ફ્લાઈટ FZ1073 માં મધ્ય આકાશમાં ઘટેલી હૃદયકંપાવનારી ઘટના દરમિયાન ભારતીય પાઈલટ કેપ્ટન સ્મિત મચ્છારે દાખવેલી અસાધારણ હિંમત બદલ સ્પાઈસજેટ એરલાઈને તેમને વિશેષ સન્માન અર્પણ કર્યું છે. એરલાઈને જણાવ્યું હતું કે, કેપ્ટન સ્મિતની ત્વરિત સૂઝબૂઝ અને નિઃસ્વાર્થ બહાદુરીના કારણે વિમાનમાં સવાર અસંખ્ય લોકોના જીવ બચ્યાં છે. સ્પાઈસજેટે તેમના આ પરાક્રમને એરલાઈનની મૂલ્યવાન પરંપરા અને સેવાભાવનાનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું હતું.

સ્પાઈસજેટે વધુમાં ઉમેર્યું હતું કે, કેપ્ટન સ્મિત મચ્છારે ફલાયદુબઈમાં જોડાયા પહેલાં ૧૦ વર્ષથી પણ વધુ સમય સુધી સ્પાઈસજેટ સાથે પાઈલટ તરીકે સેવાઓ આપી હતી. સ્પાઈસજેટ પરિવાર અને તેમનાં ભૂતપૂર્વ સહકર્મીઓ સહિત સમગ્ર દેશ આજે તેમનાં આ સાહસિક કાર્ય પર ગર્વ અનુભવે છે. એરલાઈન અને તેમનાં તમામ સાથીઓએ ઈજા પામેલાં કેપ્ટન સ્મિત ઝડપથી અને પૂર્ણપણે સાજા થઈ જાય તે માટે પ્રાર્થના કરતા તેમને તમામ ભારતીયો માટે ’અસલી હીરો’ ગણાવ્યાં છે.

‘આંખો સામે મોત દેખાતું હતું’ : ઈઝરાયેલી મુસાફરે પીએમ નેતન્યાહૂને ફલાઈટની ભયાનક આપવીતી સંભળાવી

કો-પાયલટ કન્ટ્રોલ પેનલ નષ્ટ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પાયલટે દરવાજો ખોલતાં જ મુસાફરોએ કન્ટ્રોલ રૂમમાં ઘૂસીને વિમાન બચાવ્યું

નવી દિલ્હી તા, ૧

ફ્લાઈદુબઈના વિમાનમાં કેપ્ટન પર હુમલો કરનાર ઓમાની કો-પાયલટને કાબૂમાં લેવામાં મદદ કરનાર ઈઝરાયેલી મુસાફર યાનીવે પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ સાથે મુલાકાત કરીને કોકપિટમાં બનેલી રુંવાડા ઊભા કરી દે તેવી ઘટના વિગતે જણાવી હતી. ઈઝરાયેલના બેન ગુરિયન એરપોર્ટ પર મુસાફરોને પાછા લાવનાર વિમાનના આગમન વખતે પીએમ નેતન્યાહૂ સ્વયં હાજર રહ્યાં હતાં. મુસાફરે જણાવ્યું કે જ્યારે કેપ્ટન સ્મિત મચ્છારે હિંમત દાખવીને કોકપિટનો દરવાજો ખોલ્યો, ત્યારે તેઓ અંદર ઘૂસ્યા હતા અને જોયું કે ઘવાયેલા ભારતીય પાયલટ દરવાજા પાસે પડ્યા હતા, જ્યારે હુમલાખોર કો-પાયલટ બંને સીટો વચ્ચે બેસીને વિમાનની કન્ટ્રોલ પેનલ નષ્ટ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

યાનીવ નામના આ મુસાફરે નેતન્યાહૂને આગળ જણાવ્યું કે તેમણે તાત્કાલિક અન્ય ઇઝરાયેલી મુસાફરોને મદદ માટે બૂમ પાડીને બોલાવ્યા અને પહેલાં તે હુમલાખોરને પકડીને બહાર તરફ ખેંચી લીધો. આ દરમિયાન વિમાન ખૂબ ઝડપથી નીચે તરફ ઝૂકી રહ્યું હતું. યાનીવે કહ્યું કે તેઓ વિમાન અકસ્માતો પર આધારિત ’મે-ડે’ ડોક્યુમેન્ટ્રી શ્રેણી જોતાં હોવાથી તેમને થોડો ખ્યાલ હતો, જેથી તેમણે તરત જ કન્ટ્રોલ સ્ટેયરીંગ પકડીને ઉપર ખેંચવાનું શરૂ કર્યું હતું. વિમાન થોડું સ્થિર થતાં જ ઈજાગ્રસ્ત ભારતીય પાયલટે ફરી કમાન સંભાળી લીધી હતી.

ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ મુસાફરોની સમયસૂચકતા અને ખાસ કરીને ગંભીર સ્થિતિમાં પણ હિંમત ન હારનારા ભારતીય પાયલટ સ્મિત મચ્છારની બહાદુરીના ભારે વખાણ કર્યા હતા. તેમણે સ્મિત મચ્છારને સાચા હીરો ગણાવીને સલામી આપી હતી અને જણાવ્યું હતું કે પાયલટ અને મુસાફરોના આ અદભુત સાહસના કારણે જ ૧૭૪ લોકોના જીવ બચી શક્યાં છે.

આયોજનબદ્ધ હુમલા બાદ ઈઝરાયેલ એલર્ટ પાયલટોની પ્રોફાઈલ અને સુરક્ષા તપાસ કડક કરાશે

વિમાનમાં હેડફોન વડે હુમલાખોરને કાબૂમાં લેવાયો ; ઈઝરાયેલ તરફ આવતી તમામ ફ્લાઈટ્સના પાયલટોનું સઘન સ્ક્રીનિંગ થશે

નવી દિલ્હી તા ૧

ફ્લાઈદુબઈની ઘટના બાદ ઇઝરાયેલ સરકારે પોતાનાં દેશમાં આવતી તમામ એરલાઇન્સના પાયલટોની સુરક્ષા તપાસ અને આઈડેન્ટિટી વેરિફિકેશન અત્યંત કડક કરવાનો નિર્ણય લીધો છે. ઇઝરાયેલના પ્રધાનમંત્રી કાર્યાલયના પ્રવક્તા ડોરોન સ્પીલમેને જણાવ્યું કે હવે ઇઝરાયેલ તરફ ઉડાન ભરનારા સ્થાનિક અને વિદેશી પાયલટોની સંપૂર્ણ માહિતી મેળવીને સુરક્ષા પ્રોટોકોલમાંથી પસાર કરવામાં આવશે. સંઘર્ષગ્રસ્ત મિડલ ઈસ્ટના એરસ્પેસ પરથી પસાર થતા વિમાનોના સુરક્ષા વ્યવસ્થાપનને લઈને આ ઘટના બાદ ગંભીર સવાલો ઊભા થયા છે.

ઘટનાના પ્રત્યક્ષદર્શી ઇઝરાયેલી મુસાફરોએ તે ખૌફનાક ઘટનાનો ખુલાસો કરતાં જણાવ્યું કે જ્યારે હુમલાખોર કો-પાયલટ કોકપિટમાંથી બહાર આવ્યો ત્યારે મુસાફરોએ વિમાનમાં રહેલાં હેડફોન અને અન્ય સામગ્રીનો ઉપયોગ કરીને તેને કાબૂમાં લીધો હતો. મુસાફર ત્ઝવિકા માનેસે જણાવ્યું કે તેમની પત્ની અને નાની પુત્રી શૌચાલય તરફ જઈ રહ્યા હતા ત્યારે કોકપિટમાંથી ચીસાચીસ અને સંઘર્ષનો અવાજ સંભળાયો હતો. તેમણે તુરંત ક્રૂ મેમ્બરને જાણ કરી અને ત્યારબાદ મુસાફરો તથા ક્રૂએ મળીને લોહીલુહાણ સ્થિતિ વચ્ચે હુમલાખોરને દબોચી લીધો હતો.

ઉડાન ભર્યાના અઢી કલાક બાદ સવારે ૮:૨૦ વાગ્યે વિમાને યુ-ટર્ન લીધો હતો અને ૮:૩૫ વાગ્યે હાઈજેકનો સિગ્નલ મોકલવામાં આવ્યો હતો. જાનહાનિ અને અકસ્માત ટાળવા માટે વિમાનને સવારે ૯:૫૪ વાગ્યે સાઉદી અરેબિયાના તબૂક એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું.

૩૦ સેકન્ડમાં ૧૭૪ જિંદગીઓ ખતમ થઈ જાત : ભારતીય પાયલટ સ્મિત મચ્છરે આ રીતે વિમાન ક્રેશ થતાં બચાવ્યું

૩૩ હજાર ફૂટની ઊંચાઈએથી ૩૦ સેકન્ડમાં ૧૬ હજાર ફટ નીચે આવ્યું વિમાન ; લોહીલુહાણ હાલતમાં પણ કેપ્ટને કન્ટ્રોલિ ન છોડ્યો

નવી દિલ્હી તા, ૧ : ફ્લાઈદુબઈની ફ્લાઈટ FZ1073માં ૩૩ હજાર ફૂટની ઊંચાઈએ ઓમાની કો-પાયલટે વિમાનને ક્રેશ કરવાનો ભયાનક પ્રયાસ કર્યો હતો. તેણે ભારતીય કેપ્ટન સ્મિત મચ્છાર પર હુમલો કરીને વિમાનનો કન્ટ્રોલ પોતાના હાથમાં લેવાની કોશિશ કરી હતી. હુમલાને કારણે વિમાન માત્ર ૩૦ સેકન્ડની અંદર ૧૭ હજાર ફૂટ જેટલું નીચે ખાબક્યું હતું અને ઝડપથી ગોતા ખાવા લાગ્યું હતું. ગંભીર રીતે ઘવાયેલા અને લોહીલુહાણ હોવા છતાં કેપ્ટન સ્મિત મચ્છારે અદભુત સાહસ દાખવ્યું હતું અને વિમાનનો કન્ટ્રોલ કો-પાયલટના હાથમાં જવા દીધો નહોતો. તેઓ કોકપિટની અંદર જ હુમલાખોર સામે લડતા રહ્યા અને વિમાનને ક્રેશ થતાં અટકાવ્યું હતું.

કોકપિટની પરિસ્થિતિ અને ઈમરજન્સીની જાણ એર ટ્રાફિક કન્ટ્રોલ (ATC) સુધી પહોંચાડવા માટે કેપ્ટન સ્મિતે પહેલાં ’સ્ક્વોક ૭૭૦૦’ (ઈમરજન્સી કોડ) અને ત્યારબાદ ’સ્ક્વોક ૭૫૦૦’ (હાઈજેક/અનલોફુલ ઈન્ટરફિયરન્સ કોડ) ટ્રાન્સપોન્ડર પર સેટ કર્યો હતો. શરૂઆતમાં આ કોડ્સ મોકલાતા હાઈજેકની આશંકા સેવાઈ હતી, પરંતુ બાદમાં જ્યારે કેપ્ટને કોકપિટનો દરવાજો ખોલ્યો ત્યારે મુસાફરો અને ક્રૂ મેમ્બર્સે અંદર ઘૂસીને હુમલાખોર કો-પાયલટને કાબૂમાં લીધો હતો. આ રીતે સ્મિત મચ્છારની ત્વરિત સૂઝબૂઝ અને હિંમતના કારણે ૧૭૪ લોકોના જીવ બચી ગયા હતા. મૂળ મુંબઈના ઘાટકોપરના વતની અને ગુરુગ્રામમાં ટ્રેનિંગ મેળવી ૨૦૨૨માં ફ્લાઈદુબઈમાં જોડાનાર કેપ્ટન સ્મિત મચ્છારની આ બહાદુરીને આજે આખું વિશ્વ સલામ કરી રહ્યું છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ અને ડોનાલ્ડ ટ્રમ્પ જેવા વૈશ્વિક નેતાઓએ સ્મિત મચ્છારના સાહસની મુક્તકંઠે પ્રશંસા કરી છે. નેતન્યાહૂએ તેમને ’રિયલ હીરો’ ગણાવતા કહ્યું હતું કે તેમની સમયસૂચકતાના કારણે જ ૯/૧૧ જેવી મોટી તબાહી થતાં અટકી ગઈ હતી.

વૈભવ સૂર્યવંશીની મોટી સિદ્ધિ : ‘ટાઈમ’ મેગેઝિનની ‘૧૦૦ રાઈઝિંગ સ્ટાર્સ’ની યાદીમાં સ્થાન એકમાત્ર ભારતીય એથ્લેટને

માત્ર ૧૫ વર્ષની ઉંમરે વિશ્વનાં સાત શ્રેષ્ઠ ખેલાડીઓમાં સામેલ થઈને ફરી એકવાર દેશનું નામ રોશન કર્યું

નવી દિલ્હી તા, ૧

ભારતનાં ૧૫ વર્ષીય ક્રિકેટ વંડર બોય વૈભવ સૂર્યવંશીએ વિશ્વ સ્તરે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. અમેરિકાની પ્રખ્યાત ’ટાઇમ’ મેગેઝિન દ્વારા જાહેર કરવામાં આવેલી ૨૦૨૬ની ’ટાઈમ ૧૦૦ નેક્સ્ટ’ (વિશ્વનાં ૧૦૦ ઉભરતાં સ્ટાર્સ)ની વાર્ષિક યાદીમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે. બિહારનાં આ યુવા ઓપનિંગ બેટ્સમેન આ પ્રતિષ્ઠિત યાદીમાં સ્થાન મેળવનાર એકમાત્ર ભારતીય ખેલાડી છે. આ ઉપરાંત, સમગ્ર વિશ્વમાંથી પસંદ કરાયેલાં ૭ રમતવીરોમાંથી તેઓ સૌથી નાની વયનાં વ્યક્તિ છે.

વૈભવ સૂર્યવંશીએ ખૂબ જ ટૂંકા ગાળામાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાનાં વિસ્ફોટક પ્રદર્શનથી સનસનાટી મચાવી છે. રણજી ટ્રોફીમાં પદાર્પણ કર્યા બાદ, તેમણે આઈપીએલમાં રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા માત્ર ૩૫ બોલમાં સદી ફટકારીને બધાનું ધ્યાન ખેંચ્યું હતું. ત્યારબાદ આઈપીએલ ૨૦૨૬ની સિઝનમાં તેમણે ૭૭૬ રન બનાવવાની સાથે ક્રિસ ગેલના સૌથી વધુ સિક્સરના રિકોર્ડને પણ તોડ્યો હતો. જૂલાઈ ૨૦૨૬માં ઈંગ્લેન્ડ સામે T20I મેચમાં ડેબ્યૂ કરીને તેઓ ભારત તરફથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમનાર સૌથી યુવા પુરુષ ખેલાડી બન્યાં હતા.

હાલમાં જાપાન ખાતે રમાઈ રહેલી એશિયન ગેમ્સ ૨૦૨૬ની ભારતીય ક્રિકેટ ટીમમાં પણ વૈભવ સામેલ છે. તેમણે તાજેતરમાં શ્રીલંકા અ સામે માત્ર ૧૧ બોલમાં લિસ્ટ-A ક્રિકેટની સૌથી ઝડપી અડધી સદી ફટકારવાનો વિશ્વ રેકોર્ડ પણ પોતાના નામે કર્યો હતો. ટાઇમ મેગેઝિને તેમને ફ્નોમ’ એટલે કે અદ્ભુત પ્રતિભા કેટેગરીમાં સ્થાન આપતાં નોંધ્યું છે કે વૈભવ ખૂબ જ ઝડપથી વૈશ્વિક રમતજગતની સૌથી રોમાંચક હસ્તીઓમાંથી એક બની રહ્યાં છે.

‘હનુમાન અંશ’ ફિલ્મનું ‘પાર્વતી’ ગીત ગ્લોબલ હિટ : ભારતમાં પ્રથમ અને વિશ્વમાં બીજા ક્રમે પહોંચ્યું

પીએમ મોદીએ દિલ્હીનાં ‘ભજન ક્લબિંગ’ કાર્યક્રમમાં ગીતને માણ્યું ; સોશિયલ મીડિયા પર ગીતે મચાવી ધૂમ

મુંબઈ : ફિલ્મ ’હનુમાન અંશ’નું ચર્ચિત ગીત ’પાર્વતી’ હવે માત્ર એક ભક્તિગીત નથી રહ્યું, પરંતુ ગ્લોબલ મ્યુઝિક ચાર્ટ પર ધમાલ મચાવનારું હિટ ગીત બની ગયું છે. બુંદેલી લોકસંગીતથી પ્રેરાઈને તૈયાર કરાયેલું આ ગીત યુટ્યુબ મ્યુઝિક પર ભારતનું નંબર-૧ ગીત બની ગયું છે. આ ઉપરાંત ગ્લોબલ મ્યુઝિક ચાર્ટ પર શકીરા અને બર્ના બોયના ગીત પછી સમગ્ર વિશ્વમાં બીજું સૌથી વધુ સંભળાતું ગીત બની ગયું છે.

યુટ્યુબ ચાર્ટ્સ અનુસાર, ’પાર્વતી’ ગીતને ભારતમાં ૪.૭ કરોડથી વધુ વ્યુઝ મળ્યાં છે, જ્યારે તમામ પ્લેટફોર્મ્સ મળીને તેણે ૧૦ કરોડથી વધુ વ્યુઝનો આંકડો વટાવી લીધો છે. સાધુ તિવારી દ્વારા ગાવામાં, લખવામાં અને કમ્પોઝ કરવામાં આવેલું આ ગીત પરંપરાગત ભક્તિગીતોના શ્રોતાઓ સિવાય યુવાવર્ગમાં પણ ખૂબ લોકપ્રિય થયું છે. સોશિયલ મીડિયા પર ઈન્સ્ટાગ્રામ રીલ્સથી લઈને અન્ય પ્લેટફોર્મ્સ પર પણ તેનાં ક્લિપ્સ અને ઓડિયો વાયરલ થઈ રહ્યાં છે.

નવી દિલ્હીમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયની ૧૧૦મી જન્મજયંતિ પ્રસંગે આયોજિત ’ભજન ક્લબિંગ’ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ ગીતનાં લાઈવ પરફોર્મન્સનો આનંદ માણ્યો હતો. ગાયક સાધુ તિવારીએ આ કાર્યક્રમમાં આ ગીત રજૂ કર્યું હતું, જ્યાં પીએમ મોદી શ્રોતાઓ સાથે તાળીઓ પાડતાં અને ખંજરી વગાડતા જોવા મળ્યાં હતાં. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર તેનો વીડિયો શેર કરીને તેને અદ્ભુત ગણાવ્યું હતું.

વિશાલ ચતુર્વેદીના નિર્દેશનમાં બનેલી ફિલ્મ ’હનુમાન અંશ’ લક્ષ્મી નારાયણ નામનાં એક બાળકની આધ્યાત્મિક યાત્રા પર આધારિત છે, જે આગળ જતાં નીમ કરોલી બાબા તરીકે જાણીતાં થાય છે. આ ફિલ્મ ચતુર્વેદીના પુસ્તક ’ડિવાઈન ડિટૂર’ પર આધારિત છે અને તેને ત્રણ ભાગની શ્રેણી (ટ્રિલોજી) તરીકે બનાવવાનું આયોજન છે.

માત્ર રૂ. ૨ કરોડનાં અંદાજિત બજેટમાં બનેલી આ ફિલ્મે વિશ્વભરમાં રૂ. ૪૧૦ કરોડથી વધુની કમાણી કરીને બોક્સ ઓફિસ પર મેળવેલી આશ્ચર્યજનક સફળતા બાદ તેનાં ગીતો પણ લોકોનાં દિલ જીતી રહ્યાં છે.

TikTok
Telegram
Facebook
RUSSIAN FEDERATION
PASSPORT

પ્રથમ અને બીજા વિશ્વ યુધ્ધનો ઈતિહાસ દોહરાઈ રહ્યો છે

જયારે યુધ્ધને સૈનિકો ઓછા પડે છે !

આધુનિક યુધ્ધમાં ડ્રોન અને મિસાઈલ તથા હવે એઆઈની બોલબાલા છે પરંતુ સાડા ચાર વર્ષથી ચાલતા રશિયા અને યુક્રેનના યુધ્ધમાં અગાઉના વિશ્વ યુધ્ધની માફક હવે સૈનિકોની અછત પણ શરૂ થઈ ગઈ છે અને એક તરફ રશિયા અમેરિકાથી ભારત સુધીના દેશોમાં ભાડુતી સૈનિકોની ભરતી કરી રહ્યું છે અને યુક્રેને તેની શાળાઓમાં ટીનેજરોને પણ શસ્ત્ર ચલાવવાની તાલીમ આપવાનુ શરૂ કરી દીધુ છે આમ યુધ્ધ એ બીજી પેઢી સુધી પહોંચી ગયું છે

૨૬,૦૦૦નું સાઈનીંગ બોનસ અને પગાર તથા જીવિત રહો તો રશિયન નાગરિકત્વ આ પ્રકારની ઓફર ટીકટોક અને ઈન્સ્ટાગ્રામ, ટેલીગ્રામ સુધી જોવા મળી રહી છે એક અંદાજ મુજબ રશિયાએ ૧૮,૫૦૦ જેટલા વિદેશી સૈનિકોની ભરતી કરી લીધી છે, અમેરિકી સેનાના અનેક જવાનો રશિયા માટે લડી રહ્યા છે અને ભારતીયો પણ સામેલ છે તો બીજી તરફ યુક્રેન એ યુરોપ અને અન્ય પૂર્વ સોવિયત દેશોમાંથી ભાડુતી સૈનિકોને ભરતી કરે છે

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

મહાનગરની સ્કાયલાઇન પર એક વિશાળ બીલબોલ્ડ દેખાઇ રહ્યું છે અને તેમાં રશિયન આર્મીમાં ભરતી માટે તગડી ઓફર કરવામાં આવે છે અને આ બીલબોલ્ડ ફક્ત ભાડુતી સૈનિકો જયાં ઉપલબ્ધ છે તેવા દેશ જ નહીં પરંતુ ભારત સહિતના અનેક દેશોમાં પણ તે દ્રશ્યમાન થઇ રહ્યું છે અને તેમાં રશિયા માટે યુદ્ધ લડવા બદલ ૨૬,૦૦૦ ડોલર જેવી તગડી રકમની ઓફર થઇ રહી છે આ ઉપરાંત માસિક પગાર અને અન્ય સુવિધાઓ પણ ઓફર થાય છે અમેરિકા અને પશ્ચિમના અન્ય દેશોમાં ટીકટોક અને ટેલીગ્રામ મારફત આ પ્રકારે વિશ્વના ૧૩૫ દેશોના નાગરિકો હાલ રશિયા તરફથી યુક્રેન સામે લડી રહ્યા છે અને તેમાં અમેરિકાના પણ સંખ્યાબંધ સૈનિકો હોવાનું બહાર આવ્યું છે અને અમેરિકા પોતાના દેશની સેના છોડીને રશિયન આર્મીમાં જોડાયા છે અથવા તો જેઓ ક્રિમીનલ છે અને લાંબી જેલ સજાનો સામનો કરી રહ્યા છે તેઓને રશિયાના એજન્ટો ખાસ શોધી શોધીને સલામત રીતે અમેરિકાની બહાર લઇ જઇ અને તેમને રશિયામાં આર્મી માટે ટ્રેઇન કરવામાં આવે છે તો બીજી તરફ યુક્રેનમાં યુદ્ધમાં સૈનિકો ગુમાવ્યા બાદ દેશની સરકારે શાળાઓથી લઇ અને બોર્ડિંગ સ્કુલોમાં પણ લશ્કરી ભરતી શરૂ કરી દીધી છે વીકટર જુનીયર ફક્ત ૧૫ વર્ષનો છે અને તેના પિતા રશિયા સામેના યુદ્ધમાં માર્યા ગયા હતા અને હવે તે તથા તેના પિતરાઇ ભાઇ રશિયા સામે લડવા માટે તૈયારી કરી રહ્યા છે. યુક્રેનની સરકારે જે સત્તાવાર માહિતી આપી છે તે મુજબ ૫૫,૦૦૦થી વધુ સૈનિકો તેને ગુમાવ્ય છે અને ૧.૧૪ લાખ જેટલા નાગરિકો અને સૈનિકો ગુમ છે અને સેના વધુ ભરતી કરવી એ જરૂરીયાતની સુનામી તર્રીકે ગણવામાં આવે છે આમ સાડા ચાર વર્ષથી યુદ્ધ લડી રહેલા રશિયા અને યુક્રેન માટે હવે શસ્ત્રો કે યુધ્ધ માટે જરૂરી સામગ્રી નહીં પરંતુ બંને દેશના સૈનિકોની અછત અનુભવી રહ્યા છે.

જયારે યુધ્ધ શરૂ થાય તો સામાન્ય રીતે તે દેશ પાસે કેટલા મિસાઇલ, ડ્રોન, ટેન્ક, ફાઇબર જેટ અને પરમાણુ હથિયારની ચર્ચા થાય છે આજનું યુધ્ધ એ હવાઇ અને દરિયાઇ યુધ્ધ વધુ બની ગયું છે તેવી પણ ગણતરી સાથે વધુને વધુ દેશો આ પ્રકારની તૈયારી કરી રહ્યા છે પરંતુ જયારે સરહદ પર લડવાનો પ્રશ્ન આવે તો તેના માટે તો ફ્રન્ટ લાઇન સૈનિકોની જરૂર રહે છે ૧૯૧૪માં પ્રથમ વિશ્વ યુધ્ધ શરૂ થયુ તે સમયે બ્રિટનમાં સામાન્ય નાગરિકોને સેનામાં જોડવાની ફરજ પાડવામાં આવી અને બીજા વિશ્વ યુધ્ધમાં સમસ્યા વિકરાળ બની ૧૯૩૯માં જયારે બીજુ વિશ્વ યુધ્ધ શરૂ કર્યુ ત્યારે તમામ દેશ માટે એક જ પ્રશ્ન હતો કે કેટલા સૈનિકોની જરૂર હશે તે સમયે હવાઇ યુધ્ધ અને દરીયાઇ યુધ્ધ મર્યાદિત હતા અને તેના કારણે દુનિયાભરમાં સૈનિકોની જબરી અછત પણ સર્જાય હતી તે સમય ફરી એક વખત રશિયા અને યુક્રેનના યુધ્ધમાં જોવા મળી રહ્યું છે આમ ઇતિહાસ પોતાને એક યુધ્ધમાં દોહરાઇ રહ્યું છે ભવિષ્યમાં જો વધુ વિશાળ પાયે યુધ્ધ ફાટી નીકળે તો બીજા વિશ્વ યુધ્ધની માફક વધુ સૈનિકોની જરૂર પડશે તે નિશ્ચિત છે.

પ્રશ્ન એ છે કે જયારે હથિયાર વધુ આધુનિક બન્યા છે એટલે કે તમે ડ્રોન કે મિસાઇલથી વધુ આક્રમક યુધ્ધ લડી રહ્યા છે પરંતુ તેની સૌની પાછળ જે એક તાકાત છે તે માનવ દિમાગની છે પછી તેને એઆઇને કામે લગાડો તો પણ તમે તેના પર માનવ અંકુશ નહીં હોય તો યુધ્ધ એ વધુ ખતરનાક રીતે વિનાશ વેરી શકે છે અને તેથી જ દુનિયાના શ્રેષ્ઠ સૈન્યમાં આજે માનવ બળ કેટલું તે સૌથી વધુ મહત્વનું બની ગયું છે અને તેથી જ હવે 'સોલ્જર ઓન રેન્ટ' એટલે કે ભાડુતી સૈનિકોની બોલબાલા થઇ છે એક સમયે ત્રાસવાદી સંગઠનો પણ આ પ્રકારે ભાડુતી હુમલાખોરો શોધતા હતા પરંતુ જે રીતે પૈસાના બદલામાં વિદેશીઓને યુધ્ધમાં ખેંચવાની નવી વ્યવસ્થા શરૂ થઇ છે તે ભારત સુધી પહોંચી ગઇ છે હાલમાં દેશના વિદેશ મંત્રાલયે સ્વીકાર્યુ કે રશિયન સૈન્યમાં જોડાવવા માટે ૫,૦૦૦ ડોલરનું એન્ટ્રી બોનસ અને દર મહિને ૨૫૦૦ ડોલરનો પગાર તથા જીવિત રહો તો પરિવાર સાથે રશિયન નાગરિકત્વ આમ આ બધી લાલચ એ ભારતીયોને પણ રશિયન સૈન્યમાં ખેંચી રહી છે અને બીજા વિશ્વ યુધ્ધથી આજ દિન સુધીમાં આ સ્થિતિ યથાવત રીતે ચાલી છે.

સેનામાં મહિલા સૈનિકો એ હવે કોઇ નવી વાત રહી નથી, બીજા વિશ્વ યુધ્ધમાં પણ મહિલા સૈનિકોની ભરતી કરવી પડી હતી, યુક્રેનમાં પરિસ્થિતિ એ છે કે પિતા રણમોરચે લડતા હોય છે અને સંતાનો શાળાઓમાં યુધ્ધમાં તાલીમ લઈ રહ્યા હોય છે તેઓને પિતા શહીદ થાય તો શોક મનાવવાનો પણ અવસર મળતો નથી અને શાળાઓના નોટીસ બોર્ડ પર નામ વાંચીને નિશ્ચિત કરી લે છે રશિયા પોતાના સૈનિકો કરતા ભાડુતી સૈનિકો પર વધુ આધાર રાખે છે અને તેને ઉતર કોરીયાનો સાથ મળી રહ્યો છે આમ યુધ્ધએ માનવ કટોકટી પણ સર્જી છે

યુધ્ધમાં ફક્ત શસ્ત્રો જ નહીં સૈનિકો પણ મહત્વના છે તે ફરી એક વખત સાબિત થઇ ગયું છે. યુક્રેનની શાળામાં એ દ્રશ્યો સામાન્ય થઇ ગયા છે કે જયાં અભ્યાસની સાથે શસ્ત્રો ચલાવવાની તાલીમ અપાતી હોય અને જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ત્યાં તેઓને પણ ખ્યાલ હોય છે કે તેમના પિતા જે રશિયન સામે લડી રહ્યા છે તેના મોત ઉપર શોક કરવાની પણ પરવાનગી મળતી નથી અને અનેક વખત અંતિમ વિધિની પણ મંજૂરી નથી આ ટીનેજર એટલા પાકટ થઇ ગયા છે તેઓ પણ હવે જયારે સરકાર તરફથી ગુમ થયેલા કે શહીદોની યાદી બહાર પાડે છે તો તે સ્કુલમાં નોટીસ બોર્ડ પર પણ વાંચતા હોય છે અને તેના આધારે તેઓ પોતે યુધ્ધમાં જોડાવવા માટે તૈયાર થઇ જાય છે. યુક્રેનના લશ્કરી અધિકારીઓએ કબુલ્યુ કે તેઓએ આજની તારીખે તાત્કાલીક ૩૦,૦૦૦ સૈનિકોની જરૂર છે કે સીધા મોરચા પર મોકલી શકાય પરંતુ રશિયાની જેમ યુક્રેનને પણ હવે ભાડુતી સૈનિકો શોધવા પડે અને ખાસ કરીને યુરોપના સૈન્યમાંથી તેઓ એવા તાલીમબધ્ધ જવાનોને શોધે છે કે જેઓ યુક્રેનમાં પહોંચીને સીધા શસ્ત્ર ઉઠાવવા કે મિસાઇલ લોન્ચર પાછળ બેસી જવા તૈયાર હોય છે આ સ્થિતિ જેમ જેમ વધતી રહી છે તેમ તેમ વધુને વધુ શાળાઓમાં ભરતી પહોંચી રહી છે.

ફકત સેના જ નહીં યુધ્ધમાં દરેક સ્તરે માનવ તાકાતની જરૂર પડે છે અને યુક્રેનથી રશિયામાં પણ મેડીકલથી લઇ ફાયર ફાઇટીંગ મોરચે પણ વધુને વધુ લોકોની જરૂરીયાત જોવા મળી રહી છે શાળાઓમાં અહીં ફર્સ્ટ એઇડ કીડ વિશે માહિતી આપવામાં આવે છે અને વિદ્યાર્થીને કોમ્બેટ બેન્ડેજ ઝડપથી લગાવી શકાય તે પણ શીખવવામાં આવે છે ખાસ કરીને જયારે યુધ્ધમાં કોઇ ઘાયલ થાય તો તેના શરીરમાંથી લોહી અટકાવવું તે સૌથી પહેલી પ્રાથમિકતા હોય છે અને તે પણ વિદ્યાર્થીઓ શીખે છે અને જયારે શાળાઓનો છુટવાનો સમય આવે છે તો ગ્લોરી ટુ યુક્રેન જેવા નારા સાથે બાળકો ઘરે જતા હોય તે દ્રશ્યો સામાન્ય થઇ ગયું છે અને માતા-પિતા પણ હવે તે ચિંતા કરતા નથી કારણ કે તેઓ જાણે છે કે જે કંઇ મહત્વનું છે તે દેશની આઝાદી છે અને તેના માટે કોઇને કોઇએ તો બલિદાન આપવાની જરૂર પડશે જ આ સ્થિતિ રશિયામાં છે કે જયાં એક સમયે તેમના જ અલગ થયેલા રાજયો સામે રશિયા યુધ્ધ કરી રહયું છે યુક્રેન તેનું સૌથી નજીકનું પાડોશી છે અને એક સમયે યુક્રેન અને રશિયા વચ્ચે સરહદ પણ ન હતી પરંતુ આજે એ જ સરહદો લોહીયાળ થઇ રહી છે.

ગિલની સૌથી ઝડપી ડબલ સદી, ભારતનો ઐતિહાસિક ચેઝ : ગુવાહાટીમાં રેકોર્ડ્સનો વરસાદ!

વેસ્ટ ઈન્ડીઝ સામે ૪૦૬ રનનો લક્ષ્યાંક ૪૩.૩ ઓવરમાં હાંસલ; રોહિતની ૩૫મી સદી; વેસ્ટ ઈન્ડીઝ સામે શ્રેણી ૨-૦ થી વિજય

ગુવાહાટી : ૫૨ વર્ષના વનડે ઇતિહાસમાં પહેલી વાર ટીમ ઈન્ડિયાએ ૪૦૦થી વધુ રનના લક્ષ્યનો પીછો કર્યો છે. ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચેની બીજી વન-ડેમાં બુધવારે રેકોર્ડ્સનો વરસાદ થયો હતો. વેસ્ટ ઈન્ડીઝે પ્રથમ બેટિંગ કરતાં ૫૦ ઓવરમાં ૪૦૫/૭નો વિશાળ સ્કોર ઊભો કર્યો, પરંતુ ભારતે શુભમન ગિલની ઐતિહાસિક ૨૨૩ રનની અણનમ ઈનિંગ્સ અને રોહિત શર્માની સદીના સહારે માત્ર ૪૩.૩ ઓવરમાં લક્ષ્યાંક હાંસલ કરી લીધો. ભારતે આ મુકાબલો ૮ વિકેટે જીત્યો અને ત્રણ મેચની શ્રેણીમાં ૨-૦ની અપરાજિત લીડ મેળવી.

મેચમાં બંને ટીમોએ મળીને ૮૧૧ રન બનાવ્યા, જે ODIમાં ચોથી ઘટના

૮૦૦થી વધુ રનનો કુલ સ્કોર નોંધાયેલી ગણતરીની માત્ર ચોથી ઘટના છે. આ રીતે ગુવાહાટીની આ મેચ શુભમન ગિલની ઐતિહાસિક ડબલ સદી સાથે અનેક નવા રેકોર્ડ માટે પણ યાદગાર બની રહી.

ગિલની સૌથી ઝડપી ડબલ સદી

ભારતીય કેપ્ટન શુભમન ગિલે માત્ર ૧૧૭ બોલમાં ડબલ સદી પૂરી કરી, જે વન-ડે ક્રિકેટના ઇતિહાસમાં સૌથી ઝડપી ડબલ સદી છે. અંતે ગિલ ૧૩૩ બોલમાં ૨૨૩ રન બનાવી અણનમ રહ્યો. તેની ઈનિંગ્સમાં ૨૬ ચોગ્ગા અને ૮ છગ્ગાનો સમાવેશ થયો. અગાઉ સૌથી ઝડપી ODI ડબલ સદી ઈશાન કિશનના ૧૨૬ બોલમાં હતી.

આ ગિલની ODIમાં બીજી ડબલ સદી છે. ૨૦૨૩માં ન્યૂઝીલેન્ડ સામે તેણે પ્રથમ ડબલ સદી ફટકારી હતી. આ સાથે રોહિત શર્મા બાદ ઘઉંઈમાં બે કે તેથી વધુ ડબલ સદી ફટકારનાર તે માત્ર બીજો બેટર બન્યો છે.

કેપ્ટન તરીકે સૌથી મોટો સ્કોર

ગિલની ૨૨૩* રનની ઈનિંગ્સ ODIમાં કોઈ પણ કેપ્ટન દ્વારા બનાવવામાં આવેલો સૌથી મોટો વ્યક્તિગત સ્કોર પણ બની છે. તેણે રોહિત શર્માના અગાઉના રેકોર્ડને પાછળ છોડ્યો.

રોહિતની તોફાની સદી

ગિલને રોહિત શર્માનો શાનદાર સાથ મળ્યો. રોહિતે માત્ર ૭૫ બોલમાં ૧૦૧ રન બનાવ્યા. બંને વચ્ચે પ્રથમ વિકેટ માટે ૨૫૫ રનની ભાગીદારી થઈ. રોહિતે પોતાની સદી દરમિયાન ODI ક્રિકેટમાં ૧૨,૦૦૦ રનનો આંકડો પણ પાર કર્યો.

વેસ્ટ ઈન્ડીઝની પણ ઐતિહાસિક બેટિંગ

આ પહેલાં વેસ્ટ ઈન્ડીઝે ODIમાં પ્રથમ વખત ૪૦૦થી વધુનો સ્કોર નોંધાવ્યો. ટીમે ૪૦૫/૭ બનાવ્યા અને તેની ઈનિંગ્સમાં ત્રણ બેટર્સે સદી ફટકારી-જોન કેમ્પબેલ ૧૦૧, શાઈ હોપ ૧૦૪ અને અમીર જાંગૂ ૧૧૪. ODIમાં એક જ ટીમની ઈનિંગ્સમાં ત્રણ સદી બનવાનો આ માત્ર છઠ્ઠો પ્રસંગ હતો.

૪૦૦થી વધુના લક્ષ્યાંકનો સફળ પીછો

૪૦૬ રનનો લક્ષ્યાંક ભારતે ૪૩.૩ ઓવરમાં હાંસલ કર્યો. આ ODI ઇતિહાસમાં ૪૦૦થી વધુના લક્ષ્યાંકનો બીજો સૌથી મોટો સફળ પીછો છે. ભારતે આ પહેલાં પણ વિશાળ લક્ષ્યાંકોનો પીછો કર્યો છે, પરંતુ ગુવાહાટીની આ જીતે ભારતીય ODI ક્રિકેટમાં નવો બેન્ચમાર્ક સ્થાપ્યો છે.

રેકોર્ડ-બ્રેકર શુભમન ગિલ

શુભમન ગિલે બનાવેલા રેકોર્ડ્સની યાદી નીચે મુજબ છે:

૧. ભારતીય કેપ્ટન દ્વારા સૌથી ઝડપી વન-ડે સદી (૬૨ બોલ)
૨. વન-ડેના ઇતિહાસમાં સૌથી ઝડપી બેવડી સદી (૧૧૭ બોલ)
૩. વન-ડેમાં ભારતીય કેપ્ટનનો સર્વોચ્ચ સ્કોર (૨૨૩*)
૪. વન-ડેમાં રન-ચેઝ (લક્ષ્યનો પીછો) કરતી વખતે ભારતીય ખેલાડીનો સર્વોચ્ચ સ્કોર (૨૨૩*)

ભારતનો વન-ડે ક્રિકેટમાં અત્યાર સુધીનો સૌથી મોટો રન-ચેઝ

ગુવાહાટીમાં ઈતિહાસ રચાયો છે; ભારતે વન-ડે મેચમાં સફળતાપૂર્વક સૌથી વધુ રનનો પીછો (ચેઝ) કરીને નવો વિક્રમ સ્થાપિત કર્યો છે. અગાઉનો વિક્રમ ૨૦૧૩માં જયપુર ખાતે ઓસ્ટ્રેલિયા સામે ૩૬૦ રનના લક્ષ્યાંકનો પીછો કરવાનો હતો - જે મેચમાં રોહિત અને વિરાટે સદી ફટકારી હતી. હવે, તેમણે ૪૦૬ રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો છે!

વન-ડેમાં સર્વોચ્ચ સફળ રન-ચેઝ

લક્ષ્યાંક	ટીમ	વિરૂધ્ધ	મેદાન	વર્ષ
૪૩૫	સાઉથ આફ્રિકા	ઓસ્ટ્રેલિયા	જોહનિસબર્ગ	૨૦૦૫/૦૬
૪૦૬	ભારત	વેસ્ટ ઇન્ડિઝ	ગુવાહાટી	૨૦૨૬
૩૭૫	નેધરલેન્ડસ	વેસ્ટ ઇન્ડિઝ	હરારે	૨૦૨૩
૩૭૨	સાઉથ આફ્રિકા	ઓસ્ટ્રેલીયા	ડરબન	૨૦૧૬/૧૭
૩૭૦	નેધરલેન્ડસ	સ્કોટલેન્ડ	ડરબન	૨૦૨૫
૩૬૧	ઇંગ્લેન્ડ	વેસ્ટ ઇન્ડિઝ	બ્રિજટાઉન	૨૦૧૮/૧૯
૩૬૦	ભારત	ઓસ્ટ્રેલિયા	જયપુર	૨૦૧૩/૧૪

વન-ડેમાં સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર

ખેલાડી	રન	બોલ	વિરૂધ્ધ	મેદાન	વર્ષ
રોહિત શર્મા	૨૬૪	૧૭૩	શ્રીલંકા	કોલકતા	૨૦૧૪/૧૫
એ.જે.ગુમીલ	૨૩૭	૧૬૩	વેસ્ટ ઇન્ડિઝ	વેલિંગ્ટન	૨૦૧૪/૧૫
શુભમન ગીલ	૨૨૩	૧૩૩	વેસ્ટ ઇન્ડિઝ	ગુવાહાટી	૨૦૨૬
વી.સેહવાગ	૨૧૯	૧૪૯	વેસ્ટ ઇન્ડિઝ	ઇન્દોર	૨૦૧૧/૧૨
સી.એચ.ગેલ	૨૧૫	૧૪૭	ઝીમ્બાબ્વે	કેનબેરા	૨૦૧૪/૧૫
ફકર ઝમાન	૨૧૦	૧૫૬	ઝીમ્બાબ્વે	બુલાવાયો	૨૦૧૮
પી.નિસાન્કા	૨૧૦	૧૩૯	અફઘાનિસ્તાન	પલ્લેકેલે	૨૦૨૩/૨૪
ઇશાન કિશન	૨૧૦	૧૩૧	બાંગ્લાદેશ	ચટ્ટોગ્રામ	૨૦૨૨/૨૩

ગિલને વનડેમાં ૧૦મી વખત પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો

૨૦૨૨ થી, શુભમન ગિલે ODI ક્રિકેટમાં પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ સૌથી વધુ વખત (૧૦ વખત) જીત્યો છે. વિરાટ કોહલી અને ટ્રેવિસ હેડ નવ પુરસ્કારો સાથે સંયુક્ત રીતે બીજા ક્રમે છે. વેસ્ટ ઈન્ડિઝના શાઈ હોપ અને શ્રીલંકાના કુસલ મેન્ડિસે આઠ-આઠ વખત આ એવોર્ડ જીત્યો છે.

રોહિતની ૩૫મી સદી, સૌથી ઝડપી ૧૨૦૦૦ રન કર્યા

રોહિત શર્માએ ગઈકાલે મેચમાં તેના કરિયરની ૩૫મી સદી ફટકારી હતી અને આ સાથે તેણે ૧૨૦૦૦ રન પણ પૂરા કર્યા છે. તેને સૌથી ઝડપી ૧૨૦૦૦ રન પૂરા કર્યા તો સાથે જ સચિન તેંડુલકર અને વિરાટ કોહલી બાદ ત્રીજો બેટર બન્યો છે જેને વનડે ક્રિકેટમાં ૧૨૦૦૦ રન પૂરા કર્યા છે.

એશિયન ગેમ્સ ૨૦૨૬ : રમતોના મેદાન પર ભારતનું મિશ્ર પ્રદર્શન

કુશ્તી, જૂડો અને સ્ક્વોશમાં ભારતીય ખેલાડીઓનું કમબેક ; જયારે વોલીબોલ-આર્ચરીમાંથી મળ્યો પરાજય

નવી દિલ્હી તા, ૧

આઈચી નાગોયા (જાપાન) ખાતે રમાઈ રહેલી એશિયન ગેમ્સ ૨૦૨૬ની વિવિધ સ્પર્ધાઓમાં ભારતીય રમતવીરો માટે મિશ્ર પરિણામો આવ્યાં છે. કુશ્તીના મેદાનમાં પુરુષોનાં ગ્રીકો-રોમન ૭૭ કગ્રા વર્ગની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં ભારતના અમન અહલાવતે ૮-૬થી ઉત્કૃષ્ટ વાપસી કરીને જીત મેળવી હતી, પરંતુ ક્વાર્ટર ફાઇનલમાં તેમને કતારના શાહીન બદાઘીમોફાદ સામે હારનો સામના કરવો પડ્યો હતો.

મહિલાઓના ૬૨ કગ્રા વર્ગમાં માનસીએ દક્ષિણ કોરિયાની જો સુ-બીનને હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યાં સેમિફાઇનલમાં જાપાનની નોનોકા ઓઝાકી સામે ૦-૬થી હાર મળતાં તે હવે રિપેચેજ રાઉન્ડમાં બ્રોન્ઝ મેડલ માટે દાવ લગાવશે. જ્યારે ગ્રીકો-રોમન ૯૭ કગ્રા ક્વાર્ટર ફાઇનલમાં નિતેશે તુર્કમેનિસ્તાનના અગામમેદોવને ૭-૧થી હરાવી સેમિફાઇનલમાં જગ્યા પાકી કરી લીધી છે. બીજી તરફ જૂડોમાં, મહિલાઓના ૫૭ કગ્રા વર્ગમાં યામિની મૌર્યાએ કતારની ફતેના બુ-કાહૂસને 'ઈપ્પોન'થી માત આપીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ મેળવી લીધો છે.

અન્ય મુકાબલાઓની વાત કરીએ તો, સ્ક્વોશ મહિલા ટીમની સેમિફાઇનલમાં તન્વી ખન્નાએ લી કા યીને ૩-૧થી હરાવીને ભારતને હોંગકોંગ સામે ૧-૧ની બરાબરી અપાવી હતી. જોકે, પુરુષ વોલીબોલ અને તીરંદાજી (આર્ચરી)માં ભારતને મોટો આંચકો લાગ્યો છે. પુરુષ વોલીબોલના હાઈ-વોલ્ટેજ ક્વાર્ટર ફાઇનલ મુકાબલામાં પાકિસ્તાને ભારતને સીધા સેટોમાં ૨૫-૧૯, ૨૫-૨૩, ૨૫-૧૮થી હરાવીને ટૂર્નામેન્ટમાંથી બહાર કરી દીધું છે. આ ઉપરાંત, તીરંદાજ ચિકિથા તનિપાર્થી પણ મહિલા કમ્પાઉન્ડ વ્યકિતગત ક્વાર્ટર ફાઇનલમાં ઇન્ડોનેશિયાની નુરિસા દિયાન અશરીફા સામે ૧૪૩-૧૪૪થી માત્ર ૧ અંકના અત્યંત ઓછા તફાવતથી હારીને સ્પર્ધામાંથી બહાર થઈ ગઈ છે.

શુભમન ગિલે ભારતની ધરતી પર સળંગ ૩ સદી ફટકારીને રચ્યો ઈતિહાસ; વિરાટ-ડી વિલિયર્સના રેકોર્ડ તરફ કદમ

નવી દિલ્હી : વિંડીઝ (વેસ્ટ ઈન્ડીઝ) સામેની વાઈટ-બોલ શ્રેણીમાં વિરામ બાદ મેદાનમાં ઉતરેલા ભારતીય કેપ્ટન શુભમન ગિલ ધમાકેદાર પ્રદર્શન કરીને ઇતિહાસ રચી રહ્યા છે. તિરુવનંતપુરમમાં વિંડીઝ સામે અણનમ ૧૧૦ રનની ઈનિંગ રમ્યા બાદ ગિલે ગુવાહાટી ખાતે ૪૦૬ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા વધુ એક શાનદાર સદી ફટકારી હતી. આ સાથે જ તેઓ ભારતના ૫૧ વર્ષના વનડે ઇતિહાસમાં સ્થાનિક ધરતી (ભારત) પર સતત ૩ સદી ફટકારનારા માત્ર બીજા ભારતીય બેટ્સમેન બની ગયા છે.

આ યાદીમાં વિરાટ કોહલી અને એબી ડી વિલિયર્સ સંયુક્ત રીતે ટોચ પર છે, જેમણે ભારતમાં વનડેમાં સળંગ ૪ સદી ફટકારી છે. સ્થાનિક મેદાન પર સતત સૌથી વધુ સદી ફટકારવાના મામલે બે ભારતીયો ઉપરાંત એક વિદેશી ખેલાડી (ડી વિલિયર્સ)નું હોવું ખૂબ જ સરાહનીય બાબત છે.

વિંડીઝ સામે તિરુવનંતપુરમમાં રમેલી સદી પહેલા ગિલે ભારતીય ધરતી પર આ શ્રેણીની પહેલી સદી આ જ વર્ષે ૧૭ જૂને અફઘાનિસ્તાન સામે લખનૌ ખાતે ફટકારી હતી, જ્યાં તેમણે ૧૮૨ બોલમાં ૧૫૪ રન બનાવ્યા હતા.જ્યારે ભારતીય ધરતી પર સતત સદીની વાત આવે છે ત્યારે વચ્ચે વિદેશી પ્રવાસના મેચો આવી જવાથી વિરામ પડે છે. પરંતુ ઓવરઓલ (સમગ્ર રીતે) વનડેમાં ભારત માટે સતત સૌથી વધુ સદી ફટકારવાની વાત કરીએ તો રોહિત શર્મા અને વિરાટ કોહલી સંયુક્ત રીતે પ્રથમ સ્થાને છે. આ બંને દિગ્ગજોએ વનડે કરિયરમાં સળંગ ૩-૩ સદી ફટકારવાની સિદ્ધિ મેળવેલી છે.

એશિયન ગેમ્સ ૨૦૨૬ : બાંગ્લાદેશને હરાવીને પાકિસ્તાન ક્રિકેટ ટીમ ફાઈનલમાં

વરસાદથી પ્રભાવિત મેચમાં ૬ વિકેટે જીત મેળવી

નવી દિલ્હી તા, ૧

જાપાનના આઈચી નાગોયા ખાતે રમાઈ રહેલી એશિયન ગેમ્સ ૨૦૨૬ના પુરુષ ક્રિકેટ ઈવેન્ટની પ્રથમ સેમિફાઇનલમાં પાકિસ્તાને બાંગ્લાદેશને ૬ વિકેટે હરાવીને ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. નિશિનના કોરોગી સ્પોર્ટ્સ પાર્ક ખાતે રમાયેલી આ મેચમાં વરસાદ અને ભીના આઉટફિલ્ડના કારણે મેચ ૨૦ ઓવરના બદલે ૧૩-૧૩ ઓવરની કરવામાં આવી હતી. આ જીત સાથે જ પાકિસ્તાની ટીમે એશિયન ગેમ્સમાં ઓછામાં ઓછો સિલ્વર મેડલ પોતાના નામે પાકો કરી લીધો છે અને હવે ફાઇનલમાં તેમનો મુકાબલો ભારત અને શ્રીલંકા વચ્ચેની બીજી સેમિફાઇનલના વિજેતા ટીમ સાથે થશે.

BANGLADESH
PAKISTAN

મેચમાં ટોસ જીતીને પાકિસ્તાને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી બાંગ્લાદેશની ટીમે ૪૫ રન પર જ પોતાની પ્રથમ ૪ વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, તોહિત હૃદોય (૪૨ રન, ૨૫ બોલ) અને મોસદેક હુસેન (૧૧ રન) વચ્ચે પાંચમી વિકેટ માટે ૫૩ રનની મહત્વપૂર્ણ ભાગીદારી થઈ હતી, જેના આધારે બાંગ્લાદેશે ૧૩ ઓવરમાં ૭ વિકેટે ૧૧૧ રન બનાવ્યા હતા. પાકિસ્તાન તરફથી સ્પિનર સુફિયાન મુકીમે ઉત્કૃષ્ટ બોલિંગ કરતા ૩ ઓવરમાં ૨૬ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી, જ્યારે અરાફાત મિન્હાસને ૨ અને સૈમ અયૂબને ૧ વિકેટ મળી હતી.

૧૧૨ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી પાકિસ્તાનની શરૂઆત પણ નબળી રહી હતી અને કેપ્ટન સાહિબઝાદા ફરહાન (૧) પ્રથમ ઓવરમાં જ આઉટ થઈ ગયા હતા. એક સમયે પાકિસ્તાને ૫૩ રનમાં ૪ વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ તે પછી હસન નવાઝ (અણનમ ૨૭) અને અબ્દુલ સમદ (અણનમ ૩૦) વચ્ચેની શાનદાર ભાગીદારીના જોરે પાકિસ્તાને ૧૧.૩ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને સરળતાથી લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું હતું. બાંગ્લાદેશ હવે બ્રોન્ઝ મેડલ માટેની મેચ રમશે.

સોનાના હોલમાર્કિંગ ચાર્જમાં ૬૬.૬૭ ટકાનો વધારો થતાં જ્વેલરી ઉદ્યોગ પર રૂ. ૪૮૦ કરોડનો આર્થિક ભાર

સોનું ખરીદતા પહેલાં સાવધાન ! હોલમાર્કિંગ મોંઘું થતાં જ નકલી સ્ટેમ્પિંગનો ખેલ શરૂ

૨૦ કેરેટ સોનાને ૨૨ કેરેટ દર્શાવવા અને એક જ HUID અનેક દાગીનાં પર વાપરવાનાં કિસ્સા વધ્યા ; 'BIS Care' એપથી ચકાસણી કરવા અપીલ

નવી દિલ્હી તા, ૧

સોનાનાં દાગીનાની શુદ્ધતા પ્રમાણિત કરતી હોલમાર્કિંગ સિસ્ટમમાં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) દ્વારા તાજેતરમાં મોટો ભાવ વધારો કરવામાં આવ્યો છે. હોલમાર્કિંગનો દર પ્રતિ આર્ટિકલ ૪૫ થી વધારીને ૭૫ કરવામાં આવ્યો છે, જે સીધો ૬૬.૬૭ ટકાનો વધારો દર્શાવે છે. આ નિર્ણયથી આખી જ્વેલરી ઈકોસિસ્ટમ પર અંદાજે ૪૦૦ કરોડનો આર્થિક ભાર અને તેનાં પર ૮૦ કરોડનો જીએસટીનો બોજ પડ્યો છે, જેનાં કારણે જ્વેલરી ઉદ્યોગ અને ગ્રાહકો બંને ચિંતામાં મુકાયાં છે.

દરોમાં થયેલાં આ વધારાનાં કારણે બજારમાં અસામાજિક તત્વો અને કેટલાક અપ્રમાણિક જ્વેલર્સ દ્વારા નકલી હોલમાર્કિંગ સ્ટેમ્પિંગ કરવાનો અને છેતરપિંડી કરવાનો ભય ઘણો વધી ગયો છે. ખાસ કરીને ટિયર-૨, ટિયર-૩ અને ટિયર-૪ના નાના શહેરો કે ગ્રામીણ વિસ્તારોમાં જ્યાં ગ્રાહકોમાં હોલમાર્કિંગની વિગતો ચકાસવા અંગે પૂરતી જાગૃતિ નથી, ત્યાં ઓછી શુદ્ધતાવાળું સોનું પધરાવી દેવાના કિસ્સાઓ વધવાની ગંભીર આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત, હોલમાર્કિંગ પ્રોસેસિંગના સમયમાં પણ મોટો વિલંબ થઈ રહ્યો છે. અગાઉ હોલમાર્કિંગનું કામ ૬ કલાકમાં પૂર્ણ થઈ જતું હતું, જ્યારે હવે તેમાં ૨૪ થી ૩૬ કલાક જેટલો સમય લાગે છે. આ સમયગાળો વધવાથી જ્વેલર્સની કાર્યકારી મૂડી (વર્કિંગ કેપિટલ) અટવાઈ રહે છે અને તેમની નાણાકીય પડતર વધી જાય છે, જે વેપાર પર વિપરીત અસર કરી રહી છે.

બીજી તરફ, ગ્રાહકોમાં દાગીના પરનાં ૬ અંકના હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન (HUID) નંબરને 'BIS કેર' મોબાઇલ એપ દ્વારા ક્રોસ-ચેક કરવા અંગે બહુ ઓછી માહિતી છે. દેશનાં લગભગ ૮૦૦ જિલ્લાઓમાંથી માત્ર ૧૦ ટકા જિલ્લાઓમાં જ ગ્રાહકો આ એપ વિશે જાણે છે. આ તમામ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલ (GJC) એ જૂના ૪૫ ના દરો પુનઃસ્થાપિત કરવા માંગ કરી છે, જેથી વેપારીઓ અને ગ્રાહકો બંનેને રાહત મળી શકે.

અસલી ચિંતા ફી ની નથી, વિશ્વાસની છે...

BIS એ ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ થી

(અનુસંધાન ૧૨ મા પાને)

ક્યાં છે અસલી જોખમ?

એક HUID અનેક દાગીના પર લગાવવાની આશંકા : એક જ ડિઝાઈનના અલગ-અલગ દાગીના પર એક જ ઓળખ નંબર (HUID) ઉપયોગ કરવાની ફરિયાદો સામે આવી છે.

૨૦ કેરેટ સોનાને ૨૨ કેરેટ બતાવવાનો આરોપ : આવા કિસ્સાઓમાં ગ્રાહકને તેની વાસ્તવિક શુદ્ધતા કરતાં ઓછી ગુણવત્તાવાળું સોનું વધુ શુદ્ધ બતાવીને વેચી શકાય છે.

કમિશનની રમત : કેટલાક હોલમાર્કિંગ સેન્ટરો વધુ કામ મેળવવા માટે જ્વેલર્સ, ઉત્પાદકો અથવા જથ્થાબંધ વેપારીઓને આર્થિક પ્રોત્સાહન (કમિશન) આપી રહ્યાં છે.

નાના શહેરોમાં વધુ જોખમ : ઉદ્યોગ સાથે જોડાયેલા લોકોનાં જણાવ્યાં મુજબ, આવી ફરિયાદો નાના શહેરો અને નગરોમાં, ખાસ કરીને ઉત્તર ભારતમાં વધુ સામે આવી રહી છે.



શહેરની સૌથી જુની એવી લાખાજીરાજ શાક માર્કેટના રીનોવેશનની વાત વચ્ચે લાંબા સમયથી તે બંધ હાલતમાં હોય, તહેવારો પૂર્વે ધંધાર્થીઓના થડા ધમધમતા થઇ જાય તેવા પ્રયાસો શાસકોએ કર્યા છે. આજે પદાધિકારીઓ આ શાકમાર્કેટની મુલાકાતે ગયા હતા અને વેપારીઓ સાથે ચર્ચા કરતા નવરાત્રી પહેલા શાક માર્કેટ ખોલી આપવા ખાતરી આપી છે. ગીચ પરાબજારમાંથી કાર પસાર કરવી મુશ્કેલ હોય, સ્ટે.ચેરમેન પરેશ પીપળીયા સ્કુટર પર ધર્મેન્દ્ર રોડ પહોંચ્યા હતા! (તસ્વીર : પંકજ શીશાંગીયા)

ધર્મેન્દ્ર રોડની લાખાજીરાજ શાકમાર્કેટ નવરાત્રી પહેલા ખોલી દેવાશે : શાસકોની જાહેરાત

ખખડેલી શાકમાર્કેટમાં હાલ જરૂર પુરતું રીપેરીંગ કરીને થડા વેપારીઓને સોંપવા તૈયારી : ચેરમેન સહિતની ટીમે ઇજનેરો સાથે મુલાકાત લીધી : તહેવારો પૂર્વે ધંધા શરૂ કરવા દેવા વેપારીઓની રજુઆત

રાજકોટ, તા.૧

શહેરના ધર્મેન્દ્ર રોડ પર આવેલી સૌથી જુની લાખાજીરાજ શાકમાર્કેટ ખખડી ગઇ હોય, કરોડોના ખર્ચે રીનોવેશનનો પ્લાન બનાવવામાં આવ્યો હતો જે હાલ સ્થગિત હાલતમાં છે. આ સંજોગોમાં ન તો રીપેરીંગ થઇ રહ્યું છે ન તો શાક માર્કેટ ખુલી રહી છે આથી વેપારીઓની રજુઆત પરથી આજે પદાધિકારીઓ શાકમાર્કેટની મુલાકાતે ગયા હતા અને તુરંત જરૂરી રીપેરીંગ કરી નવરાત્રી શરૂ થતા પહેલા માર્કેટ ખોલી આપવામાં આવશે તેવી ખાતરી આપી છે.

આજે મેયર ડો.નેહલ શુકલ અને ચેરમેન પરેશ પીપળીયાએ જણાવ્યું હતું કે, ધંધા શરૂ કરવા દેવા વેપારીઓ સતત રજુઆત કરતા હતા જેના પગલે આજે ઇજનેરોને સાથે લઇ જઇને ચકાસણી કરવામાં આવી હતી. હાલ તત્કાલ જરૂરી રીપેરીંગ કરવામાં આવશે. સ્થળ પર આ શાકમાર્કેટ ખોલી શકાય તેવો પ્રાથમિક અંદાજ નીકળ્યો છે. છતાં વેપારીઓએ પોતાની જવાબદારીથી શાક માર્કેટમાં બેસવા રજુઆત સાથે તૈયારી દર્શાવતા આ દિશામાં નિર્ણય લેવાયો છે. આવતા અઠવાડિયે આ શાકમાર્કેટમાં વેપારીઓ સલામતી સાથે ધંધો કરી શકે તેવી વ્યવસ્થા કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

ધર્મેન્દ્ર રોડની આ ઐતિહાસિક અને હેરીટેજમાં સામેલ કરવામાં આવેલી શાકમાર્કેટના રીનોવેશન માટે ૭ થી ૮ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. વેપારીઓના સ્થળાંતરની વાત પણ અટકીને પડી છે. જયુબીલી શાકમાર્કેટનું ૨૭ કરોડનું રીનોવેશન પણ રોકી દેવાયું છે. હવે ધર્મેન્દ્ર રોડ શાકમાર્કેટના રીનોવેશન માટે નવેસરથી દરખાસ્ત આવે એટલે કામ શરૂ કરવા સમયે વેપારીઓના થડા ખાલી કરાવાશે. ત્યાં સુધી વેપારીઓ ધંધો કરી શકશે તેમ ચેરમેને કહ્યૂં હતું.

આ લાખાજીરાજ માર્કેટના રિનોવેશન માટે માર્કેટ બંધ કરવામાં આવેલ છે. આ અંગે વેપારીઓને પડતી સમસ્યાઓ તેમજ રિનોવેશન કામગીરીને લઈને આજે મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા અધિકારીઓ દ્વારા માર્કેટની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં શાસક પક્ષ નેતા ડો. હિરેનભાઈ ખીમાણીયા, દંડક સંજયસિંહ રાણા તેમજ મહાનગરપાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શાકમાર્કેટના રિનોવેશનને કારણે વેપારીઓને પડતી મુશ્કેલીઓ અંગે વેપારીઓ સાથે રૂબરૂ વાતચીત કરી તેમની રજૂઆતો અને સમસ્યાઓ સાંભળવામાં આવી હતી. રિનોવેશનની કામગીરી સુચારુ રીતે આગળ વધે તેમજ વેપારીઓને શક્ય તેટલી સુવિધા મળી રહે તે અંગે જરૂરી ચર્ચા કરવામાં આવી હતી. માર્કેટના રિનોવેશન બાદ વેપારીઓ તથા નાગરિકોને વધુ સુવિધાયુક્ત અને સુવ્યવસ્થિત બજાર મળી રહે તે દિશામાં મહાનગરપાલિકા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આજથી નવા ઈવી વાહનો ધ્વનિ સિસ્ટમ સાથે વેચાશે

ઈલેક્ટ્રિક વાહનો શાંત હોવાના કારણે અકસ્માતો રોકવા અને પગપાળા જતા યાત્રીઓની સુરક્ષા માટે ધ્વનિ ચેતવણી પ્રણાલિ ફરજિયાતઃ જૂના ઈવીમાં ૧ ઓક્ટોબર–૨૦૨૭ સુધીમાં આ સિસ્ટમ નખાવી લેવી પડશે

નવી દિલ્હી, તા.૧

શહેરોમાં ઈલેક્ટ્રિક વાહનોથી થતાં અકસ્માતો રોકવા અને પગપાળા યાત્રિઓની સુરક્ષા વધારવા માટે કેન્દ્ર સરકારે ૧ ઓક્ટોબરથી બધા નવા ઈલેક્ટ્રિક વાહનોમાં ધ્વનિ ચેતવણી પ્રણાલી (એવીએએસ) ફરજિયાત કરી દીધી છે. હવે દેશમાં એ જ નવા ઈલેક્ટ્રિક વાહનો વેચી શકાશે, જેમાં આ સિસ્ટમ લાગી હશે, પહેલાથી માર્ગો પર ચાલતા જુના ઈલેક્ટ્રિક વાહનોમાં પણ ૧ ઓક્ટોબર-૨૦૨૭ સુધીમાં આ સિસ્ટમ લગાવી પડશે.

માર્ગ પરિવહન તેમજ હાઈવે મંત્રાલયે આ બારામાં સપ્ટેમ્બર-૨૦૨૫માં જ આ અધિસૂચના જાહેર કરી દીધી હતી. મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારી મુજબ એવીએએસ એક ઓડિયો ચેતવણી સિસ્ટમ છે.

ઈલેક્ટ્રિક વાહન ધીમી ગતિથી ચાલતી વખતે લગભગ અવાજ નથી કરતા, એવામાં આ સિસ્ટમ કૃત્રિમ ધ્વનિ પેદા કરીને આસપાસ હાજર પગપાળા યાત્રીઓને વાહનની હાજરીનો સંકેત આપી દે છે.

૫૦ કિ.મી.ની સ્પીડ સુધી નીકળશે અવાજ

આ સિસ્ટમ વાહનની ગતિ અનુસાર કામ કરશે, ૫૦ કિ.મી. પ્રતિ કલાક સ્પીડ પર એવીએએસ ઓટોમેટિક ચેતવણી અવાજ પેદા કરશે. આથી વધુ ગતિ થવા પર આ સિસ્ટમ આપોઆપ બંધ થઇ જશે, કારણ કે એ ગતિ પર ટાયરોના રસ્તાથી ઘર્ષણથી પ્રાકૃતિક અવાજ સંભળાવા લાગે છે.

કાર, બસ, માલવાહક બધા ક્ષેત્રમાં

નવા નિયમના ક્ષેત્રમાં કાર અને બસ જેવી શ્રેણી-એમ વાહન વાણિજ્યિક માલવાહક શ્રેણી-એમ વાહન સાથે ઇ-રીક્ષા અને ઇ-કાર્ટ પણ સામેલ છે.

દર વાહને રૂા.૧૫૦૦થી ૩૫૦૦ સુધીનો ખર્ચ

માર્ગ પરિવહન મંત્રાલયના વાહન આંકડા મુજબ દેશમાં રજિસ્ટર ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યા ૮૬ લાખથી વધુ છે.

એવીએએસમાં ધ્વનિ પેદા કરનાર સાધન અને પાણીથી સુરક્ષિત સ્પીકર જેવી વ્યવસ્થા સામેલ થશે. તેનું મોટા પ્રમાણમાં લગાવવા પર પ્રતિ વાહન રૂા.૧૫૦૦થી રૂા.૩૫૦૦નો વધારાનો ખર્ચ થવાનું અનુમાન છે.

૨૦૦૮ અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ કેસ : ઈન્ડિયન મુજાહિદ્દીનના દોષિતની ફાંસીની સજા પર સુપ્રીમનો સ્ટે

ગુજરાત સરકારને નોટિસ પાઠવવામાં આવી ; અદાલતે ટ્રાયલ કોર્ટમાંથી કેસનો મૂળ રેકોર્ડ મંગાવ્યો

અમદાવાદ તા, ૧

વર્ષ ૨૦૦૮ના અમદાવાદ શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટ કેસમાં સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. અદાલતે આ હુમલાના મુખ્ય દોષિતોમાંના એક એવા ઈન્ડિયન મુજાહિદ્દીનના આતંકવાદી અહમદ બાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવીની ફાંસીની સજાના અમલ પર હાલ પૂરતી રોક લગાવી દીધી છે. જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ એ.જી. મસીહ અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠે આ મામલે ગુજરાત સરકારને ફોર્મલ નોટિસ પાઠવી છે અને નીચલી અદાલતમાંથી કેસ સંબંધિત તમામ મૂળ રેકોર્ડ રજૂ કરવા આદેશ કર્યો છે.

અહમદ બાવાએ ગુજરાત હાઇકોર્ટનાં ૭ જુલાઇના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ગુજરાત હાઇકોર્ટે ખાસ અદાલત દ્વારા ૩૮ દોષિતોને આપેલી ફાંસીની સજા અને ૧૧ દોષિતોને આપેલી આજીવન કેદની સજાને બહાલ રાખી હતી. હાઇકોર્ટે તમામ દોષિતોની પુનર્વિચાર અરજીઓ ફગાવી દઈને રાજ્ય સરકારની ફાંસીની સજા કાયમ રાખવાની માંગ સ્વીકારી હતી, જે નિર્ણય સામે હવે સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી શરૂ થઈ છે.

ગુજરાત હાઇકોર્ટે પોતાનાં નિર્ણયમાં સ્પષ્ટ કર્યું હતું કે આ વિસ્ફોટો લોકોમાં ભારે દહેશત અને ભય ફેલાવવાના ઈરાદાથી આચરવામાં આવેલું એક નિર્દય અને અમાનવીય કાવતરું હતું. હાઇકોર્ટે નોંધ્યું હતું કે પકડાયેલા દોષિતોમાં પોતાના ગુના પ્રત્યે કોઈ પશ્ચાતાપનો ભાવ નહોતો. અદાલતે તમામ ગંભીર પાસાઓને ધ્યાનમાં રાખીને તેના પર કોઈ પણ પ્રકારની દયા ન દાખવવાનો નિર્ણય લીધો હતો સાથે સાથે પીડિત પરિવારો માટે આર્થિક સહાય મંજૂર કરી હતી.

અમદાવાદ શહેરમાં ૨૬ જુલાઈ ૨૦૦૮ના રોજ માત્ર ૭૦ મિનિટના ગાળામાં ૨૧ જેટલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યા હતા. આ ભયાનક આતંકી હુમલામાં ૫૬ નિર્દોષ લોકોનાં મોત થયા

(અનુસંધાન ૧૨ મા પાને)

ગુજરાત હાઈકોર્ટનો મોટો આદેશ

પતિની સારવારનો ખર્ચ ઉઠાવવા માટે પત્નીને સંપત્તિનું સંચાલન કરવાની મંજૂરી

અમદાવાદ: ગુજરાત હાઈકોર્ટે પોરબંદરના એક દંપતીના કેસમાં પત્નીને તેમના પતિના વાલી અને સંચાલક તરીકે નિયુક્ત કર્યા છે. અરજદારના પતિ જાન્યુઆરી ૨૦૧૭માં થયેલા માર્ગ અકસ્માત બાદથી વેજીટેટિવ સ્ટેટ (કોમા જેવી સ્થિતિ)માં છે, જેના કારણે પરિવારની નાણાકીય કટોકટી ઉકેલવા માટે ચાલી રહેલી પાંચ વર્ષની લાંબી કાનૂની લડાઈનો અંત આવ્યો છે.

પોતાની અરજીમાં પત્નીએ જણાવ્યું હતું કે તેમના પતિને માર્ગ અકસ્માતમાં ગંભીર શારીરિક અને માનસિક નુકસાન થયું હતું અને લાંબી સારવાર છતાં તેઓ સતત કોમા જેવી સ્થિતિમાં રહ્યા છે. તેમણે રજૂઆત કરી હતી કે એક પુત્ર અને બે સગીર પુત્રીઓ સહિતનો આ પરિવાર સંપૂર્ણપણે પતિની આવક પર નિર્ભર હતો, અને સતત તબીબી તેમજ ઘરના ખર્ચને કારણે નાણાકીય સંસાધનો ખૂટી ગયા છે. જોકે પતિ પાસે ૨૨ સ્થાવર અને જંગમ મિલકતો છે, પરંતુ કાનૂની મુશ્કેલીઓને કારણે પત્ની તેના

(અનુસંધાન ૧૨ મા પાને)

Auto E-INVOICE / E-WAY BILL
શ્રી C-POINT
એકાઉન્ટ, બીલીંગ તથા સ્ટોક માટેનો શ્રેષ્ઠ
સૌથી સરળ કોમ્પ્યુટર પ્રોગ્રામ
FOR DEMO : C-POINT
9773428998, 0281-2464241

દરેક કારની ચાવી તથા રીમોટ
રીપેરીંગ તથા નવી બનાવવા માટે
રાજુ ડીઝીટલ ભુતખાના ચોક, રાજકોટ
મો.: ૯૮૨૫૨ ૭૭૧૬૯

યુ-ફોમ ગાદલા સોફા મટીરીયલ્સ
વ્યાજબી ભાવે છુટક તથા જથ્થાબંધ મળશે
આપની ડીઝાઈન મુજબ સોફાસેટ બનાવી આપીશું
લાલા ફોમ એજન્સી
વ્રજ આર્કેડ, ૨-ભક્તિનગર સ્ટેશન રોડ, બેંક ઓફ બરોડાની બાજુમાં, રાજકોટ.
સંપર્ક : 98253 60033, 98242 18687



ગુજરાત સરકાર

૭૭મો વન મહોત્સવ
"સર્વોદય વન" લોકાર્પણ કાર્યક્રમ

- માનનીય મુખ્યમંત્રી **શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ** દ્વારા પીપળના રોપા વડે 'એક પેડ મા કે નામ 3.0' અભિયાનનો ભવ્ય શુભારંભ.
- કચ્છ જિલ્લાનો છારીઢંઢ વેટલેન્ડ વિસ્તાર ગુજરાતની 5th 'રામસર સાઈટ' (આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતું વેટલેન્ડ) જાહેર થયો.
- 'જમ્પ-સ્ટાર્ટ' પદ્ધતિના ઉપયોગથી લુપ્તપ્રાય 'ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ'ના બચ્ચાને સફળતાપૂર્વક સેવીને બહાર લાવવામાં આવ્યું.
- કરુણા અભિયાન 2026 દરમિયાન ઘાયલ થયેલ 16380 માંથી 14,690 પક્ષીઓની સફળતાપૂર્વક સારવાર અને બચાવ કરવામાં આવ્યો.
- રાજ્યમાં આવેલ વન વિસ્તારમાં 20,455 હેક્ટરમાં રોપા વાવેતરની કામગીરી.
- સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતી નિમિત્તે 33 જિલ્લામાં 73,622 રોપાઓનું વાવેતર કરી 131 સરદાર સ્મૃતિવનનું નિર્માણ.
- વર્ષ 2026-27માં દુષ્કાળની પરિસ્થિતિમાં રાહત દરે પૂરું પાડવા 11,400 હેક્ટરમાં ઘાસનું વાવેતર કરવામાં આવી રહ્યું છે.
- રાજ્યમાં વન મહોત્સવ યોજનામાં ચાલુ વર્ષે 11.80 કરોડ રોપાઓનું વિતરણ.
- સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રાજ્યમાં વન વિસ્તાર બહાર કુલ 30,720 હેક્ટર વિસ્તારમાં રોપા વાવેતરનું આયોજન.
- હરિયાળી લોકસભા અભિયાન અંતર્ગત ગાંધીનગર લોકસભા મત વિસ્તારમાં આશરે 540 હેક્ટરમાં 60 લાખ રોપાઓનું વાવેતર કરી 82 વન કવચ ઊભા કરવામાં આવી રહ્યા છે.

"ગુજરાતનો વિકાસ એટલે, પ્રગતિ પણ અને પ્રકૃતિ પણ"
-**હર્ષ સંઘવી**, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

તારીખ: 01st ઓક્ટોબર, 2026 ગુરુવાર
સમય: સાંજે 03:30 વાગે
સ્થળ: ઓડદર

રોપા મેળવવા માટે QR કોડ સ્કેન કરો
વધુ માહિતી માટે સંપર્ક કરો 1926 | 83 2000 2000
સ્થળ સુધી પહોંચવા QR સ્કેન કરો

વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર

ઓગષ્ટ માસની તુલનામાં સપ્ટેમ્બર માસમાં..

રાજકોટ શહેર-જિલ્લામાં મિલ્કત લે-વેચમાં ૧૩થી ૧૫ ટકાનો ઘટાડો

શહેરમાં ૧૫ ટકા અને જિલ્લામાં ૧૩ ટકા ઓછા દસ્તાવેજ નોંધાયાઃ દસ્તાવેજ ફી અને સ્ટેમ્પ ડયુટીની આવકમાં મોટો ફટકોઃ શ્રાદ્ધ પક્ષની અસર દેખાઈ!

રાજકોટ તા.૧

રાજકોટ જિલ્લામાં ગત સપ્ટેમ્બર માસ દરમ્યાન ૧૨,૫૨૪ મિલકતોનું વેચાણ થયું હતું. અને રાજય સરકારને દસ્તાવેજ ફી અને સ્ટેમ્પ ડયુટી પેટે રૂા.૭૪.૪૧ કરોડથી વધુની આવક થઈ હતી, ઉલ્લેખનીય છે કે હાલ શ્રાધ્ધ પક્ષ ચાલી રહ્યો હોય પરંપરાગત માન્યતાઓના કારણે રિયલ એસ્ટેટ ક્ષેત્રે પૂરતી થોડી મંદી નજરે પડી હતી. નોંધનીય બાબત એ પણ છે કે ગયા ઓગષ્ટ કરતા સપ્ટેમ્બરમાં ૧૪૪૦ દસ્તાવેજ ઓછા નોંધાયા હતા. જે શ્રાધ્ધ પક્ષની અસર દેખાડે છે.

પ્રાપ્ત વધુ વિભાગો અનુસાર રાજકોટ શહેર અને જીલ્લામાં ગત સ્પટેમ્બર ૨૦૨૬માં ૧૨૫૨૪ મિલ્કતોનું વેચાણ થતા તેના દરતાવેજોનાં રજીસ્ટ્રેશન સબ રજીસ્ટ્રાર કચેરીમાં થયા છે.આ દસ્તાવેજોની ફી અને સ્ટેમ્પ ડયુટી થકી રાજય સરકારને રૂ.૭૪.૪૧ કરોડની આવક થઈ છે. જોકે ગત માસની તુલનામાં મિલકતના વેચાણમાં ઘટાડો થયો છે.રાજકોટ શહેરમાં મિલકતની લે-વેચમાં ૧૫ ટકા અને સમગ્ર જિલ્લામાં ૧૩ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે. ઓગસ્ટ મહિનાની સરખામણીમાં સપ્ટેમ્બર મહિનામાં ૧,૪૪૦ દસ્તાવેજ ઓછા નોંધાયા છે. જેના કારણે સરકારી તંત્રની આવકમાં કરોડો રૂપિયાનું ગાબડું પડ્યું છે.મિલકતની નોંધણી માટે રાજકોટ શહેરમાં આઠ અને જિલ્લામાં દસ સબ રજિસ્ટાર કચેરીઓ આવેલી છે. ઓગસ્ટ મહિનામાં રાજકોટ જિલ્લામાં કુલ ૧૪,૪૫૩ દસ્તાવેજો નોંધાયા હતા, જ્યારે સપ્ટેમ્બર મહિનામાં ઘટીને માત્ર ૧૨,૫૨૪ દસ્તાવેજ જ નોંધાયા છે. સામાન્ય રીતે રાજકોટ જિલ્લામાં સરેરાશ ૧૩ થી ૧૪ હજાર દસ્તાવેજની દર મહિને નોંધણી થતી હોય છે.રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં નોંધાયેલા દસ્તાવેજોની વિગત જોઈએ તો, ઓગસ્ટની સરખામણીએ સપ્ટેમ્બરમાં શહેરમાં ૯૮૨૧ થી ઘટીને ૭૯૪૧ દસ્તાવેજ થયા છે. મોરબી રોડ પર ૭૦૧ દસ્તાવેજોનો ઘટાડો નોંધાયો છે જે ૨૭.૬૩% જેટલો થાય છે.

રતનપર વિસ્તારમાં ૧૬૬ દસ્તાવેજ ઓછા થતાં ૧૭.૬૦% નો ઘટાડો થયો છે. રૈયા વિસ્તારમાં ૧૭૪ દસ્તાવેજ ઘટીને ૧૭.૬૩% ઘટાડો દર્શાવે છે. મવડીમાં ૧૧૮ દસ્તાવેજ ઓછા થતાં ૧૩.૭૧% અને કોઠારિયામાં ૪૩ દસ્તાવેજો ઘટીને ૪.૬૬% નો ઘટાડો થયો છે.રાજકોટ તાલુકામાં ખેતીના દસ્તાવેજોમાં ૧૧.૭૧% નો વધારો નોંધાયો છે.

રાજકોટ તાલુકામાં માત્ર ખેતીના દસ્તાવેજોની નોંધણી થતી હોવાથી રાજકોટ આસપાસ ખેતીની જમીનમાં મોટાપાયે સોદા થયા છે. આ સિવાય જિલ્લાના અન્ય તાલુકાઓમાં જેવા કે ગોંડલમાં ૧૦૬૭, લોધિકામાં ૬૦૫, કોટડાસાંગાણીમાં ૪૭૨, વિંછીયામાં ૮૯, પડધરીમાં ૨૧૧, જામકંડોરણામાં ૮૭, જેતપુરમાં ૬૩૮, ઉપલેટામાં ૪૩૬, ધોરાજીમાં ૨૮૦ અને જસદણમાં ૩૭૧ દસ્તાવેજો નોંધાયા છે.

ગુજરાત હાઈકોર્ટનો મોટો ચુકાદો : વકીલ સાથે ફોન પર વાત કરવી અને ભેટ લેવી એ ન્યાયિક અધિકારી માટે ગંભીર ગેરવર્તણૂક છે, બરતરફી યથાવત

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે કોઈ ન્યાયિક અધિકારી દ્વારા પ્રેક્ટિસ કરતા વકીલ સાથે સંબંધ કે વાતચીત રાખવી, વકીલ પાસેથી ફોન સ્વીકારવો અને તેનો ઉપયોગ કરવો એ ગેરવર્તણૂક ગણાય છે. આ સાથે અર્ધ્યાયિક અધિકારીને સેવાઓમાંથી બરતરફ કરવાના નિર્ણયને હાઇકોર્ટે યથાવત રાખ્યો છે. ન્યાયિક અધિકારી દ્વારા પોતાની બરતરફીને પડકારતી પિટિશન પર સુનાવણી કરતા હાઇકોર્ટે આ અવલોકન કર્યું છે.

અધિકારી સામે એવા ગંભીર આરોપો હતા કે તેઓ એજન્ટો દ્વારા અનુકૂળ હુકમો કરાવવા માટે પાંચ હજારથી પચાસ હજાર રૂપિયા સુધીની રકમ વસૂલતા હતા. આ ઉપરાંત, તેમની પાસે અલગ-અલગ કંપનીના ચાર મોબાઈલ ફોન અને અલગ-અલગ સિમ કાર્ડ હતા, જેમાંથી ત્રણ ફોન ત્રીજા પક્ષના નામે નોંધાયેલા હતા. એવો પણ આરોપ હતો કે તેઓ આ મોબાઈલનો ઉપયોગ મુકદ્દમાના પક્ષકારો સાથે સંપર્ક સાધવા અને સોદાબાજી કરવા માટે કરતા હતા. ખાસ કરીને, એક મોબાઈલ નંબર વડોદરાના એક પ્રેક્ટિસ કરતા વકીલના નામે રજીસ્ટર્ડ હતો અને ન્યાયિક અધિકારી તે નંબરનો ઉપયોગ કરી રહ્યા હતા.

તપાસ દરમિયાન એવું પણ સામે આવ્યું હતું કે અન્ય એક મોબાઈલ નંબરથી ચાર મહિનામાં ૬,૪૪૪ કોલ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૧૮૮ કોલ તે વકીલને કરવામાં આવ્યા હતા. જો કે, તપાસ અધિકારી સમક્ષ એવી કોઈ પુરાવા મળ્યા ન હતા કે ન્યાયિક અધિકારી પક્ષકારો પાસેથી લાંચ માંગવા કે લેવા માટે ફોનનો ઉપયોગ કરતા હતા, જેને સ્ટેન્ડિંગ કમિટીએ પણ માન્ય રાખ્યું હતું. પરંતુ કમિટીએ તારણ કાઢ્યું હતું કે વકીલ સાથેની નિકટતા, અસંખ્ય કોલ કરવા અને પ્રેક્ટિસ કરતા વકીલ પાસેથી સિમ કાર્ડ સાથેનો મોબાઈલ સ્વીકારવો તે અયોગ્ય તરફેણ સ્વીકારવાની સાબિતી આપે છે.

જસ્ટિસ એન. એસ. સંજય ગૌડા અને જસ્ટિસ જે. એલ. ઓડેદરાની ડિવિઝન બેન્ચે અવલોકન કર્યું હતું કે શિસ્ત સત્તામંડળ અને કમિટીનો નિર્ણય સંપૂર્ણપણે યોગ્ય હતો. કોર્ટે જણાવ્યું હતું કે જો કોઈ ન્યાયિક અધિકારી પ્રેક્ટિસ કરતા વકીલ પાસેથી ફોન સ્વીકારે અને તેની સાથે સતત વાતચીત કરે, તો તે પોતાનામાં જ અયોગ્ય વર્તન છે. ન્યાયિક અધિકારીઓએ કોઈપણ પ્રકારની શંકા કે અયોગ્યતા ટાળવા માટે વકીલોથી યોગ્ય અંતર જાળવવું અનિવાર્ય છે.

કોર્ટે વધુમાં ઉમેર્યું હતું કે બહુવિધ મોબાઈલ ફોન રાખવા અને મહિલા વકીલ સાથે સતત વાતચીત કરવા જેવું વર્તન જોતાં ફુલ કોર્ટ દ્વારા આપવામાં આવેલી બરતરફીની સજા જ એકમાત્ર યોગ્ય સજા હતી. આવા આરોપો ન્યાયિક અધિકારીની પ્રામાણિકતા પર સીધા સવાલો ઊભા કરે છે, જેને ધ્યાનમાં રાખીને હાઇકોર્ટે પિટિશન ફગાવી દીધી છે.

ખુદને જોખમમાં નાખી ૧૪૦ યાત્રીઓને બચાવનાર પાયલોટ સ્મિતનો સૌરાષ્ટ્ર સાથે નાતો

પરિવાર વઢવાણનો વતની, સ્મિત સાવરકુંડલાનો જમાઈઃ પાયલોટ બનવા નહોતો માંગતો, ટેકસટાઈલ એન્જીનીયરીંગનો અભ્યાસ કરેલો

નવી દિલ્હી તા.૧

ભારતીય પાયલોટ સ્મિતે સહપાયલોટના ગંભીર હુમલા અને ઘાયલ થવા છતાં ફલાઈટને ક્રેશ થતું બચાવી વિમાનમાં સવાર ૧૮૦ લોકોના જીવ બચાવ્યા હતા. આ ભારતીય પાયલોટનો ગુજરાતમાં સૌરાષ્ટ્ર સાથે નાતો છે. સ્મિતનો પરિવાર મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણનો વતની છે અને સાવરકુંડલાનો જમાઈ છે. સ્મિતના સસરા જયસુખભાઈ જોગીએ જણાવ્યું હતું કે પરિવાર હાલ ખૂબ જ ચિંતીત છે. તેની સારવાર ચાલી રહી છે. અમને તેના પર ગૌરવ છે. તેના કૌટુંબિક સાળા હિરેનભાઈએ કહ્યું હતું. અમને સ્મિત માટે ગૌરવ છે.

ગુજરાતી પરિવારના સ્મિતે જીવના જોખમે વિમાનના ૧૪૦ યાત્રીઓના જીવ બચાવ્યા ત્યારે ગુજરાત સરકાર કેપ્ટન સ્મિત મચ્છરને 'વિશિષ્ટ ગુજરાત ગરિમા એવોર્ડ'થી સન્માનીત કરશે તેવા અહેવાલો છે.

સ્મિતના સસરાએ જણાવ્યું હતું કે સ્મિતનો પરિવાર મુંબઈમાં સ્થાપી છે. તેનું સ્કુલ શિક્ષણ અને આગળનો અભ્યાસ પણ મુંબઈમાં જ થયો હતો. સ્મિતના લગ્ન ૨૦૧૨માં થયા હતા.

સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલાએ જણાવ્યું હતું કે સ્મિત સાવરકુંડલાનો જમાઈ છે. દુનિયાએ તેમની બહાદુરીની નોંધ લીધી છે.

ઉલ્લેખનીય છે કે સ્મિતે કયારેય પાયલોટ બનવાનું નહોતું વિચાર્યું. પારિવારિક વ્યવસાયને આગળ ધપાવવા ટેકસટાઈલ એન્જીનીયરની ડિગ્રી મેળવી હતી. દરમિયાન ૧૯ વર્ષે એક એવિએશન સેમીનારમાં ભાગ લીધો અને પાયલોટ બનવાની ઈચ્છા જાગી. શરૂઆતમાં માતા ચિંતીત થયા પણ પિતાએ પીઠબળ આપ્યું. ૧૧ વર્ષ સુધી ભારતીય એરલાઈન સ્પાઈસજેટમાં સીનીટર કમાન્ડર અને લાઈન ટ્રેનીંગ કેપ્ટન તરીકે કાર્યરત રહ્યા બાદ જૂન ૨૦૨૨માં તેઓ આંતરરાષ્ટ્રીય એરલાઈન 'ફલાય દુબઈ'માં જોડાયા હતા.

રાજસ્થાની ટ્રક ડ્રાઈવરને રીક્ષામાં બેસાડી લૂંટી લેનાર કુખ્યાત જંગલેશ્વરનો શખ્સ ઝડપાયો

મોરબી રોડ પર રૈયાણી કલીનીક સામે ઉતારી રીક્ષા ચાલકે બેફામ મારમારી મોબાઈલ-રોકડની લૂંટ ચલાવી, તીઃ ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપી સંજય રાજાણીને દબોચી લઈ મુદામાલ રિકવર કર્યો

રાજકોટ. તા.૩૦

માધાપર ચોકડીથી બેસેલ રાજસ્થાની ટ્રક ડ્રાઈવરને રીક્ષામાં બેસાડ્યા બાદ મોરબી રોડ પર રૈયાણી કલીનીક સામે ઉતારી રીક્ષા ચાલકે બેફામ મારમારી મોબાઈલ અને રોકડની લૂંટ ચલાવી નાસી છુટેલ કુખ્યાત શખ્સને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી પાડી તમામ મુદામાલ રિકવર કર્યો હતો.

બનાવ અંગે રાજસ્થાનના બાડમેર જિલ્લામાં રહેતાં તરુણકુમાર ઉમેદારામ પન્નુ (ઉ.વ.૨૧) એ નોંધાવેલ ફરીયાદમાં અજાણ્યા શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તે ડ્રાઈવીંગ કામ કરે છે. ગઈ તા.૨૭ ના રોજ તે રાજસ્થાનથી ટ્રેકટરનુ ડ્રાઈવીંગ કામ કરવા શેઠ હરીભાઈ સોલંકીએ ધ્રોલ બોલાવતા તે ધ્રોલ આવેલો હતો. ત્યા પહોંચતા શેઠ હરીભાઈને ફોન કરતા તેમણે જણાવેલ કે હવે ધ્રોલ કામ નથી. તમે ગોંડલ રૂપાવટી ખાતે આવી જાવ તેમ શેઠે જણાવતા તે ધ્રોલથી ઈકો ગાડીમાં માધાપર ચોકડી પહોચેલો અને ત્યાંથી એક રીક્ષામાં બેસી ગ્રીનલેન્ડ ચોકડી ખાતે આવવા રવાના થયેલો હતો.

બાદમા રીક્ષા ડ્રાઈવરે મોરબી રોડ જકાતનાકાથી અંદર જુના મોરબી રોડ બાજુ રીક્ષા લઈને ગીરીરાજ પાર્ટી પ્લોટ સામે આવેલા ક્રાંતી માનવ સેવા વાળા રોડ પર રીક્ષા જવા દીધેલી અને તે રોડ પર આવેલ રૈયાણી ડેન્ટલ એન્ડ સ્કીન કલીનીક સામે રોડ પર રીક્ષા ચાલકે રીક્ષા ઉભી રાખી યુવકને નીચે ઉતારી રીક્ષા ચાલકે મારમારી ફોન તથા રોકડ મળી કુલ રૂ.૨૩૫૦૦ ની મતાની લૂંટી ચલાવી ત્યાથી નાશી ગયેલો હતો.

બનાવ અંગે બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયા બાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ ગુનાનો ભેદ ઉકેલવા સક્રિય થઈ હતી. દરમિયાન પીએસઆઇ વી.ડી.ડોડીયાની ટીમના એએસઆઈ અમિતકુમાર અગ્રાવત, હેડ કોન્સ્ટેબલ ગોપાલભાઈ બોળીયા તથા રાજેશભાઈ જળુને મળેલ હકીકત આધારે આરોપી સંજય શંકરલાલ રાજાણી (ઉ.વ.૫૧, રહે. જંગલેશ્વર શેરી નં.૧૫, હુશેની ચોક) ને શિતલ પાર્ક મેઈન રોડ પરથી દબોચી લુંટમાં ગયેલ રોકડ અને મોબાઈલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે, આરોપી વિરુદ્ધ અગાઉ પણ અલગ અલગ પોલીસ મથકમાં અનેક ગુના નોંધાયેલ હોવાનું પણ સામે આવ્યું છે.

આજનું ચિંતન

ધ્યાન કરવાથી શરીરની અંદર શું બદલાવ આવે છે ?



આપણે અવારનવાર એવું માનીએ છીએ કે મેડિટેશન એટલે કે ધ્યાન કરવાથી માત્ર મન શાંત થાય છે. પરંતુ ધ્યાનની અસર માત્ર મન સુધી મર્યાદિત નથી. આધુનિક વિજ્ઞાન ધીમે-ધીમે એ વાતોને સમજી રહ્યું છે, જેને યોગીઓએ હજારો વર્ષો પહેલાં પોતાનાં અનુભવથી જાણી લીધી હતી. આપણાં શરીરમાં મુખ્યત્વે બે પ્રકારની ચેતાકીય પ્રતિક્રિયાઓ (નર્વસ રિસ્પોન્સ) કામ કરે છે. એક છે સિમ્પેથેટિક નર્વસ સિસ્ટમ, જે તણાવ, ભય અને સંઘર્ષની સ્થિતિમાં શરીરને સક્રિય કરે છે. બીજી છે પેરાસિમ્પેથેટિક નર્વસ સિસ્ટમ, જે શરીરને વિશ્રામ, સંતુલન અને રિપેર તરફ લઈ જાય છે.

જ્યારે આપણે શાંત થઈને ધ્યાન કરીએ છીએ, શ્વાસને સહજ અને ધીમો કરીએ છીએ, ત્યારે શરીરની તણાવ-પ્રતિક્રિયા ઓછી થવા લાગે છે. હૃદયના ધબકારા અને શ્વાસ સામાન્ય થવા લાગે છે તથા શરીરમાં વિશ્રામની સ્થિતિ વધે છે. આને આધુનિક વિજ્ઞાન 'રિલેક્સેસન રિસ્પોન્સ' કહે છે.

ધ્યાનનું સૌથી સુંદર પાસું એ છે કે તેની અસર મગજ પર પણ પડે છે. નિયમિત ધ્યાન અને માઈન્ડફુલનેસના અભ્યાસ પર થયેલાં અભ્યાસોમાં મગજનાં એ ભાગોમાં ફેરફાર જોવા મળ્યાં છે, જે યાદશક્તિ, ધ્યાન અને ભાવનાઓના નિયંત્રણ સાથે જોડાયેલા છે. ઉદાહરણ તરીકે, હિપ્પોકેમ્પસ શીખવા અને સ્મૃતિ સાથે જોડાયેલું છે, જ્યારે એમિગ્ડાલા ભય અને તણાવની પ્રતિક્રિયાઓમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. એનો અર્થ એ નથી કે ધ્યાન કરવાથી આ ભાગો રાતોરાત બદલાઈ જાય છે, પરંતુ નિયમિત અભ્યાસ મગજની કાર્યપ્રણાલી અને તેની રચનાને પ્રભાવિત કરી શકે છે.

ધ્યાન શરીરની અંદર તણાવ સાથે જોડાયેલા હોર્મોન અને ઈન્ફ્લામેશન જેવી પ્રક્રિયાઓને પણ પ્રભાવિત કરી શકે છે. કેટલાક સંશોધનોમાં ધ્યાન અને જનીન (જીન)ની અભિવ્યક્તિ વચ્ચે પણ સંબંધ જોવા મળ્યો છે. પરંતુ એ કહેવું કે ધ્યાન સીધું આપણું ઉગઅ બદલી નાખે છે, વૈજ્ઞાનિક રીતે સાચું નહીં ગણાય. ધ્યાન આપણાં શરીરની જૈવિક પ્રક્રિયાઓને પ્રભાવિત કરી શકે છે, અને આ વાત પોતે જ ખૂબ જ અદ્ભુત છે. યોગમાં શ્વાસને એટલે જ આટલું મહત્વ આપવામાં આવ્યું છે. શ્વાસ એ માત્ર હવાની આવન-જાવન નથી; તે આપણા મન અને શરીર વચ્ચેનો એક સેતુ છે. જ્યારે શ્વાસ શાંત થાય છે, ત્યારે મનને પણ શાંત થવાની તક મળે છે.

યોગી શરીરને દબાવીને કે જબરદસ્તીથી નિયંત્રિત નથી કરતો. તે શરીરની ભાષાને સમજતાં શીખે છે. ધીમે-ધીમે તેને અનુભવ થાય છે કે શરીર એક યંત્ર છે, મન તેનું સૂક્ષ્મ સંચાલન તંત્ર છે અને આ બંનેની પાછળ એક એવી ચેતના છે, જે આ બંનેને જોઈ શકે છે.

કદાચ આ જ અનુભવમાંથી યોગનું એ મહાન વાક્ય જન્મ્યું છે- ''તમે માત્ર શરીર નથી, તમે એ ચેતના છો, જેની ઉપસ્થિતિથી આ શરીર જીવંત છે.'' ધ્યાન માત્ર આંખો બંધ કરીને બેસવું નથી. આ પોતાનાં અંદર પાછા ફરવાની કળા છે, જ્યાં વિજ્ઞાન શરીરને સમજે છે અને યોગ એ ચેતનાને, જે શરીરથી અલગ પણ મોજૂદ છે.

ધ્યાન માત્ર આંખો બંધ કરીને બેસવું નથી, આ પોતાનાં અંદર પાછા ફરવાની કળા છે

રૈયા રોડ નજીક શિવપરાના મકાનમાં ક્રાઈમ બ્રાન્ચ ત્રાટકીઃ દારૂનો જથ્થો ઝડપાયો

મકાન માલીક જાવેદ સોલંકીની ધરપકડ કરી ૩૩૬ બોટલ દારૂ કબ્જે કરાયો, બુટલેગર અરબાઝ શેખની શોધખોળ

રાજકોટ. તા.૦૧

રૈયા રોડ પર શિવપરા સોસાયટીના રહેણાંક મકાનમાં ક્રાઈમ બ્રાન્ચ ત્રાટકી હતી અને ૩૩૬ બોટલ દારૂ સાથે મકાન માલીકની ધરપકડ કરી હતી. જયારે દારૂનો જથ્થો મંગાવનાર બુટલેગર અરબાઝ શેખ હાજર નહિ મળી આવતા તેની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

દરોડાની વિગત મુજબ, ઉચ્ચ પોલીસ અધિકારીઓની દારૂની પ્રવૃત્તિ ડામવાની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઇ વનરાજસિંહ ડોડીયાની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ અમિતકુમાર અગ્રાવત, હેડ કોન્સ્ટેબલ ગોપાલભાઈ બોળીયા અને રાજેશભાઈ જળુને મળેલી સંયુક્ત હકીકતના આધારે રૈયા રોડ પર હનુમાન મઢી નજીક શિવપરા શેરી નં.-૧ માં આવેલ રહેણાંક મકાનમાંથી દારૂની ૩૩૬ બોટલ રૂ.૩૦૨૪૦ કબ્જે કરી મકાન માલિક જાવેદ બસીર સોલંકી (રહે. મોચીનગર શેરી નં.-૨/૯ નો ખૂણો, ગાંધીગ્રામ)ની ધરપકડ કરવામાં આવી હતી.

ક્રાઈમ બ્રાન્ચે અહીંથી દારૂ, મોબાઈલ મળી કુલ રૂ. ૪૦,૨૪૦ નો મુદ્દામાલ કબજે કરી બુટલેગર અરબાઝ શેખ (રહે હીરામનનગર, હનુમાન મઢી પાસે)ની શોધખોળ શરૂ કરી હતી. વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે, અરબાઝ શેખએ દારૂનો જથ્થો મંગાવ્યો હતો. જયારે જાવેદ સોલંકીની માલીકીનું મકાન દારૂ રાખવા ભાડેથી મેળવ્યું હતું.

સુવિચાર

દુનિયા પણ વિચિત્ર છે જયારે ચાલતા નહીં આવડતું હતું ત્યારે કોઈ પડવા નહિ દેતું જયારે ચાલતા શીખી ગયા ત્યારે લોકો પાડવા મથામણ કરી રહ્યા છે

રાંધણ ગેસ વિતરકો દિલ્હીના જંતર મંતર પર ધરણા કરશેઃ રાજકોટમાં કાલે રાષ્ટ્રીય કક્ષાની બેઠક

બેઠકમાં ગુજરાતભરના ૨૦૦થી વધુ ડિસ્ટ્રીબ્યુટરો કમિશન વધારો સહિતના વિવિધ પડતર પ્રશ્નોનાં ઉકેલ માટે રણનીતિ ઘડશે

રાજકોટ તા.૧

આગામી તા.૨૬મી ઓકટોબરે દિલ્હીના જંતર મંદિર ખાતે રાષ્ટ્રીય સ્તરના ધરણા કાર્યક્રમ પૂર્વે કાલે રાજકોટ ખાતે એલપીજી ગેસ ડીસ્ટ્રીબ્યુટરોની બેઠક યોજાશે.

કન્દ્ર ડિસ્ટ્રિબ્યુટરોના લાંબા સમયથી પડતર પ્રશ્નો, વધતા ઓપરેશનલ ખર્ચ, મર્યાદિત કમિશન તથા વિવિધ નીતિગત મુદ્દાઓ અંગે ચર્ચા કરવા રાજકોટ ખાતે રાષ્ટ્રીય કક્ષાની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ રહી છે.

આ બેઠકમાં ઈંધઈક, ઇડઈક અને ઇડઈક્ના રાષ્ટ્રીય કક્ષાના LPG ડિસ્ટ્રિબ્યુટર એસોસિએશનના હોદ્દેદારો તથા પ્રતિનિધિઓ, ગુજરાત એસોસિએશનના કારોબારી સભ્યો તેમજ ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી આશરે ૨૦૦ જેટલા LPG ડિસ્ટ્રિબ્યુટરો ઉપસ્થિત રહીને પોતાના પ્રશ્નો અને સૂચનો રજૂ કરશે.

એલપીજી ડિસ્ટ્રીબ્યુટર એસો.ના જણાવ્યા પ્રમાણે

ડિસ્ટ્રિબ્યુટરોના પ્રશ્નોને રાષ્ટ્રીય સ્તરે રજૂ કરવા માટે તા. ૨૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ નવી દિલ્હી ખાતે જંતર-મંતર પર વિશાળ શાંતિપૂર્ણ ધરણા અને વિરોધ કાર્યક્રમ યોજાશે.

આજની તારીખે આ કાર્યક્રમ માટે દેશભરમાં ૭,૫૦૦ જેટલા રજીસ્ટ્રેશન થઈ ચૂક્યા છે, જે ડિસ્ટ્રિબ્યુટર સમુદાયની વ્યાપક ભાગીદારી દર્શાવે છે.

આ કાર્યક્રમમાં દેશભરના IOCL, BPCL અને HPCL LPG ડિસ્ટ્રિબ્યુટરો તથા રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના એસોસિએશનના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સરકાર અને સંબંધિત સત્તાધિકારીઓ સમક્ષ પોતાની માંગણીઓ રજૂ કરશે.

ગુજરાતમાંથી પણ કારોબારી સભ્યો તથા આશરે ૨૦૦ જેટલા ડિસ્ટ્રિબ્યુટરો જંતર-મંતર કાર્યક્રમમાં જોડાઈને ગુજરાતના ડિસ્ટ્રિબ્યુટર સમુદાયનો એકસૂરો અવાજ રાષ્ટ્રીય સ્તરે રજૂ કરશે.

ડિસ્ટ્રિબ્યુટર એસોસિએશનો દ્વારા પ્રશ્નોના ઉકેલ માટે તબક્કાવાર અને શાંતિપૂર્ણ કાર્યક્રમો હાથ ધરવાની આવતીકાલે રાજકોટ ખાતેની બેઠકમાં રણનીતિ ઘડાશે.

'તર-મંતર કાર્યક્રમ બાદ સરકાર તથા ઓઇલ કંપનીઓ તરફથી મળતા પ્રતિસાદ અને માંગણીઓ અંગેની પ્રગતિના આધારે રાષ્ટ્રીય સંગઠનો દ્વારા આગળની સામૂહિક રણનીતિ નક્કી કરવામાં આવશે.

LPG ડિસ્ટ્રીબ્યુટર એસો.ની મુખ્ય માંગણી

૧. કમિશનમાં તાત્કાલિક વધારો,
વધતા વિતરણ ખર્ચને ધ્યાનમાં રાખીને વહીવટી ચાર્જ તથા હોમ ડિલિવરી ચાર્જમાં તાત્કાલિક રૂા.૭૫ નો વધારો કરવામાં આવે તેમજ De Novo Studyની ભલામણો મુજબ યોગ્ય સુધારો કરવામાં આવે.વિતરકો ના કમિશન માં છેલ્લા ૪ વર્ષથી વધારો થયેલ નથી
૨. e-KYC માટે રૂા.૨૩૬નું વળતર
ઘખઈત દ્વારા LPG ડિસ્ટ્રિબ્યુટરો મારફતે કરવામાં આવતા દરેક e-KYC માટે રૂા.૨૩૬નું યોગ્ય વળતર ચૂકવવામાં આવે.કારણ કે વિતરકો દ્વારા ગ્રાહકો ના e -Kyc કરવા માટે ખુબજ મોટો વહીવટી ખર્ચ તેમજ મહેનત કરવા માં આવેલ છે
૩. PNG અંગે યોગ્ય નીતિ
ગ્રાહકો ઉપર કોઈ એક વિકલ્પ લાદવામાં ન આવે. ગ્રાહકોને તેમની જરૂરિયાત અને પસંદગી મુજબ LPGનો વિકલ્પ ઉપલબ્ધ રહે તથા ભારત ગ્રાહક હિતોનું રક્ષણ થાય.
૪. નવા Domestic LPG કનેક્શન અંગે સ્પષ્ટતા
નવા Domestic LPG કનેક્શન અંગેની અનિશ્ચિતતા દૂર કરવામાં આવે અને જ્યા જરૂરી હોય ત્યાં નવી કનેક્શન પ્રક્રિયા પુનઃ શરૂ કરવામાં આવે.

સ્મૃતિ-વિસ્મૃતિનો આ ખેલ બનેલો છે !

મૂલ્યોની મહેક

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

પરમાત્મા અને આત્માનો યથાર્પ પરિચય આપણને સ્વયં પરમાત્મા દ્વારા પ્રાપ્ત થાય છે. આત્માને મન-બુધ્ધિ સહિત કહેવાય છે. આત્મા જે જન્મ-મરણમાં આવે છે. અનેક શરીરમાં જે પાર્ટ ચાલે છે તેની સમગ્ર સ્મૃતિ રહી શક્તી નથી. મન-બુધ્ધિ સહિત હોવા છતાં આત્માના અનેક જન્મોમાં જે કાંઈ બન્યુ હોય છે તેની સ્મૃતિ તો રહી શક્તી નથી; જે બધું યાદ પડે! એક જીવનમાં પણ આત્મા સાથે જે કાંઈ બને છે તે બધાની ડિટેલ માહિતી યાદ રહેતી નથી. બુધ્ધિમાં સ્મૃતિ-વિસ્મૃતિ હોય છે. પરંતુ બુધ્ધિ તો રહે છે ને! એવું નથી કે બુધ્ધિ જ ચાલી જાય છે. પરંતુ કોઈ કાર્ય ઠીક નથી થતુ તો કહીએ છીએ કે આની બુધ્ધિ ચાલી ગઈ છે. પરંતુ તેવું તો નથી કે તે બુધ્ધિહીન છે. આત્મા સદા મન-બુધ્ધિ સાથે હોય છે. આનો અર્થ એ પણ નથી કે સતયુગ(દેવતાઓના જીવનમાં) તેઓને ૮૪ ના જન્મોની સ્મૃતિ રહે છે.

પરમાત્મા કે જે જ્ઞાનના સાગર છે તેમાં સર્વની નોલેજ(જ્ઞાન) છે. જ્યારે આ સમયે તેમનો પાર્ટ ચાલે છે ત્યારે તેઓ સર્વ આત્માઓની ઉન્નતિ માટે જરૂરી છે, તે પુરતુ જ્ઞાન આપે છે. આમ પરમાત્મા જાની-જાનનહાર હોવા છતાં તેમના પાર્ટમાં જરૂરી છે તે જ્ઞાન સર્વને સમજાવે છે. આમ આત્માને બધી જ એકી સાપેની સ્મૃતિમાં રહેતું નથી. મન-બુધ્ધિ સહિત હોવા છતાં આત્માની સ્મૃતિ ચાલી જાય છે. દેહભાન, આત્મિક ભાન આવે છે છતાં આત્મા તો આત્મા જ છે. જ્યારે વિસ્મૃતિ આવી જાય છે ત્યારે પરમાત્મા દ્વારા ફરી સ્મૃતિ મળે છે. જન્મ-મરણમાં આવતાં આત્માની કળા ઘટી જાય છે. જે પરમાત્મા બતાવે છે. પરંતુ પરમાત્મા પણ દરેકની અનેક જન્મોની એક-એક ડિટેલ નથી બતાવતા નહી તો તે દુઃખની દુનિયા ફરી સામે આવી જાય. આથી તેને ભૂલવી જ પડે. આમ આત્માનો અ । ડ્રામા(સૃષ્ટિચક્ર)માં પુરા પાર્ટનુ જ્ઞાન પરમાત્મા સ્વયં આપે છે. જેનાથી આત્માના જીવનમાં જોવા મળતી નાની-નાની સમસ્યાઓનું સમાધાન વિચારોથી પણ પ્રાપ્ત થાય છે. આમ આપણે ભૂત અને ભવિષ્યનું જે કાંઈ પણ અનુભવી છીએ તેને બુધ્ધિ દ્વારા સમજાય છે. જ્ઞાન અર્થાત સાક્ષાત્કાર નથી. એવું માનવુ પરમાત્મા કહે છે કે ભૂલ ભરેલું છે કે સાક્ષાત્કારથી જ સિધ્ધિ પ્રાપ્ત થાય છે અથવા સાક્ષાત્કાર વગર આત્માને ગતિ નથી મળતી. જ્યારે કે બોલાય પણ છે કે જ્ઞાન વગર ગતિ નથી. આમ સ્મૃતિ અને વિસ્મૃતિ પર આખો ખેલ બનેલો છે. કહેવાય છે ને 'જૈસા સોચેંગે હમ, વૈસા બન જાયેંગે'.

સંકલ્પ એ શક્તિ છે. સંકલ્પ એ બીજ છે. કોઈપણ ઘટના બહાર બને છે તે પહેલા મનુષ્યના મનમાં કે જે વિચારોનુ સર્જન કરે છે તેમાં બનતી હોય છે. આજે મનુષ્યોનું સ્વયંનુ સ્વયં પર નિયંત્રણ નથી. મનુષ્ય વિચારે છે કઈક, અને કરે છે બીજું જ. શક્તિહીન આત્મા હવે તેમના અંતિમ જન્મમાં આવી છે અને તે આગલા અનેક જન્મોના પાપકર્મોના બોજા નીચે છે. કર્મોના સિધ્ધાંત અનુસાર, હવે સર્વ આત્માઓ પોતાનો હિસાબ આ જન્મમાં એકબીજા સાથે ચુક્તુ કરી મુક્તિને પ્રાપ્ત કરશે. આપણે વર્તમાન જે કાંઈ સમય છે તેમાં સંકલ્પોરૂપી ધન બચાવવાનું છે અર્થાત સકારાત્મક, શુભ અને શ્રેષ્ઠ સંકલ્પો દ્વારા ભવિષ્યને પણ શ્રેષ્ઠ બનાવવાનું છે. સર્વનું એક સમાન સકારાત્મક મનોવલણ, દ્રષ્ટીકોણ જ ફરી આપણને સ્વર્ગનું સુખ અપાવશે. સુખભરી દુનિયાનો અર્થ છે કે જ્યાં સર્વ સુખી હોય. રિંચક માત્ર પણ કોઈને દુઃખ ન હોય. તે માટે સ્વ પરિવર્તનનું લક્ષ્ય નિર્ધારીત કરીએ અને રાજયોગના અભ્યાસ દ્વારા લક્ષ્યને પ્રાપ્ત કરીએ.

આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨ : વીર સંવત- ૨૫૫૨, શાલિવાહન સંવત-૧૯૪૭
ભાદરવા સુદ-૬, તા.૨/૧૦/૨૬, શુક્રવાર

સૂર્યોદય : ૬-૩૯, સૂર્યાસ્ત : ૬-૩૪, જૈન નવકારશી : ૭.૨૭
રાશિ : વૃષભ (બ.વ.ઉ.), ૧૫.૪૧થી મિથુન (ક.છ.ઘ.)

ગૌચરના ગ્રહો

સૂર્ય-કન્યા, મંગળ-કર્ક, રાહુ-કુંભ, કેતુ-સિંહ, બુધ-તુલા, ગુરૂ-કર્ક, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-તુલા, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃષભ

શુભ ચોઘડીયા : ચલ, શુભ, લાભ, અમૃત
અશુભ ચોઘડીયા : રોગ, કાળ, ઉદ્વેગ

રાશીફળ

મેષ : ભૌતિક સુખ સગવડતાઓ વધવાની છે, નવી ઓળખાણ થાય, સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થવાનો.

વૃષભ : નોકરીમાં થોડી અગવડતાનો સામનો રહેવાનો, સાંજ પછીનો સમય અનુકુળતાવાળો જોવા મળશે, રાજકીય લાભ મળે.

મિથુન : સંબંધો ગાઢ બનાવવાની ઈચ્છા ફળવાની, મિલ્કતના પ્રશ્નોમાં ધીરજ રાખજો, કર્જ ન કરવું, પ્રવાસ થાય.

કર્ક : તમોને લોકો સમજી શકતા નથી તેવો અહેસાસ થવાનો હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું લગ્નની ઈચ્છા ફળવાની.

સિંહ : ભાગીદારો સાથે ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખજો, ધાર્મિક કાર્યનું આયોજન સફળ થાય, વિદેશથી લાભ.

કન્યા : થોડા હળવાશમાં રહેવાની સલાહ છે, નોકરીમાં સ્થિરતા રાખજો, મિલકતના પ્રશ્નોમાં ઉતવળ ન કરવી.

તુલા : આજે બૌધ્ધિક ચર્ચામાં જોડાવાનું મન થશે, કોઈ પણ પ્રકારના વાદવિવાદથી આપના માનભંગનો પ્રસંગ ન બને તેની કાળજી લેવી.

વૃશ્ચિક : આજ ધનખર્ચ થવાનો તથા અપકિર્તી મળવાના યોગ છે, સમયસર ભોજન પણ ન મળે, અનિંદ્રાનો ભોગ બનો.

ધન : આજે પરિવાર સાથે પીકનીક પાટીનું આયોજન થવાની શકયતા છે, પરિવારના સાથ સહકારથી દિવસ આનંદમય રહે.

મકર : આજે બહુવિધ લાભ મળવાની શકયા છે, વેપારીઓને નફાકારક સોદા થાય, તેમજ નવા ઓર્ડર મળી શકે.

કુંભ : યુવા વર્ગ તથા વિવાહીતોને ઉતમ દાંમ્પત્ય સુખ મળે તેમજ જીવનસાથીને ખુશ કરવા કોઈ ઉતમ ભેટ આપવી.

મીન : તમોએ કરેલી ભુલો સુધારવાની તક મળવાની, નોકરીમાં બદલીના ચાન્સ રહે, પ્રવાસ થાય.

મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત

રાધમ પાસ

■ માધવી નરેશ શાહ

૧	૨		▨	▨	▨	૩		૪	
▨		▨	૫	૬		▨	▨		▨
૭		૮			▨	૯	▨	૧૦	
	▨	૧૧			૧૨		▨	▨	
૧૩				▨		▨	૧૪	▨	
	▨		▨	૧૫		▨	૧૬		
▨	૧૭	▨	૧૮			૧૯		▨	▨
૨૦		▨		▨	▨		▨	▨	૨૧
▨	૨૨				▨	૨૩	૨૪	૨૫	
૨૬		▨	૨૭		▨	▨	૨૮		

આડી ચાવી

૧. ફ્યુચર (૩)
૩. માતૃભૂમિ (૪)
૫. ડ્રિમ (૩)
૭. સબમરીન (૫)
૧૦. તેના ટોળા ખેતરનો પાક ઉજાડી નાખે (૨)
૧૧. કાનમાં પહેરવાનું મશીન (૫)
૧૩. મોરબીનો એક વિસ્તાર (૪)
૧૫. નારી, સ્ત્રી (૨)
૧૬. સાઇઠ મીનીટ (૩)
૧૮. સિંગલ સ્ક્રીન થિયેટરની એક બેઠક વ્યવસ્થા (૫)
૨૦. એક વત્તા ત્રણ (૨)
૨૨. પટેલોની એક અટક (૪)
૨૩. કોમી તોફાન (૪)
૨૬. સંક્ષિપ્ત (૨)
૨૭. ...લવિંગ (૨)
૨૮. એક જ અક્ષર આવશે (૩)

ઉભી ચાવી

૨. અજય દેવગણનું સાચુ નામ (૩)
૪. પ્રાથમિક શિક્ષણનો એક વિષય (૩)
૫. સખી (૪)
૬. દૂધમાંથી બને (૩)
૭. આવશ્યકતા (૪)
૮. કારના કાચ પરથી પાણી દુર કરતું યંત્ર (૪)
૯. ઉડતો કેમેરો (૨)
૧૨. પોલીસ ખાતાનો એક હોદ્દો (૪)
૧૪. ચહેરો-ઉર્દુ (૩)
૧૫. સાઇઝ (૨)
૧૭. વરસાદની એક શૈલી (૪)
૧૮. વેરઝેર, દુશ્મની (૪)
૧૯. દરવાજો બંધ કરતી સિસ્ટમ (૩)
૨૧. ઇન્સાન (૩)
૨૪. વાસણને બાઝતી કાળાશ (૨)
૨૫. સ્પેશ્યલ (૨)

બ	લ	રા	જ	સા	હ	ની	▨	મા	મા
▨	ક્ષ	▨	ગ	▨	વ	લ	વ	લા	ટ
મા	▨	મા	મા	▨	સ	ગા	ઈ	▨	લું
સા	સુ	▨	લ	વ	▨	ચ	▨	આ	▨
▨	ગ્રી	ન	ચો	ક	▨	▨	મો	ગ	રો
ભા	વ	▨	ક	રો	ડ	પ	તિ	▨	▨
વ	▨	મ	▨	▨	ગ	▨	હા	જ	ર
ન	ચ	ન	▨	સ	▨	પ	રી	▨	▨
ગ	▨	હુ	▨	ત	બ	લા	▨	તા	રે
ર	કા	સ	▨	ત	▨	શ	બ	રી	▨



પ્રથમ અને બીજા વિશ્વ યુધ્ધનો ઈતિહાસ દોહરાઈ રહ્યો છે

જયારે યુધ્ધને સૈનિકો ઓછા પડે છે !

આધુનિક યુધ્ધમાં ડ્રોન અને મિસાઈલ તથા હવે એઆઈની બોલબાલા છે પરંતુ સાડા ચાર વર્ષથી ચાલતા રશિયા અને યુક્રેનના યુધ્ધમાં અગાઉના વિશ્વ યુધ્ધની માફક હવે સૈનિકોની અછત પણ શરૂ થઇ ગઇ છે અને એક તરફ રશિયા અમેરિકાથી ભારત સુધીના દેશોમાં ભાડુતી સૈનિકોની ભરતી કરી રહ્યું છે અને યુક્રેને તેની શાળાઓમાં ટીનેજરોને પણ શસ્ત્ર ચલાવવાની તાલીમ આપવાનુ શરૂ કરી દીધુ છે આમ યુધ્ધ એ બીજી પેઢી સુધી પહોંચી ગયું છે

૨૬,૦૦૦નું સાઈનીંગ બોનસ અને પગાર તથા જીવિત રહો તો રશિયન નાગરિકત્વ આ પ્રકારની ઓફર ટીકટોક અને ઈન્સ્ટાગ્રામ, ટેલીગ્રામ સુધી જોવા મળી રહી છે એક અંદાજ મુજબ રશિયાએ ૧૮,૫૦૦ જેટલા વિદેશી સૈનિકોની ભરતી કરી લીધી છે, અમેરિકી સેનાના અનેક જવાનો રશિયા માટે લડી રહ્યા છે અને ભારતીયો પણ સામેલ છે તો બીજી તરફ યુક્રેન એ યુરોપ અને અન્ય પૂર્વ સોવિયત દેશોમાંથી ભાડુતી સૈનિકોને ભરતી કરે છે

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

મહાનગરની સ્કાયલાઇન પર એક વિશાળ બીલબોલ્ડ દેખાઇ રહ્યું છે અને તેમાં રશિયન આર્મીમાં ભરતી માટે તગડી ઓફર કરવામાં આવે છે અને આ બીલબોલ્ડ ફકત ભાડુતી સૈનિકો જયાં ઉપલબ્ધ છે તેવા દેશ જ નહીં પરંતુ ભારત સહિતના અનેક દેશોમાં પણ તે દ્રશ્યમાન થઇ રહ્યું છે અને તેમાં રશિયા માટે યુધ્ધ લડવા બદલ ૨૬,૦૦૦ ડોલર જેવી તગડી રકમની ઓફર થઇ રહી છે આ ઉપરાંત માસિક પગાર અને અન્ય સુવિધાઓ પણ ઓફર થાય છે અમેરિકા અને પશ્ચિમના અન્ય દેશોમાં ટીકટોક અને ટેલીગ્રામ મારફત આ પ્રકારે વિશ્વના ૧૩૫ દેશોના નાગરિકો હાલ રશિયા તરફથી યુક્રેન સામે લડી રહ્યા છે અને તેમાં અમેરિકાના પણ સંખ્યાબંધ સૈનિકો હોવાનું બહાર આવ્યું છે અને અમેરિકા પોતાના દેશની સેના છોડીને રશિયન આર્મીમાં જોડાયા છે અથવા તો જેઓ ક્રિમીનલ છે અને લાંબી જેલ સજાનો સામનો કરી રહ્યા છે તેઓને રશિયાના એજન્ટો ખાસ શોધી શોધીને સલામત રીતે અમેરિકાની બહાર લઇ જઇ અને તેમને રશિયામાં આર્મી માટે ટ્રેઇન કરવામાં આવે છે તો બીજી તરફ યુક્રેનમાં યુધ્ધમાં સૈનિકો ગુમાવ્યા બાદ દેશની સરકારે શાળાઓથી લઇ અને બોર્ડિંગ સ્કુલોમાં પણ લશ્કરી ભરતી શરૂ કરી દીધી છે વીકટર જુનીયર ફકત ૧૫ વર્ષનો છે અને તેના પિતા રશિયા સામેના યુધ્ધમાં માર્યા ગયા હતા અને હવે તે તથા તેના પિતરાઇ ભાઇ રશિયા સામે લડવા માટે તૈયારી કરી રહ્યા છે. યુક્રેનની સરકારે જે સત્તાવાર માહિતી આપી છે તે મુજબ ૫૫,૦૦૦થી વધુ સૈનિકો તેને ગુમાવ્ય છે અને ૧.૧૪ લાખ જેટલા નાગરિકો અને સૈનિકો ગુમ છે અને સેના વધુ ભરતી કરવી એ જરૂરીયાતની સુનામી તર્રીકે ગણવામાં આવે છે આમ સાડા ચાર વર્ષથી યુધ્ધ લડી રહેલા રશિયા અને યુક્રેન માટે હવે શસ્ત્રો કે યુધ્ધ માટે જરૂરી સામગ્રી નહીં પરંતુ બંને દેશના સૈનિકોની અછત અનુભવી રહ્યા છે.

જયારે યુધ્ધ શરૂ થાય તો સામાન્ય રીતે તે દેશ પાસે કેટલા મિસાઇલ, ડ્રોન, ટેન્ક, ફાઇબર જેટ અને પરમાણુ હથિયારની ચર્ચા થાય છે આજનું યુધ્ધ એ હવાઇ અને દરિયાઇ યુધ્ધ વધુ બની ગયું છે તેવી પણ ગણતરી સાથે વધુને વધુ દેશો આ પ્રકારની તૈયારી કરી રહ્યા છે પરંતુ જયારે સરહદ પર લડવાનો પ્રશ્ન આવે તો તેના માટે તો ફ્રન્ટ લાઇન સૈનિકોની જરૂર રહે છે ૧૯૧૪માં પ્રથમ વિશ્વ યુધ્ધ શરૂ થયુ તે સમયે બ્રિટનમાં સામાન્ય નાગરિકોને સેનામાં જોડવાની ફરજ પાડવામાં આવી અને બીજા વિશ્વ યુધ્ધમાં સમસ્યા વિકરાળ બની ૧૯૩૯માં જયારે બીજુ વિશ્વ યુધ્ધ શરૂ કર્યુ ત્યારે તમામ દેશ માટે એક જ પ્રશ્ન હતો કે કેટલા સૈનિકોની જરૂર હશે તે સમયે હવાઇ યુધ્ધ અને દરીયાઇ યુધ્ધ મર્યાદિત હતા અને તેના કારણે દુનિયાભરમાં સૈનિકોની જબરી અછત પણ સર્જાય હતી તે સમય ફરી એક વખત રશિયા અને યુકેનના યુધ્ધમાં જોવા મળી રહ્યું છે આમ ઇતિહાસ પોતાને એક યુધ્ધમાં દોહરાઇ રહ્યું છે ભવિષ્યમાં જો વધુ વિશાળ પાયે યુધ્ધ ફાટી નીકળે તો બીજા વિશ્વ યુધ્ધની માફક વધુ સૈનિકોની જરૂર પડશે તે નિશ્ચિત છે.

પ્રશ્ન એ છે કે જયારે હથિયાર વધુ આધુનિક બન્યા છે એટલે કે તમે ડ્રોન કે મિસાઇલથી વધુ આક્રમક યુધ્ધ લડી રહ્યા છે પરંતુ તેની સૌની પાછળ જે એક તાકાત છે તે માનવ દિમાગની છે પછી તેને એઆઇને કામે લગાડો તો પણ તમે તેના પર માનવ અંકુશ નહીં હોય તો યુધ્ધ એ વધુ ખતરનાક રીતે વિનાશ વેરી શકે છે અને તેથી જ દુનિયાના શ્રેષ્ઠ સૈન્યમાં આજે માનવ બળ કેટલું તે સૌથી વધુ મહત્વનું બની ગયું છે અને તેથી જ હવે 'સોલ્જર ઓન રેન્ટ' એટલે કે ભાડુતી સૈનિકોની બોલબાલા થઇ છે એક સમયે ત્રાસવાદી સંગઠનો પણ આ પ્રકારે ભાડુતી હુમલાખોરો શોધતા હતા પરંતુ જે રીતે પૈસાના બદલામાં વિદેશીઓને યુધ્ધમાં ખેંચવાની નવી વ્યવસ્થા શરૂ થઇ છે તે ભારત સુધી પહોંચી ગઇ છે હાલમાં દેશના વિદેશ મંત્રાલયે સ્વીકાર્યુ કે રશિયન સૈન્યમાં જોડાવવા માટે ૫,૦૦૦ ડોલરનું એન્ટ્રી બોનસ અને દર મહિને ૨૫૦૦ ડોલરનો પગાર તથા જીવિત રહો તો પરિવાર સાથે રશિયન નાગરિકત્વ આમ આ બધી લાલચ એ ભારતીયોને પણ રશિયન સૈન્યમાં ખેંચી રહી છે અને બીજા વિશ્વ યુધ્ધથી આજ દિન સુધીમાં આ સ્થિતિ યથાવત રીતે ચાલી છે.

સેનામાં મહિલા સૈનિકો એ હવે કોઇ નવી વાત રહી નથી, બીજા વિશ્વ યુધ્ધમાં પણ મહિલા સૈનિકોની ભરતી કરવી પડી હતી, યુકેનમાં પરિસ્થિતિ એ છે કે પિતા રણમોરચે લડતા હોય છે અને સંતાનો શાળાઓમાં યુધ્ધમાં તાલીમ લઈ રહ્યા હોય છે તેઓને પિતા શહીદ થાય તો શોક મનાવવાનો પણ અવસર મળતો નથી અને શાળાઓના નોટીસ બોર્ડ પર નામ વાંચીને નિશ્ચિત કરી લે છે રશિયા પોતાના સૈનિકો કરતા ભાડુતી સૈનિકો પર વધુ આધાર રાખે છે અને તેને ઉતર કોરીયાનો સાથ મળી રહ્યો છે આમ યુધ્ધએ માનવ કટોકટી પણ સર્જી છે

યુધ્ધમાં ફકત શસ્ત્રો જ નહીં સૈનિકો પણ મહત્વના છે તે ફરી એક વખત સાબિત થઇ ગયું છે. યુક્રેનની શાળામાં એ દ્રશ્યો સામાન્ય થઇ ગયા છે કે જયાં અભ્યાસની સાથે શસ્ત્રો ચલાવવાની તાલીમ અપાતી હોય અને જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ત્યાં તેઓને પણ ખ્યાલ હોય છે કે તેમના પિતા જે રશિયન સામે લડી રહ્યા છે તેના મોત ઉપર શોક કરવાની પણ પરવાનગી મળતી નથી અને અનેક વખત અંતિમ વિધિની પણ મંજૂરી નથી આ ટીનેજર એટલા પાકટ થઇ ગયા છે તેઓ પણ હવે જયારે સરકાર તરફથી ગુમ થયેલા કે શહીદોની યાદી બહાર પાડે છે તો તે સ્કુલમાં નોટીસ બોર્ડ પર પણ વાંચતા હોય છે અને તેના આધારે તેઓ પોતે યુધ્ધમાં જોડાવવા માટે તૈયાર થઇ જાય છે. યુક્રેનના લશ્કરી અધિકારીઓએ કબુલ્યુ કે તેઓએ આજની તારીખે તાત્કાલીક ૩૦,૦૦૦ સૈનિકોની જરૂર છે કે સીધા મોરચા પર મોકલી શકાય પરંતુ રશિયાની જેમ યુક્રેનને પણ હવે ભાડુતી સૈનિકો શોધવા પડે અને ખાસ કરીને યુરોપના સૈન્યમાંથી તેઓ એવા તાલીમબધ્ધ જવાનોને શોધે છે કે જેઓ યુક્રેનમાં પહોંચીને સીધા શસ્ત્ર ઉઠાવવા કે મિસાઇલ લોન્ચર પાછળ બેસી જવા તૈયાર હોય છે આ સ્થિતિ જેમ જેમ વધતી રહી છે તેમ તેમ વધુને વધુ શાળાઓમાં ભરતી પહોંચી રહી છે.

ફકત સેના જ નહીં યુધ્ધમાં દરેક સ્તરે માનવ તાકાતની જરૂર પડે છે અને યુક્રેનથી રશિયામાં પણ મેડીકલથી લઇ ફાયર ફાઇટીંગ મોરચે પણ વધુને વધુ લોકોની જરૂરીયાત જોવા મળી રહી છે શાળાઓમાં અહીં ફર્સ્ટ એઇડ કીડ વિશે માહિતી આપવામાં આવે છે અને વિદ્યાર્થીને કોમ્બેટ બેન્ડેજ ઝડપથી લગાવી શકાય તે પણ શીખવવામાં આવે છે ખાસ કરીને જયારે યુધ્ધમાં કોઇ ઘાયલ થાય તો તેના શરીરમાંથી લોહી અટકાવવું તે સૌથી પહેલી પ્રાથમિકતા હોય છે અને તે પણ વિદ્યાર્થીઓ શીખે છે અને જયારે શાળાઓનો છુટવાનો સમય આવે છે તો ગ્લોરી ટુ યુક્રેન જેવા નારા સાથે બાળકો ઘરે જતા હોય તે દ્રશ્યો સામાન્ય થઇ ગયું છે અને માતા-પિતા પણ હવે તે ચિંતા કરતા નથી કારણ કે તેઓ જાણે છે કે જે કંઇ મહત્વનું છે તે દેશની આઝાદી છે અને તેના માટે કોઇને કોઇએ તો બલિદાન આપવાની જરૂર પડશે જ આ સ્થિતિ રશિયામાં છે કે જયાં એક સમયે તેમના જ અલગ થયેલા રાજયો સામે રશિયા યુધ્ધ કરી રહયું છે યુક્રેન તેનું સૌથી નજીકનું પાડોશી છે અને એક સમયે યુક્રેન અને રશિયા વચ્ચે સરહદ પણ ન હતી પરંતુ આજે એ જ સરહદો લોહીયાળ થઇ રહી છે.

એઈમ્સમાં રેસિડેન્ટ ડોક્ટરોની હડતાલ

નર્સિંગ ઓફિસર દ્વારા મહિલા ડોક્ટર સાથે છેડતીના આક્ષેપથી રોષ, ૫૦થી ૬૦ તબીબો ઈમરજન્સી-ટ્રોમા સેન્ટર પાસે ધરણા પર

રાજકોટ, તા.૧

રાજકોટની એઈમ્સ હોસ્પિટલમાં મહિલા રેસિડેન્ટ ડોક્ટર સાથે છેડતીના આક્ષેપને પગલે રેસિડેન્ટ ડોક્ટરોમાં ભારે રોષ ફેલાયો છે. આ ઘટનાના વિરોધમાં આજે અંદાજે ૫૦થી ૬૦ જેટલા રેસિડેન્ટ ડોક્ટરો એઈમ્સ હોસ્પિટલના ઈમરજન્સી-ટ્રોમા સેન્ટર પાસે એકત્ર થઈ હડતાલ પર ઉતર્યા છે.

મળતી માહિતી મુજબ, આક્ષેપિત ઘટના ગઈકાલે રાત્રિના સમયે બની હોવાનું જાણવા મળે છે. એઈમ્સ હોસ્પિટલના કાયમી કર્મચારી અને નર્સિંગ ઓફિસર લલિત દ્વારા મહિલા રેસિડેન્ટ ડોક્ટર સાથે ઈન્ટરફિયર કરી છેડતી કરવામાં આવી હોવાના આક્ષેપને પગલે રેસિડેન્ટ ડોક્ટરોમાં રોષ વ્યાપ્યો હતો. ઘટનાની જાણ થતાં તબીબોએ વિરોધ નોંધાવી જવાબદાર સામે કાર્યવાહી કરવાની માગણી કરી છે.રેસિડેન્ટ ડોક્ટરો હડતાલ પર ઉતરી ઈમરજન્સી-ટ્રોમા સેન્ટર પાસે બેસી જતા હોસ્પિટલ તંત્રમાં પણ દોડધામ મચી હતી. ડોક્ટરો દ્વારા સમગ્ર મામલે યોગ્ય તપાસ કરી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવી રહી છે દરમિયાન ઘટનાની જાણ થતાં પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલાએ એઈમ્સના ડેપ્યુટી ડાયરેક્ટર અંકુરપ્રતાપસિંહને રજૂઆત કરી હતી. તેમણે મહિલા ડોક્ટર સાથે બનેલી ઘટનાને ગંભીરતાથી લઈ તાત્કાલિક યોગ્ય પગલાં ભરવા માગ કરી હતી. આ ઉપરાંત એઈમ્સના ઉચ્ચ અધિકારી તથા એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરને પણ સમગ્ર મામલે જાણ કરવામાં આવી હતી. એઈમ્સ તંત્ર દ્વારા સમગ્ર મામલે યોગ્ય તપાસ અને જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. હાલ રેસિડેન્ટ ડોક્ટરોની હડતાલને પગલે હોસ્પિટલમાં સ્થિતિ પર તંત્ર દ્વારા નજર રાખવામાં આવી રહી છે.

કાલાવડ રોડ પર અને તરઘડી પાસે લાખેણી બે કાર એકાએક સળગી ઉઠીઃ જાનહાની ટળી

ફાયરબ્રિગેડની ટીમોએ આગ પર કાબુ તો મેળવ્યો પણ બંને કાર આગમાં ખાખ થઈ ગઈ

(તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ. તા.૦૧

રાજકોટના કાલાવડ રોડ અને તરઘડી ગામ પાસે બે અલગ-અલગ કારમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠવાની ઘટનાઓ સામે આવી છે. સદનસીબે બંને દુર્ઘટનાઓમાં સમયસૂચકતા વાપરવાના કારણે મોટી જાનહાની ટળી ગઈ છે. જો કે, આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં બંને લક્ઝરી કાર બળીને સંપૂર્ણપણે ખાખ થઈ ગઈ હતી. ફાયરબ્રિગેડની ટીમોએ ઘટનાસ્થળે પહોંચીને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.પ્રથમ આગની ઘટના કાલાવડ રોડ પર કટારીયા ચોકડી પાસે આવેલ રંગોલી પાર્કમાં બની હતી. ત્યાં પાર્ક કરેલ એક હેરિયર કાર નં. જીજે-૦૩-જીએ-૧૭૫૫માં અચાનક શોર્ટ સર્કિટના કારણે બોનેટના ભાગમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હતા. મિનિટોમાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગની ઘટનાથી થોડા સમય માટે અફરાતફરી મચી ગઈ હતી. જે બાદ કાર માલિકે ફાયરબ્રિગેડની ટીમને જાણ કરતાં દોડી આવેલ ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

બીજી ઘટના રાજકોટ નજીક આવેલા તરઘડી ગામ પાસે હાઈવે પર ઘટી હતી. જ્યાં તરઘડી ગામના કુરજીભાઈ મોલિયાની હોટલ જામનગર હાઈવે પર આવેલ છે. તેમની કાર તેમના સંબંધી લઈ ગયાં હતાં. જેઓ ગઈકાલ બપોરે કાર લઈ હોટલ પરત આવ્યાં ત્યારે કારમાં શોર્ટ સર્કિટ થતાં એકાએક આગ ફાટી નીકળી હતી. ડ્રાઈવરે સમય સૂચકતા વાપરીને ગાડીને રોડની એક બાજુએ ઉભી રાખી દીધી હતી અને તમામ મુસાફરો તાત્કાલિક નીચે ઉતરી ગયા હતા. હાઈવે પર કાર ભડભડ સળગવા લાગતા દૂર-દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતી. જે ઘટના અંગે કાર માલીકે ફાયરબ્રિગેડની ટીમને જાણ કરતાં તાત્કાલિક વોટર બ્રાઉઝર અને ફાયર ફાઈટર સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવીને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં બંને કારનો માત્ર લોખંડનો સાંચો જ બચ્યો હતો. પ્રાથમિક અનુમાન મુજબ, શોર્ટ સર્કિટ અથવા એન્જિનમાં ટેકનિકલ ખામીને કારણે આ આગ લાગી હોવાનું મનાઈ રહ્યું છે.

ગિલની સૌથી ઝડપી ડબલ સદી, ભારતનો ઐતિહાસિક ચેઝ : ગુવાહાટીમાં રેકોર્ડ્સનો વરસાદ!

વેસ્ટ ઈન્ડીઝ સામે ૪૦૬ રનનો લક્ષ્યાંક ૪૩.૩ ઓવરમાં હાંસલ; રોહિતની ૩૫મી સદી; વેસ્ટ ઈન્ડીઝ સામે શ્રેણી ૨-૦ થી વિજય

ગુવાહાટી :

૫૨ વર્ષના વનડે ઇતિહાસમાં પહેલી વાર ટીમ ઈન્ડિયાએ ૪૦૦થી વધુ રનના લક્ષ્યનો પીછો કર્યો છે. ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચેની બીજી વન-ડેમાં બુધવારે રેકોર્ડ્સનો વરસાદ થયો હતો. વેસ્ટ ઈન્ડીઝે પ્રથમ બેટિંગ કરતાં ૫૦ ઓવરમાં ૪૦૫/૭નો વિશાળ સ્કોર ઊભો કર્યો, પરંતુ ભારતે શુભમન ગિલની ઐતિહાસિક ૨૨૩ રનની અણનમ ઈનિંગ્સ અને રોહિત શર્માની સદીના સહારે માત્ર ૪૩.૩ ઓવરમાં લક્ષ્યાંક હાંસલ કરી લીધો. ભારતે આ મુકાબલો ૮ વિકેટે જીત્યો અને ત્રણ મેચની શ્રેણીમાં ૨-૦ની અપરાજિત લીડ મેળવી.

મેચમાં બંને ટીમોએ મળીને ૮૧૧ રન બનાવ્યા, જે ODIમાં ચોથી ઘટના

૮૦૦થી વધુ રનનો કુલ સ્કોર નોંધાયેલી ગણતરીની માત્ર ચોથી ઘટના છે. આ રીતે ગુવાહાટીની આ મેચ શુભમન ગિલની ઐતિહાસિક ડબલ સદી સાથે અનેક નવા રેકોર્ડ માટે પણ યાદગાર બની રહી.

ગિલની સૌથી ઝડપી ડબલ સદી

ભારતીય કેપ્ટન શુભમન ગિલે માત્ર ૧૧૭ બોલમાં ડબલ સદી પૂરી કરી, જે વન-ડે ક્રિકેટના ઇતિહાસમાં સૌથી ઝડપી ડબલ સદી છે. અંતે ગિલ ૧૩૩ બોલમાં ૨૨૩ રન બનાવી અણનમ રહ્યો. તેની ઈનિંગ્સમાં ૨૬ ચોગ્ગા અને ૮ છગ્ગાનો સમાવેશ થયો. અગાઉ સૌથી ઝડપી ODI ડબલ સદી ઈશાન કિશનના ૧૨૬ બોલમાં હતી.

આ ગિલની ODIમાં બીજી ડબલ સદી છે. ૨૦૨૩માં ન્યૂઝીલેન્ડ સામે તેણે પ્રથમ ડબલ સદી ફટકારી હતી. આ સાથે રોહિત શર્મા બાદ ઘઉંઈમાં બે કે તેથી વધુ ડબલ સદી ફટકારનાર તે માત્ર બીજો બેટર બન્યો છે.

કેપ્ટન તરીકે સૌથી મોટો સ્કોર

ગિલની ૨૨૩* રનની ઈનિંગ્સ ODIમાં કોઈ પણ કેપ્ટન દ્વારા બનાવવામાં આવેલો સૌથી મોટો વ્યક્તિગત સ્કોર પણ બની છે. તેણે રોહિત શર્માના અગાઉના રેકોર્ડને પાછળ છોડ્યો.

રોહિતની તોફાની સદી

ગિલને રોહિત શર્માનો શાનદાર સાથ મળ્યો. રોહિતે માત્ર ૭૫ બોલમાં ૧૦૧ રન બનાવ્યા. બંને વચ્ચે પ્રથમ વિકેટ માટે ૨૫૫ રનની ભાગીદારી થઈ. રોહિતે પોતાની સદી દરમિયાન ODI ક્રિકેટમાં ૧૨,૦૦૦ રનનો આંકડો પણ પાર કર્યો.

વેસ્ટ ઇન્ડીઝની પણ ઐતિહાસિક બેટિંગ

આ પહેલાં વેસ્ટ ઇન્ડીઝે ODIમાં પ્રથમ વખત ૪૦૦થી વધુનો સ્કોર નોંધાવ્યો. ટીમે ૪૦૫/૭ બનાવ્યા અને તેની ઈનિંગ્સમાં ત્રણ બેટર્સે સદી ફટકારી-જોન કેમ્પબેલ ૧૦૧, શાઈ હોપ ૧૦૪ અને અમીર જાંગૂ ૧૧૪. ODIમાં એક જ ટીમની ઈનિંગ્સમાં ત્રણ સદી બનવાનો આ માત્ર છઠ્ઠો પ્રસંગ હતો.

૪૦૦થી વધુના લક્ષ્યાંકનો સફળ પીછો

૪૦૬ રનનો લક્ષ્યાંક ભારતે ૪૩.૩ ઓવરમાં હાંસલ કર્યો. આ ODI ઇતિહાસમાં ૪૦૦થી વધુના લક્ષ્યાંકનો બીજો સૌથી મોટો સફળ પીછો છે. ભારતે આ પહેલાં પણ વિશાળ લક્ષ્યાંકોનો પીછો કર્યો છે, પરંતુ ગુવાહાટીની આ જીતે ભારતીય ODI ક્રિકેટમાં નવો બેન્ચમાર્ક સ્થાપ્યો છે.

રેકોર્ડ-બ્રેકર શુભમન ગિલ

શુભમન ગિલે બનાવેલા રેકોર્ડ્સની યાદી નીચે મુજબ છે:

૧. ભારતીય કેપ્ટન દ્વારા સૌથી ઝડપી વન-ડે સદી (૬૨ બોલ)
૨. વન-ડેના ઇતિહાસમાં સૌથી ઝડપી બેવડી સદી (૧૧૭ બોલ)
૩. વન-ડેમાં ભારતીય કેપ્ટનનો સર્વોચ્ચ સ્કોર (૨૨૩*)
૪. વન-ડેમાં રન-ચેઝ (લક્ષ્યનો પીછો) કરતી વખતે ભારતીય ખેલાડીનો સર્વોચ્ચ સ્કોર (૨૨૩*)

ભારતનો વન-ડે ક્રિકેટમાં અત્યાર સુધીનો સૌથી મોટો રન-ચેઝ

ગુવાહાટીમાં ઈતિહાસ રચાયો છે; ભારતે વન-ડે મેચમાં સફળતાપૂર્વક સૌથી વધુ રનનો પીછો (ચેઝ) કરીને નવો વિક્રમ સ્થાપિત કર્યો છે. અગાઉનો વિક્રમ ૨૦૧૩માં જયપુર ખાતે ઓસ્ટ્રેલિયા સામે ૩૬૦ રનના લક્ષ્યાંકનો પીછો કરવાનો હતો - જે મેચમાં રોહિત અને વિરાટે સદી ફટકારી હતી. હવે, તેમણે ૪૦૬ રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો છે!

ગિલને વનડેમાં ૧૦મી વખત પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો

૨૦૨૨ થી, શુભમન ગિલે ODI ક્રિકેટમાં પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ સૌથી વધુ વખત (૧૦ વખત) જીત્યો છે. વિરાટ કોહલી અને ટ્રેવિસ હેડ નવ પુરસ્કારો સાથે સંયુક્ત રીતે બીજા ક્રમે છે. વેસ્ટ ઈન્ડિઝના શાઈ હોપ અને શ્રીલંકાના કુસલ મેન્ડિસે આઠ-આઠ વખત આ એવોર્ડ જીત્યો છે.

વન-ડેમાં સર્વોચ્ચ સફળ રન-ચેઝ

લક્ષ્યાંક	ટીમ	વિરૂધ્ધ	મેદાન	વર્ષ
૪૩૫	સાઉથ આફ્રિકા	ઓસ્ટ્રેલિયા	જોહનિસબર્ગ	૨૦૦૫/૦૬
૪૦૬	ભારત	વેસ્ટ ઇન્ડિઝ	ગુવાહાટી	૨૦૨૬
૩૭૫	નેધરલેન્ડસ	વેસ્ટ ઇન્ડિઝ	હરારે	૨૦૨૩
૩૭૨	સાઉથ આફ્રિકા	ઓસ્ટ્રેલીયા	ડરબન	૨૦૧૬/૧૭
૩૭૦	નેધરલેન્ડસ	સ્કોટલેન્ડ	ડરબન	૨૦૨૫
૩૬૧	ઇંગ્લેન્ડ	વેસ્ટ ઇન્ડિઝ	બ્રિજટાઉન	૨૦૧૮/૧૯
૩૬૦	ભારત	ઓસ્ટ્રેલિયા	જયપુર	૨૦૧૩/૧૪

વન-ડેમાં સર્વોચ્ચ વ્યકિતગત સ્કોર

ખેલાડી	રન	બોલ	વિરૂધ્ધ	મેદાન	વર્ષ
રોહિત શર્મા	૨૬૪	૧૭૩	શ્રીલંકા	કોલકતા	૨૦૧૪/૧૫
એ.જે.ગુપ્ટીલ	૨૩૭	૧૬૩	વેસ્ટ ઇન્ડિઝ	વેલિંગ્ટન	૨૦૧૪/૧૫
શુભમન ગીલ	૨૨૩	૧૩૩	વેસ્ટ ઇન્ડિઝ	ગુવાહાટી	૨૦૨૬
વી.સેહવાગ	૨૧૯	૧૪૯	વેસ્ટ ઇન્ડિઝ	ઇન્દોર	૨૦૧૧/૧૨
સી.એચ.ગેલ	૨૧૫	૧૪૭	ઝીમ્બાબ્વે	કેનબેરા	૨૦૧૪/૧૫
ફકર ઝમાન	૨૧૦	૧૫૬	ઝીમ્બાબ્વે	બુલાવાયો	૨૦૧૮
પી.નિસાન્કા	૨૧૦	૧૩૯	અફઘાનિસ્તાન	પલ્લેકેલે	૨૦૨૩/૨૪
ઇશાન કિશન	૨૧૦	૧૩૧	બાંગ્લાદેશ	ચટ્ટોગ્રામ	૨૦૨૨/૨૩

રોહિતની ૩૫મી સદી, સૌથી ઝડપી ૧૨૦૦૦ રન કર્યા

રોહિત શર્માએ ગઈકાલે મેચમાં તેના કરિયરની ૩૫મી સદી ફટકારી હતી અને આ સાથે તેણે ૧૨૦૦૦ રન પણ પૂરા કર્યા છે. તેને સૌથી ઝડપી ૧૨૦૦૦ રન પૂરા કર્યા તો સાથે જ સચિન તેંડુલકર અને વિરાટ કોહલી બાદ ત્રીજો બેટર બન્યો છે જેને વનડે ક્રિકેટમાં ૧૨૦૦૦ રન પૂરા કર્યા છે.